
# સાહિત્ય અને ચિંતન

રમણલાલ વ. દેસાઈ



શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ–૪

વિરાટ ગ્રંથાવલિ — પુસ્તક ત્રણસો ત્રાણુંમું.

# સાહિત્ય અને ચિંતન

રમણલાલ વસંતલાલ દેસાઈ

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

* સંપુટ–૧

## નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

* સંપુટ–૨

## નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

* સંપુટ–૩

## કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

## નાટયસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બ્હાવરો ★ વિદેહી ★ સંયુક્તા

* સંપુટ–૪

## પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧–૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવસૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

## ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા – સાહિત્ય – સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત – હું લેખક કેમ થયો?

અર્પણ

આજીવન સાહિત્યકાર

અને

આજના સર્વ સાહિત્યકારોના છત્રસમા

દિવાનબહાદુર **શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને**

અત્યંત માન સહ

રમણલાલ વ. દેસાઈ

DESAI, Ramanlal V.
SAHITYA ANE CHINTAN, Miscellaneous
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1993
081

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ–મે, ૧૯૯૩

મૂલ્ય રૂ. ૫૦-૦૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

# પ્રકાશકનું વિજ્ઞાપન

આપણા દેશની સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિના પુરસ્કર્તા સ્વ. શ્રી મોતીભાઈ ન. અમીનની યાદગીરીમાં ભૂતપૂર્વ વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળે ભંડોળ એકઠું કરીને પ્રત્યેક વર્ષની પહેલી ફેબ્રુઆરીએ આવતી સ્વર્ગસ્થની પુણ્યતિથિએ ઉપર્યુક્ત વિષયનું એક શિષ્ટ પુસ્તક પ્રસિદ્ધ કરાવેલું છે.

એ મંડળનું, વડોદરા રાજ્યના વિલીનીકરણ બાદ અસ્તિત્વ બંધ થતાં સદર ભંડોળનો વહીવટ કરવાનું કામ એ મંડળે ઠરાવ કરીને પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. ને સુપ્રત કર્યું છે. તદ્દનુસાર, સ્વર્ગસ્થની તા. ૧–૨–૧૯૫૨ના રોજ આવતી સંવત્સરીના દિવસે આ પુસ્તક પ્રગટ કરતાં આનંદ થાય છે.

આ પ્રસંગ સાથે એક વિશેષ હર્ષની હકીકત તો એ છે કે, આ મંડળને સોંપાયેલા આ કાર્યને એના પ્રથમ પગલે જ ગુજરાતના અગ્રગણ્ય સાક્ષર શ્રી રમણલાલ વ. દેસાઇલિખિત પુસ્તક પ્રાપ્ત થાય છે.

સાક્ષર શ્રી રમણલાલ અને એમનાં સર્જનો સંબંધી કાંઈ પણ આજે લખવું એ તો સૂર્યને ઓળખાવવા સરખું છે.

એઓશ્રીએ લખેલા સાહિત્ય, ચિંતન તેમ જ ઇતર પ્રકીર્ણ લેખો વખતોવખત કેટલાંક સામાયિકોમાં પ્રસિદ્ધ થયેલા તે અહીં ગ્રંથસ્થ કરાયા છે.

સામયિકો અને દૈનિક વર્તમાનપત્રોમાં આવા ચિરંજીવ લેખો છપાય છે અને પછી તે લુપ્તપ્રાય થઈ જાય છે; તેવા લેખો જો આ રીતે ગ્રંથસ્થ કરવામાં આવે તો જનતા પર ભારે ઉપકાર થઈ શકે.

આ સ્મારકમાળા અંગે જીવનચરિત્ર, ધર્મ, નીતિશિક્ષણ, વિજ્ઞાન, પ્રવાસ, ગ્રામોન્નતિ, વ્યાયામ, ઇતિહાસ. સાહિત્ય જેવા લોકોપકારક વિષયોનાં વાર્તેતર ઉત્તમ પુસ્તકો પ્રગટ કરવાની યોજના છે. તદનુસાર આ ૯ મા પ્રકાશનમાં ઉપર્યુક્ત પુસ્તક પ્રગટ કરાયું છે. તેના વાચનથી વાચક-જનતામાં સાહિત્યવિષયક પ્રચલિત ભાવનાઓને પોષણ મળશે તેમ જ અન્ય ચિંતનવિષયક લેખોથી વાચકો વિચાર પ્રચૂર – ચિંતનશીલ – સાહિત્ય – વાંચવા પ્રેરાશે એવી અમારી શ્રદ્ધા અસ્થાને નહિ નીવડે.

આશા છે, સ્વ. શ્રી મો. ન. અમીન સ્મારક ગ્રંથમાળાના વાચકોને એ ગમશે.

**વડોદરા** — **ચુનીલાલ પુ. શાહ**
તા. ૧-૨-૫૨ — અધ્યક્ષ
પુ. સ. સ. મંડળ. લિમિટેડ

## લેખકની પ્રસ્તાવના

શ્રી મોતીભાઈ અમીન સરખા નૂતન ગુજરાતના એક સર્જકના નામનું સ્મરણ કરાવતી ગ્રંથશ્રેણીમાં મારા ગદ્યલેખોનો સંગ્રહ પ્રગટ થાય એ મને જરૂર ગમે.

જુદે જુદે સમયે લખેલા લેખો 'સાહિત્ય અને ચિંતન'ને નામે આ ગ્રંથમાળામાં લેવા માટે સંચાલકોનો આભાર માનું છું.

**કૈલાસ, વડોદરા** — **રમણલાલ વ. દેસાઈ**
તા. ૨૯-૧-૫૨

# અનુક્રમ

## સાહિત્ય


| | |
|---|---|
| સાહિત્યઃ સામાન્ય દૃષ્ટિએ | ૧ |
| સાહિત્યનો માર્ગ | ૨૪ |
| નવલકથા | ૩૮ |
| કવિતા | ૫૦ |
| ગુજરાતી સાહિત્યની ઊણપો | ૫૯ |
| નાટક | ૬૨ |
| હું મારાં પાત્રો કેમ સર્જું છું ? | ૭૦ |
| નવતર સાહિત્યનાં પ્રેરક બળો | ૭૬ |
| સાહિત્યનું સ્થાન | ૮૪ |


## ચિંતન


| | |
|---|---|
| હિંદુ ધર્મ | ૯૫ |
| ભક્તિમાર્ગ | ૧૦૭ |
| ઇસ્લામ | ૧૧૨ |
| અહિંસાઃ સંસ્કૃતિમાં તેનું સ્થાન | ૧૨૦ |
| શ્રીમદ્ ભગવદ્ ગીતા | ૧૩૬ |
| વલ્લભ સંપ્રદાયની અસર : સાહિત્ય અને જીવન ઉપર | ૧૫૭ |


## પ્રકીર્ણ


| | |
|---|---|
| શિક્ષકોનું માંગલ્ય | ૧૬૩ |
| વાતચીતની કલા | ૧૭૩ |
| રાજકીય પ્રતિનિધાન | ૧૮૩ |
| વાઘેર | ૧૯૫ |
| મિંયાણા | ૨૦૩ |

મુદ્રણો
પ્રથમ આવૃત્તિ : ૧૯૫૨
બીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ : મે, ૧૯૯૩
પ્રત : ૭૫૦

સાહિત્ય અને ચિંતન

# સાહિત્ય : સામાન્ય દૃષ્ટિએ

[ ૧ ]

સાહિત્યને વિવિધ દૃષ્ટિએ નિહાળવામાં આવે છે. એ સર્વ પ્રકારની દૃષ્ટિ પાછળ કોઈ ને કોઈ વિશિષ્ટ માન્યતા રહી હોય છે, જે દૃષ્ટિભેદનું મૂળ કારણ છે.

કોઈ માન્યતા એવી જ હોય છે કે સાહિત્યકાર જન્મસિદ્ધ જ હોય : સાહિત્યકાર એ ઘડયો ઘડાતો નથી: Poets are born, not made. એ અંગ્રેજી કથનના પડઘારૂપ એ માન્યતા. આ માન્યતા જો સોએ સો ટકા સાચી હોત તો કુદરત જરૂર સાહિત્યકારોને જન્મથી જ કોઈ વિશિષ્ટ ચિહ્ન આપત. પરંતુ આપણે જાણીએ છીએ કે સાહિત્યકારોના જન્મ સમયે દેવનાં દુંદુભિ વાગતાં નથી, ગાંધર્વ કિન્નરો ગાતા નથી અને અપ્સરાઓ પુષ્પવૃષ્ટિ કરવા આકાશમાં ઊડી આવતી નથી. સામાન્ય બાળકોની માફક સાહિત્યકાર પણ રોતો રોતો અવતરે છે! સાચી વસ્તુ એટલી જ કે જીવનનાં અનેક વલણોમાંથી સાહિત્યકાર સંયોગવશાત્ સાહિત્ય તરફ વળે છે. સાહિત્ય પણ એક માનવસંસ્કાર વલણ છે.

વળી એવી પણ એક માન્યતા છે કે સાહિત્ય અતિ વિદ્વત્તા માગે છે, કુશાગ્ર બુદ્ધિ માગે છે, ઊર્મિ અને શુદ્ધિની અજબ ઝમક માગે છે. આપણાં બેત્રણ મહાકવિઓ સંબંધી પ્રચલિત દંતકથાઓ વિચારીશું તો આપણને દેખાઈ આવશે કે આ માન્યતા પૂરેપૂરી સાચી નથી. મહાકવિ કાલિદાસનું બાળપણ અને કૌમાર મૂર્ખાઈનો નમૂનો હતું, એમ એક માન્યતા છે. આપણો ગુર્જર મહાકવિ પ્રેમાનંદ બાલ્યાવસ્થામાં મૂઢપણાનો પરચો આપતો હતો. લાલિત્યઅવતાર સરખો દયારામ વર્ષો સુધી રખડેલ રહ્યો અને એ રખડપાટમાંથી બનારસના વિશ્વનાથનું દર્શન એને કવિતા સ્ફુરાવી શકયું. નરસિંહ મહેતા જીવ્યા ત્યાં સુધી મહાબુદ્ધિશાળી નાગરી ન્યાતને એની બુદ્ધિ માટે માન હોય એમ દેખાયું નથી. અમુક

પ્રકારની વિદ્વતા કે બહુશ્રુતપણું સાહિત્યને ઉપયોગી થઈ પડે છે એ ખરું; કુશાગ્ર બુદ્ધિ સાહિત્યને અને સાહિત્ય કરતાં સાહિત્યના વિવેચનને સ્પષ્ટતા આપે એ પણ સાચું. ઊર્મિની ઝમક સાહિત્યને સાચા રણકારવાળું બનાવે એ આપણે સ્વીકારીએ. પરંતુ વિદ્વત્તા, બુદ્ધિ કે ઊર્મિનું ઊંચામાં ઊંચી કક્ષાએ મિશ્રણ થયા વગર સાહિત્ય જન્મે પણ નહિ એમ માનવામાં આપણે ભૂલ કરી બેસીએ છીએ. શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસની વિદ્વત્તા આજ પણ પ્રશંસા પામે એમ છે. પરંતુ તેથી જ એમને કવિ–સાહિત્યકાર કહી શકાય નહિ. પરંતુ એમનાથી કદાચ ઓછા વિદ્વાન એમના ભાઈ છોટમ ‘ કવિ ’ હતા; વ્રજલાલ કવિ નહિ. અમદાવાદના અનેક શેઠિયાઓ કુશાગ્ર બુદ્ધિ ધરાવે છે, પરંતુ તેઓ સાહિત્યકાર થવાને બદલે સાહિત્યકારોને વેચાતા રાખી શકે એવી ધન–ઉપાર્જનની જાદુઈ કલામાં પ્રવીણ બનેલા હોય છે. સર ચિનુભાઈ કે અંબાલાલ સારાભાઈનાં પુસ્તકાલયો કોઈપણ સાહિત્યકારનાં પુસ્તકાલયો કરતાં વધારે સમૃદ્ધ હશે જ. પરંતુ એમનાં નામ ‘ ગ્રંથ અને ગ્રંથકાર ’ માં હજી આવ્યાં હોય એમ દેખાતું નથી; અને સાહિત્યકારમાં તેમની ગણના ન થવાથી તેમને દુઃખ થયું હોય એમ પણ જાણવામાં નથી ! વળી ઊર્મિનું છલાછલપણું એ જ જો સહિત્યનું એક લક્ષણ હોય તો પ્રત્યેક રડકણી છોકરીને આપણે કલાપીની હારમાં બેસાડી દેવી પડે; કૉલેજમાં ભણતા પ્રત્યેક યુવકને ‘ દિલદારનાં દર્શન વિના બીજું મને ગમતું નથી ’ એમ ગાતા મસ્ત કવિ બાલની સાથે મૂકવો પડે; અને પ્રત્યેક વંઠેલ પુરુષને બળવંતરાય કે નાનાલાલનું આસન આપી દેવું પડે. સાહિત્ય માટે અતિ વિદ્વત્તા, અતિ તીવ્ર બુદ્ધિ કે ક્ષણેક્ષણે હાલી ઊઠતી ઊર્મિ ચોવીસે કલાક માટે આવશ્યક હોય એમ માનવાની જરૂર નથી. સાહિત્ય એ પ્રભુદીધી પ્રસાદી છે કે કુદરત દીધી કરામત છે એમ કહેતી વખતે સાહિત્ય એ માનવહૃદયની એક સ્વાભાવિક પ્રવૃત્તિ છે એમ સાહિત્યકાર એક Normal–સમધારણ માનસવાળો માનવી છે એ ભૂલવાની જરૂર નથી. જન્મથી જ સાહિત્યકાર હોવાનો દાવો સાહિત્યકારોને ઉમરથી કે ચડાવી મૂકે છે અને તેને ફાંટાબાજ બનાવવા પ્રેરે છે; Superiority complex–મોટાઈભર્યું માનસ એ સાહિત્યકારમ

દૂષિત કરે છે અને સાહિત્યથી સચ્ચાઈના રણકારનો લોપ કરી દે છે. કોઈ કવિતા કે કશી નવલકથા લખી એથી સાહિત્યકારને મિલઓનર્સ એસોસિયેશન, નેશનલ કોંગ્રેસ કે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં પ્રમુખ સ્થાન આપવું જ જોઈએ એમ સાહિત્યકારે માની લેવાની જરૂર નથી. કવિતા લખી પોતાની બહુ મોટાઈ માનનાર એક કારકુને કવિતા ન લખનાર ઉપરી સાથે પોતાની મોટાઈ આગળ કરી ઝઘડો કરી નોકરી ખોયાનું મેં જોયેલું દૃષ્ટાંત સાહિત્યકારને માટે શોભાસ્પદ ન જ કહેવાય.

સાહિત્ય કે સાહિત્યકારને ઉતારી પાડવા જેવાં આ કથન પાછળ એક બે ઉદ્દેશો રહેલા છે : સાહિત્ય એ માનવ સંસ્કારનું મહાસંચલન: પરંતુ એ એકલું જ મહા સંચલન નથી એમ સાહિત્યે સમજવું જોઈએ; અને સાહિત્યકાર એક વિશિષ્ટતાભરી વ્યક્તિ હોવી છતાં ઐતિહાસિક માનવ બળો જ એને ઘડે છે એમ સમજી એણે જનતા પ્રત્યે ઘમંડને બદલે સમાનતાની ભાવના જ કેળવવી જોઈએ. સાહિત્યકારની વિશિષ્ટતા સામાન્યતાનો અર્ક છે એમ ઓળખવાથી સાહિત્યકાર વધારે સાચો, વધારે વ્યાપક અને વધારે ચિરંજીવી સંસ્કારપ્રતિનિધિ બની જાય છે સામાન્યતા અને સાહિત્ય વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે.

સાહિત્યને, સાહિત્યકારને જનતા ભલે માન આપે. એ માન એવા પ્રકારનું હોવું ન જ જોઈએ કે જે સાહિત્યકારને જનતાથી અતિ ઊંચો દેવ બનાવી મૂકે. સાહિત્યકાર સામાન્યતા પ્રત્યે જ્યારે તુચ્છતા અનુભવે ત્યારે એ જનતાનો પ્રતિનિધિ બનતો અટકી જાય છે. ધનવાન, વિદ્વાન, સત્તાવાન, ગુણવાન, કે રૂપવાન માનવી જ્યારેજ્યારે પોતાની સંપ્રાપ્તિનું અભિમાન સેવી અહંનો આક્રમક વિકાસ કરે છે ત્યારે-ત્યારે તે માનવી મટી રાક્ષસ બની જાય છે. સાક્ષર પણ એક માનવ તો છે જ. એની સાક્ષરતાનું અહં બીજાઓને ભોંકાય એવું આરા-વાળું, ધારવાળું બની જાય ત્યારે સાક્ષર પણ એક રાક્ષસ બની જાય છે. અહંકાર એટલે જ અહંનું આક્રમણ. એ વ્યકિતમાં હોય કે પ્રજામાં હોય; એ કલાકારમાં હોય કે સાધુમાં હોય; આક્રમણ સર્વથા વિકાસ-વિરોધી બળ બની જાય છે. સાહિત્યથી, સાહિત્યકારથી વિકાસવિરોધી

ન બનાય. એટલે સાહિત્યકારની મોટાઈ આક્રમક હોવી ન જોઈએ; એના અહંમાંથી ઊપજેલી ન હોવી જાઈએ.

[ ૨ ]

સાથેસાથે સાહિત્યે કે સાહિત્યકારે બીજાઓને પડછે ખાસ શરમાવાની પણ જરૂર નથી. નવલિકા લખનાર કશું પાપ કરતો નથી, કવિતા રચનાર કોઈ કલંકને નોતરતો નથી. સાહિત્ય પ્રત્યે–એટલે સાહિત્યકાર પ્રત્યે ઘણીવાર જનતાનો કેટલાક ભાગ મહેરબાનીની નજરે નિહાળે છે:–

'લેખક છો? એમ કે? વાહ! બહુ સારું!'

એમ કહી લેખકની જરાય કિંમત મનમાં ન હોવા છતાં મહેરબાની-ભર્યો વિવેક દર્શાવવાની શિષ્ટતા સમાજમાં જાણીતી છે. સાહિત્યકારે કોઈની મહેરબાની માગતા ફરવાની જરૂર નથી. મહેરબાની માગનારા ભિક્ષુકનું માનસ ખીલવે છે.

પરંતુ આટલી યે શિષ્ટતા ન રાખનારો એક વર્ગ સાહિત્ય પ્રત્યે મહેરબાનીને બદલે તુચ્છપણું પણ સેવતો હોય છે.

પુસ્તકો લખ્યાં છે? પણ આપણે સાહિત્યમાં કાંઈ ન જાણીએ. એ સાહિત્યફાહિત્યમાં આપણને બહુ સમજ ન પડે!'

સાહિત્યથી દૂર રહેવામાં માન સમજતા વર્ગનું આ કથન નમ્રતા-સૂચક હોતું નથી. સાહિત્ય જેવી તુચ્છ, નિરુપયોગી વસ્તુનો સ્પર્શ કરવાની પણ જરૂર નથી, એમ ઘમંડસૂચક માનસ–Superiority complex માંથી આ શબ્દો ઉપજી આવે છે.

કેટલાંક વર્ષો પર એક સદ્દગત સારા સાહિત્યકાર જે ધર્મગુરુ પણ હતા તેમના મંદિરનું ઉદ્દઘાટન કરવાને પ્રસંગે તેમના સાહિત્યની ઉચ્ચ કક્ષા ઉપર ભાર મુકાયો. પ્રમુખસ્થાને બિરાજેલા એક ન્યાયમૂર્તિને લાગ્યું કે સાહિત્યકારો તો કૈંક થયા અને થશે; પરંતુ ધર્મગુરુ થવા મુશ્કેલ છે. તેમને લાગ્યું એ પ્રમાણે તેમને કહ્યું પણ ખરું. હિંદમાં સાહિત્યકારો અને ધર્મગુરુઓના વર્ગ પાડી વસતિગણતરી કરવામાં આવે તો સાહિત્યકારોની સંખ્યા વધે કે ધર્મગુરુઓની, એ પ્રશ્ન આપણે બાજુએ મૂકીએ. પરંતુ સાહિત્યના પક્ષપાતી એક શ્રોતાએ મને તો આ સાંભળીને કહ્યું જ કે:

'સાહિત્યકારો કૈંક થઇ ગયા એ સાચું; પણ મુંબઈ હાઈકોર્ટમાં થઈ ગયેલા જડ્જો કરતાં સાહિત્યકારોની સંખ્યા હજી વધી નથી.'

સાહિત્યકારોએ સાહિત્યસર્જનમાં Inferiority complex લઘુ-વૃત્તિ સેવવાની પણ જરૂર નથી. સાહિત્યમાં સમજ પડતી નથી એમ અભિમાનપૂર્વક કહેનારે જાણવું જોઇએ કે ઇંડિયા કંપનીના વ્યાપારી ચાલકોમાંના ઘણા સારું લખી શકતા અને એ જ કંપનીના યોદ્ધાઓ અને મુત્સદ્દીઓ સારા સાહિત્યની બહુ પાસે આવે એવું લખીને હિંદમાં સામ્રાજ્ય સ્થાપી શકયા હતા. કોઈ વ્યાપારી કે મુત્સદ્દી સાહિત્યને હસતા પહેલાં ઇસ્ટઈંડિયા કંપનીનાં દફતર–Records ને ન ભૂલે.

[૩]

સાહિત્યને અને વાણીને દેહ–આત્મા સરખો સંબંધ હોવાથી સાહિત્યકારોમાં એક પ્રકારનો એવો પ્રચારઆવેગ કે ધૂન ઉત્પન્ન થાય છે કે જે સાહિત્યકારને એક ઉપદ્રવના સ્વરૂપમાં ફેરવી નાખે છે. બહુ બોલકણા માણસને અમુક કલાક સુધી જ આપણે સહન કરી શકીએ. ધૂની માણસનાં એકની એક વાત સાંભળવામાં વચ્ચે વચ્ચે આરામની સારા પ્રમાણમાં જરૂર રહે. જ્યારે અને ત્યારે વ્યાસપીઠ ઉપર ચઢી આવી દરેક વિષય ઉપર કાંઇ અને કાંઈ પ્રવચન કરવા પ્રેરાતા વ્યાખ્યાતા માટે શ્રોતાઓને એમ ઘણી વાર લાગે છે કે તેઓ પોતાની પ્રેરણાનો પ્રવાહ અટકાવતાં શીખે તો વાણીનો વધારે સદુપયોગ થાય. વાણીનું બ્રહ્મચર્ય વાણીને વધારે સામર્થ્યવાન અને તેજસ્વી બનાવે છે, એ સત્ય આવી વખતે પ્રત્યક્ષ થાય છે. સાહિત્યકાર અને તે પણ આશાભર્યા નીવડતા સાહિત્યકારને પોતાની કોઇ કવિતા કે નવલિકા-વંચાય અને વખણાય એવી ઇચ્છા રહે એ બહુ જ સ્વાભાવિક છે; સમજી શકાય–અને સહાનુભૂતિપૂર્વક સમજી શકાય એવી એ વૃત્તિ છે. એ વૃત્તિને પૂરતું ઉત્તેજન આપવાની પણ જરૂર છે. પોતાના બે–ત્રણ ઈષ્ટ મિત્રો કે મુરબ્બીઓની પોતાના સાહિત્ય માટેની છાપ કે દોરવણી તે મેળવે એમાં સાહિત્યકાર કશું ખોટું કરે છે એમ પણ કહેવાય નહિ. પરંતુ પોતાની કૃતિનાં વખાણ એથી પણ વધારે વિસ્તૃત બને,

પોતે ઉત્પન્ન કરેલો ચમત્કાર વિશાળ જનતામાં સ્વીકાર પામે અને ટોપીમાંથી સસલું કાઢનાર જાદુગરની માફક સહુ કોઈ તેના તરફ વિસ્મય અને વખાણુની ભાવનાસહ જોઈ રહે એવી ગુપ્ત અર્ધગુપ્ત ઇચ્છા સાહિત્યકારને એક મહાઉપદ્ર—pest બનાવી મૂકે છે. કોલેજમાં પ્રોફેસરો નિદ્રાપ્રેરક ભાષણો કરતા હોય તે વખતે કેટલાક સંયમીઓ જાગ્રત રહેવા કવિતા લખતા હોય ત્યાં સુધી તેમની સાહિત્ય પ્રવૃત્તિને આપણે માફી આપી શકીએ. પરંતુ સાહિત્યનાં ધગધગતાં સ્ફુરણો એ સાહિત્યકારને ક્રિકેટના મેદાન ઉપર મિત્રોના કાન પાસે કવિતા લવતો કરી મૂકે ત્યારે આપણને જરૂર લાગે કે સાહિત્યને પણ સ્થળ અને કાળની મર્યાદા હોવી જોઈએ. સાહિત્ય એ આપણા સંસ્કારની છબી છે. પરંતુ મોટર—બસની મુસાફરીમાં ચઢ—ઊતરની ચિંતામાં પડેલા મુસાફરને કોઇ ઓળખીતો સાહિત્યકાર કવિતા વંચાવી સંસ્કારની છબી દેખાડે ત્યારે એ છબી વિકૃત બની જાય છે. વહાલી પત્ની કે વહાલાં સંતાનોને પણ દૂર કરી નદીકિનારે કે બગીચામાં એકાંત શોધી બેસનાર જંજાળી પુરુષની આગળ સાહિત્યના પાનાં ખિસ્સામાંથી કાઢી શૃંગાર, વીર કે હાસ્યરસની કૃતિ સમજાવવા મંથન કરનાર સાહિત્યકાર, એ ત્રણે રસને મહાકરુણમાં ફેરવી નાખે છે. બીભત્સ બાજુએ રાખીએ તો યે સાહિત્યકાર પોતાની સાહિત્યકૃતિ બતાવવા, વંચાવવા, સંભળાવવા કે કે સમજાવવા ગમે ત્યારે, ગમે તેને, ગમે તે સ્થળે તૈયાર—અતિ તૈયાર હોય છે, અને તેને લીધે સાહિત્યને અણ-ગમતું બનાવી મૂકે છે. રસ્તે જતાં કોઈ વ્યકિતને ઉતાવળે જતી કે દોડતી હું જોઉં છું ત્યારે મને પ્રથમ ભય એ જ લાગે છે કે એ વ્યક્તિની પાછળ કોઈ સાહિત્યકાર નવી લખેલી કવિતા કે વાર્તા વંચા-વવા પડયો છે શું ? સંસારને સુખમય બનાવવા ઈચ્છતા સર્વ સંસાર-વિધાયકોને મારી એક બે વિનંતી છે:—સાહિત્યકાર થવા ઇચ્છનાર સહુએ કૃપા કરી પોતાનાં સગાં સંબંધીઓ, મિત્રો, ઓળખીતાઓ અને શુભેચ્છકોને પોતાના સાહિત્યથી જેમ બને તેમ દૂર રાખવાં; અને ખાસ કરીને પતિ સાહિત્યકાર હોય તો પત્ની અને પત્ની સાહિત્યકાર હોય તો પતિને જાણવા પણ ન દેવું કે તે સાહિત્ય

કહેવાય એનું કશું લખે પણ છે! નહિ તો સાહિત્યમાં મૂકી ન શકાય એવું ઘણુંઘણું ઉપસાહિત્ય સાંભળવાનું જોખમ તેમણે વહોરી લેવું પડશે.

આમ સાહિત્ય પ્રત્યે સામાન્ય દૃષ્ટિ કરતાં પ્રથમ તો લાગે છે કે:

(૧) સાહિત્ય એ ઈશ્વરી પ્રેરણા કે કુદરતદીધી કરામત છે, એમ ભલે વિવેચકો કહે. સાહિત્યકારોએ તે માનવાની જરૂર નથી.

(૨) સાહિત્યમાં ઊંડી વિદ્વત્તા, કુશાગ્રબુદ્ધિ કે ગગનચુંબી ઊર્મિના ઝોલા ભલે આવતા હોય; સાહિત્ય સિવાય બીજા કશા સંચલનમાં એ ન જ આવે એમ માનવું એ સાહિત્યની મર્યાદાઓ ન ઓળખવા જેવું થશે.

(૩) સાહિત્યનું અહં સાહિત્યકારને અહંકારી બનાવે ત્યારે એ સાહિત્ય અને સાહિત્યકાર આક્રમણકારી પ્રગતિરોધક બળ બની જાય છે

(૪) સાહિત્યે ગાંભીર્યરહિત વાતોડાપણાથી–વેવલાશથી—કોઈ પણ કારણે સોંઘું અને હાસ્યજનક બનવું ન જોઈએ. વળગાડ કે ઉપદ્રવ બની બેસનાર સાહિત્યકારો આપણા ધારવા કરતાં ઓછા તો નહિ જ હોય

(૫) સાથે સાથે સાહિત્યે શરમાવાની જરૂર નથી, સંકોચાવાની જરૂર નથી, હીનતાસૂચક લઘુમાનસગ્રંથિ ઉપજાવવાની પણ જરૂર નથી.

કારણ? સાહિત્ય એક વ્યાપક પ્રજાકીય અને પ્રજાપ્રિય સંચલન જે– પ્રવૃત્તિ છે.

[૪]

સાહિત્યના સાર્વજનિક સ્વરૂપ ઉપર ભાર મૂકવાનાં એક બે કારણો છે. એક કારણ તો એ કે સાહિત્ય અને જનતાને કશો સીધો સબંધ ન હોય એવી એક મોટાઈ સાહિત્યને અંગે પ્રવેશ પામી ગઈ હતી અગર પામી ગઈ છે. દલપત અને નર્મદ સુધી સાહિત્યનું સાર્વજનિક-પણું અમુક અંશે સચવાયું. પણ પછી તો સંસ્કૃત, અંગ્રેજી અને ફારસી ભાષાના યુનિવર્સિટીના અભ્યાસે જે સાહિત્યફાલ ઉતાર્યો એની નૂતનતા અને એનાં વૈવિધ્ય સ્વીકારવા છતાં એમાં એક સ્પષ્ટ એ ખીલતું ગયું કે સાહિત્યે અંઘોળ ધારણ કરી સામાન્ય જનતાના વલણ સ્પર્શથી વેગળા રહેવા માંડયું. નવલરામે આપણી કવિતાશૈલીના બે

પ્રકાર પાડયા: એક સભારંજની અને બીજી મસ્ત પછી તો કવિતા અને સાહિત્ય એ બન્નેએ સભારંજની શૈલીને એક અછૂત સરખી ગણી બાજુએ નાખી દીધી, અને સાહિત્યકારોનો દૃષ્ટિકોણ એટલો બધો બદલાઈ ગયો કે શિષ્ટતાની છાપવાળી એક ઊંચી ન્યાત જ સાહિત્યમાં ઉદ્‌ભવી.

હિંદમાં આવીને ઇસ્લામી અને ખ્રિસ્તી ધર્મ પણ ન્યાત જાતના વાડા બાંધતા થઈ જાય છે. નવી ઢબે સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્ય અભ્યાસીઓ આગળ રજૂ થયું એટલે પ્રજાએ સ્વીકારેલો પ્રાચીન ઢબનો સાહિત્યઉચ્ચાર અને સાહિત્યઆકાર બહુ જૂનવાણી લાગવા માંડયો. એનું એક પરિણામ એ આવ્યું કે સાહિત્ય સાર્વજનિક બનતું અટકી ગયું અને સાહિત્યનો ઉદ્દેશ રંજન કરવાનો પણ છે, એ તત્ત્વનો સમૂહ ઈન્કાર કરવામાં આવ્યો. કવિ, નવલકાર, નિબંધ લેખક: એ સર્વ જાણે એક બ્રાહ્મણની—અને તેમાંય નાગર કે શ્રીમાળીની સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણત્વના ઘમંડવાળી કોમ બની ગયા અને સામાન્યતાનો જાણે સાહિત્યમાં પ્રવેશ હોઈ જ શકે નહિ એવી ઢબે સાહિત્યને ન જોઈતું રક્ષણ આપવા લાગ્યા. ઓગણીસમી સદીનાં લગલગ પાછલાં ત્રીસ ચાળીસ વર્ષો અને વીસમી સદીના ગાંધીયુગ સુધી સાહિત્કારોનું બ્રાહ્મણત્વ શ્રેષ્ઠત્વ—ચાલુ રહ્યું. અને હજી પણ તે ચાલુ રહ્યું છે એમાં જરાય શક નથી. સાહિત્યની સમજ માટે પાત્રતા જોઈએ એવો અતિઆગ્રહ ઉત્પન્ન થયો, અને અમુક ઢબનું જ ભણતર ભણેલા, અમુક પ્રકારનો સંસ્કાર મેળવી ચૂકેલા, અમુક વર્ગમાં જ નિવાસ કરનારાઓ માટે સાહિત્ય લખવાનું હોય એવો એક ભ્રમ ઉત્પન્ન થયો.

કુસુમમાળા, સ્નેહમુદ્રા કે હૃદયવીણા કરતાં સુદામા ચરિત્ર, મામેરું કે પંચદંડ કાવ્યશક્તિમાં ચઢે કે ઊતરે? એની ચર્ચા સર રમણભાઈએ કરી છે અને એ ચર્ચાઓના અભ્યાસ પણ કોલેજોમાં થતા હશે. સાહિત્યવિવેચકોએ કદી ભૂલવું ન જોઈએ કે વિવેચનમાં પણ વિકાસને સ્થાન છે, મતાંતર એમાં શક્ય છે એટલું જ નહિ પણ સ્થાપેલા—સિદ્ધ મનાઈ ચૂકેલા—સિદ્ધાંતોના અર્થમાં—અર્થને ઘટાવવામાં—પણ મતભેદ રહ્યા જ કરે છે. અને જુદીજુદી અર્થ-

ઘટનાઓ તેમાંથી ઊભી થવી સંભવિત છે. એ સત્યનું ચલિતપણું કદી વિસરવું જોઈએ નહિ. સમગ્ર જનતાને અને સાહિત્યને ગાઢ સંબંધ છે એવો સિદ્ધાંત અંશતઃ પણ આપણે માન્ય કરીએ તે ક્ષણે આપણે સ્વીકારવું જ પડશે કે એ દૃષ્ટિએ સ્નેહમુદ્રા કરતાં સુદામા ચરિત્ર જરૂર ચડિયાતું છે. અને સરસ્વતીચંદ્ર કરતાં સદેવંત–સાવળીંગાની વાર્તા વધારે આકર્ષક છે. કુસુમમાળાનાં કાવ્યો જનતાની વાણીએ ચડ્યાં છે. એના કરતાં દયારામની ગરબીઓ વધારે પ્રમાણમાં ચઢી છે. જે હૃદય જીતે એ જ વાણીમાં ઊતરે. હૃદય જીતવાની શક્તિ નરસિંહરાવ કરતાં દયારામમાં જરૂર વધારે છે એમ આ દૃષ્ટિએ આપણે કહેવું જ પડશે. સાહિત્યને અને સામાન્યતાને, ઊર્મિમય ઉચ્ચારને અને જનતાને, ગગનચુંબી ભાવનાને અને પગે ચાલતી સાર્વજનિક વસ્તીને કાંઈ પણ સંબધ છે કે નહિ, એ મહત્ત્વનો પ્રશ્ન જ બાજુ ઉપર રહી ગયો, અને અંગ્રેજી ભણેલા, અંગ્રેજી પહેરવેશ પહેરનારા, અગર કહો કે જૂની ઢબે સોળું પહેરી અબોટિયાંની મર્યાદામાં રહેનારા જેમ સામાન્યતા પ્રત્યે એક પ્રકારનો તુચ્છકાર અનુભવે છે તેવો તુચ્છકાર સાહિત્ય સામાન્યતા પ્રત્યે અનુભવ્યો. સાહિત્ય સામાન્ય હોય જ નહિ, એવી ભાવના સાહિત્યકારોમાં જ નહિ પરંતુ સામાન્ય જનતામાં પણ ઉદ્ભવી અને બન્ને વર્ગો સમાંતર લીટીએ આગળ વધતા ચાલ્યા. આજ સુધી એ ભેદ આપણા સાહિત્યમાં ચાલુ છે. નવીનતાના પ્રલોભનમાં જૂનવાણીને તોડવાના આવેશમાં, ઊર્મિલતાને બદલે પૌરુષભર્યા ચિંતનની લાલસામાં જે અડવા clumsy, અસ્પષ્ટ, જીવનમાં જરાય બંધબેસતા ન આવે એવા, અર્થઘન બનાવવાના મોહમાં અર્થહીન બનતા અનેક કાવ્યપ્રયોગો આજ પણ આપણા સારા સારા સાહિત્યકારોને હાથે થયે જાય છે. એમાં સામાન્યતાના તિરસ્કારની છૂપીછૂપી હૃદયમાં સંતાયેલી પેઢીજાત ભાવના જ કારણરૂપ છે. એવું એક અત્યંત ઘન બનતું દૃષ્ટાંત તે આપણાં પૃથ્વીછંદી કાવ્યો છે, એમ હું કહું તે વખતે આપણા માન્ય સાહિત્યકારો અને કવિઓની માફી પણ સાથે સાથે માગી લઉં છું. એ પ્રયોગશીલ કવિઓની શક્તિ માટે મને જરૂર માન છે; પરંતુ સામાન્યતાથી અળગા રહેવાની

હૃદયમાં વસી રહેલી ગુપ્ત ભાવના સાચી કવિતાને પણ ક્યાં ઘસડી જાય છે એ કહેવાની જરૂર હવે ઊભી થઈ છે. પૃથ્વી છંદ અને તેમાંએ સોનેટ ઉતારવાની ઘેલછા પાછળ અસામાન્યતા–વિશિષ્ટતાએ ઊભા કરેલા ભ્રમને જરા સમજી લઈએ,

એક ભ્રમ એવો છે કે જાણે પૃથ્વી છંદ એ કવિતાને કોઈ નવો જ છંદ મળી ગયો છે ! લગભગ કાવતરું કહી શકીએ એવી ઢબે આ ભ્રમને ઉત્તેજન અપાય છે. પરંતુ સાચી વાત તો એ છે કે પૃથ્વી છંદ સંસ્કૃત ભાષામાં બહુ સારા પ્રમાણમાં વપરાઈ ચૂકેલો છંદ છે, અને આપણા પિંગળે એનાં હાડ–પાંસળાં ગણી–વીણીને આપણા હાથમાં આપેલાં છે. શાર્દૂલ, શિખરિણી, વસંતતિલકા અને મન્દાકાન્તા જો નવીન છંદો હોય તો પૃથ્વી છંદ નવીન છે. વળી એનો એટલો વપરાશ વધી ગયો છે કે એની નવીનતા ઘસાઈ ગઈ છે અને રૂઢિની યાંત્રિક સામાન્યતા એને વળગવા લાગી છે. કવિ કોણ ? પૃથ્વી છંદમાં થોડી ઘણી પણ કવિતાઓ લખે તે આવી રૂઢ થતી જતી માન્યતા ભાટચારણોના એક સમર્થ પણ બહુ વપરાશમાં અણગમતા થઈ પડેલા સોરઠાછપ્પાની હારમાં પૃથ્વી છંદની નવીનતાને બેસાડી દેશે એવો ભય ઉત્પન્ન થયો છે.

કાવ્ય એ કાંઈ ગાવા માટેની, રાગડા તાણવા માટેની કૃતિ નથી, એવી ગઈ સદીથી આજસુધી પોષાતી આવેલી માન્યતાને પૃથ્વી છંદમાં એવો ટેકો મળી ગયો છે કે જાણે એ છંદ ગાવા માટે નહિ પરંતુ ન ગવાતાં-ન ગાવાં જોઈએ એવાં–સાચાં કાવ્યો માટે મળી આવેલું ઈશ્વરદત્ત કે બ. ક. ઠા. દત્ત વાહન છે એમ લગભગ મનાવા લાગ્યું છે. આ પણ ભ્રમ જ છે ઈશ્વરે કે બ. ક. ઠા. એ નહિ પરંતુ આપણી સંસ્કારમાતા સંસ્કૃત ભાષાએ એ છંદ આપણને આપ્યો છે. અલબત્ત બળવંતરાય ઠાકોરે ગુજરાતી ભાષાના એના સ્વીકારમાં અને પ્રચારમાં બહુ મહત્ત્વનો ઐતિહાસિક ભાગ ભજવ્યો છે, એમાં ના કહેવાય એમ નથી.

પૃથ્વી છંદ જેને ન ગાવો હોય તે ભલે ન ગાય; અને મોટા ભાગના આપણા માન્ય કવિઓ આમે ન ગાય એ જાહેર સુલેહશાન્તિ માટે બહુ ઈચ્છવા યોગ્ય પણ છે. પરંતુ પૃથ્વી છંદ અન્ય છંદોની માફક ગાઈ શકાય એવો છંદ છે, અને એની ગીતલઢણ બીજા છંદો કરતાં

પણ વધારે સુમધુર છે, એમ કોઈ પણ કાવ્યશાસ્ત્રી, આજ પૂરવાર કરી આપે એમ છે.

[ ૫ ]

વળી સંગીત કે અને ગીતને અને કાવ્યને જાણે બાપમાર્યાનું વેર હોય એવી માન્યતાને પોષ્યા કરવા પાછળ હવે તો પશ્ચિમની કવિતાના અભ્યાસનું આંધળું અનુસરણ કારણરૂપ છે એમ માનવાનું મન રહ્યા કરે છે. કાવ્ય અને સંગીત એ બન્ને ભિન્ન કલાઓ છે એ આપણે કબૂલ કરીએ. પરંતુ એ બન્ને કળા પરસ્પર મળી જ શકે નહિ, ભળી જ શકેનહિ, એ માન્યતા સંગીત સિવાય કાવ્ય રચી જ શકાય નહિ એવી સામી બાજુની માન્યતા સરખી જ દુરાગ્રહી છે. અંતે તો કાવ્ય એ એક વિશિષ્ટ રીતિ છે, જેમાં વાણી દ્વારા ઊર્મિને અવતાર આપવામાં આવે છે. સંગીત, નૃત્ય, ચિત્ર અને સ્થાપત્ય એ સર્વ કલાઓ જુદા જુદા વિષયો દ્વારા ઊર્મિને અવતાર આપે છે. લય, પ્રમાણ અને પાર્શ્વભૂમિ ( Back ground ) એ સર્વ કલાઓને ઉપજાવનારાં, તત્ત્વો એકબીજાનું દ્યોતન કરે તો એમાં કયું કલાપાપ થઇ જાય છે એ સમજી શકાતું નથી. ભજવાતું નાટક એ સર્વ કલાઓનો ગુચ્છ બની શકે છે સર્વાનુભવરસિક સત્વ છે. પશ્ચિમમાં આખાં નાટકો અને નાટકો સંગીતમાં રચી ભજવી બતાવાય છે એ જાણ્યા છતાં શૉ કે ઇબ્સેન વાંચવાના ઘમંડ નાટય સંગીત પ્રત્યે અભાવ અનુભવવાનું વલણ પણ આ જ કક્ષામાં આવી જાય છે. વેલ્સના નાટકમાં સંગીત નથી, માટે હું વેલ્સનો સુઘડ અભ્યાસી ગુજરાતી નાટકોમાં પણ સંગીત કેમ કરીને સહન કરી શકું? મારી પ્રગતિશીલતા નાટકમાં સંગીત સ્વીકારથી ઘટી જાય! આવી મોટાઈ મને ઘણી રૂઢિઓ સ્વીકારવા યોગ્ય હોવા છતાં સ્વીકારવા દેતી નથી અને પ્રયોગશીલતા ઘટાડી મારી પ્રગતિની ધગશને પ્રગતિવિરોધી બનાવી મૂકે છે.

વળી કલાઓમાં અનુકરણનો અંશ તો રહેલો છે જ. કુદરતનું વર્ણન એ અક પ્રકારનું કુદરતનું અનુકરણ–પુનઃકથન છે, સૂર્યોદય કે ચંદ્રોદયનું ચિત્ર અગર વીરરસ કે કરુણ દશ્યની કવિતા એ પણ અનુકરણ હોવાથી જે તે પ્રસંગ કરતાં નાનાં અને સાંકડાં હોય છે એમ

કલા ઉપર આરોપ આવે તો તેનું સર્વાંશે નિવારણ થઈ શકે એમ તો નથી જ. અકુદરતી અનુકરણ અંગે સંગીતની કલાને તો વધારેમાં વધારે દૂષિત ગણવી હોય તો ગણી શકાય એમ છે. અને તેમાંથી આપણે એમ પણ કહી શકીએ કે સંગીતને કલા પણ શા માટે કહેવી? જીવનમાં ગાવાની જરૂર શી છે? ગીત જેવું અસ્વાભાવિક સૂરસર્જન બીજું કયું હશે? અંગ્રેજી કે ગુજરાતી રાગડો તાણવો એને એ રાગડાને પાછો શાસ્ત્રીય બનાવવા મથવું, એના જેવું સ્વભાવવિરોધી બીજું કાર્ય દેખાતું જ નથી. તો પછી જીવનમાં ગીતસંગીતને બંધ જ કેમ ન કરી દેવાં? આ વિચારસરણી કવિતામાં કે નાટકમાં સંગીત હોવું જ ન જોઈએ એ સિદ્ધાંતના વિસ્તાર તરીકે મૂકી શકાય. પણ આપણે હજી તેમ કર્યું નથી. ઔરંગઝેબના સુપ્રસિદ્ધ દૃષ્ટાંત સિવાય સંગીતની બિનજરૂરતની નોંધ થઈ નથી.

સંગીત પણ ઘણે અંશે માત્ર સૂરાવટ ઉપરાંત શબ્દાવલિ પણ છે. આપણા સંગીતની સુંદરમાં સુંદર ચીજો જોઈશું તો તેમાં ભવ્ય કવિતા પણ સમાયેલી આપણે નિહાળી શકીશું. કોઈ સંગીતાચાર્યે હજી કોઈ કવિને એમ કહ્યું જાણ્યું નથી કે, તમે તમારી કવિતાની લપ શા માટે અમારી સૂરસુંદરીને વળગાડો છો? એ કવિતાનું ભૂત તમારા કોઈ શીશામાં પાછું ઉતારી લો!' સંગીતમાંથી કવિતાને દૂર કરવાની ફરમાશ જેવી બેહુદી ફરમાશ એ છે કે 'કવિતામાંથી સંગીતને સર્વથા દૂર કરો!'

ટીકાની દૃષ્ટિ રાખતાં કવિતા એક વાણીની અસામાન્ય અકુદરતી લાગતી રચના છે. ગુજરાતી કે સંસ્કૃત, અંગ્રેજી કે લેટીન, સંગીત સાથે સાંકળેલી કે સંગીતવિરહિણી સર્વ પ્રકારની કવિતા—ડોલન અને પૃથ્વીના પ્રલાપનસહ-એક એવી ઢબનું ઉચ્ચારણ માગે છે કે જેને સ્વાભાવિક વાણી કહી શકાય જ નહિ. એ ઉચ્ચારણ બહુ ઝડપથી એને સંગીત કે રાગડાની પાસે લાવી મૂકે છે, અને તે સંગીતરહિત વાક્યાવલિમાં શા માટે ન જ આવી શકે એ સમજી શકાતું નથી.

સંગીતનો સંબંધ ગુમાવતી આપણી વર્તમાન ગુર્જર કવિતાએ ઘણું ઘણું ગુમાવ્યું છે; તેમાં મુખ્યત્વે કરી પ્રજાના હૃદયને સ્પર્શ કરવાની

તાકાત અને શબ્દોમાં રહેલી શક્તિનો સાચો પરિચય એ બન્ને ગુમાવી આપણી કવિતા મોટાઈ અને શિષ્ટતાનો બુરખો ઓઢી બેસી ગઈ છે, એમાં તેણે પ્રજાકીય સંચલન તરીકેનું બળ ખોઇ નાખી પોતાની જ કિંમત ઘટાડી દીધી. 'વિશ્વશાન્તિ' એ આજનું ભવ્ય કાવ્ય પરંતુ 'ગુજરાત મોરી મોરી રે' એ ગુજરાતને કંઠે ચઢેલું કાવ્ય છે. કયું વધારે વ્યાપક? બેમાંથી કયું કાવ્ય વધારે જીવશે?

કાવ્યોમાંથી ગેયત્વનોબહિષ્કાર કરવાની ઓગણીસમી સદીથી આપણને લાગેલી ઘેલછા પૃથ્વી છંદના સોનેટમાં પરિણામ પામી છે. પૃથ્વી છંદમાં ગેયત્વ નથી એવો ભ્રમ સાથે ઉત્પન્ન થયો, પોષાયો અને કાવ્યમાં ગેયત્વ ન હોવું જોઇએ એ ભ્રમ સાથે અનુકૂળતા મળતાં ભેગો થઈ ગયો. હવે તો પૃથ્વી છંદમાં ન લખે એ કવિ જ નહિ ભ્રામક માન્યતાએ આપણે પહોંચી ગયા છીએ.

વધારામાં આપણી એક એવી પણ માન્યતા બંધાઇ છે કે બહુ ઊર્મિલતામાંથી સારી કવિતા ઉત્પન્ન થતી નથી, અને જે ઉત્પન્ન થાય છે તે કવિતા નામને લાયક થતી નથી. સાચી કવિતા તો ચિંતનમાંથી જ ઉત્પન્ન થાય. અને એનું સચ્ચાઇભરેલું ઘડતર પણ ચિંતનમાંથી જ ઘડાય! જાણે ઊર્મિ અને ચિંતન એ બન્ને સામસામે મોરચે ઉભેલાં માનવ વલણો ન હોય! કવિતાનો નવો નિશાળિયો પણ એટલું તો સમજી જ શકે કે ઊર્મિ એટલે ઘેલછા ભર્યાં માનસિક આંદોલનો જ માત્ર નહિ. ઊર્મિમય વાણીમાં શબ્દાર્થ, વાચ્યાર્થ અને વ્યંગાર્થ એ ત્રણ અર્થ આવવા જ જોઈએ, જે સિવાય કવિતાનો 'ક' પણ રચાય નહિ. એનો અર્થ એટલો જ કે ચિંતન વગરની, અર્થ વગરની ઊર્મિ કવિતા નહિ પરંતુ પ્રલાપ બની રહે છે. ચિંતન પણ ઊર્મિપ્રેરક ન બને, ઊર્મિમાં ન ઉતરે, ઊર્મિએ આપેલી વાણીમાં આકાર ન લે ત્યાં સુધી ચિંતન પણ કાવ્ય બની શકે નહિ, એ ચિંતનમતવાદીઓએ જાણવું જરૂરી છે. વળી ઊર્મિ અને ચિંતન એ બન્ને માનસિક વલણો સર્વદા પરસ્પર વિરોધી હોતાં નથી, પરંતુ ભેગાં થઈને બન્ને ઉત્તમોત્તમ કવિતાઓ રચી શકે છે. ઊર્મિ અને ચિંતનની કવિતાપેરક શક્તિ સંબંધી વધારે ઊંડી ચર્ચામાં અત્યારે ન ઉતરતાં આપણે એ પરિસ્થિતિ સ્વીકારી લઇને ચાલીએ કે

ઊર્મિની આતિશયતા પોકળ પ્રલાપમાં ઉતરી પડે અને કાવ્યઘડતર યંત્ર સરખી રૂઢિ બની જાય ત્યારે ચિંતન તરફ કવિતા ભાર મૂકવા પ્રયત્ન કરે છે. અને ચિંતનની કઠોરતા Deccan Trap—સહ્યાદ્રિ: પાષાણ સરખી પથ્થરિયા, અપ્રવાહી વિચારઘનતામાં કે વિચારજડતામાં ઉતરી પડે ત્યારે ચિંતન ઊર્મિની કુમળાશને વળગવા માગે છે. ઊર્મિ પોકળ પ્રલાપ બને અને ચિંતન વિચારજાડય બને ત્યારે બંને વલણો ફેરફાર જરૂર માગે. અને કવિતાનો ઝોક એકથી બીજી પાસ વળવા મથે એ સાહજિક છે. પરંતુ આજની ચાલુ માન્યતા તો જાણે કાવ્યમાં ઊર્મિને સ્થાન જ ન હોય એવી સરણી ઉપર આવતી જતી દેખાય છે. ઊર્મિરહિત ચિંતન કાવ્યનું પ્રેરણાઝરણ નથી. ચોખ્ખું નિર્ભેળ ચિંતન જ જોઈતું હોય તો સીધાં સૂત્રો રચવામાં શી હરકત છે?

ચિંતન જોઇતું હોય તો એને કવિતાની શી જરૂર છે? કવિતા વગર ચિંતન સિદ્ધ ન જ થાય એમ હોય તો પણ પૃથ્વી છંદની એવી તે કઈ વિશિષ્ટતા છે કે જે એ સિવાયના બીજા કોઈ છંદમાં ન જ આવી શકે? જે વિશિષ્ટતા પૃથ્વી છંદને આરોપવામાં આવે છે તે જ વિશિષ્ટતા એ જ ઢબે બીજા કોઈપણ પ્રલંબ છંદને આરોપવામાં આવે તો એમાં ભાગ્યે જ કશું ખોટું કહેવાય. મંદાક્રાન્તા, સ્ત્રગ્ધરા અને શાર્દૂલ સરખા પ્રલંબ છંદોએ ઓપેલું ચિંતન પૃથ્વી છંદના ચિંતન કરતાં ભાગ્યેજ ઉતરતું હોય! સંસ્કૃત તેમજ ગુજરાતી ભાષામાં આનું અન્વેષણ કરવામાં આવે તો આ વાત સ્પષ્ટ થાય એમ છે. પૃથ્વી છંદના અત્યારે થતા રૂઢિબદ્ધ, યંત્રબદ્ધ અતિ ઉપયોગથી એનામાં જે કાંઇ ઓછી વધુ ચિંતન ધારણ કરવાની શક્તિ હશે તે પણ ખરબચડી અને દુર્બોધ બનવાના ક્રમમાં પડી છે એ રખે કોઇ ભૂલે.

ચિંતન અને છંદનોસહજ વિચાર કરતાં આપણને સ્પષ્ટ થાય છે કે ગુજરાતી ભાષાનું એક શ્રેષ્ઠ ચિંતન કાવ્ય ઝુલણા સરખા સરળ અને ગેય છંદમાં નરસિંહ મહેતાએ જેવું ઉતાર્યું છે તેવું ભાગ્યે જ બીજા કોઈ છંદમાં ઉતરી શક્યું હશે. આપણે એ દૃષ્ટાંત જોઇએ:

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ
જૂજવે રૂપે અનંત ભાસે,
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

અખાએ ચોપાઈ કે છપ્પામાં જે ચીમટાભરતું ચિંતન આપ્યું છે: તે હજી બીજે મળી શક્યું નથી:

અખા એ અંધારો કૂવો
ઝઘડો ભાંગી કોઈ ના મૂઓ.

ગેય પદમાં દયારામે જે ચિંતન આપ્યું છે તે ખરેખર બેનમૂન છે.

ચિત્ત તું શીદને ચિંતા ધરે ?
કૃષ્ણને કરવું હોય તે કરે,
દોરી સર્વની એના હાથમાં
ભરાવ્યું ડગલું ભરે,
જેવો જંત્ર વગાડે જંત્રી
સ્વર તેવો નીસરે.

ભોળાનાથની પ્રાર્થનામાળા પૃથ્વી સિવાયના કૈંક છંદોમાં સુંદર ચિંતન વિકસાવી શકે છે:

તારા અપાર મહિમા નહીં કોઈ પામે,
વાણી સહિત મનવેદ સહુ વિરામે.
તારા અભેદ્ય પટમાં નહીં કલ્પનાઓ,
હે વિશ્વનાથ, પ્રભુ! નિત્ય પ્રસન્નથાઓ.

ચિંતનના સાગર સરખી ગીતાનો મોટો ભાગ સાદા અનુષ્ટુપમાં ઊતરી શક્યો છે. એટલે ચિંતનભાર વગર કવિતા હોઇ જ શકે નહિ અને ચિંતન પૃથ્વી છંદ વગર કાવ્યમાં લાવી શકાય જ નહિ એવી ઘેરી બનાતી જતી માન્યતા સહેજ ચિંતનમય પરીક્ષા માગે છે. આપણાં કંઇક ભજનો પૃથ્વી છંદ કરતાં વધારે ચમકતું ચિંતન આપે છે.

વળી પૃથ્વી છંદનું માહાત્મ્ય વધારવા તેના ઉપર સોનેટનું એક પીંછું ચડાવવામાં આવ્યું છે. સોનેટ એક વિશિષ્ટ નામ પામેલો અંગ્રેજી ભાષાનો કવિતાટુકડો છે, જેમાં પ્રાસનું અમુક આવર્તન થાય છે, ચૌદ લીટીમાં તેની કાયા ઘડાઇ જાય છે, અમુક ચરણના અંતમાં નહિ પણ વચમાં યતિ–વિસામો ખાવાનું સ્થાન મળી જાય છે.વળી વિચારના આરોહ –અવરોહને તેમાં અવકાશ મળે છે એમ કહેવાય છે, અને આયંમ્બિક પેન્ટામીટરની ગણુ કે આઘાત રચના તેમાં હોય છે. નવા છંદપ્રયોગો કરવાની આપણી સાહિત્યપ્રવૃત્તિ ખૂબ આવકાર પાત્ર છે; એવા પ્રયોગો ઠીક પ્રમાણમાં આપણા સાહિત્યે કર્યા પણ છે; કાવ્યરચનાને નવા જૂના કે મિશ્ર આકાર ઠીકઠીક આપવામાં આવ્યા છે. પરંતુ સોનેટ રચના એક સામાન્ય પ્રયોગ કરતાં વધારે શું સાધી શકી છે એ મારી સમજમાં હજી ઊતરી શક્યું નથી. આયંબિક પેન્ટામીટર જેવી accent–આઘાત ઉપર આધાર રાખનારી અન્ય ભાષાની તદબીર તો ગુજરાતીમાં ઉતરી શકે એમ નથી. રહ્યાં માત્ર ચૌદ ચરણ. સોળ ચરણને બદલે ચૌદ ચરણ કરવામાં કશી ખાસ ખુબી હોય તો તે મને હજી સમજાઇ નથી. માત્ર સોનેટની ચૌદ લીટીને લીધે ચૌદ લીટીમાં લખાયેલા ગમે તે છંદને સોનેટ કહેવાનો મોહ હોય તો જુદી વાત!

નવમી લીટીએ પહેલાં જ accent–આઘાત આગળ પૂર્ણવિરામ કે અર્ધવિરામ લાવવાની લઢણુ એ બીજુ સોનેટનું લક્ષણ આપણા સોનેટોમાં લાવવામાં આવે છે. ઉચ્ચાર અને વિચાર વિશ્રામને માટે આપણામાં કાવ્યચરણના છેડા બહુ પ્રયોગોને અંતે પિંગળમાં સ્થિર કરવામાં આવ્યા છે અને તે પણ એવા જડ નથી કે જેમાં કશો હેરફેર થઇ જ ન શકે કાવ્ય–વિચાર ચરણને છેડે પૂરો ન થતો હોય તો તેને આગળ લંબાવવામાં ખાસ પ્રતિબંધ આપણી પીંગળ રચનામાં દેખાતો નથી. એ સંજોગોમાં નવમી લીટીના પહેલા જ શબ્દ આગળ યતિ લાવવામાં ખાસ મહત્ત્વ સોનેટમાં પણ શું છે સમજવું મુશ્કેલ છે. ઠરેલા યતિને બદલે નવો યતિ ઠરાવ્યો એટલી જ નવીનતા; અને તે પણ ચરણની વચમાં જ. વિચારની પૂર્ણતા ચરણને છેડે આવવાને બદલે ચરણ પૂરું થયા પછી એક શબ્દ આવે ત્યારે જ આવી શકે એવું વિચારનિયંત્રણ સંયમી માનસને જ

મળે ! એક ઠરેલી અટકને બદલે એક શબ્દ આગળ ખસેડેલી અટક એ બહુ મોટી સિદ્ધિ હોય એમ કાંઈ દેખાતું નથી. એક બીબાને બદલે જરા બદલીને બીજું બીબું ઊભું કર્યું એ સિવાય બીજું કશું વધારે મહત્ત્વ સોનેટમાં દેખાતું નથી.

અને વિચારનો આરોહ–અવરોહ ! સોનેટ નામ ન પાડયું હોય તો આરોહ અવરોહ વિચારમાં પ્રવેશી જ ન શકે એટલો બધો જુલ્મી પ્રયોગ એ સોનેટ હોય તો એનાથી જેટલા વહેલા છૂટીએ એટલું વધારે સારું !

પૃથ્વી છંદનો હું દુશ્મન નથી. સોનેટ સાથે મને વેર નથી. કવિતા અનેકવિધ પ્રયોગો માગે છે એ સ્વીકારવા હું તૈયાર છું. ઊર્મિની ઘેલછા કે ઊર્મિનો અર્થહીન ઉભરો બહુ વધી પડે ત્યારે કવિતાના સ્વરૂપમાં–બંધારણમાં–બાહ્ય અને આંતરરચનામાં સખત રેખાઓ ઉપજી આવે એ પ્રત્યે મને સહાનુભૂતિ છે. 'રે' અને 'લોલ' માં જ લહેકાયા કરતી કવિતા વધારે મર્દાનગીભર્યું ઉચ્ચારણ મેળવે એ હું જરૂર ઈચ્છું છું. પરંતુ પૃથ્વીપૂજા અન સોનેટસ્તુતિ ધર્માન્ધતા બની જાય એ તો ખરેખર ઈચ્છનીય ન જ કહેવાય. પૃથ્વી છંદમાં ન લખે એ એ કવિ જ નહિ અને સોનેટની ચૌદ લીટીઓ ન સમજાય એવી બોબડી થડકાતી વાણીમાં ઊતરે નહિ ત્યાં સુધી ચિંતનનો આત્મા કવિતા–આકાર ધારણ કરી શકે જ નહિ એવી માન્યતા પાછળ આપણે સહુએ કરેલી છેલ્લી સદીથી ચાલી આવતી સાહિત્યભૂલો અને સાહિત્યભ્રમણાનો લાંબો ઈતિહાસ રહેલો છે એ સ્પષ્ટ કરવા ખાતર જ સોનેટ અને પૃથ્વી છંદ એ તાત્ત્વિક રીતે કશી જ નવીનતા કે ચમત્કાર બની શકયાં નથી એ ચર્ચા લંબાણથી અહીં કરી છે.

[૬]

આમ સોનેટ અને પૃથ્વીછંદ એ તાત્ત્વિક રીતે કશી જ નવી વસ્તુ નથી. સામાન્ય દૃષ્ટિએ જ આપણે સાહિત્યને જોવાનું છે. છતાં અસામાન્ય શાસ્ત્રીય સ્વરૂપ જેવી લાગતી પૃથ્વીછંદ–સોનેટની ચર્ચામાંથી આપણે સામાન્ય તારવણી નીચે પ્રમાણે કાઢી શકીએ એમ છીએ :—

૧ પૃથ્વી છંદ એ આપણી નૂતન ગુજરાતી શક્તિએ રચેલો છંદ છે જ નહિ. એની ઉત્પત્તિ સંસ્કૃતમાં છે. એ નવીન શોધ નથી જ. નવીન શોધને નામે કીર્તિ મેળવતી જુનવાણીને સત્ય ખાતર–

અભ્યાસ ખાતર આપણે ઓળખવી જોઈએ જ.

૨ સોળને બદલે ચૌદ લીટીઓમાં કાવ્ય પતાવવાથી, ચરણને છેડે વિશ્રામ લેવાને બદલે એક ડગલું વધારે કૂદી વિશ્રામસ્થાન નિયત કરવાથી, અને સ્પષ્ટ, પ્રવાહી અર્થ અને શબ્દરચનાને બદલે દંડબેઠક કાઢી તાકાત મેળવી કાવ્ય સમજવાની જરૂર ઊભી કરી ચિંતનના આરોહ–અવરોહની ભ્રમણા ઊભી કરવાથી નવીન સિદ્ધિ મળતી નથી. પ્રયોગ ઈષ્ટ છે; પ્રયોગપૂજા એ માત્ર મૂર્તિપૂજા છે.

૩ સંગીતને અને સાહિત્યને–કાવ્યને તાત્ત્વિક સંબંધ ભલે ન હોય. બે વચ્ચે વિરોધ જ હોવો જોઈએ, અને ન હોય તો તે ઊભો કરવો જોઈએ, એવી ઝાંખી પણ તીવ્ર બનતી જતી ભ્રામક માન્યતાએ અનેક સ્વરૂપો ધારણ કરી અંતે પૃથ્વી છંદી સોનેટનું સ્વરૂપ લીધું છે એ રખે આપણે ભૂલીએ.

૪ સંગીતનો સંબંધ અળગો કરતાં સાહિત્યે–ખાસ કરીને કવિતાએ પોતાનું સાર્વજનિક સ્વરૂપ ગુમાવ્યું છે. એથી જનતાને અસર કરવાની શક્તિ ઠીક પ્રમાણમાં સાહિત્યે ખોઈ દીધી છે. કવિતા જો શબ્દશક્તિ અને તાલ–લય ઉપર અંશતઃ પણ આધાર રાખતી હોય તો સ્વાભાવિક રીતે જ તે ડોલન અને સંગીત પાસે આવીને ઊભી રહે છે. સંગીતનો લંબાયેલો હાથ તરછોડવાની જરૂર કોઈ પણ ભાષામાં–કોઈ પણ સાહિત્યમાં ઊભી થઈ નથી. સંગીતથી કવિતાને દૂર કરવામાં ભારે વિદ્દ્મર્દાનગી રહી હોય એવો ગર્વ હવે ઓછો થાય તો વધારે સારું.

૫ છતાં ગુર્જર કવિતાએ ગઈ સદીથી આજ સુધી આવી ભ્રમણામાં પડી સાહિત્યને–ખાસ કરીને કાવ્યને એવું સ્વરૂપ આપી દીધું કે જેથી સાહિત્ય અને સામાન્ય જનતા વચ્ચેનું અંતર વધતું જ ચાલ્યું. પ્રાચીન શિષ્ટ ગણાતા સાહિત્યે જેટલે અંશે સામાન્ય જનતાના હૃદય ઉપર સ્વામીત્વ મેળવ્યું છે તેટલે અંશે આપણા નવા શિષ્ટ સાહિત્યે મેળવ્યું નથી, એમ આપણે કબૂલી લેવું જોઈએ. કોશિયાઓ પણ સમજે અને મુખપાઠ કરી લે એવી કવિતા રચવાની ગાંધીજીની સૂચના આપણા સાહિત્યની આ ખામી ઉપર સહુનું લક્ષ ખેંચે છે.

૬ Poets are born, not made; 'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ' જેવા સિદ્ધાંતો; **वाक्यं रसात्मकं काव्यम्** જેવાં સંસ્કૃત કાવ્ય-આધારો, કાવ્ય અને કાન્તાની સરખામણી જેવાં કાવ્યસાહિત્ય અને કવિમાનસની વિશિષ્ટતા ઉપર ભાર મૂકતાં વાક્યોને આધારે સાહિત્ય પ્રજાકીય અને પ્રજાપ્રિય બનતું અટકી ગયું અને સામાન્યતા જેની સામે પણ ન જુએ એવું મિથ્યાભિમાની શિષ્ટ કહેવાતું સાહિત્ય આપણે સહુ ઉપજાવી બેઠા. એટલું જ નહિ વિદ્વાનોની વિચિત્રતાઓ, સાહિત્યકારોના ફાંટા અને કવિઓના ઘમંડને આપણે પોષતા ચાલ્યા. અમુક જાતની ઘેલછા વગર પ્રતિભા જન્મે જ નહિ એવો સ્વીકાર કરી લઈ આપણે જનતા અને સાહિત્યકારે વચ્ચે પડેલું અંતર વધવા જ દીધું.

૭ સાહિત્ય એ વ્યક્તિવિશેષ દ્વારા પ્રગટ થતો કલાપ્રકાર ભલે હોય: પરંતુ એની સાચી ઉત્પત્તિ પ્રજાને ઘડતાં બળોમાંથી જ થાય છે, એ વાત વીસરાતી ચાલી; અને સાહિત્યના સાર્વજનિક પ્રકારો પણ લુપ્ત થવાનો ભય ઊભો થયો. છાપકામને લીધે વળી સાહિત્યનું અતડાપણું વધી ગયું. સાહિત્ય એ એકાંતમાં કોઈ દેખે નહિ એવી રીતે, આપણે એકલા જ વાંચનાર એનો રસ લઈ એ એવી સ્વાર્થી વૃત્તિને પોષનારું આનંદતત્ત્વ બની ગયું.

૮ 'કવિતા કહીએ કલ્પના જનમન રંજન જાણ' એ દલપતરામની વ્યાખ્યા પૂરેપૂરી સાચી ભલે ન હોય; પરંતુ સાહિત્યમાં રંજનતત્ત્વ જાણે હોવું જ ન જોઈએ એવી પ્રગટ કે અપ્રગટ માન્યતા સ્થિર થતી ચાલી. સાહિત્યકારોની અંગત ઊર્મિઓ, અંગત રોદણાં, અંગત વિચિત્રતાઓ સાહિત્યમાં ઊતરી આવ્યાં અને જનસમાજનાં માનસ સાથેનો મેળ corelation એમાંથી લુપ્ત થતો ચાલ્યો. એ રંજન-તત્ત્વ પ્રત્યેના તિરસ્કારમાં આપણી નવી કવિતા કેટકેટલા દસકા સુધી હસીહસાવી પણ શકી નથી. જાણે હાસ્ય એ રસ જ ન હોય, અને રસ હોય તો પણ તે કવિતા જેવા શિષ્ટ આકારમાં ઊતરવાનો અધિકારી પણ ન હોય! વીસમી અને ઓગણીસમી સદીમાં આપણી

કવિતાનો સરસ વિકાસ થયો છે. એની ના નહીં. પરંતુ જ્યાં જ્યાં પાછાં પગલાં મૂકાયાં હોય ત્યાં ત્યાં આપણે નજર તો જરૂર નાખવી જોઈએ. સાહિત્ય પણ સત્યનું જ એક પાસું છે.

[ ૭ ]

આપણી એક એવી પણ માન્યતા છે કે બહુ ઉર્મિલતામાંથી સારી કવિતા ઉત્પન્ન થતી નથી, પરંતુ ચિંતનમાંથી તે વધારે સચ્ચાઈભરેલી ઢબે ઘડાય છે–જાણે ઊર્મિ અને ચિંતન એ બન્ને સામસામે મોરચે ઊભેલાં માનવ વલણો ન હોય ? ઊર્મિ અને ચિંતનની કવિતાપ્રેરક શક્તિ સંબંધી ચર્ચામાં અત્યારે ન ઊતરતાં આપણે એટલું સ્વીકારી લઈએ કે ઊર્મિની અતિશયતા પોકળ પ્રલાપમાં ઊતરી પડે અને ચિંતનની કઠોરતા પથ્થરિયા – અપ્રવાહી વિચારઘનતામાં કે વિચારજડતામાં ઊતરી પડે ત્યારે બન્ને વલણો ફેરફાર માગે અને કવિતાનો મોહ એકથી બીજી પાસ વળવા મથે એ સાહજિક છે. પરંતુ ચોખ્ખું ચિંતન જ જોઇતું હોય તો સીધાં સૂત્રો રચવામાં શી હરકત છે? ચિંતન જ જોઇતું હોય તો, અને કવિતા વગર તે સિદ્ધ ન જ થાય એમ હોય તો, પૃથ્વી છંદની એવી કઈ વિશેષતા છે કે જેને લીધે એ સિવાયના બીજા કોઈ છંદમાં ચિંતન આવી જ ન શકે એવી ભ્રમણા ઊભી કરવી પડે ? પૃથ્વી છંદના અતિ ઉપયોગથી એનામાં જે કાંઇ ઓછી વધુ ચિંતન ધારણ કરવાની શક્તિ હશે તે પણ ખરબચડી બની ગઈ છે. ગુજરાતી ભાષાનું એક શ્રેષ્ઠ ચિંતનકાવ્ય ઝુલણા સરખા સરળ અને ગેય છંદમાં નરસિંહ મહેતાએ જેવું ઉતાર્યું છે તેવું બીજા કોઇ પણ છંદમાં હજી ઉતરી શક્યું નથી

સાહિત્યની સામાન્યતા–સામાન્ય જીવનને સ્પર્શવાની શકિત અંગે ભાવનગરની સાહિત્ય પરિષદનો પ્રસંગ અત્રે નોંધવો જરૂરી છે. પરિષદના મુખ્ય કાર્ય કરતાં તેના ઉપકાર્ય તરીકે ગણાયેલાં મેઘાણી અને રાયચુરાનાં લોકગીત રજુ કરતા પ્રસંગોમાં જનતાને–શિષ્ટ જનતાને સુદ્ધાં વધારે રસ એ પરિષદમાં પડયો હતો. આનો અર્થ ભાગ્યે જ કોઈ એમ કરે કે હવે પછી કટાક્ષકાવ્યો કે લોકગીત સિવાય કશું જ લખવું નહિ એવો આગ્રહ અહીં રાખવામાં આવે છે. સાહિત્ય સામાન્યતા સાથેનો સંપર્ક ગુમાવી

બેસે તો સાહિત્ય કેવું એકલવાયું, અટૂલું, અગર સ્વાર્થી અને ઘમંડી બની જાય છે તે તરફ ધ્યાન દોરવાનોજ અહીં આશય છે. સાહિત્યની–સાહિત્યકારોની એક નવી ન્યાત ઉત્પન્ન થાય એના કરતાં સહિત્યકારો વિદ્વત્તાને સામાન્યતામાં પુષ્પની માફક વેરતા ફિરસ્તાઓ બને એ જ ઇચ્છવા યોગ્ય છે. અને ફિરસ્તાઓને ઘમંડ તો હોય જ નહિ. પ્રભુનો પયગામ લાવનાર પયગંબરને આપણે ભલે પૂજીએ. પરંતુ પયગામ લાવનાર કદી કહે જ નહિ કે 'મારી પૂજા કરો!' પ્રજાહૃદયમાં વસી રહે એ સાચો પયગંબર. પ્રજાજીવનને સ્પર્શ કરવાની શકિત એ સાહિત્યની સાચી કસોટી. સ્પર્શનું બળ અને સ્પર્શની અવધ જેમ વધારે તેમ સાહિત્યની સચ્ચાઇ વધારે.

# સાહિત્યનો માર્ગ

[૧]

તમને સાહિત્ય ગમે છે ?

કદાચ આપ સામો પ્રશ્ન કરશો કે સાહિત્ય શું એ સમજ્યા વગર ઉત્તર કેમ અપાય ?

અને અમને સાહિત્ય સમજવાની ફુરસદ કયાં છે ? એવો બીજો પણ પ્રશ્ન કદાચ આપ પૂછશો.

જેને ફુરસદ ન જ હોય એને સાહિત્ય સમજાવવાનો આગ્રહ ન જ થઈ શકે. એને એટલું જ કહેવાનું કે, ફુરસદ હોય કે ન હોય : પ્રત્યેક માનવીના જીવનમાં પ્રવેશ કરવાની, પ્રત્યેક માનવીના જીવનને ઘડવાની સાહિત્યને વિશાળ ફુરસદ યુગયુગથી મળી છે. સાહિત્ય સમજાય કે ન સમજાય તોય સાહિત્ય માનવી ની આસપાસ હવા જેવું વ્યાપક બની રહે છે.

સહુએ હાલરડાં તો સાંભળ્યાં જ હશે. હાલરડાં વગર ઉછરેલું કોઇપણ બાલક કલ્પી શકાય એમ નથી. એ હાલરડાંમાં ઘણું સાહિત્ય સમાયલું છે. શ્રી. મેઘાણીએ રચેલું શિવાજીનુ હાલરડું તમે જરૂર સાંભળજો. એમાં—અરે ગમે તે હાલરડામાં તમને સાહિત્ય મળી આવશે.

વડોદરા રાજ્યના હવે વિલીન થયેલા વિસ્તારમાં તો લગભગ ગામેગામ શાળાઓ છે. પ્રાથમિક કેળવણી ફરજિયાત છે. આપણે સહુએ તે મેળવી છે. આપણી વાચનમાળાઓમાં પાઠ અને કવિતા બન્ને આપેલાં હોય છે. એમાં પણ સાહિત્ય મળી રહે એમ છે.

એથી આગળ જઈએ તો આપણા ભણતરમાં સાહિત્ય વિસ્તરેલું પડયું જ હોય છે.

પરંતુ ભણતર બહાર પણ સાહિત્યનો વ્યાપકપડઘો આપણે સાંભળ્યા જ કરીએ છીએ. તમે ભાવિક હો તો મંદિરમાં કે શેરીમાં કથા સાંભળો છો. ભાગવતની કથા હોય કે મહાભારતની, શાસ્ત્રી કહેતા હોય કે ગાગર ભટ્ટ: તમે જાણો છો કે એ બન્ને કથા ગ્રંથો અદ્‌ભુત સાહિત્યગ્રંથો છે ?

કોઈ ગઢવી કે ચારણને મુખે ઉચ્ચારાતા દુહા, સોરઠા અને છપ્પા, સવૈયા પણ તમે જરૂર સાંભળ્યા હશે. મેરૂભા કે દુલા કાગ જલસાઓમાં આકર્ષક દુહાઓ આપણને વર્ષોથી સંભળાવી રહ્યા હતા. એ બીજું કાંઈ નથી, એ સાહિત્ય છે.

અને વાર્તા ? વાર્તા સાંભળી ન હોય એવો કોઈ માનવી પૃથ્વી ઉપર ખોળ્યો જડે એમ નથી. વાર્તા તમે પણ સાંભળી હશે અને કહી પણ હશે. આપણી દાદીમાઓ વાર્તા કહી આપણને એકચિત્ત કરી દેતી હતી એ સહુનો અનુભવ છે. આપણા ગુજરાતમાં તો એક એવી કોમ જ છે કે જેની વાર્તાશૈલી આપણને કલાકોના કલાકો સુધી તલ્લીન બનાવે. એ કોમ તે આપણા ચારણો અને બ્રહ્મભટ્ટો–આપણા પેઢીધર સાહિત્યકારો.

હવે છાપકામ વધી ગયું છે એટલે વાર્તાઓ સાંભળવા ઉપરાંત વાંચવાની પણ આપણને સગવડ મળી ગઈ છે. નવરાશમાં આપણે ફાવે તે સ્થળે–રેલગાડીમાં કે ઘેર–વાર્તાની ચોપડી વાંચી આપણો વખત ઠીકઠીક ગાળી શકીએ છીએ.

આ વાર્તા શું એ જાણો છો ? એ પણ સાહિત્ય. એ વાર્તામાં પછી પરી આવે કે જીન; રાજકુમાર આવે કે રાજકુમારી; સૈનિક આવે કે સાધુ; યુદ્ધ આવે કે તપ; આંસુ આવે કે હાસ્ય, મિલન આવે કે વિયોગ : એ સઘળું સાહિત્ય કહેવાય.

જરા થોભો. એક અંગત પ્રશ્ન પૂછું ? તમે પરણ્યા છો ? પ્રભુ તમને સુખી રાખે ! તમે નથી પરણ્યા ? એ શુભ પ્રસંગ હવે જલદી આવશે. અકળાવાની જરૂર નથી. પરંતુ તમે કોઈનાયે લગ્નમાં હાજરી ન આપી હોય એમ હું માનતો નથી. અને તમારા કે અન્યના લગ્નમંડપમાં હાજરી આપો એટલે લગ્નનાં મંગલ ગીતનો ટહુકો તમારે કર્ણે ન પડ્યો હોય એમ બને જ નહિ. તમે ખાતરી રાખજો એ લગ્નગીતોમાં સાહિત્યનો સંભાર ભર્યો હોય છે.

અને ભજનની ધૂનમાં તમે કદી ડોલી રહ્યા છો ? પ્રભુની કૃપાયાચના, પ્રભુનાં સ્મરણ, પ્રભુની મહત્તા કે એકતાનાં ગીત ઢોલક, મંજીરા કે એકતારા સાથે ગવાતાં હોય, એ ભજનના ભાવ સાથે તમે એકરૂપ બની ગયા હો ત્યારે ભજન પણ એક ભવ્ય સાહિત્ય બની ગયું હોય છે એ જાણો છો ?

હું જોઈ શકું છું કે સાહિત્ય સમજવાની આજના ધમાલ ભર્યા જીવનમાં તમને ફુરસદ ન હોય અને વૃત્તિ પણ ન હોય. હશે, પણ તમે નાટક કે સિનેમા કદી જોયાં જ નથી એમ કહો એ તો કેમ મનાય? ગાંધીજીએ પણ છેલ્લે છેલ્લે સિનેમાનાં કેટલાંક દૃશ્યો જોઈ લીધાં હતાં એમ યાદ આવે છે. એ નાટક કે ચલચિત્રોના કેટલાય પ્રસંગો તમને હસાવે છે, રડાવે છે, ભયભીત કરે છે, શૃંગાર અભિમુખ કરે છે, આશ્ચર્ય ઉપજાવે છે, જોમ અર્પે છે, ગુસ્સે કરે છે, કંટાળો ઉપજાવે છે. તમે જાણો છો આવા આવા ભાવ ઉપજાવતા પ્રસંગો, ગીતો અને સંવાદો સાહિત્યને જ સર્જે છે? આંખમાં આંસુ લાવતાં કરુણ મૃત્યુ ગીતો કે પ્રસંગો પણ સાહિત્ય બની રહે છે એમ આપ જાણશો એટલે આપને સાનંદાશ્ચર્ય સમજાશે કે હાલરડાથી માંડી મૃત્યુનાં શોકગીત–મરસિયા સુધી–એટલે બાળજન્મથી માંડી જીવન અંત સુધી સહિત્યનું વાતાવરણ વ્યાપી રહેલું છે. સાહિત્યને આપણે સમજીએ કે ન સમજીએ, સાહિત્ય સમજવાની આપણે ફુરસદ લઈએ કે ન લઈએ: સાહિત્ય પોતે જ ડગલે અને પગલે સામે આવી આપણા શ્વાસ સરખું જીવંત તત્ત્વ બની આપણને વીંટળાઈ વળે છે. સાહિત્ય આપણું જાણીતું સંસ્કાર સંચલન છે. એ નિત્યવ્યાપક બળ છે. એ આપણા જીવનને ઘડે છે, એથી દૂર નાસવાની જરૂર નથી. એથી મુંઝાવાની જરૂર નથી. એને તિરસ્કારવાની જરૂર નથી. હાલરડાં, વાર્તા, નાટક, ભજન, પ્રેમગીત, વીર કથા, દેવકથા એ બધાં સાહિત્યનાં સ્વરૂપો છે. સાહિત્યને સાદામાં સાદી રીતે ઓળખવું હોય તો આપણે એટલું જ જાણી લઈએ કે એક સારો આપણને ગમતો પ્રસંગ, એક સારો આપણને ગમે એવો વિચાર કે એક સારી–આપણને ગમે એવી ઊર્મિ સારા શબ્દોનો આકાર લે એટલે સાહિત્ય સર્જાય.

આમ સાહિત્ય એટલે પ્રથમતઃ સારો શબ્દ કે શબ્દસમૂહ–શબ્દગુચ્છ. સાહિત્ય એટલે સારા શબ્દમાં અવતાર પામતી સારી કલ્પના, સારી ઊર્મિ કે સારી પ્રસંગપરંપરા.

આમ હવે સાહિત્ય અઘરું તો નહિ જ લાગે, ખરું?

સારા શબ્દમાં પ્રસંગોને, ઊર્મિને, વિચારને, કલ્પનાને ઉતારવાની. જેનામાં શક્તિ હોય એ સાહિત્યકાર. એ આપણા સરખો જ માનવી છે

એનામાં આપણા સરખા જ ગુણ હોય છે અને દોષ હોય છે. સામાન્ય માનવીને લાગણીઓ થાય છે એ જ લાગણીઓ એને પણ થાય છે. સામાન્ય માનવી બોલે છે એજ ભાષા સાહિત્યલંકાર પણ બોલે છે.એટલે સાહિત્યકારની આસપાસ આપણે વાણીની ચાંપલાશ, ન સમજાય એવા વિચારો અને કલ્પનાનું ધુમ્મસ, લાકડી મારીને સમજાવવી પડે એવી કષ્ટપ્રદ ઊર્મિ જોવા પ્રેરાઈએ તો તે બરાબર નથી. આપણી સામાન્ય વાણી અને સાહિત્યકારની વાણીમાં માત્ર એટલો જ ફેર કે સાહિત્યકાર અભ્યાસથી કે પ્રેરણાથી એવી વાણી વાપરે છે કે જેમાં બળ હોય, તેજ હોય, નવી નવી કલ્પનાઓ ઉઘાડે એવી વિશાળતા હોય, અને પુષ્પ જેવી સુકુમારતા હોય. સામાન્ય વાણી બોલાઈને ભૂલી જવાય છે. સાહિત્યકારની વાણી સંગ્રહી રખાય છે. આપણા હૃદયમાં ભક્તિભાવ ઉભરાય ત્યારે આપણે કહીએ :

'હે પ્રભુ, તું વ્યાપક છે, તારી લીલા અપાર છે, તારી કળા કળાતી નથી.' જયારે નરસિંહ મહેતા સરખા સાહિત્યકારની વાણી છંદમાં ઊતરી આજ પાંચસો વર્ષથી સંભારી સાચવી રાખવા જેવી શબ્દાવલિ ઉચ્ચારે છે કે:

**અખિલ બ્રહ્માન્ડમાં એક તું શ્રીહરિ,**
**જૂજવે રૂપે અનન્ત ભાસે.**
**ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,**
**બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.**

આમ સાહિત્ય સહુને સમજાય એવી છતાં આપણા સામાન્ય શબ્દો કરતાં વધારે સારી શબ્દરચના ઊભી કરે છે, આપણે ઊડી શકીએ એટલે ઊંચે ઊડવા દઈ પછી આપણો હાથ ઝાલી કોઈ નવી કલ્પનાસૃષ્ટિ આપણને બતાવે છે, આપણી લાગણીઓને હોય એના કરતાં વધરે તીવ્ર અને વિશુદ્ધ કરે છે અને આમ આપણી માણસાઈને વધારે ઓપ આપી આપણને વધારે સારા માનવી બનાવવાનું સાધન રચી આપે છે.

પ્રજાએ અનેક પ્રકારનાં ધન ઓળખ્યાં છે. અર્થ ઉપર–ધન ઉપર આબાદી રચી શકાય એમ અર્થશાસ્ત્ર કહે છે. હજી માનવી– કે પ્રજા

આબાદીને, ધનને, મિલકતને માલિકીના સંચામાંથી છોડાવી શકી નથી. એટલે સહુ કોઈ પોતપોતાની મિલકત સાચવવા અને વધારવાની જંજાળમાં પડી કલેશ અને ઘર્ષણો ઊભાં કરે છે. મિલકત ઉપર માલિકી રહેશે ત્યાંસુધી આ ઘર્ષણો ચાલ્યા કરવાનાં છે. પરંતુ સાહિત્ય તો સહુની મઝિયારી મિલકત બની રહે છે એમાં કોઈનો ભાગ-લાગ નથી. વાપર્યે વધ્યે જ જાય એવી એ આબાદી છે, સાહિત્ય એટલે સંસ્કારધન. એ ધન લગભગ ચિરંજીવી છે. માનવીની માણસાઈ એનું પોષણ પામી જીવી રહે છે માટે જ સ્થૂલ ધન કરતાં સંસ્કારધન વધારે ચડિયાતું. પાંચસો વર્ષ ઉપર કયા ધનિકનો ધન ભંડાર મોટામાં મોટો હતો એની આપણને ખબર નથી, એની આપણને જરૂર પણ નથી. પરંતુ આપણે એ તો નોંધી રાખ્યું છે કે ચારસો પાંચસો વર્ષ ઉપર નરસિંહ અને મીરાં જેવી બે સાહિત્ય-વ્યક્તિઓ ગુજરાતમાં એવું સંસ્કારધન વેર્યે જતી કે જે આજ પણ આપણને વાપરવા મળે છે.

[૨]

સાહિત્ય તમને ગમ્યું હોય તો, હવે આવો! આપણે સાહિત્યનો માર્ગ શોધીએ.

તમને પેલું ગીત તો યાદ હશે જ :

'હરિનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જોને.

સાહિત્યનો માર્ગ બતાવતાં હરિનો માર્ગ કેમ સાંભરી આવ્યો? હું તમને ધાર્મિક બનવાનો બોધ કરવાનો છું એમ રખે માનતા. એ માર્ગ વિકટ છે.

પરંતુ સાહિત્યનો માર્ગ પણ જાણે વિકટ હોય એવી ઘણાની માન્યતા છે. સાહિત્ય એટલે મહાભારે શબ્દોનો સમૂહ, ન સમજાય એવા અર્થવાળી વાણી, કે મહામહેનતે પકડાય એવી કલ્પના. એવો ભ્રમ સામાન્ય જનતામાં પેસી ગયો છે.

અને સાહિત્યકારો એટલે જાણે વિદ્વત્તાના ભારથી દબાઈ ગયેલા, આપણને ન સમજાય એવું ડહાપણ ઉચ્ચારનારા, ચિંતનમાં ઊંચી ચડી

ગયેલી ભમરોવાળા, સહુનું નમન માગતા મહાપુરુષો અને મહાપંડિતો હોય એવો કાંઈક ભાસ થાય છે, નહિ?

અથવા ઊડતા અવ્યવસ્થિત વાળવાળા, ઠેકાણા વગરનાં કપડાં પહેરતા, રૂપાળા, પરંતુ વ્યસની અને શિથિલ નીતિવાળા અનિયમિત પ્રેમ પાછળ દોડતા ચક્રમ, બેદરકાર, મોજીલાવંઠેલ અને વિલાસી પુરુષોનો ખ્યાલ આવે છે. ખરું?

આમાંનાં થોડાં અગર વધારે લક્ષણો કદાચ સાહિત્યકારમાં હોય પણ ખરાં; પરંતુ એ લક્ષણો એ સાહિત્ય કે સાહિત્યકારનું આવશ્યક તત્ત્વ છે એમ રખે માનતા! સાહિત્યકાર ન હોય એવા કૈંક ભારેખમ માનવીઓને આપણે જોયા છે. સાહિત્યકાર ન હોય એવા કૈંક મોજી લહેરી માનવોને તમે ઓળખો છો. સાહિત્યને અને અતિ ડાહ્યાપણાને, સાહિત્યને અને અતિ મોજીલાપણાને આવશ્યક સંબંધ નથી જ. સાહિત્ય કે સાહિત્યકાર માટે ઊભા થયેલા આ ભ્રમ દૂર કરવા જ જોઈએ. સાહિત્ય એ માનવીનું—માનવ જાતનું બળ છે, અને સાહિત્યકાર પણ મારા—તમારા જેવો જ માનવી છે. સાહિત્યકારને અસ્પૃશ્ય ગણી તેનાથી દૂર ન નાસશો. સાહિત્યકારની એક કલ્પિત મૂર્તિ બનાવી તેને દેવ—મંદિરમાં પધરાવી દૂરથી એને નમન પણ ન કરશો. સાહિત્યકાર આપણાથી જુદો નથી. હું અને તમે પણ સાહિત્યકારની બહુ જ નજીક હોઈ શકીએ,

કારણ?

બાળપણથી સાહિત્ય માનવજાતને ઘડે છે, મને અને તમને બાળપણનું કશું ભાન ન રહે એ સાચું, પરંતુ આપણને સુવાડતાં—હીંચોળતાં આપણી માતા કે મોટી બહેન હાલરડાં ગાતી એટલો ખ્યાલ તો આપણે સ્મૃતિમાં સંઘરી રાખ્યો છે:

**હાલ વ્હાલા ને હલકી,**
**આંગણે વાવોને રે ગલકી**

એ હલકી અને ગલકીના સહેલા પ્રાસ વાળી કવિતા આપણો પહેલો—બાલ્યાવસ્થાનો—સાહિત્યપ્રવેશ. અને આવાં હાલરડાં અને બાલગીતોનો પરિચય આપણને નાનપણથી થાય છે. નહિ? બાલપણનાં ઘણાંય ગીતો તમને યાદ

હશે. આજની માતાઓને હાલરડાં આવડે છે કે નહિ તેની મને ખબર નથી, પરંતુ માતા અને બાળક વચ્ચેનો સંબંધ હાલરડાં અગર બાલગીતમાં સ્ફુટ ન થાય તો માનવી માનવી મટી જાય એવો મને ભય લાગે છે.

પછી આપણે નિશાળે જઇએ છીએ. નિશાળમાં પણ સાહિત્યનો આપણે સ્પર્શ કરીએ છીએ.

ઊડું જગે ઊડું વને
રીઝું હું રીઝવું તને

જેવી કવિતાથી શરૂ કરી આપણે

ભૂરો ભાસ્યો આંખો, દૂરથી ધુમસે પ્હાડ સરખો

જેવાં કાવ્યો વાચનમાળામાં વાંચીએ છીએ, મોઢે કરીએ છીએ, અને મોજ આવે તો એકલા ગાઇએ પણ છીએ. આપણો રાગ સારો હોય તો બીજાઓ પણ આપણને આ કવિતાઓ ગવરાવે.

વાચનમાળામાંથી આપણે નર્મદ, દલપત, દયારામ, પ્રેમાનન્દ કે શામળ જેવા કવિઓનાં જીવનચરિત્રો પણ જાણતા થઈએ છીએ અને તેમની થોડી સાહિત્યપ્રસાદી પણ ચાખીએ છીએ.

અને જેમ જેમ આપણી ઉંમર વધતી જાય તેમ તેમ આપણે સાહિત્યનાં જુદાં જુદાં સ્વરૂપનો પરિચય મેળવતાં જઇએ છીએ. જીવનની જુદી જુદી પરિસ્થિતિ પણ આપણને સાહિત્યનાં અનેકવિધ દર્શન કરાવે છે.

ગામડામાં આપણે રહેતા હોઇએ તો મહાભારત, રામાયણ કે ભાગવતની કથા સાંભળવાના આપણને પ્રસંગો મળે. શહેરમાં રહેતા હોઇએ તો જન્માષ્ટમી કે રામનવમી દિવસે કૃષ્ણજયંતી કે રામજયંતીની સભાઓ આપણને એ જ મહાભારત–રામાયણનો પરિચય જુદે સ્વરૂપે કરાવે. અને આપણી સંસ્કૃતિને–આપણા જીવનને ઘડનાર આપણા મહાપુરુષોનો જીવન–પરિચય આપણી કલ્પનાને ઉત્તેજિત કરે, આપણા હૃદયમાં ઉત્સાહ પ્રેરે, આપણા જીવનમાં જોમ લાવે અને તેમને પગલે ચાલવાની પ્રેરણા આપી એક ડગલું આગળ ભરાવે. આ એક રીતે જોઇએ તે પણ આપણો સાહિત્ય-માર્ગ.

વળી આપણે કોલેજમાં જઈએ કે ન જઇએ તોપણ આપણી વય તો ખીલે જ છે. વય ખીલવાની સાથે આપણને જગત ઉપર અવનવા રમણીય રંગ પથરાતા લાગે છે. જગત ભલે એનું એ જ હોય, પરંતુ એક પાસ આપણું યૌવન સાહસની, શૌર્યની, પરાક્રમની મહેચ્છાઓ આપણામાં ઊભી કરે છે અને એ મહેચ્છાઓ સફળ થાય કે ન થાય છતાં આપણી પાસે જીવન નિભાવવાની, ચલાવવાની, જીવનને ઊંચે લઈ જવાની છે એ કરતાં વધારે સારા સંયોગો ઊભા કરવાની પ્રવૃત્તિઓ તો જરૂર કરાવે છે. એમાં સફળતા મળે, નિષ્ફળતા મળે, અગર બન્નેના મિશ્રણ જેવી સ્થિતિ પણ રચાય. આ યુગનું આપણું માનસ-ઘડતર આપણને બહાદુર બનાવે એટલે આપણે નર્મદની સાથે ગાઇ પણ ઊઠીએ કે

**સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે**

દેશભક્તિની ભાવનામાં આપણે ઉચ્ચારીએ કે:

**જય જય ગરવી ગુજરાત.**

અને આમ વીરરસના સાહિત્યનો ધીમે ધીમે પરિચય કરી લઇએ છીએ. આપ સહુ યાદ કરી જુઓ કે આપને આવાં કેટકેટલાં ગીતો આવડે છે?

આ યુગમાં જેમ તમે વીરરસ અનુભવો છો તેમ તમે એક એવા પ્રકારનો ભાવ અનુભવો છો ને જે ભાવમાંથી તમારું અને સહુનું ભાવિ જીવન ઘડાય છે, એ ભાવનું નામ પ્રેમ. એ શબ્દનો ઉચ્ચાર કરતાં જરા શિષ્ટતાસંકોચ અનુભવે છે. વિવેક એ શબ્દને ઓછામાં ઓછો વાપરવા પ્રયત્ન કરે છે અને મર્યાદા જાણે પ્રેમ જેવી વસ્તુ, વિકાર કે ભાવ છે જ નહિ એમ માનવા-મનાવવા મથન કરે છે. અને છતાં માનવજાત-સ્ત્રી અને પુરુષ-પ્રેમ અનુભવે છે અને એ પ્રેમમાંથી આખા જીવનની-સંસારની ઘટમાળ ઊભી કરે છે.

એ ભાવની પ્રબળતામાં સહુને ગરબા ગમે છે, નાટકો-સિનેમા જોવાં ગમે છે નૃત્ય-સંગીત જોનું સાંભળવું ગમે છે, વાર્તાઓ વાંચવી ગમે છે અને પ્રેમકવિતા-છૂપી કે જાહેર રીતે-વાંચવાની આપણને ટેવ પડે છે.

આ ભાવથી ભય પામવાની જરૂર નથી. પ્રેમ જો માનવીને નિર્બળ, નિર્માલ્ય, કાયર, જુઠ્ઠો અને લુચ્ચો બનાવે તો જરૂર જાણવું કે પ્રેમમાં કાંઈ

ખામી કે ઝેર રહેલું છે. પરંતુ તેમ ન હોય તો તમે ભલે ગરબા જુઓ અને વાંચો, નાટકો જુઓ અને તેનાં ગીત મોઢે કરો, અગર 'કલાપી' કે 'નાનાલાલ ને વાંચી, 'સરસ્વતીચંદ્ર' કે 'ગુજરાતનો નાથ' નિહાળી તમારા પ્રેમને વિશુદ્ધ આકાર આપો. હું ના કહીશ તોપણ તમે આ બધું કરવાના જ. તે સમયે તમે એટલું યાદ કરજો કે તમારા આ ભાવને સાહિત્યનો ખૂબ સાથ છે.

શૃંગારરસનું નામ તો તમે સાંભળ્યું હશે, નહિ? એનાથી જરા બીવાનું પણ તમને કહેવામાં–સૂચવવામાં આવ્યું હશે. શૃંગારરસ કવિતામાં, વાર્તામાં નાટકમાં જ્યારે તમે નિહાળો ત્યારે જાણજો કે એ તમારા જીવનના આધારરૂપ પ્રેમની વાણીપ્રતિમા–કલ્પનાપ્રતિમા છે. તમારા મનોભાવ તમે એ વાણીમાં વાંચો ત્યારે સાહિત્ય સર્જાય છે. અને તમને પૂછવાની જરૂર છે કે તમે કયાં કયાં પ્રેમગીતો વાંચ્યાં ? કઈ કઈ નવકલકથાઓ વાંચી ? કયાં કયાં નાટક–નૃત્ય નિહાળ્યાં ? સાહિત્યથી ભડકશો નહિ એ બીજું કશું જ કરતું નથી. તમે જે ભાવ, ઊર્મિ, લાગણી, વિચાર કે આવેગ અનુભવો છો એનું એ માત્ર પ્રતિબિંબ પાડે છે. કહો, તમે અને સાહિત્ય એકબીજાથી બહુ દૂર છો ? સાહિત્યનો માર્ગ અને તમારો માર્ગ શું આ સ્થળે એક છે એમ તમને નથી લાગતું ?

અને સાહિત્યકાર પણ કાંઈ તમારાથી અળગું વ્યક્તિત્વ ધરાવતો માનવી નથી, જેનાથી તમારે આઘા ખસવું પડે. તમે જે અનુભવો છો તે સાહિત્યકારવાણીમાં ઉતારે છે. એ વાણી છંદ કે લયમાં ઊતરે, પાત્રોનાં ઘડતરમાં ઊભી થાય અને તમને ગમે એવા કાંઈકાંઈ આકાર તે ધારણ કરે. અને કાવ્ય કહો, નિબંધ કહો, નાટક કહો, નવલકથા કહો, નવલિકા કહો ! એ બધાં અભ્યાસીઓએ, પંડિતોએ ઉપજાવેલાં વર્ગીકરણો છે. આપણે સામાન્ય બુદ્ધિના માનવીઓ એને સાહિત્ય તરીકે ઓળખીએ તે બસ છે. અને એ તમારા જ મનોભાવને આકાર આપવા મથતા કારીગર સાહિત્યકારને તમે તમારાથી જુદો માની ન્યાત બહાર ન મૂકો. સાહિત્યકાર તમારી જ મૂર્તિ છે એ ભૂલશો નહિ. હા, તમે કદી પ્રેમ કર્યો ન હોય, કદી પ્રેમ કરવાના ન હો, માનવ જાતમાંથી પ્રેમ દૂર કરવાની તમે ભીષ્મપ્રતિજ્ઞા લીધી

હોય તો જુદી વાત છે. એવે સમયે સાહિત્યકારને–તે પણ પ્રેમ–સાહિત્ય લખનારને ભલે તમે ધક્કો મારી દૂર કરો

એ સાહિત્યકારને દૂર કર્યાથી પણ સાહિત્ય તમને–માનવીને–છોડવાનું નથી. ધનિકોને કદાચ પ્રેમ વગર ચાલે! પરંતુ સાહિત્ય તો ધનને અને ધનિકોને પણ છોડતું નથી. ધનવાનોને એ કહે છે:

> નિર્જળ ગામ નવાણ ગળાવો,
> નવા કૂવા નદી તીર તળાવો,
> શોધી જૂનાં ફરી સદ્ય સુધારો
> એ ધનના ધણી ધર્મ તમારો.

ઉપરાંત ધનની અસ્થિરતા, ચલપણા ઉપર તો સાહિત્યનો સોટો પ્રાચીન કાળથી ફરી વળ્યો છે. મીરાંબાઈ ધનિકોને સાચું ધન બતાવે છે:

> અમો અબળાંને મોટી મીરાંત બાઈ!
> શામળો ઘરેણું મારે સાચું રે.
> વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મ્હારે હૈયે રે.
> ચીત્તમાળા ચતુર્ભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઈએ રે.

ધનવાન ન હોય તેને માટે આ પણ આ સાહિત્ય આશ્વાસનરૂપ તો બને છે. હું અને તમે ધનવાન નથી જ. હું પૂછું છું અને સહિત્ય પણ પૂછે છે: ધન વગર આપણને જીવન અકારું થઇ પડયું છે? ભલે હા કહો. હું આગળ પૂછું: ધન વગર ચાલશે; પ્રેમ વગર ચાલશે? ધન અને પ્રેમ વચ્ચે પસંદગી કરવાની હોય તો તમે શું કરશો? તમે ધન વગર ચલાવશો; પ્રેમ વગર નહિ જ ચાલી શકે; પછી ભલે તમે ભવિષ્યમાં પસ્તાઓ!

જીવનમાં સુખ–દુ:ખ, શોક–હર્ષ, હાસ્ય–અશ્રુની ઊર્મિઓ ઊછળ્યા જ કરે છે. સાહિત્ય એ સઘળું ઝીલી લે છે અને વિશુદ્ધ બનાવી સમાજને પાછું સોંપે છે. દુ:ખમાં સાહિત્યકાર નરસિંહ મહેતો આવી આપણા કાનમાં કહી જાય છે:

સુખ-દુ ખ મનમાં ન આણીએ,
ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં કોઈનાં નવ ટળે.

અને આપણને અશ્રુભીના નિહાળતાં કલાપીનું ગુંજન ગુંજી ઊઠે છે કેઃ

આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની

ફ્રુડ–કે ફ્રાઉડ કહે છે તેમ, કદાચ પ્રેમનો જાતીય આકર્ષણનો ઝોક આપણા આખા જીવનને ઘડતો હોય કે ભાંગતો હોય. પરંતુ આખી માનવ-પ્રવૃત્તિની કૂંચી એમાં જ રહી છે, એ સિવાય બીજા કશામાં જ નહિ, એવું કથન સ્વીકાર માટે હજી વધારે પુરાવા લાગે છે એ સિવાયના કૈંક સુંદર ભાવ અપણા જીવનને ઘડી રહ્યા છે. રાખડીબાંધતી બહેન, નિઃસ્વાર્થ મિત્ર, બદલો ન માગતું વાત્સલ્ય એ સર્વ આપણા માનવજીવનની મોંઘી સમૃદ્ધિઓ. એ બધાય ભાવને જીવતા રાખતા સાહિત્યથી માનવજાત–હું અને તમે–કેટલે દૂર ભાગીશું ?

કદાચ કોઈ એમ કહે કે તત્ત્વજ્ઞાન સાહિત્યને ધક્કો મારે ! તપશ્ચર્યા સાહિત્ય સામે જુએ પણ નહિ ! ઇતિહાસને સાહિત્યને અડે પણ નહિ !

મારી સલાહ છે કે આપ એ સાચું ન માનશો. સાહિત્ય વગર તત્ત્વજ્ઞાનને, તપશ્ચર્યાને કે ઇતિહાસને પણ ચાલ્યું નથી.

ગીતા તો તત્ત્વજ્ઞાની જરૂર વાંચે. ઉપનિષદ્ પણ તત્ત્વજ્ઞાની જરૂર જુએ. આટલી નાનકડી વાતચીતમાં હું તમને કેમ બતાવી શકું કે ઉપનિષદ અને તેના દોહનરૂપ ગીતામાં કહિતા–સાહિત્ય તો ભર્યું ભર્યું છે ! વિરાટ દર્શન ની ભવ્ય કલ્પના બાજુએ મૂકીએ. વિભૂતિયોગ તો વાંચ્યો છે ને ? પ્રભુના પ્રત્યેક વિભૂતિમાં સમાયલા સ્વરૂપના વર્ણનને કવિતા નહિ કહીએ તો બીજે કયાં કવિતા જડશે ?

વળી

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ
જુજવે રૂપે અનંત ભાસે,
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

એમ જ્યારે આપણું એક પ્રસિદ્ધ કાવ્ય ઉચ્ચારે છે ત્યારે મને અને તમને પણ ખાતરી થાય છે કે તત્ત્વજ્ઞાન, તપશ્ચર્યા, વાનપ્રસ્થ અવસ્થા અને સાહિત્ય વચ્ચે જરાય વિરોધ નથી,

ઇતિહાસવેત્તાઓ જ આપણને કહી રહ્યા છે કે સાહિત્ય વગર ઇતિહાસ શોધ્યો જડત નહિ. પ્રાચીન ઇતિહાસ એટલે જ પ્રાચીન સાહિત્ય. વળી ગીબન, મેકોલે એને ફ્રાઉડના ઇતિહાસની ભાષા સાહિત્યભાષા કહેવાય છે. એ જાણો છો ?

અને માત્ર રાજાઓનાં જન્મમરણની સાલ, તેમનાં યુદ્ધો, તેમના વિજય-પરાજય એ હવે ઇતિહાસને આવરી લેતાં અટકી ગયાં છે. હવે તો પ્રજાની પ્રવૃત્તિઓ, મનોભાવ, પ્રજાકીય ઉલ્કાપાતો અને સંચલનો એ જ ઇતિહાસ મનાય છે. સાહિત્યમાં જૂના ઇતિહાસ ઊભા કરવાના જ માત્ર હોય છે એમ નહિ, પરંતુ નવા ઇતિહાસ રચવાની પણ તાકાત છે એ કોઈ ન ભૂલે. ફ્રેન્ચ રેવોલ્યુશન, રશિયન ક્રાન્તિ અને હિન્દના અહિંસક વિપ્લવમાં સાહિત્યનું સર્જન છે, ઘડતર છે એ કેમ ભુલાય ?

આપણે સાહિત્યની બહુ લાંબી વાત કરી. હું સાહિત્યકાર નથી એટલે સાહિત્યના માર્ગ દર્શાવતાં સાહિત્યની આખા જીવન ઉપર કરી વળતી અસર વિષે હું વાત કરી ગયો, આટલું કહ્યા પછી મને સાહિત્યનો માર્ગ તમને બતાવી શકાય એવો જડે છે. સાહિત્યનો માર્ગ કયો ?

બાળપણથી વૃદ્ધાવસ્થા સુધી—જન્મથી મૃત્યુ સુધીના સર્વ પ્રસંગથી ભરેલા જીવનને પોતાના આકારમાં ઉતારતો સાહિત્યનો માર્ગ તો આપણી સામે જ પડ્યો છે ! કેટલો સ્પષ્ટ એ માર્ગ દેખાય છે ! આપણે માનવીઓ જે માર્ગે જઈએ છીએ એ જ માર્ગે સાહિત્ય પણ આવે છે ! એમાં પણ આપણાં જન્મ, આપણા આદર્શો, આપણી આશાઓ આપણાં કાર્યો, આપણી ખામીઓ આપણે નિહાળીએ છીએ.

આયનામાં હું અને તમે આપણાં—પોતપોતાનાં મુખ જોઈએ છીએ, નહિ ? ઉમ્મર સહજ વધતી હોય તો સંકોચ સાથે અને નહિ તો પ્રફુલ્લ-તાથી આપણે આપણાં દર્પણ સામે ઊભા રહીએ છીએ એ વાત છુપાવવામાં કશો અર્થ નથી.

## મુખડા ક્યા દેખો દર્પનમેં

એમ કબીર ભલે ગાય. આપણે તો દર્પણમાં મુખ જોવાના જ. પ્રતિબિંબ બતાવવું એ આયનાનો ધર્મ.

તમને નથી લાગતું કે સાહિત્ય પણ આપણા જીવનનું પ્રતિબિંબ છે? જે માર્ગ માનવજાતનો તે જ માર્ગ સાહિત્યનો. હવે આપણે કહી શકીએ કે સાહિત્ય એ માનવીની વાણીપ્રવૃત્તિ, માનવીમાં જોર હોય તો જોરદાર વાણી ઉચ્ચારાય; માનવી રોતલ હોય તો વાણીમાં રુદન આવે.

અને વાણી દ્વારા માનવ–સૃષ્ટિનું જે પ્રતિબિંબ રચાય છે એ સાહિત્ય એનો માર્ગ સરળ છે. જેવું જીવન તેવું સાહિત્ય.

માટે જ મારી વિનંતી કે સાહિત્ય અથવા સાહિત્યકારથી દૂર ભાગવા મથશો નહિ એ તમે જ છો–એ તમારાં જીવતાં પ્રતિબિંબ છે. તમને, તમારા ભાવને અને ઊર્મિઓને સાહિત્ય આકાર આપે છે. તમારી છબી પાડી લેતું વાતાવરણ તમારી આજુબાજુ એ રચે છે. તમે એનાથી દૂર નાસી શકશો જ નહિ. તમે અને સાહિત્યકાર–પ્રજાજીવન અને સાહિત્ય એ એક જ છે. તમારો માર્ગ એ જ સાહિત્યનો માર્ગ. તમે માર્ગ ચૂકશો તો સાહિત્ય પણ માર્ગ ચૂકશે. તમને હસતાં ન આવડે, તમને રોતાં ન આવડે, તમને પ્રેમ કરતાં ન આવડે તો સાહિત્યને પણ તે ક્યાંથી આવડે? જે માર્ગે માનવીનું પ્રયાણ એ માર્ગે સાહિત્યનું પ્રયાણ.

અહીં મને શરૂઆતનું ગીત યાદ આવે છે: 'હરિનો મારગ છે શૂરાનો એ સાચું; પરંતુ આખી માનવ–પ્રવૃત્તિ એ શું હરિનો મારગ નથી? હરિનો મારગ એટલે પળે પળે ઉચ્ચ બનતા જવું, વિશુદ્ધ બનતા જવું, વ્યાપક પ્રેમમાં લીન થતા જવું અને સર્વ પ્રત્યે સમાનતા–એકતા અનુભવી હરિનો ઉદ્દેશ સિદ્ધ કરવો.

જો આ સત્ય હોય તો મારે કહેવું જોઈએ કે સાહિત્યનો મારગ પણ શૂરાનો મારગ છે.

સાહિત્ય પ્રતિબિંબ ખરું; પરંતુ માત્ર પ્રતિબિંબ નહિ. સૂર્યકિરણનું પ્રતિબિંબ પણ વસ્તુને બાળે છે અને ઉષ્મા આપે છે એ તો જાણો છો ને? એવી જ રીતે સાહિત્ય એ પ્રેરક બળ પણ ખરું. આપણી

જનતાના જીવનનો સાચો પડઘો પાડવા માટે, એ પડઘા દ્વારા વિશાળ જનતાને પ્રેરણા આપવા માટે યોજાતી સાહિત્યવાણી સાચા માર્ગે જાય છે અને ત્યારે જ કહેવાય કે જ્યારે સાહિત્ય માનવીનો માર્ગ પણ ચોખ્ખો કરી આપે. સામાન્ય સાહિત્ય પ્રતિબિંબ બનીને આનંદ આપે, માર્ગદર્શક બળ બનીને એ આપણા ધ્યેય તરફ ઘસડી જાય ત્યારે એ અમર સાહિત્ય બની શકે.

આપ સહુ સાહિત્યને-સાહિત્યકારોને સમભાવથી પોતાના માની લો તેથી સાહિત્યમાં અમર સર્જન પણ થશે. ! સમત્વસૂચક જીવન–સાચું જીવન આપણું હોય તો સાહિત્ય પણ સાચી જ અને અમરકૃતિ આપશે જ આપણા માનવીના અને સાહિત્યના માર્ગ એક જ છે. સાહિત્યએ માનવીનો સાચો સંસ્કારમાર્ગ.

# નવલકથા

[૧]

નવલકથાનો વિવિધ ઢબે વિચાર થઈ શકે. ઐતિહાસિક દષ્ટિ આજના યુગને ઠીક અનુકૂળ પડી છે, તે દષ્ટિએ પ્રથમ તો નવલકથાની વ્યાખ્યા લઈએ. નવલકથા એટલે તત્ત્વતઃ વાર્તા. બની ગયેલા –અગર બની ગયા એમ ધારી લીધેલા પ્રસંગનું કથન એ વાર્તા. એ તેની સાદામાં સાદી વ્યાખ્યા.

વાર્તાનો રસ માણસને બીજા બધા માનસિક રસ પહેલાં જાગે છે. બાળક જરા સમજવા માંડે ત્યારથી માંડી તે મોટું થાય અને વૃદ્ધ બને ત્યાં સુધી તેને વાર્તાનો રસ રહે છે. ઘણા જુવાનીઆઓને લાગે છે કે આપણા વૃદ્ધોની આપણને બહુ જરૂર નથી; કેમકે તેઓ શક્તિ વિનાના થઈ ગયા છે, અને તેથી જીવવા માટે અપાત્ર છે. તેઓ એવો પણ ભાવ ધરાવતા હશે કે વૃદ્ધો આપણને આગળ વધતા અટકાવે છે. અને સમાજને પીછેહઠ કરાવે છે. પણ આપણે બાળકોને પૂછીશું તો તેઓ કાંઈ જુદું જ કહેશે. તેઓ તો કહેશે કે વૃદ્ધો ગમે તેવા હશે તો પણ તેમને ખૂબ જીવવા દો. આનું કારણ કે તેઓ બાળકોને વાર્તાઓ કહી બાળકોના જીવનનો ભાર હળવો કરી જાણે છે, એટલું જ નહિ; જીવનના નવપ્રવાસી બાળકોને નવજીવનનું ભાથું ભરી આપે છે. એ વૃદ્ધોની વાર્તાઓમાં હું સાહિત્ય અને શિક્ષણ જોઉં છું.

બાલ્યાવસ્થાથી ઊંચે જતાં કોલેજમાં ભણતા વિદ્યાર્થીનો પ્રશ્ન લઈએ. તેઓને પણ વાર્તા સાંભળવાની ઇચ્છા હંમેશ રહે છે જ–જો કે ચકલા-ચકલીની વાર્તા બાળકોની લઢણે તેમને પંસદ ન પડે. પણ એ નાની વાર્તાની ફિલસૂફી અને રસ મોટા પુરુષોને ઉપયોગી જરૂર થઈ પડે છે. બાળકોનાં ચકલા ચકલી જોતજોતામાં યુવક યુવતી બની જાય છે. આ પણ યુવકજગતનું એક સત્ય વિચારવા જેવું છે.

ઉંમર વધતાં આપણી વાર્તાનું ઉચ્ચાલન fulcrum-pivot–

બદલાય છે, અને વાર્તા ચાંદનીમાં, બગીચામાં ફુવારાઓની વચ્ચે, પરીઓના દેશમાં ભ્રમણ કરે છે. એથી આગળ જતાં મધ્ય વયનાં સ્ત્રીઓ કે પુરુષો જ્યાં સાથે મળે છે ત્યાં–રસોડામાં, કલબમાં, મેળાવડામાં બધે વાર્તાઓ રચાય છે. આપણાં છાપાં પણ નવી નવી વાર્તાઓ રચવાને માટે બહુ ઉપયોગી થઈ પડે છે: જેમકે, બિરાદર ડાંગેએ ધારાસભામાં સરકારની ખૂબ ઝાટકણી કાઢી! મોરારજીભાઈએ વાંકી ટોપી પહેરી હતી! ભાષણો વખતે ધારાસભ્યો સ્વપ્નમાં રમતા હોય છે! એ બધી વાર્તાઓ જ છે. બનતા સર્વ બનાવોમાં વાર્તાતત્ત્વ રહેલું જ છે.

આમ જન્મથી વાર્તાનું સ્વામિત્વ આપણા પર ખૂબ હોય છે, અને તેથી વાર્તાનું મહત્ત્વ શાસ્ત્રીય દષ્ટિએ ઘણું છે. આથી જ શિક્ષણમાં વાર્તાનું સ્થાન ઊંચા પ્રકારનું છે. વાર્તાના રૂપમાં રજુ કરવાથી કોઈ પણ વિષય સહેલાઈથી શીખવી સમજી શકાય છે તેનું આ જ કારણ છે. ગણિતનો વિષય શીખનારાઓને નથી આવડતો. તેમાં મને એક જ કારણ લાગે છે કે આપણા શિક્ષણશાસ્ત્રીઓ તેમાં વાર્તાનું તત્ત્વ મિશ્રિત કરી શકતા નથી. જો તેઓ તેમાં વાર્તા ઉમેરી શકે તો ગણિતનો વિષય પણ ઇતિહાસના જેવો જ રસપ્રદ થઈ શકે.

ગણિતની લોકપ્રિયતા અર્થે આપણે લીલાવતી ગણિતને ઉદાહરણ તરીકે લઈએ. એમાં જે જે દષ્ટાંતો આપેલાં છે તે બધાં હૃદયને ખેંચે એવાં અને વાર્તાના રૂપમાં જ હોય છે. ઉપરાંત આપણે શામળ ભટ્ટ પાસે આવીએ તો તેના સાહિત્યમાં

ગોરી બેઠી ગોખ તળે નદી કેરે નીરે
તૂટયો મોતી હાર, પડયો જઈ તેને તીરે

આમ મોતીહારવાળી નદીકિનારાના ગોખમાં બેસતી ગોરીની વાર્તા દ્વારા જ ગણિતનું શિક્ષણ શામળના સાહિત્યમાં અપાય છે, જે સામાન્ય હિસાબ કરતાં વધારે રુચિર બની શકે.

વળી ધર્મભાવનામાં પણ વાર્તાનું મહત્ત્વ મોટું છે તેમાં પણ Allegories–Parables દષ્ટાંત વાતો મોટો ભાગ ભજવે છે અને ધર્મભાવનાને લોકમાન્ય કરવામાં વાર્તા ખૂબ જ ઉપયોગી થાય છે. પુરાણો,

જાતકકથા, બાઇબલ વગેરે વાર્તાઓના ભંડાર છે, જોકે તેઓ ધર્મગ્રંથો તરીકે સામાન્યતઃ ઓળખાય છે.

ઉપરાંત Ethics–નીતિજીવન અંગે પણ પંચતંત્ર જેવા સુંદર વાર્તાગ્રંથો આપણે ત્યાં રચાય છે, અને તેમાં પણ વાર્તા જ પ્રધાનપદે છે.

અને સાહિત્ય એ તો મુખ્યત્વે વાર્તાની આસપાસ જ રચાય છે એ કહેવાની જરૂર નથી. સાહિત્યમાંથી આપણે વાર્તા લઈ લઈએ તો શું રહેશે? રામાયણમાંથી રામ સીતાના વાર્તા–પ્રસંગો લઈ લઈએ, કે શાકુન્તલ નાટકમાંથી વાર્તાનું તત્ત્વ લઈ લઈએ તો બાકી શું રહેશે ?

આથી વાર્તા ઉપર જ ઇતિહાસ, ધર્મ, સંસ્કાર અને સમાજનો બૌદ્ધિક અને ઊર્મિજન્ય પાયો રચાયો છે એમ કહીએ તો વધારે પડતું નથી. વાર્તાના આ તત્વનું ઊંડુ વિવરણ જરૂરી નથી. લોકભોગ્ય ભાષામાં આટલું જ્ઞાન બસ થશે !

આપણે ત્યાં વેદના સમયથી વાર્તા ચાલી આવી છે, વેદ-ઉપનિષદોમાં પણ ઉદ્દાલક, યમ, દીવોદાસ, ઉર્વશી વગેરેની વાર્તાઓ જોવામાં આવે છે. અને એ જ પ્રમાણે પુરાણો, મહાભારત, રામાયણ એ બધા પણ વાર્તાના ભંડાર છે એમ કહીએ તો ચાલે.

વળી બુદ્ધની જાતકકથાઓમાંથી પણ આપણને ઘણું જાણવા જેવું મળે છે, અને તે ઉપરતિ રાજતરંગિણી, કથાસરિત્સાગર એ બધાં પણ આપણું વાર્તાસાહિત્ય ખીલવવામાં ખૂબ ઉપયોગી થયાં છે. વિક્રમ શાલિવાહનનાં તેમ જ ભોજ–કાલિદાસનાં વાર્તા–મંડળો પણ આપણા એ વાર્તાસહિત્યમાં ખૂબ ઉમેરો કર્યો છે, અને આમ આ વાર્તાની Chain સાંકળ વેદવારાથી ચાલી આવે છે.જૈન રાસાઓએ પણ આપણને ઘણું વાર્તાસાધન આપ્યું છે.

આપણા વાર્તાસાહિત્યમાં બે માર્ગ ખાસ જુદા તરી આવે છે; એક બાજુ Floationg Literature એટલે કે ચારે બાજુ વૈખરી વાણીમાં કહેવાતી અને એવી રીતે કંઠસ્થ જળવાયેલી વાર્તાઓ. ભાટચારણોએ આ સાહિત્ય ફેલાવવામાં તથા લોકપ્રિય કરવામાં બહુ સારો ફાળો આપ્યો છે. એમાં ભૂતપ્રેતની વાર્તાઓ પણ હોય અને વીર કે વીરાંગનાના પ્રકારો પણ તેમાં મળે. આવી વાર્તાઓ આપણા સાહિત્યમાં ઘણી છે.

બીજો પ્રવાહ છે આપણા સંસ્કૃત પ્રાકૃત સાહિત્યમાંથી ઊતરી આવેલી કથા–વાર્તાઓનો. એમાં આપણે ઈસ્લામના સંપર્કને પણ છેક વિસારવા સરખો નથી. એરેબિયન નાઈટસ, હાતીમતાઈ, લાલ બુઝક્કડ અને બાદશાહ બીરબલનાં ચાતુર્ય કે ચાતુર્યઅભાવ ભૂલી ન જ શકીએ. ઘણી વાર લોકસાહિત્ય સ્થાનિક વાર્તાઓ અને Tradition–ગ્રંથસ્થ કે પ્રણાલિકાથી ચાલતી આવેલી વાર્તાઓનાં મિશ્રણ પણ થાય છે.

આપણી વર્તમાન વાર્તાસાહિત્યની ભૂમિકા આમ તૈયાર થઈ. પરંતુ વર્તમાન નવલકથાનો જન્મ ઓગણીસમી સદીમાં થયો.

ઉપરના બે પ્રવાહ ઉપરાંત એક ત્રીજો પણ પ્રવાહ નોંધવો પડશે, જેણે આપણા વાર્તાસાહિત્ય પર સ્પષ્ટ અસર ઉપજાવી છે: તે પશ્ચિમનું વાર્તાસાહિત્ય. પાશ્ચિમાત્ય સાહિત્યે આપણને વાર્તા માટે સરસ નમૂના પૂરા પાડયા. જો તેઓએ આપણને વર્તમાન સમયની વાર્તામાટે બીબાં ન આપ્યાં હોત તો આપણું વાર્તાસાહિત્ય અત્યારે જે વિકાસ સાધી શકયું છે તે સાધી ન શકયું હોત; નિદાન એનું સ્વરૂપ જુદું જ હોત. લીટન, સ્કોટ, થેકરે, ડીકન્સ વગેરેએ આપણને વાર્તા માટે સ્વરૂપો, આકારો આપ્યા, જેના ઉપરથી વર્તમાન વાર્તા ઊદ્દભવ પામી. વળી તેને બંગાળી, મરાઠી નમૂનાઓએ સમૃદ્ધ કરી છે—જેના અનુવાદો આપણી ભાષામાં પુષ્કળ થયા છે. આ આપણા વાર્તાસાહિત્યની ઝાંખી ઇતિહાસશ્રેણી.

હવે વાર્તાનાં તત્વો કે અંગોનો સહજ વિચાર કરીએ. વાર્તા અત્યારના યુગમાં મુખ્યત્વે કરીને બે વિભાગમાં વહેંચાય છે: ઐતિહાસિક અને સામાજિક.

ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસનો પડદો Background મૂકી તેના પર કલ્પનાની રમત કરવામાં આવે છે. એ નવલકથા પોતે ઇતિહાસ નથી, પણ લેખકની કલ્પના જૂના યુગમાં જઈ તેમાં રૂપરંગ પૂરે છે. આમ ઐતિહાસિક નવલકથા રચાય છે. આપણે ‘ જૂની આંખે નવા તમાશા ’ એ કહેવત સાંભળીએ છીએ. એમાં રહેલું તત્વ જરા ફેરવી ‘ નવી આંખે જૂના તમાશા ’ એમ વાંચવાથી ઐતિહાસિક નવલનું તત્વ બરાબર ખેંચી શકીશું. એમાં વર્તમાન લેખકની કલ્પના ભૂતકાળ ચીતરવા પ્રયાસ કરે છે, અને એ ચિત્રને સંપૂર્ણ બનાવવા પ્રાચીન યુદ્ધો કે રાજારાણીઓના પ્રસંગો

લાવવા છતાં તેમાં વર્તમાન જીવનનો પડઘો અચૂક સંભળાય છે.

આ ઐતિહાસિક નવલકથા આપણે ત્યાં 'કરણઘેલા'થી શરૂ થઈ અને અત્યારે બહુ સુંદર વિકાસ પામી છે. એમાં 'કરણઘેલા'ના કર્તા સ્વ. નંદશંકર પછીનાં કેટલાંક નામ આપણને જડી આવતાં હોય તો ગુજરાતી' પત્રના કેટલાક લેખકો, તેમજ 'ગુજરાતી પંચ'ના પણ કેટલાક વાર્તાલેખકો યાદ આવે છે. 'સુંદરી સુબોધ'ની આસપાસ રચાયલું ભોગીન્દ્રરાવ, રામ મોહનરાય વગેરે બંધુસમાજના સભ્યોનું વર્તુલ ભૂલાય નહિ જ. વળી વાર્તા સાહિત્યને નવું સ્વરૂપ આપનાર શ્રી. કનૈયાલાલ મુનશીને પણ વિસરી શકાય નહિ. એમણે પ્રાચીનકાળનું જે ગૌરવભર્યું આલેખન કર્યું છે તે એમને એક ઊંચી પ્રતિના કલાકારનું અવશ્ય સ્થાન આપે છે.

આ ઉપરાંત આપણા લોકસાહિત્યમાં તારાચંદ્ર અડાલજા, મેઘાણી, રાયચુરા એઓએ પણ સારો ફાળો આપ્યો છે; અને એમણે કાઠિયાવાડના ઇતિહાસને બહુ જ ભભકભર્યો ચીતરી બતાવ્યો છે. પણ એઓ સામે એક આક્ષેપ કરવો પડશે! બહારવટિઆ, ચોર, લૂંટારા, ક્રૂર, ખુની અને ડાકુઓ જાણે કાઠિયાવાડમાં જ હોય એ જાતનો ભ્રમ એમણે ઊભો કર્યો છે! પણ ગુજરાતીઓ તેમને ખાતરી કરી આપશે કે તળ ગુજરાતમાં પણ એ બધા છેઃ વિપુલ પ્રમાણમાં! શૌર્ય, વીરત્વ, ધર્મભાવના અને ટેકની કલ્પનામાં રહેલું સારામાં સારું તત્ત્વ ખેંચી લઈ તેનું ઉન્નત દર્શન એ લેખકોએ કરાવ્યું છે. એવા મેઘાણી કે રાયચુરા હજુ તળ ગુજરાતને માટે જન્મ્યા નથી માટે વિનંતી કે અમારા ગુજરાતના ગુનેગારોને પણ એમણે અમર કરવા!

સામાજિક નવલકથામાં હવે આપણે રાજરાણીથી દૂર જઈએ છીએ. રાજાને સાત રાણીઓ હોય અને એનાથી એને જેટલી મૂંઝવણ થાય એના કરતાં આજના એક યુવકને કન્યા મળતી હોય કે ન મળતી હોય તેથી અનેકગણી મુંઝવણ થાય છે! અને એવાં નાનાં માણસો, ભણેલાઓ, ખેડૂતો, શ્રમજીવીઓ વગેરેના જીવનમાં પણ જીવનમાં એવાં તત્ત્વો છે જેને વાર્તામાં સ્થાન આપી શકાય. એવાં વ્યકિતગત, સાંસારિક જીવનનાં વાર્તામાં વણવાની ભાવનાજાગૃત થઈ, અને તેમાંથી સામાજિક નવલનો ઉદ્ભવ થયો.

સાસુવહુની વડાઈ ' એ આપણા સાહિત્યમાં પહેલવહેલી સામાજિક નવલકથાઃ રા. સા. મહીપતરામે રચેલી. અને એ નવલકથાનો જોતજોતામાં વિકાસ થતાં 'સરસ્વતીચંદ્ર' જેવો મહાન વાર્તાગ્રંથ રચાયો. એ પછી—ઐતિહાસિક દૃષ્ટિ વાપરીએ તો—આ જાતની સામાજિક નવલકથા અત્યારે બહુ પ્રચાર પામી છે અને તેમાંસારા લેખકો થયા છે અને થયે જાય છે.

તેમાં એક વિભાગ હમણાં નવો ઉમેરાયો છે; જે Psychological Novel—માનસ : રમતને —મનોવિકારને—મનની અંદર રહો ભાવોને અગ્રસ્થાન આપી વ્યક્તિઓ માત્ર માનસ કળથી ચાલતાં રમકડાં હોય એવી ઢબે તેમના વર્તનને ચીતરતી વાર્તાઓનો પ્રકાર કહેવાય. આ જાતની નવલકથામાં મનુષ્યના માનસનું પૃથક્કરણ કરવામાં આવ્યું હોય છે. મનુષ્ય શું કરે છે એ વર્ણન ખીલવવા કરતાં તે વિચાર કરે છે એનું એમાં વિશેષ વર્ણન થાય છે. માનવહૃદયના ઘર્ષણથી ઉપજતા ભાવો કેટલા ઉન્નત, તેજસ્વી અને વર્ણનને પાત્ર હોય છે તે આ નવલપ્રકાર બતાવેછે, જો કે તેમાં પ્રસંગવણાટ જરા ફીસો હોય છે, પાત્રો પણ બહુ મજબૂત લાગતાં નથી, તેમ છતાં બુદ્ધિને સ્પર્શ કરવાની તેની તાસીરને લીધે યુરોપમાં તેનો પ્રચાર ખૂબ વધતો જાય છે.

આમ વાર્તા આપણા જીવનમાં બધે જ સ્પર્શે છે. આપણે સુધારાની ગમે તે ટોચે પહોંચીએ, તેમ છતાં આ વાર્તા માટેનું આપણું માનસ બદલાવાનું નથી. આપણે ગમે તે યુગમાં હોઈશું તો પણ આપણે વાર્તા માટે મોહ ધરાવતા રહીશું અને તેથી વાર્તાકારો ભાવિમાં પણ પોતાને કામે લાગેલા જ રહેશે.

૨

ઐતિહાસિક નવલકથા એ પણ અંતે તો નવલકથા જછે, એટલે તેના ઘડતરમાં નવલકથાનાં તત્ત્વો હોવાં જ જોઈએ; ઉપરાંત તે ઐતિહાસિક હોવાથી ઇતિહાસનું તત્ત્વ પણ તેની અંદર હોવું જ જોઈએ. સંસ્કૃત રસશાસ્ત્રમાં પ્રખ્યાત અને ઉત્પાદ્ય એમ વસ્તુના બે ભેદ પાડેલા છે. પ્રખ્યાત વસ્તુ તે લગભગ ઐતિહાસિક નવલકથાનું વાતાવરણ રચી શકે.

અમદાવાદમાં કેટલાક વખત પર ભરાયેલી ઇતિહાસપરિષદમાં ઐતિહાસિક નવલકથાની ખૂબ ચર્ચા થઈ હતી. કનૈયાલાલ મુનશીનો મત તેમણે

સુંદર ઐતિહાસિક નવલકથા લખેલી હોવા એવો થયો હતો કે ઈતિહાસ પણ આપણી મરજી પ્રમાણે દેખાય એવું તત્વ છે. એનો અર્થ એમ કરવામાં આવે, કે આપણે માન્યો તે ઈતિહાસ; તો શ્રી મુનશીનો એ મત ભાગ્યે જ ગ્રાહ્ય થાય:પરંતુ ઐતિહાસિક નવલથાનો લેખક વર્તમાન યુગનો માનવી છે અને ઈતિહાસ પ્રત્યે તે વર્તમાન યુગની દષ્ટિથી જુએ છે, એટલે યુગે યુગે ઈતિહાસ પ્રત્યેની દષ્ટિ ફરતી જાય છે; એવો જો મત એમાં સમાયેલો હોય તો શ્રી મુનશીના મતને સ્વાભાવિક રીતે જ ટેકો મળે.

ભૂતકાળ તરફ દષ્ટિ નાખવામાં ભેદ પડે એ સંભવિત છે. એક નાસ્તિક લેખક ધર્મનો ઈતિહાસ લખવા બેસે તો એને ધર્મમાં ભયંકર દૂષણો, ભૂલો અને ખામીઓ સિવાય કશું જડે જ નહિ. એક આસ્તિક એ ઈતિહાસ લખે તો એને ધર્મની ખૂબીઓ જ માત્ર જણાઈ આવે. તુલનાત્મક દષ્ટિવાળો ઈતિહાસ લખે તો તેને ધર્મમાં ખૂબીઓ પણ જણાય, ખામીઓ પણ જણાય, અને એ બન્નેનાં કારણો પણ સમજાય. આજ દષ્ટિ ઐતિહાસિક નવલકથાઓમાં પણ કેટલાક દષ્ટિભેદ ઊભા કરે છે.

મુનશી અને ધૂમકેતુ એ બંનેએ સોલંકીવંશનાં ગુજરાત તરફ દષ્ટિ કરી છે. મુનશીની દષ્ટિમાં સોલંકી યુગનું ગુજરાત રંગીન, રસમસ્ત અને માનવહૃદયની રૂપાળી ભૂલો કરતું દેખાયું છે. ધૂમકેતુને ગુજરાત ત્યાગ, શિષ્ટતા અને ભૂલો ન કરવાના આગ્રહવાળુ દેખાયું છે. આપણે એમ તો ન જ કહી શકીએ કે સોલંકી યુગના ગુજરાતમાં મુનશીએ કલ્પયાં છે તેવાં આનંદ, ઉલ્હાસ અને ભૂલને કિનારે પહોંચી જતી વાસના નહોતાંજ નહોતાં. સાથે સાથે સોલંકી વંશના ગુજરાતમાં મુનશીએ કલ્પેલા જ રંગીન ગુણો હતા, અને ત્યાગ કે શિષ્ટતા હતાં જ નહિ એમ પણ કહી શકાય નહિ. લેખકના દષ્ટિબિંદુ ઉપર ઈતિહાસના કયા તત્વો ઉપર ભાર મૂકવો તેનો આધાર રહેલો છે. માનવી વર્તમાન યુગમાં માનવી તો રહે છે જ, અને આજનો માનવી જે પ્રાથમિક ઊર્મિઓ અનુભવે છે, તે ઊર્મિઓ ઐતિહાસિક માનવીના અનુભવમાં ન હોય એમ ભાગ્યે જ કહી શકાય એટલે આજના યુગને મળતી માનવ વૃત્તિઓ સોલંકી યુગમાં વર્ણવાઈ હોય તો તેમાં ખાસ ખામી આવી જતી નથી.

માનવીની ઉર્મિઓને કાળની કે ઇતિહાસની સીમાઓ ભલે ન હોય,

પરંતુ એને એ સિવાયની બીજી ઘણી ઘણી સીમાઓ છે અગર ઘણી ઘણી છાપ છે કે જે ઐતિહાસિક નવલકથામાં આપણે ઉવેખી શકીએ નહિ. મુંજાલ ગુજરાતથી દક્ષિણમાં ગયો તે મુંબઈ સુધી બી.બી.સી. આઈ રેલ્વેમાં મુસાફરી કરીને ગયો એમ ઐતિહાસિક નવલકથામાં લખી શકાય નહિ. એમ લખવામાં આવે ત્યારે એ લખાણ ઇતિહાસ–કથા મટી હાસ્યકથા બની જાય છે. મુંજાલ અને મીનળ વચ્ચે છૂપો પ્રેમ હતો એ વસ્તુનો વિકાસ ઘણાને ખૂંચ્યો છે. મીનળ અને મુંજાલ બંને આપણા ઇતિહાસના એટલાં બધાં સ્પષ્ટ પાત્રો નથી કે જે આપણી ભાવનાસૃષ્ટિમાં અગર પરંપરા-સૃષ્ટિમાં નિશ્ચિત મૂર્તિરૂપ બની ચૂકયા હોય. મિનલ દેવીને અને તેના પતિ કર્ણને બહુ બનાવ ન હતો એ વાત આપણી કથાઓએ નોંધેલી છે. એના ઉપર ભાર દઈ મુનશીએ મીનલ મુંજાલ વચ્ચે આકર્ષણ કલ્પ્યું હોય તો એ કલ્પનામાં ભારે દુષણ જોઈ શકાય નહિ. પરંતુ આપણી સ્થિર ભાવના મૂર્તિઓ વિશે ઐતિહાસિક નવલકથા છુટ લઈ શકે જ નહિ. રામાયણ આપણા હૃદયમાં જડાઈ ગયું છે. રામ અને સીતાને આપણે યુગ યુગથી અમુક સ્વરૂપે જોવાને ટેવાયલાં છીએ. સીતાનો પરિત્યાગ કર્યા પછી રામે બીજી કોઈ યુવતી તરફ નજર કરી એવી વાર્તારચના કરવામાં આવે તો તેને આપણે ખરેખર ઐતિહાસિક કથા કહી શકીએ નહિ, બીજું ગમે તેમ હોય તો પણ ઇતિહાસે એટલું તો સ્પષ્ટ કર્યું જ છે કે રામ, સીતાને તજીને પણ સીતાથી ભરેલું જ હૃદય રાખી રહ્યા હતા.

એટલે ઇતિહાસનાં જે તત્ત્વો સ્પષ્ટ થઈ ગયાં છે તે તત્ત્વોની સાથે, ઇતિહાસનાં જે પાત્રો સ્પષ્ટ થઇ ગયાં છે તે પાત્રો સાથે અને ઇતિહાસનો જે કાળ નિશ્ચિત થઈ ગયો છે તે કાળની સાથે ઐતિહાસિક નવલકથાથી છૂટ લઈ શકાય નહિ.

વળી ઇતિહાસમાં કેટલાક અસ્પષ્ટ અને અર્ને અર્ધસ્પષ્ટ પ્રદેશો છે કે જેમાં ઐતિહાસિક નવલકથાકાર પોતાની કલ્પનાને મુક્ત રીતે વિહરવા દઈ શકે છે. હિંદુ સંસ્કૃતિ બર્મા, સિયામ, જાવા, સુમાત્રા, ચીન અને જપાન સુધી પહોંચી ગઈ હતી, એનાં તારીખવાર કે સિલસીલાબંધ પ્રકરણો આપણી પાસે નથી; છતાં અમુક કાળ સીમાઓમાં આ વસ્તુ બની એટલું તો ચોક્કસ છે જ, એટલે એ ધુમ્મસ ભરેલા ઇતિહાસમાં કંઈક

પ્રેમકથાઓ, કંઈક વર્ણકથાઓ, કંઈક સાહસકથાઓ, અને કંઈક કરુણ કથાઓનો સમૂહ ઐતિહાસિક નવલકથાકાર રચી શકે. પરંતુ તેમાંય અમુક મર્યાદાઓ તો ખરી જ. ગુજરાતનો રાજકુમાર વિજય ભલે લંકા કે જાવામાં દરિયા-માર્ગે, જળમાર્ગે જાય પરંતુ એ વિજય વરાળયંત્રથી ચાલતી બોટમાં ગયો અને ધનુષ બાણ સાથ ઉપર તે હાથ રીસ્ટ વોચ પણ પહેરતો હતો એવું કહેવામાં આવે ત્યારે ઇતિહાસિનો વિપર્યય થાય છે. અને ઐતિહાસિક નવલકથામાં તે ચલાવી લેવાય નહિ.

ઇતિહાસનું આજના યુગને સમજાય એવું વાતાવરણ પણ ઐતિહાસિક નવલકથાએ ઉપજાવવું જોઈએ. એ વાતાવરણ તે સમયની રહેણીકરણી, તે સમયની વિશિષ્ટતાઓ, તે સમયની કલારચના, તે સમયના પહેરવેશ અને રીતરિવાજોના વર્ણન દ્વારા જીવંત બનવું જોઈએ. રજપૂત શૂરાતનની વાત લખતાં કેસરિયાં જ આવે. બહાદુરીભરી પીછેહઠ ગમે એટલી બહાદુરીભરી હોય તો પણ રાજપૂત શૌર્યયુગ સાથે સંભવે નહિ. જેમ માનવીના રસ, એટલે શૃંગાર, વીર, હાસ્ય વગેરે, સર્વ કાલમાં લગભગ સરખાં જ હોય છે તેમ માનવ જાતના આદર્શો પણ લગભગ યુગે યુગે સરખા જ હોય છે. પરંતુ એ રસ અને આદર્શને સ્ફૂટ થવા માટેનાં સાધનો યુગે યુગે જૂદાં હોય છે, એટલે એ રસપ્રદર્શન અને આદર્શ પ્રદર્શન એ બંનેમાં જે તે સમયની વિશિષ્ટ છાપ ઉપસી આવવી જોઈએ. જો તેમ ન થાય તો યુગને બેવફા નીવડી ઇતિહાસનું ખૂન કરવા જેવો પ્રસંગ ઉત્પન્ન થાય. ઓગણીસમી સદીનો અંત અને વીસમી સદીની શરૂઆત ભદ્રંભદ્ર જેવા હાસ્યને શક્ય બનાવે પરંતુ આજ એ વસ્તુ બહુ શક્ય બની શકે નહિ. આજ હાસ્યરસ લાવવો હોય તો અતિ અંધોળિયા બ્રાહ્મણને બદલે કોઈ રાજદ્વારી પુરુષનું 'કાર્ટુન–કટાક્ષચિત્ર દોરી શકાય. માનવી ઓગણીસમી સદીમાં પણ હસે અને વીસમી સદીમાં પણ હસે. હાસ્યરસ બંને યુગમાં રસ ખરો પરંતુ ધર્મઝનૂની બ્રાહ્મણ ઓગણીસમી સદીમાં જ ઐતિહાસિક દૃષ્ટિએ શક્ય બને; આજ વીસમી સદીના મધ્યમાં નહિ. અને જ્યારે નાત, જાત સંપૂર્ણપણે લુપ્ત થઈ ગયેલી હોય અને એ લુપ્તપણું વર્ષોથી સ્થિર થઈ ગયું હોય ત્યારે એમ પણ બને કે ભદ્રંભદ્રનો હાસ્યરસ તે યુગથી ટીકાઓ વગર સમજાય પણ નહિ. એટલે આદર્શ રસ તેમજ

કાલ્પનિક મૂર્તિઓ- ચરિત્રો દોરતી વખતે સ્થળ અને કાળ એ બંને બહુ જ આવશ્યક તત્ત્વો ગણાવાં જોઈએ. 'કરણઘેલા'માં ભૂતપ્રેત, મંત્ર, જંત્ર, એ સર્વનાં દશ્યો બહુ સચોટપણે દર્શાવવામાં આવ્યાં છે. આજનો યુગ વહેમી તો છે જ. છતાં એના વહેમમાં મંત્ર, જંત્ર કે ભૂતપ્રેત 'કરણઘેલા' ઢબે આવી શકે નહિ. અને આવે તો પણ તે થિયોસોફી અગર ક્રિશ્ચિયન સાયન્સના રંગથી રંગાઈને જ કાંઈક શાસ્ત્રીયપણું ધારણ કરી ને જ આવી શકે. એટલે વીસમી સદીનાં ભૂતનું વર્ણન ઓગણીસમી સદીનાં ભૂતવર્ણન કરતાં તદ્દન જૂદું જ હોય. અરેબિયન નાઈટસનો 'જીન' આજ કામ ન લાગે, પરંતુ આજ મંગળની મુસાફરી કે ચોવીસ કલાકની પૃથ્વી પ્રદક્ષિણાના સ્વરૂપમાં જૂનો જીન વેશપલટો કરી શકે.

ગુજરાતમાં ઐતિહાસિક નવલકથા ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થઈ. નંદશંકરનો 'કરણઘેલો', મહીપતરામનો 'વનરાજ ચાવડો' તથા "સિદ્ધરાજ જયસિંહ' અને ફાર્બસની 'રાસમાળા'માંથી આપણી ઐતિહાસિક નવલકથા શરૂ થઈ. એ પછી મુંબઈના 'ધી ગુજરાતી' સાપ્તાહિકની ઐતિહાસિક વાર્તાઓએ ગુર્જર સાહિત્યમાં ઐતિહાસિક નવલકથાને ઘડી છે. એ પ્રથા હજી સુધી અટકી નથી. મરાઠી અને બંગાળી તરજુમાઓએ પણ ઐતિહાસિક નવલકથા ગુજરાતીમાં ઠીક ઠીક ઉતારી છે. હરિનારાયણ આપ્ટે, બંકિમચંદ્ર અને રમેશ દત્તની ઐતિહાસિક નવલકથાઓ ગુજરાતીમાં ઊતરી છે, અને તેમણે ગુજરાતી વાઙ્મયને સમૃદ્ધ પણ કર્યું છે. વીસમી સદીના બીજા દશકામાં મુનશીની ઐતિહાસિક નવલકથાઓએ ઉચ્ચ કલાસ્વરૂપ ધારણ કર્યું એટલુંજ નહિ, પરંતુ પૂરો આકાર ન પામેલી ઐતિહાસિક નવલકથાને મુનશીદ્વારા સ્વતંત્ર ગુજરાતીપણું મળ્યું અને ત્યાર પછી તો સામાજિક નવલકથાની સામે ઐતિહાસિક નવલકથાઓ પણ ગુજરાતી સાહિત્યનો બહુ જ મહત્ત્વનો વિભાગ થઈ પડી છે.

ઐતિહાસિક નવલકથા અને તેના ઘડતર વિષે ફરી વિચાર કરી જોઈએ.

(૧) ઐતિહાસિક નવલકથા એટલે ઇતિહાસથી મર્યાદિત થયેલી નવલકથા ઇતિહાસના નકશામાં ગોઠવાઇ જાય અને નકશાથી ખાસ જુદી તરી ન આવે એવા એવા પ્રકારની કલ્પનામિશ્રિત કથા એનું નામ

ઐતિહાસિક નવલકથા.

(૨) એ ચોખ્ખો ઇતિહાસ નહિ; ઇતિહાસ તરીકે તે લખાયેલી નહિ; પરંતુ ઇતિહાસનું આછું પડ એ નવલકથા ઉપર પથરાઈ ગયેલું હોવું જોઈએ. માર્ગસ્તંભો ઇતિહાસિના ખરા; પરંતુ એ માર્ગસ્તંભોની વચ્ચે આખું આકાશ પાતાળ નવલકથાને વિકસવા માટે ઉપયોગમાં લઈ શકાય.

(૩) પ્રખ્યાત, રૂઢિથી નિશ્ચિત થઈ ચૂકેલાં પાત્રો સાથે ઐતિહસિક નવલકથામાં છૂટ ન લઈ શકાય. પરંતુ એટલી મર્યાદા બાંધી લઇને નવલ કથાને યોગ્ય બીજી બધી રમતો એમાં રમી શકાય. સ્થિર થયેલાં ઐતિહાસિક પાત્રોને ઇતિહાસની સ્પષ્ટતા કરવા પૂરતાં માનપૂર્વક આછાં આછાં ચીતરી એને બાજુએ મૂકવાં જોઈએ, અને તેમને પડખે કલ્પિત કે અર્ધ-કલ્પિત પાત્રોની ગૂંથણી કરવી જોઈએ. એમાં કથા અનૈતિહાસિક બની ન જાય.

(૪) ઐતિહાસિક નવલકથામાં કાળ, સમય, તારીખોને છેક બાજુએ ન મુકાય. ૧૮૫૭ ના બળવાને એક સદી પહેલાં કે એક સદી પછી મૂકી શકાય નહિ. એ વખતના ગવર્નર જનરલને બદલે બીજો ગવર્નર જનરલ મૂકી શકાય નહિ—જોકે એવાં ઇતિહાસસિદ્ધ થઈ ચૂકેલાં પાત્રો સિવાયનાં બીજા અંગ્રેજ સ્ત્રીપુરુષો જરૂર ચીતરી શકાય. પેશ્વા શિવાજી પછી જ આવે. બાજીરાવને શંભાજીની પહેલાં ઐતિહાસિક નવલકથામાં મૂકી શકાય નહિ.

(૫) ઇતિહાસનો આવો તદ્દન અનાદર ઐતિહાસિક નવલકથામાં શક્ય નથી. તેમ થાય તો તે ઐતિહાસિક નવલકથા મટી જઈ 'ઉટંગ' વાર્તા બની જાય કે અદ્‌ભુત રસની વાર્તા બને.

(૬) ઐતિહાસિક નવલકથામાં જે તે સમયના પ્રસંગોનું, વાતા-વરણનું, આચારવિચારનું, પોષાકનું અને આયુધોનું ઘટિત વર્ણન હોવું જોઈએ.

(૭) આટલી મર્યાદાઓ આંક્યા પછી ઐતિહાસિક નવલકથામાં

જોઈએ એટલા કલ્પનાના રંગો પૂરી શકાય, જે કલ્પનાના રંગો લેખકની વર્તમાનતાને પણ ભલે દર્શાવી દેતા હોય. મુનશીની નવલકથાઓમાં વર્તમાન ગુર્જર અસ્મિતાનું અભિમાન જરૂર દેખાઈ આવે છે. કદાચ એ અભિમાને જ મુનશીને ભૂતકાળ સાથે સંબંધમાં લાવી દીધા હોય; છતાં તેમની નવલકથાઓ ઐતિહાસિક નવલકથાઓ મટતી નથી.

# કવિતા

સાહિત્યની વાત આવે છે ત્યારે જનવર્ગના મોટા ભાગને ન સમજાય એવી અણગમતી વિદ્વત્તાનો ભાસ થાય છે. ખરું જોતાં આખું સાહિત્ય જનતા માટે છે અને જનતામાંથી જ તે ઉદ્ભવે છે. મોટે ભાગે એવી માન્યતા તરફ આપણે વળીએ એ વધારે સાચું તત્ત્વ છે. જનતા છેક ન સમજે એવી સાહિત્યચર્ચા પણ ન હોવી જોઈએ.

આમ તો કવિતા અને સંગીત બન્ને મોટા અને ભારે વિષયો લાગે. એનાં શાસ્ત્ર ખરેખર જુદાં અને બહુ ગંભીર છે, અને બધાં જ શાસ્ત્ર ભારે અભ્યાસ માગે છે. પરંતુ સાહિત્ય જાતે જ એવું સાધન છે કે જે શાસ્ત્રોને સામાન્ય જનતા આગળ એવી ઢબે મૂકી શકે કે શાસ્ત્રોનું હાર્દ—રહસ્ય આપોઆપ સમજાઈ જાય અને શાસ્ત્રીય અભ્યાસની ગૂંચવણી ઊભી ન થાય.

કવિતા શું એ તો સહુ કોઈ જાણી શકે. એની વ્યાખ્યા બધાંથી અપાય નહિ. પંડિતો અને વિદ્વાનો પણ એવી વ્યાખ્યા આપી શક્યા નથી, કે જે સહુનો સ્વીકાર પામે. જેમ વિદ્વત્તા વધારે તેમ વ્યાખ્યા ટૂંકી પડે. વળી એક યુગના પંડિતે આપેલી વ્યાખ્યા બીજા યુગના પંડિતને ફાવે નહિ. મમ્મટ સાહિત્યદર્પણમાં એક વ્યાખ્યા આપે, તો જગન્નાથ 'રસગંગાધર'માં બીજી આપે. કોઈ કવિતાના એક લક્ષણ પર ભાર મૂકે, કોઈ બીજા લક્ષણ ઉપર. એક વિદ્વાન કહેશે કે કવિતા એટલે કુદરતની નકલ. કુદરત ઘણી વિશાળ છે, અને માનવી તો કુદરતનો એક નાનકડો ભાગ છે. વળી કુદરત નકલ કરી શકાય એવું નાનું અને સહેલું તત્ત્વ નથી, એ આ વ્યાખ્યાનો વિચાર કરતી વખતે સહુ ધ્યાનમાં રાખે.

બીજો વિદ્વાન કહેશે:શબ્દ અને અર્થ ચમત્કૃતિવાળી ભાવના એટલે કવિતા. ત્રીજો વિદ્વાન વાંધો કાઢે છે કે એમાં ચમત્કારની શી જરૂર? સાદી સરળ ભાષામાં શું કવિતા લખાય જ નહિ? વર્ડ્ઝવર્થની we are seven નામની કવિતા અત્યંત સાદી છે; છતાં તે ઉત્તમ કવિતા છે. આપણું ધ્રુવાખ્યાન ઘણું સાદું છતાં હૃદયને હલાવી શકે એવું છે.

ચોથો પંડિત કહે છે: કવિતા એટલે કાન્તાની માફક માધુર્યપૂર્વક, આપણને ગમી જાય એવો બોધ કરનારી રચના. બધી કાન્તાઓ માધુર્યપૂર્વક બોધ આપે છે કે કેમ એ વિવાદગ્રસ્ત વિષય છે—અને રામાયણ–મહાભારત કે ઈલિયડ અથવા પેરેડાઇઝ લોસ્ટનાં વર્ણનો કાંઈ સુંવાળી કવિતામાં લેખાય નહિ. કવિતા એટલે માત્ર સુંવાળાશ નહિ.

કોઈ વિદ્વાન કહેશે કે સીધો બોધ કરે એ કવિતા જ નહિ. આપણે ત્યાં વિરાગપ્રેરક કેંક કવિતા છે જે માત્ર બોધ નહિ પણ ગાળ દઈને બોધ કરે છે. શંકરાચાર્ય ચર્પટપંજરિકામાં **भज गोविंद मूढमते** થી જ કવિતાની શરૂઆત કરે છે.

કવિદલપરામ કહે છે:

'**કવિતા કહીએ કલ્પના જનમન રંજન જાણ**' રંજનનો જ એમાં ગુણ હોય તો આખો કરુણ, રડાવી શકતો કવિતાનો વિભાગ જ અદૃશ્ય થાય. તેમના જ પુત્ર ન્હાનાલાલને આ વ્યાખ્યા માન્ય નથી. એ તો વળી કહે છે: કવિતા કરતાં આત્મા ગુંજે છે; ગાતો નથી. પાછા ગુંજન અને ગાયનના ભેદમાં ક્યાં ઉતરવું? ગુંજન એ શું ગીતનો પ્રાથમિક-ધીમો, દબાયલો પ્રકાર નથી? ગુંજન અને ગીત એ બન્ને એક જ સંગીતની જુદી જુદી ભૂમિકાઓ છે. કોઈ કહેશે: પિંગળના અક્ષર મેળ માત્રામેળ છંદના ચોકઠામાં જ કવિતા ગોઠવાય. કોઈ કહેશે: છંદ, પ્રાસ અલંકારનાં ચોકઠાં કવિતાસુંદરીને હવે ટૂંકાં પડે છે.'

આમ કવિતાની વ્યાખ્યાનું ઠેકાણું જ પડતું નથી. સાચી, સર્વકાલીન વ્યાખ્યા સાહિત્ય કે કવિતાની હોઈ શકે જ નહિ. માનવી સતત ગતિમાન છે. એ ગતિ પછી ભલે પ્રગતિ હોય કે અવગતિ હોય. એટલે એક વ્યાખ્યા બધે લાગુ પડે જ નહિ, પાડવાની જરૂર પણ નથી. આપણે કવિતા ઓળખવા માટે વ્યાખ્યા બાજુએ મૂકીએ. સામાન્ય સમજથી કવિતા ઓળખાય એટલું બસ થશે.

સામાન્યસમજ તો જરૂર કહે કે નરસિંહ મહેતા કવિ અને એમનાં પ્રભાતિયાં એ કવિતા. મીરાંબાઈ કવિ અને એનાં ભજન એ પણ કવિતા. પ્રેમાનન્દનાં ઓખાહરણ અને નળાખ્યાન જેવાં આખ્યાનો, શામળ ભટની મદનમોહના તથા પંચદંડનીવાર્તા, અખાનું તત્ત્વજ્ઞાન અને દયારામની

ગરબીઓ એ સર્વ કવિતા. દલપતરામ પણ કવિ અને નર્મદ પણ કવિ. આપણા યુગની પાસે આવીએ તો 'કુસુમમાળા'ને પણ કવિતા કહેવાય અને 'કલાપીના કેકારવ'ને પણ કવિતા કહેવાય. ન્હાનાલાલે પણ કવિતા લખી અને સુંદરમ્–ઉમાશંકર પણ કવિતા રચે છે. ભગવાનનું નામ પણ કવિતામાં આવે અને પ્રેમની પીડા પણ કવિતામાં વણાય. બાગ-બગીચા કે વનઉપવન અને ચંદ્ર, સૂરજ, તારા અને નક્ષત્રનાં વર્ણનો પણ તેમાં આવે. સ્ત્રીપુરુષના દેહનું પણ વિગતવાર વર્ણન એમાં થાય અને પશુપક્ષીનાં પણ વર્ણન એમાં આવે. એમાં લાંબી કથા પણ કહેવાય અને નાનકડો ભાવ પણ એમાં આલેખાય. કવિતા યુદ્ધને પણ આવકારે છે અને હાસ્યને પણ આવકારે છે. કવિતામાં તત્ત્વજ્ઞાન પણ આવે અને ડીંગ પણ તેમાં મારી શકાય.

આ ઉપરથી આપણે જોઈ શકીશું કે કવિતાનો વિસ્તાર કેટલો મોટો છે. કેટલાક વિદ્વાનો તો કહે છે કે જીવનનો જેટલો વિસ્તાર એટલો વિસ્તાર કવિતાનો. કવિતામાં ગણિત પણ લખાયું છે અને વૈદકના ગ્રંથો પણ લખાયા છે. લીલાવતી ગણિતનું નામ તો ઘણાએ સાંભળ્યું હશે. એ કવિતામાં લખાયલો ગણિતગ્રંથ છે. 'લોલિંબરાજ' નામનો ગ્રંથ કવિતામાં વૈદકને અને શૃંગારને સાથે જ ઊતારે છે. એટલું તો ચોક્કસ કે કવિતા જીવનના મોટા ભાગ ઉપર વિસ્તાર પામી ચૂકી છે.

વળી એક નવાઈ જેવી બીજી વિગત પણ કવિતાની ચર્ચામાંથી આપણને જડી આવશે. આપણો જૂનામાં જૂનો સચવાયેલો શબ્દસમૂહ તે કવિતા. વેદ એ આપણું પુરાતનમાં પુરાતન સાહિત્ય. ગ્રીસનો હોમર પણ બોલ્યો કવિતામાં. લેટીનનો જૂવેનલ પણ બોલ્યો કવિતામાં. કુરાન પણ કવિતામાં અને બાઈબલનાં સ્તોત્ર પણ કવિતામાં.

આજના વિજ્ઞાનની દૃષ્ટિએ માનવીની ઉત્પત્તિને હજારો વર્ષ થયાં. બીજી સજીવ સૃષ્ટિથી માનવીને જુદો પાડનાર કેટલાંક મુખ્ય લક્ષણો છે તેમાં માનવીની વાચા એક છે. માનવીને વસ્તુ ઓળખતાં આવડે છે. ઓળખીને તેનાં નામ પાડતાં આવડે છે, તેની ક્રિયા પણ સમજી સમજાવી શકે છે અને નામ ને ક્રિયા સાથે જોડતા સંબંધો પણ એ

સાંકળી શકે છે, એટલું જ નહિ, એનું ઉચ્ચારણ કરી એ આખો સંબંધ સ્પષ્ટ કરી શકે છે. ઉચ્ચારણ કરી આખા નામ સાથે જોડાયેલા ગુણધર્મની ક્રિયા ગોઠવવાની યોજનાને આપણે ભાષા કહીએ છીએ, જેનું પાછું શાસ્ત્ર ઉકેલીએ તો આપણે વ્યાકરણમાં ઊતરવું પડે. વ્યાકરણમાં આપણે અત્યારે નહિ ઉતરીએ. પરંતુ એના એક વિભાગ તરીકે આપણે કવિતાને ઓળખાવી તો પડશે જ.

આપણી ભાષાનો નિત્ય વ્યવહાર–વળોટ અને કવિતાનો વળોટ સહજ જુદાં પડે છે. દયારામની એક સુપ્રસિદ્ધ કાવ્યલીટી આપણે લઈએ;

> કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે
> ભોળું ભાખ મા રે!

કવિતામાં આ પંક્તિ ન હોત તો આપણે સાદી વાતચીતની ભાષામાં એ પંક્તિને જુદી જ રીતે કદાચ નીચે પ્રમાણે ગોઠવત :

'રે અલબેલા! ત્હારી આંખમાં કામણ દીસે છે ને! ભોળુ મા ભાખ!'

ખરું જોતાં સાદી ભાષામાં 'રે!' ની જરૂર ન પડત. 'મા ભાખ' ને બદલે આપણે કહ્યું હોત : "ભોળું ના બોલીશ."

સાદી વાકયરચના આમ કવિતાની રચનાથી જુદી પડી ગઈ. કેટલાક બીનજરૂરી ઉદ્‌ગારો કવિતામાં વપરાયા અને ચલણી નહિ એવા "મા" અને "ભાખ" જેવા શબ્દો પણ ઉપયોગમાં આવ્યા.

કવિતાની રચનામાં અને સામાન્ય વાતચીતની વાકયરચનામાં કેટલો બધો તફાવત પડે છે!

આમ કવિતા ભાષાનો એક એવો વળોટ છે કે જેમાં સામાન્ય વાતચીતની ભાષા કરતાં જુદી શબ્દ–ગોઠવણી ચલાવી લેવાય છે. સામાન્ય વ્યાકરણના નિયમો પ્રમાણે ગોઠવાતા વાકયને આપણે ગદ્ય કહીએ છીએ. સામાન્ય ગોઠવણીનો ભંગ થયા છતાં શુદ્ધ ગણાઈને ઘડાતી શબ્દરચનાને આપણે કવિતા, કાવ્ય કે પદ્ય કહીએ છીએ.

આમ કવિતા વ્યાકરણની દૃષ્ટિએ ભાષાનો એક વિશિષ્ટ પ્રકાર છે, સામાન્ય વાતચીતના ક્રમથી જુદો ક્રમ તેમાં આવી શકે છે, સામાન્ય ક્રમમાં નિરુપયોગી બનતા શબ્દો કદી તેમાં આવે પણ ખરા, અને

તેમાં જરૂરી લાગતા શબ્દો અધ્યાહાર પણ રહે.

વળી એક બીજી વિલક્ષણતા આપણે કવિતામાં જોઈ શકીએ છીએ. કવિતાની ગોઠવણી કોઈ વજન-માપ ઉપર આધાર રાખીને થાય છે, કર્તા, ક્રિયાપદ, કર્મની અવ્યવસ્થા કરી નાખતી કવિતા પાછી કોઈ નિયમિત ગોઠવણી, નિયમિત તાલ, અને નિયમિત આવર્તનનો અંકુશ સ્વીકારે છે. એના એક બે નમૂના જોઈએ. નરસિંહરાવે ગાયું છે :

રમતાં ભમતાં કદી દિવ્ય વને
ફૂલડાં રૂડલાં જડિયાં મુજને.

બાર બાર અક્ષર આ બન્ને લીટીઓમાં છે.

રાસેશ્વરને પદ ઝમે ઝીણાં ઝીણાં ગીત
નિર્મળ તેજ ઉઘાડમાં પાન કરીશું નિત્ય

એ કડીઓ બોલતાં તો બરાબર માપમાં બેસી જાય છે, પરંતુ એક ચરણમાં પંદર અક્ષર છે જ્યારે બીજામાં સોળ છે; છતાં વધારાનો અક્ષર ખટકતો નથી.

કારણ ?

હવે જરા શાસ્ત્રીય ભાષાનો ઉપયોગ કરીએ. નરસિંહરાવની પ્રથમ બે લીટીઓ તોટક છંદમાં છે; બીજી બે લીટીઓ નાનાલાલની દોહરામાંછે. તોટક છંદ અક્ષરમેળ છંદ કહેવાય. એમાં લઘુગુરુ ઉચ્ચારણ ઠરેલા ધોરણે અમુક સંખ્યાના અક્ષરોમાં જ આવવું જોઈએ, દોહરો માત્રામેળ છંદ છે. એમાં લઘુગુરુની માત્રાઓ અક્ષરની સંખ્યાને આધીન રહેતી નથી. આ રીતે કવિતાની માપબંધી—અનાજની માપબંધીની માફક—ચોકસાઈ-ભરેલી બની જાય છે. આ રીતે વ્યાકરણી શિથિલતાનો બદલો વળી જાય છે. અને સામેથી ચરણ, માત્રા, ગણ, પ્રાસ, યતિ અને છંદનું એક ભવ્ય શાસ્ત્ર ઊભું થાય છે. જેને આપણે 'પિંગળ'નામ આપીએ છીએ.

આમ લાખેક વર્ષ ઉપર જન્મેલી માનવજાતને વસ્તુ ઓળખતાં આવડયું, ઓળખીને ઓળખાવાતાં આવડયું. જે આવડતમાં એનો

કંઠ, એની જીભ કે એની ઉચ્ચારણશક્તિ એને બહુ જ કામ લાગી. ઉચ્ચારણશક્તિએ એને ભાષા આપી, અને ભાષા બે પ્રકારના પ્રવાહમાં ગોઠવાઈ, એક સામાન્ય વાતચીતના નિયમ પ્રમાણે સંકળાતી શબ્દવાક્યરચના–જેને આપણે ગદ્ય કહીએ છીએ; અને સામાન્ય નિયમને બાજુએ મૂકી ગોઠવાતી શબ્દવાક્યરચના જેને આપણે પદ્ય કહીએ છીએ.

જુદા જુદા દેશમાં, જુદી જુદી પ્રજાઓમાં, જુદા જુદા સમયે, જુદી જુદી ભાષાઓ કેમ ચાલે છે; એ રસમય પ્રશ્નને આપણે અહીં જતો કરીએ. એટલું જાણવું જરૂરી છે કે પ્રત્યેક સંસ્કારી ભાષામાં કવિતા હોય જ હોય. જે ભાષામાં કવિતા ન હોય એ ભાષા ખીલી જ નથી, એમ કહેવાય. પ્રાથમિક ભૂમિકામાં જીવન ગુજારતી જંગલી જાતોમાં પણ કવિતા હોય છે જ. કવિતાની કક્ષા જેટલી ઊંચી એટલી ભાષાની ખીલાવટ ઊંચી. ભાષાની કિમ્મત આંકવાનું માપ કવિતામાં મળે છે.

અત્રે એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે:

શા માટે આવી અસામાન્ય, વિલક્ષણ, વિચિત્ર ભાષારચનાને માનવીએ આવકાર આપ્યો? શા માટે એને મહત્ત્વ આપ્યું? શા માટે એનાં શાસ્ત્રો રચવાની મહેનત કરી? દાખલો આપીને આપણે આ પ્રશ્નને વધારે સમજીએ.

ન્હાનાલાલનું આ કાવ્ય જાણીતું છે.

ઝીણા ઝરમર વરસે મેહ!
 ભીંજે મારી ચુંદડલી
એવો નીતરે કૌમારનો નેહ,
 હો! ભીંજે મારી ચુંદડલી.

ઝીણા મેહ ઝરમર વરસે છે! એ તો સામાન્ય વાત છે! એને વિકૃત કરીને કવિતામાં લખવાની શી જરૂર? કોઈપણ સ્ત્રી વરસાદમાં ફરે તો તેની ચુંદડી ભીંજાય એ સહજ છે. એમાં જાહેરાત કરવાની જરૂર શી? વરસાદમાં ફરે એ જાતે પણ ભીંજાય અને એનાં કપડાં પણ ભીંજાય પછી તે ચુંદડલી હોય કે જભ્ભો હોય. વળી ચુંદડી જેવા સીધા શબ્દને 'ચુંદડલી'માં ફેરવી નાખવાનો કાંઈ અર્થ?

જરૂર એમાં કાંઈ અર્થ છે, નહિ તો કંજૂસ માનવ જાત વાણીને વિકૃત કરવાની, વાણીને બહેલાવવાની વાણીને ઝૂલાવવાની, વાણીને લડાવવાની, ચુંદડીને ચુંદડલીમાં ફેરવી નાખવાની, મેહ સાથે નેહને મેળવવાની અને આવર્તનથી 'ભીંજે મારી ચુંદડલી' બે વાર બોલવાની મહેનત શા માટે કરે?

સામાન્ય દૃષ્ટિએ વરસાદમાં ફરતી સ્ત્રીની ચુંદડી ભીંજાય એ સામાન્ય પ્રસંગ છે. પરંતુ માનવીની ઊર્મિ એ સામાન્ય પ્રસંગને રંગરંગથી ભરી દે છે. કૌમારના નેહથી ઉભરાતી પ્રેયસીને ઝરમર વરસતો ઝીણો મેહ અસામાન્ય સૃષ્ટિમાં લાવી મૂકે છે. જ્યાં સૃષ્ટિની સામાન્યતા માત્ર કોઈ અકથ્ય ચમકભરી રંગતમાં બદલાઈ જાય છે, જ્યાં મેહનાં બુંદ કોઈ પુષ્પવૃષ્ટિની યાદ આપે છે, જ્યાં ચુંદડી ભીંજાય છે; એ સામાન્ય પ્રસંગ આખા જીવનને ભીંજવી રહેલા કોઈ ભાવનું પ્રતિબિંબ બની રહે છે, જ્યાં ચુંદડીને ચુંદડલી કહ્યા વગર મન માનતું નથી અને એનુ વારંવાર થતું ભાન એમાં વારંવાર આવર્તન કર્યા વગર સંતોષાતું નથી. ઊર્મિ આખા જીવનને, વાતાવરણને, સૃષ્ટિને કાંઈ એવો અજબ પલટો આપી રહે છે કે તેનું ઉચ્ચારણ, વિલક્ષણ ભાષા, વિલક્ષણ લ્હેક–ઝોક, વિલક્ષણ શબ્દલાડ, વિલક્ષણ ઉદ્‌ગાર. વિલક્ષણ આવર્તન વગર થઈ જ શકતું નથી. એ જીવંત–જલવંત ઉર્મિને અક્ષર દેહમાં–શબ્દદેહમાં ઉતારવાની ક્રિયા એનું નામ કવિતા.

આપણે કવિતાને ઘણે ઘણે પ્રકારે ઓળખાવી: એમાં સાચું ઓળખાણ અત્યારે આપણને મળ્યું. **ઊર્મિને અક્ષરાકારમાં ઉતારનાર સાધન એ કવિતા!** દેહ અક્ષરનો–શબ્દનો. પરંતુ એનો આત્મા ઊર્મિનો. ઊર્મિ સાચી હોય તો જ કવિતા સાચી. ઊર્મિ જલવંત હોય તોજ કવિતા જલવંત. ઊર્મિ ઉંડાણભરી હોય તો જ કવિતા ઉંડાણભરી–સામર્થ્યભરી. લાગણી ન હોય તો શબ્દો જુઠા પડીજાય છે. ઊર્મિ અને શબ્દાવલિ એકસરખી [સપાટીએ મળે ત્યાં સાચી કવિતા જન્મે છે.

માટે કવિતા અસામાન્ય ભાષામાં ઉતરે છે. માટે જ કવિતાને યાદ રખાય છે. માટે જ એની ઘેલછા અને વિચિત્રતા ગમે છે. ઊર્મિનો ઉછાળો જેમ દેહને હલાવી નાખે છે તેમ શબ્દરચનાને પણ હલાવી નાખે છે.

ઊર્મિ એટલે માત્ર પ્રેમ નહીં. સ્ત્રી-પુરુષના સ્નેહમાંથી ઉપજતી ઊર્મિ એક પ્રકાર જ છે, જેમાંથી શૃંગારરસ ઉપજે છે. પરંતુ દેશપ્રેમ, ન્યાય, પ્રેમને અંગે ઉપજતી ઊર્મિ આપણામાં વીરત્વ પ્રેરે છે, જેમાંથી વીરરસ ઉદ્‌ભવે છે. જીવનમાં આંસુપ્રેરક પ્રસંગો બને છે અને આપણા હૈયાને આર્દ્ર બનાવે છે એ કરુણ રસ. નદીતટ, વન ઉપવન કે દેવ દેવાલય નિહાળતાં આપણીઊર્મિ પરમ શાન્તિ પામે છે જેમાંથી શાન્ત રસ જન્મે છે. બાળક પ્રત્યે ઊપજતા ભાવને આપણે વાત્સલ્ય કહીએ છીએ, જે વત્સલરસને ઉપજાવે છે. કોઈ વિચિત્રતા નિહાળતાં આપણને વિસ્મય ઉપજે, ભય લાગે, કે કંટાળો આવે ત્યારે અદ્દભુત, ભયાનક અને બીભત્સ રસ જાણે છે. ઊર્મિની **તીવ્રતા એટલે રસ. ઉપજાવે એવી શબ્દરચના તે કવિતા.** નવ કે દસ પ્રકારની ઊર્મિઓનું વર્ગીકરણ કરી આપણા પંડિતાએ નવ કે દસ–રસને કવિતાના ઉદ્દેશ તરીકે આગળ કર્યા છે. હવે કવિતા શું એ સહજ સમજાયું ?

આ કવિતા ગવાય કે કેમ ? પંડિતોને પ્રશ્ન થયો છે. આજથી નહિ, કૈંક સમયથી. કવિતાને અને સંગીતને શો સંબંધ ? આવો પ્રશ્ન ઘણાને મૂંઝવી રહ્યો છે અને લગભગ એવું માનસ પણ વિકસી આવ્યું છે કે જે ગવાય એ કવિતા જ નહિ એવો સિદ્ધાન્ત સામાન્ય થતો જાય છે સંગીતને અને કવિતાને જાણે વેર ન હોય એવો ખ્યાલ ઉપજવા માંડયો છે. પરંતુ એ કવિતા ગવાતી હોય તો તે ગાવામાં જરાય હરકત નથી; માત્ર એટલું જ કે ન ગાનાર જગતમાં પણ કવિતા હોઈ શકે ખરી. એ કવિતા નાની હોય, મોટી હોય; એમાં વાર્તા હોય, પ્રસંગ હોય કે માત્ર ભાવનિરૂપણ હોય. એ સાદી પણ હોય અને અલંકારથી ભરેલી પણ હોય. એમાં વાસ્તવતા પણ હોય અને

કલ્પનાનાં ઉડ્ડયન પણ હોય. પૂર્વપક્ષ કે આગ્રહ દુરાગ્રહ સાથે કવિતા પાસે ન જવું. સદ્‌ભાવથી કવિતા પાસે આપણે જઈશું તો શબ્દની કુંચીઓ વડે ઊઘડતાં કલ્પનાઊર્મિનાં અનેક રંગીન સ્વર્ગ કવિતા આપણી સામે ખુલ્લાં મૂકી દેશે. કવિતા એ માનવજાતની એક મહાન વાણી-સંસિદ્ધિ.

# ગુજરાતી સાહિત્યની ઉણપો

૧

સાહિત્ય એ જો જીવનનું સાચું પ્રતિબિંબ હોય તો જેટલી ખામી જીવનમાં એટલી સાહિત્યમાં. આપણે આપણો વાંક ન કાઢીએ. આપણને ઘડનાર વાતાવરણનો પ્રથમ દોષ જોઈ લઈએ. આપણને–ગુજરાતીઓને ઘડનાર કયાં કુદરતી બળો હશે ?

ગુજરાતી ભાષાને ઘડનારી બે મુખ્ય શક્તિઓ તે ઇતિહાસ અને ભૂગોળ.

ઇતિહાસની દૃષ્ટિએ ગુજરાતી જીવનમાં બે વિશિષ્ટતાઓ જોઈ શકાય છે :

૧ લગભગ તેરમી સદીના અંતથી તે વીસમી સદીના મધ્યભાગ સુધી ગુજરાતનું રાજકીય જીવન મુખ્યત્વે પરતંત્ર જ રહ્યું છે, અને જો કે ગુજરાતી સુલતાનોએ ગુજરાતનું સ્વાભિમાન સાચવના મથન કર્યું છે છતાં દોઢ બે સદીની ગુજરાતની મુસ્લિમ સ્વતંત્રતા પણ સોળમી સદીથી – એટલે અકબરના સમયથી–અસ્ત પામી ગઈ. નાનાં નાનાં રાજપૂત રાજ્યો અને ઠકરાતોનું સ્થાનિક સ્વાભિમાન અમુક અંશે ઉગ્ર હશે ખરું; પરંતુ એથી સમસ્ત ગુજરાતને વેગ આપતી કોઈ જોરદાર ઊર્મિ જાગ્રત ન થઈ. મરાઠા અને શીખ ઇતિહાસ જેવા સમસ્ત હિંદને આવરી લેવાની શક્તિ ધરાવતાં, ધાર્મિક, રાજકીય કે રાષ્ટ્રીય આંદોલનો ગુજરાતમાં જાગ્યાં નહિ અને પરિણામે ગુજરાતી ભાષામાં ઝોક, આઘાત, કઠોરતા, મર્દાનગીસૂચક ઉચ્ચારણનો અંશતઃ અભાવ જોવામાં આવે છે. કાઠિયાવાડી લઢણમાં અમુક અંશે ઝોક છે ખરો, પરંતુ તે હિંદી કે ઇંગ્લીશ ભાષા સરખો નથી; અને જે છે તે ગુજરાતના વધતા જતા પરિચયે ઘસાતો જાય છે. શૂર પ્રજામાં જે ભાષાના ઉચ્ચારણનું જોર આવે તે ઉચ્ચારણનું જોર ગુજરાતી ભાષામાં નથી. અને ડોલનશૈલી તેમ જ સોનેટ અને ગુલબંકી જેવા

પ્રયત્નો છતાંય ગુજરાતી ભાષાના ઉચ્ચારણોમાં પૂરું જોર હજી આવ્યું નથી. ઉચ્ચારણ એ સાહિત્યનો મહત્ત્વનો ભાગ છે. એટલે ઉચ્ચારણની શક્તિહીનતા ગુજરાતી સાહિત્યને પહેલે જ પગથિયે નડે છે, અને ભારે ઉણપ તરીકે લાગ્યા કરે છે. 'શું શાં પૈસા ચાર' પૂરતો દુહો છેક અર્થહીન નથી એમ છાનું છાનું પણ આપણે સ્વીકારવું પડે. આમ ગુજરાત ઘડાયું ખરું, પરંતુ ઇતિહાસે એને બહુ બળ ન આપ્યું.

૨. ઇતિહાસ ઉપરાંત ભૂગોળ પણ ગુજરાતી સાહિત્યને ઘડે છે. ગુજરાતને વિસ્તૃત સમુદ્રકિનારો છે. અને પૂર્વ – પશ્ચિમની દુનિયા સાથે હિંદને સાંકળી લેવામાં ગુજરાતે મહત્વનો ભાગ ભજવ્યો છે. એ દરિયાઈ વિસ્તારે દરિયાઈ સફરોની અંશતઃ તાકાત ગુજરાતને આપી છે. છતાં ગુજરાતનાં વ્યાપાર અને ખેતીની આબાદીએ તેના શૌર્ય સાહસ ઉપર ઠંડક પાથરી દીધી છે. ગુજરાત એ મુખ્યત્વે દરિયાઈ કિનારો હોવા છતાં Britania Rules The waves એવું કદી ઉચ્ચારણ ગુજરાતે કર્યું નથી. તેની વૃત્તિ વ્યાપારી અને આંતર દેશીય–Cosmopolitan થઈ ગયેલી હોવાથી, તેમાં જોરદાર રાષ્ટ્ર-ભાવના ઝળહળી ઉઠતી નથી, જો કે એ જ Cosmopolitan વૃત્તિએ ગુજરાતને ગાંધી જેવી વિશ્વવંદ્ય વ્યક્તિ આપી છે. સાંકડું અને તથા જોરદાર અભિમાન કે દેશાભિમાન આ કારણે ગુજરાતમાં નથી અને તેથી તેના સાહિત્યમાં જોરદાર રાષ્ટ્રઅભિમાનનો પડઘો આપણે માગીએ એટલો પડ્યો નથી. ન્હાનાલાલનું દેશાભિમાન વેરાઈ જઈ હેગ કૉન્ફરન્સની વિશ્વ ન્યાયમંદિરની ભાવના તરફ વળે છે. ગાંધીજીનો હિંદ–પ્રેમ ઉમાશંકરની "વિશ્વશાંતિ" માં વ્યાપક બની જાય છે. દેશાભિમાનના પ્રથમ આવેશમાં નર્મદે "જય જય ગરવી ગુજરાત" ગાયું, છતાં બંગાળને ઉદ્દેશીને ગવાયલું 'વંદેમાતરમ્' જેમ સમગ્ર હિંદનું ગીત થઈ પડયું તેમ ગુજરાતનું કોઈ દેશાભિમાની ગીત આખા હિંદને મોઢે ચઢી શક્યું નથી. ગુજરાતી સાહિત્યમાં આમ ઉદાર વ્યાપકતા ખરી, આબાદીની છાપવાળા સંસ્કારો ખરા, અને ઉદારતાભરી કુમળાશ પણ ખરી; પરંતુ ઇતિહાસ અને ભૂગોળે મળી તેનામાં વીરત્વ સાથે વણી લીધેલું અને ઊંડી ઊર્મિ ઉછાળતું દેશા-

ભિમાન ગાળી કાઢ્યું છે. આ બે ઊણપો ગુર્જર સાહિત્યમાં ખાસ દેખાઈ આવે છે.

૩ કદાચ આ જ કારણોને લઈને એક ત્રીજી ઊણપ પણ ગુર્જર સાહિત્યની દેખાઈ આવશે. ગુજરાત પોતાની વિભૂતિઓને બહુ ઓળખાતું નથી. પરિણામે ટાગોર અને ઈકબાલ જેમ બંગાળ અને પંજાબ ઓળંગી જઈ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યા, તેમ ગુજરાતી સાહિત્યનો કોઈપણ અગ્રણી એવી ખ્યાતિ પામી શક્યો નથી. સંભવિત છે કે ગુજરાતી પ્રજાની માફક ગુજરાતી સાહિત્યકારને વિશ્વવ્યાપક થવાની ઊંડી અને ક્રાંતિકારી લાલસા ન પણ હોય. એ લાલસાનો એ અભાવ સારો કે ખોટો એ પ્રશ્ન બાજુએ મૂકીને આપણે તેની અસર તો જોઈ શકીએ જ છીએ કે ગુજરાતી સાહિત્ય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ભલે ન પામ્યું હોય, પરંતુ તે આંતરપ્રાંતીય ખ્યાતિની પણ વંચિત રહેલું છે. હિંદના બીજા કોઈપણ સાહિત્ય સાથે ઊભા રહેવાની આજના ગુજરાતી સાહિત્યમાં શક્તિ હોવા છતાં અન્ય પ્રાંતોના સાહિત્ય જેટલી તેની હિંદમાં પ્રતિષ્ઠા તો નથી જ.

૪ ગુજરાતની આબોહવા તેમ જ ગુજરાતની અન્ય પ્રાંતો કરતાં સુખી અવસ્થા ગુજરાતી સાહિત્યને અભ્યાસના મહાઊંડાણોમાં પહોંચવા દેતી નથી. ગુજરાતમાં અભ્યાસીઓ નથી એમ નહિ, ભગવાનલાલ ઇંદ્રજીએ પુરાતત્ત્વ સરખા વિશિષ્ટ અભ્યાસના પ્રદેશમાં આખા હિંદમાં પહેલ કરી એમ કહી શકાય. છતાં અન્ય પ્રાંતોના અભ્યાસોની સરખામણીમાં ગુજરાતના પંડિતો અને અભ્યાસીઓને ભાગ્યે જ ઊભા રાખી શકાય–સંખ્યાની દૃષ્ટિએ અને ગુણની દૃષ્ટિએ. આમ ગુજરાતી સાહિત્યની ઊણપો જોવા જઈશું તો નીચેની ઊણપો દેખાઈ આવશે :

૧ :–ભાષાના ઉચ્ચારણમાં પૂરતા બળનો અભાવ.

૨ :–દેશાભિમાનનું છીછરાપણું અને દેશાભિમાનની પાર વેરાઈ જઈ નબળાં બની જતાં ઊર્મિ ઊંડાણો.

૩ :–આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચવાની સાહિત્યની અશક્તિ.

૪ ;–અભ્યાસ માટેની શક્તિ, ખંત, ઊંડાણ અને ચીવટાઈનો અભાવ.

# નાટક

## નાટકનો જન્મ

સંસ્કૃતિનું પ્રભાત એટલે કલાઓનો ઉદ્દભવ. નૃત્યને કેટલાક વિચારકો આદ્ય-કલા માને છે. સંસ્કૃતિપૂર્વ યુગમાં પણ કદાચ નૃત્ય હોય. ચાર દંતશૂળવાળા હાથીને કે દુશ્મન માનવીનું ડોકું કાપી નાખીને આપણા જંગલી પૂર્વજને થયેલો આનંદ એણે નાચીને વ્યકત કર્યો હોય એ સંભવિત છે. સૂર્ય, ચંદ્ર, તારાને નિહાળતાં થતું આશ્ચર્ય, ખરી ભૂખ વખતે કોઈ વૃક્ષે આપેલાં ફળથી થતો આનંદ, ઝંઝાવાત-દાવાનળ કે ધરતીકંપનો અનુભવ થતાં ઉપજતો ભય, અને મગરના મુખમાંથી કે સિંહની તરાપમાંથી અકસ્માત બચી જતાં ઉત્પન્ન થતું વિસ્મય અને અગમ્ય પ્રત્યેનો ઉપકાર દર્શાવવા માનવી દેહની ગતિ વડે પ્રયત્ન કરે એ બહુ જ સ્વાભાવિક છે. માનવીનો દેહ માનવીનો પોતનો જ છે. એના હાથ, પગ, કમર, ભમર, ગ્રીવા, અંગુલિ, આંખ, આશ્ચર્ય, આનંદ, ભય કે આભાર દર્શાવવા માટે તેના પ્રથમ સાધન. એ સાધનોને ગતિ આપતાં તેમાંથી નૃત્ય જાગી ઉઠે છે.

આમ માનવીનો ગાત્રભંગ, અંગવિક્ષેપ, દેહ, દેહાંગ ને દેહની મર્યાદામાં જ રહીને મળતી ગતિ એ કલાનું આદ્ય પ્રાથમિક સ્વાભાવિક સ્વરૂપ.

ગાત્રભંગ, અંગવિક્ષેપ કે અંગગતિ અંગમાં જ સમાઈ ન રહેતાં સ્થળ–Space–માંના હાથ, પગ કે મસ્તક વિસ્તારમાં ગતિ કરે ત્યારે તે નૃત્યની પ્રાથમિક કક્ષાએ પહોંચે છે. એ નૃત્ય વિકાસ પામી તાંડવ તથા લાસ્યના બે મુખ્ય ભેદમાં વહેંચાઈ જાય છે. ઉદ્ધત, ચડ, જોમ ભરેલી ગતિ માગતું નૃત્ય તે તાંડવ અને મધુર સુકુમાર ગતિ પ્રદર્શિત કરતું નૃત્ય તે લાસ્ય.

ભરત, કથકલી, કથ્થક અને મણિપૂર નૃત્યના પ્રકારો અત્યારે લોકપ્રિય બનતા જાય છે. ગુજરાતના ગરબાને પણ નૃત્યનો સાદો પ્રકાર

કહી શકાય. એના વિકાસની સારી શકયતાઓ છે.

* * *

નૃત્યમાં અનુકરણ–અભિનય ભળે, કોઈના ચાળા પાડવાના હોય, કોઈનો સ્વાંગ ભજવવાનો હોય ત્યારે નૃત્યમાંથી ગતિ ઘટી જઈ અભિનયના પ્રયોગ ઉપર ભારે ભાર મૂકતાં નાટયરચનાનો ઉદ્દભવ થાય છે. દેહની ગતિ ઉપરાંત હલન, વાણી અને વેશની સહાય એ પ્રયોગને મળી જાય છે. એટલે દેહની માત્ર કલામય ગતિને ગૌણ સ્થાને મૂકી સ્વાભાવિક હલન-ચલન, ઉચ્ચારણ અને સ્વાંગનો આશ્રય લઈ નાટક રચવામાં આવે છે.

એ પહેલાંજ નૃત્ય વ્યક્તિગત મટી ગયું હોય છે; એ સામુદાયિક બન્યું હોય છે. એક જ વ્યકિત નહિ પણ આખો જનસમૂહ નૃત્યમાં ભાગ લે, આખી કોમ Community ગ્રામ સમૂહ, જ્ઞાતિ – Tribe – નો સમૂહ એ નૃત્યના વંટોળમાં સર્જકતા ધારણ કરતાં બની જાય છે. અને એક કરતાં વધારે વ્યક્તિ નૃત્યમાં ભેગી મળે એટલે નાટકનાં પાત્ર – પાત્રાલેખન કે પાત્રસર્જનની આદ્યરચના આપોઆપ ઉપસી આવી નાટકના પ્રફુલ્લ ઉઘાડની પકવતા ધારણ કરે છે.

સ્ત્રી એકલી નર્તન કરે કે પુરુષ; તેમાં પુરુષ કે સ્ત્રી ભાગ લેવા પ્રેરાય, એટલે આખું નૃત્ય – આલેખન જુદી જ ભૂમિકા ધારણ કરે. પાત્રરચનાની સૃષ્ટિનો અહીં ઉદ્દભવ. સ્ત્રી અને પુરુષ ભેગાં થાય એટલે આખી માનવ-સૃષ્ટિનું એકમ રચાય. ભાવ અને પ્રસંગની પરંપરા એક બીજાને અસર કરતી, એક બીજાનો આશ્રય લઈ વિકસતી આખા જીવનને કે એ જીવનના જીવંત ટુકડાને અભિનયમાં ઉતારી ફરી પ્રત્યક્ષ કરે છે, અને તેમાં ઊર્મિ કે પ્રસંગને વધારે શણગારવાનો, એને વધારે સ્પષ્ટ કરવાનો મોકો મેળવે છે.

સ્ત્રી અને પુરુષનો સંસર્ગ એટલે માનવસૃષ્ટિનું એકમ. એ એકમનો મુખ્ય ઝોક સર્જનના કોઈ અગમ્ય ઉદ્દેશને લઇને અનિવાર્ય –લગભગ અપરિહાર્ય–આકર્ષણનું સ્વરૂપ ધારણ કરે છે જેને આપણે સામાન્ય ભાષામાં પ્રેમને નામે ઓળખીએ છીએ. એ આકર્ષણનો ઉદ્દભવ આકર્ષણમાં આવતાં વિઘ્નનો સામનો કરવા માટેનો માનવ પ્રયાનો, પ્રયત્નોની સફળતા કે નિષ્ફળતા : વ્યક્તિગત આકર્ષણની

સફળતા કે નિષ્ફળતાની આખા સમાજ ઉપર થતી અસર: આ જીવનના મહાજોમભર્યાં યૌવનનો મુખ્ય ઇતિહાસ; આખા જીવન ઉપર છાયા પાથરતો એ જીવન રંગ.

આકર્ષણનો ઉદ્‌ભવ ઝઘડામાંથીયે થાય, અગર અકસ્માતે 'મળી દૃષ્ટાદષ્ટ' માંથી પણ થાય, અને સહવાસના પરિણામે પણ તે ઉદ્‌ભવે. માત્ર સૌંદર્ય પણ એ અસર ઉપજાવે. અથવા ભવ્ય વીરત્વભર્યું સાહસ તેને જન્માવે; અગર સહભાવના નાનકડા ટુકડામાંથી સૌરભ ઉપજી સ્નેહમાં પરિણામ પામે.

વિઘ્નો પણ વિવિધતાભર્યાં જ હોય. વડીલ તે ઊભાં કરે; કોમ વિઘ્નોને જન્માવે; આર્થિક અસમાનતા કે સાંસ્કારિક ઘર્ષણ અણધારી દીવાલ ઉપજાવે; ધર્મ વિરોધ આડે આવે અગર દેશ દેશાંતર પ્રેમીઓને કેદમાં પૂરીરાખે.

વિઘ્નો ઉપર વિજય પણ મળે અગર સામે પરાજય પણ ઊભો થાય. માનવ એક સ્ત્રી અને પુરુષ એ વિઘ્નો સામે કેવા મોરચા રચે છે, પ્રાણ હાથમાં લઈ શહીદી સાધે છે કે વિઘ્નની પહેલી ઝપટમાં વીરત્વ ખોઈ સામાન્યતામાં સમાઇ જાય છે એના ઉપર એ આખા એકમની સમાજમાં કિંમત થાય છે–વિરોધ હોય છતાં ઊર્મિને પ્રેરે એવું, ઊર્મિને શણગારે એવું યુદ્ધ–ઘર્ષણ–વ્યક્તિપ્રસંગ મટી આખા સમાજની મિલકત બની જાય છે, અને એવો પ્રસંગ અનુકરણ યોગ્ય, આવર્તન કરવા યોગ્ય હોવાથી એક એવું વસ્તુ બની જાય છે કે જેમાંથી કવિતા, વાર્તા કે નાટકનું પ્રાણવાન મધ્યબિંદુ મળી આવે છે, જેની આગળ પાછળ આખો સમાજ પોતાની ઊર્મિ, પોતાના આદર્શ, પોતાના વ્યવહાર બાંધવા મથે છે.

પરંતુ રખે કોઈ એમ માને કે માત્ર આકર્ષણ–જાતીય આકર્ષણ–પ્રેમ જ માનવજીવનનું એકલું એક જ મધ્યબિંદુ બની રહે છે. એ જરૂર મુખ્ય જીવન કેન્દ્ર છે; છતાં કેટલીય વાર એ આકર્ષણ પ્રેમનો ભોગ પણ જીવન કાર્ય બની રહે છે.

વળી જાતીય આકર્ષણથી પર રહેલા અનેક માનવભાવ છે જેમણે માનવ સંસ્કૃતિને આગળ વધારી છે. માતા, પુત્ર, ભાઈબહેન,

બહેન તથા પુરુષ-સ્ત્રી મિત્રોનાં આકર્ષણ પણ જીવનમાં નજીવો ભાગ ભજવતાં નથી. કોઈપણ પ્રનંગે સ્ત્રી પુરુષ વચ્ચેનો સંબંધ-મૈત્રી-જાતીય આકર્ષણના જ પરિણામરૂપ હોય છે એવી કોઈ કોઈ સરખા જાતીય વિજ્ઞાનના નિષ્ણાતની માન્યતા સાચી હોય કે ખોટી, છતાં જાતીય આકર્ષણના જાણીતા સ્વરૂપમાં જ સ્ત્રી પુરુષના બધાય સંબંધો પરિણામ પામતા નથી એટલે આપણે તો વ્યવહારુ ઢબે એ સંબંધો જાતીય આકર્ષણની સીમા બહારના જ મહત્ત્વના સંબંધો માની લેવા હરકત નથી.

અને પુરુષ પુરુષ વચ્ચેના વ્યવહાર પણ ઓછા ઉન્નતિસાધક હોતા નથી. પિતા પુત્ર, સેનાપતિ અને સિપાહી, રાજા અને અંગરક્ષક, મિત્રો, ગુરુ અને શિષ્ય જેવા સંબંધોએ પણ સંસ્કૃતિને ઊંચે વધારવામાં ઠીક સહાય આપી છે.

આમ પુરુષ સ્ત્રી વચ્ચેના, પુરુષ પુરુષ વચ્ચેના તેમજ સ્ત્રી સ્ત્રી વચ્ચેના સંબંધોમાંથી જીવનને ભરી દેતા પ્રસંગો અને વ્યવહારો રચાય છે, જે કલાના સાધન બની રહે છે. હિંદુ સંસારમાં સાસુ વહુનો વિશિષ્ટ સંબંધ સ્ત્રી સ્ત્રી વચ્ચેનાં એક અત્યંત ઉત્તેજક વ્યવહારને સ્ફૂટ કરે છે એ છેક અજાણ્યું નથી.

વળી અનેક એકમો ભેગાં થઇ સમૂહ રચે એ પાર્શ્વભૂમિ પણ વ્યકિતગત એકમો માટે મહત્ત્વની ભૂમિકા છે.

એ રીતે આખું જીવન અને જીવનની વિવિધતા અનુકરણને પાત્ર. પ્રદર્શનને પાત્ર. સ્ફોટને પાત્ર બની રહે છે, જે પાંત્રતામાંથી કલાનો, નાટકનો ઉદ્‌ભવ થાય છે.

* * *

સહુથી પ્રથમ કલા પ્રદર્શન એટલે વ્યકિતનું નૃત્ય,

એમાં યુગ્મ ભળે, અનેક યુગ્મ ભળે અને તેમાંથી સામુદાયિક નૃત્ય રચાય.

સામુદાયિક કે વ્યકિતગત નૃત્ય સર્વાનુકૂળ અને સર્વપ્રિય બનવા માટે તાલ ઠેકો, લય, માગી નિયમિત, પ્રમાણબદ્ધ થતું જાય અનિયમિત કૂદકા, ઉછાળા અને છલંગો સહુને ભાગ લેવા માટેની અનુકૂળતા

કરી આપવા માટે મર્યાદિત, આંખને ગમે એવી સૌષ્ઠવભરી અને પ્રસંગાનુકુળ ગતિયોજના જરૂર માગે.

અને ધીમે ધીમે મહાન; શાસ્ત્રીય મુદ્રાઓથી ગ્રંથિત અને અંગ-વળોટની સુશ્લિષ્ટ પરંપરાવાળું નૃત્યશાસ્ત્ર ઊભું થઇ જાય છે.

તાલ અને લય આવતાં સંગીત જરૂર પ્રવેશ પામવાનું. સંગીતનો એક મહાગુણ છે અણધારી જગ્યાઓમાં, અણકલ્પ્યા પ્રસંગોમાં એ માનવકલા પ્રવેશી જાય છે. મુખ્ય કલા તરીકે અગર ગૌણ અંગ તરીકે પણ સંગીતને જ્યાંત્યાં ઘૂસી જતાં આવડે છે. સંગીતમાં એવું આવકાર-પાત્ર તત્ત્વ રહેલું છે કે એક વખતે પ્રવેશ પામ્યા પછી તેને ત્યાંથી ખસેડવું મુશ્કેલ બની જાય છે- લગભગ અશક્ય બની જાય છે.

પછી તેમાં ભળે છે અભિનય-અનુકરણની કલા. અનુકરણ માત્ર અનુકરણ રહેતું નથી, નકલમાં અસલને સુધારવાનો, શણગારવાનો, ઘેરા રંગ પૂરવાનો સ્વભાવ પણ રહેલો હોય છે. અહીં નાટકનું મુખ્ય તત્ત્વ માનવીની નૃત્યકલામાં પ્રવેશ પામી મૂળ નૃત્યકલાને સહાયરૂપ બની નૃત્યનો ઉપયોગ ગૌણ બની જાય એવી સ્થિતિ ઉત્પન્ન કરે છે-અગર એમ પણ કહી શકાય કે નૃત્યમાં થતા અંગમરોડમાં બીજાં તત્ત્વો દાખલ કરી નર્તનના ઉદ્દેશને વધારે સ્ફોટન આપે છે.
નૃત્યમાં અમુક અંશે આંગિક અભિનય તો હતોજ. તેમાં એક બાજુ-એથી તાલ. લય અને સંગીત ભળી તેને શાસ્ત્રીય બનાવે છે અને બને એટલા ભાવ નૃત્યની મર્યાદામાં રહીને સ્પષ્ટ થાય એવી સ્થિતિ ઉત્પન્ન કરે છે.

બીજી પાસ અભિનયની સહાયમાં વાણી-ભાષા અને વેશ રચનાનો આશ્રય લેવામાં આવે છે. કલાને અભિનયની અહીં બહુ મોટી સહાય મળી જાય છે. હાથ, આંખ કે મુખનાં હલનચલનથી જે ભાવ દર્શાવાય તે ભાવને વાણીથી વધારે સ્પષ્ટતા મળે છે. રુદન વિરહથી પણ થાય અને વાગવાથી પણ થાય. બન્ને ભાવ નૃત્યથી જરૂર બતાવી શકાય. છતાં વ્યાપકતા બન્ને ભાવનો તફાવત વધારે સ્પષ્ટ કરે છે. ઇષ્ટપ્રાપ્તિથી રોમાંચ જરૂર ઉત્પન્ન થાય. એ નૃત્યમાં ઉતરી શકે, પરંતુ રોમાંચ કોઈ આરાધ્ય દેવને પ્રાપ્ત કરવાથી થાય કે આરધ્ય પ્રેમીને પ્રાપ્ત કરવાથી

થાય છે એની સ્પષ્ટતા વાણી દ્વારા જ વધારે સરળતાથી થઈ શકે.

અહીં વાણીનો—ભાષાનો પ્રવેશ થતાં નૃત્યકલા પાસે આખી સાહિત્યસૃષ્ટિ ઊભી થઈ જાય છે. વ્યક્તિગત જીવનના પ્રસંગો, સામાજિક જીવનના પ્રસંગો, સમાજના હૃદયમાં કોતરાયેલાં ઇતિહાસ, કથાનક, દંતકથા કે લોકકથા અને તેમાં ઉભા થતા આદર્શ, વ્યક્તિ, નમૂના અને પ્રતીકો બળપૂર્વક આપણા હૃદયમાં જાગૃત થાય છે, નૃત્યનો કબજો ઘટી જઈ સાહિત્ય એ આખી પ્રદર્શનકલા ઉપર ફરી વળે છે, અને નાટકનો અલગ દેહ રચના પામે છે.

*

એક રીતે એ વિકાસ જ છે. પ્રભાપ્રદર્શન-ઊર્મિપ્રદર્શન-પ્રસંગ પ્રદર્શન એ કલાનાં પ્રેરણાઝરણ. સાહિત્ય અને નૃત્ય વચ્ચે થતી ખેંચાખેંચીમાં બન્ને કલામાર્ગ જુદા બની જાય છે, પરસ્પર સહાયક હોવા છતાં પ્રત્યેક કલા પોતાનું સ્વતંત્ર જીવન શરૂ કરે છે અને મુખ, હસ્ત, અંગવળોટ, અંગુલિ ચિત્રણ તથા પગગતિની અદ્દભુત પરંપરા યોજતું, સંકોચાઈને પણ મુદ્રાઓમાં અત્યંત ભવ્ય અને અત્યંત નાજુક ભાવ સ્ફોટન કરતું નૃત્ય પોતાનો માર્ગ સ્વતંત્ર રીતે નિશ્ચિત કરી લે છે. નૃત્યથી અલગ પડી જતું સાહિત્ય વાણીના ઉપયોગ દ્વારા ભાવ પ્રદર્શનનો માર્ગ ગ્રહણ કરી નાટકનો એક સ્વતંત્ર ભવ્ય કલામાર્ગ ઊભો કરે છે.

નૃત્ય નાનું પણ Intense—ઊંડાણભર્યું અને ભરચક નકશીવાળું બની જાય છે.

નાટક વિસ્તીર્ણ, વિવિધ કલા ટુકડાઓને ઉપયોગમાં લઈ ઊંડાણ વધારવા મથતો, સાહિત્યનો એક મહાવિભાગ બની રહે છે.

અભિનય બન્નેમાં છે—નૃત્યમાં તેમ જ નાટકમાં. એ આંગિક અભિનય અવયવો વડે ભાવ પ્રદર્શિત કરવાની કલાનો આશ્રય બન્નેને. પરંતુ બન્નેમાં આંગિક અભિનયનાં સ્વરૂપ બદલાતાં જાય છે. નૃત્ય અંગમાં જ સંકોચાઈ જાય છે અને મુદ્રાઓની વિસ્તીર્ણ શાખા-પ્રશાખાઓમાં ખીલી નીકળે છે. નાટક વિસ્તીર્ણ ફલક મેળવે છે. વધારે સ્પષ્ટતા ઉપસાવે છે, આંગિક અભિનયમાં જ બધી અસર

ઉપજાવવાના પ્રયત્નને બદલે વાણીઉચ્ચારણની પણ સહાય લે છે, અને કલાની સચોટતા માટે વિધવિધ ઉપસ્કરો ઉપજાવ્યે જાય છે.

નૃત્ય પણ ભાવ પ્રદર્શિત કરે; નાટક પણ પ્રદર્શિત કરે. નૃત્ય એક ભાવ લઈ તેના કણે કણ છુટ્ટા પાડી બતાવી આખી એક ભાવ રમતને પ્રત્યક્ષ કરે; નાટક વિવિધ ભાવનો જૂદી જૂદી ઢબે આશ્રય લઈ એક મુખ્યભાવને પોષવાનો, પ્રત્યક્ષ કરાવવાનો સળંગ પ્રયોગ કરે.

નૃત્યમાં કથાનક હોય, પણ તે નાનું–એક જ ભાવને પ્રફુલ્લિત કરે એવું.

નાટક કથાનક વગર સર્જાય જ નહિ. એમાં એક જ ભાવ કદાચ આવી શકે. છતાં એકલી મુદ્રાનો ઉપયોગ ન થાય. મુદ્રા અને વાણીનું ઉચ્ચારણ એ બે મળી નાટકના ભાવનું સર્જન થાય. એકલી મુદ્રાની નાજુકી નાટકમાં કાં તો અગમ્ય બને અગર હાસ્યજનક બને. એકલી વાણી તો નિરર્થક બૂમરાણ બની જાય. મુદ્રા અને વાણીનો સુભગ સંયોગ એ નાટકના અભિનયનું મુખ્ય લક્ષણ.

ઘણું ખરું નાટક અનેક ભાવશ્રેણીઓની વિશાળ રચના બની રહે છે. વાણી અને કથાનક–વસ્તુ એ બન્ને એના Compelling–નિયામક તત્ત્વો બની રહે છે–જે નૃત્યમાં ગૌણ–અતિ ગૌણ–નહિવત્ હોઈ શકે.

* * *

અભિનય એટલે કોઈ પણ અવસ્થાનું અનુકરણ: કોઈ પણ ઊર્મિ, સ્થિતિ કે પ્રસંગનું તાદૃશ્ય ચિત્રણ.

આપણા રસવિવેચકો ચાર પ્રકારના અભિનય કહે છે :

૧ આંગિક—અવયવો દ્વારા પ્રત્યક્ષ કરાતી અવસ્થા. નાટક નૃત્ય બન્નેમાં જરૂરી,

૨ વાચિક—વાણી દ્વારા પ્રત્યક્ષ કરવામાં આવતી અવસ્થા. વાચિક અભિનય નૃત્યમાં ન હોય. નાટકમાં વાચિક અભિનય મુખ્ય બની રહે છે.

૩ આહાર્ય—વેશરચના દ્વારા થતો અભિનય. નૃત્યમાં તેમ જ નાટકમાં ઉપયોગી. છતાં નાટકના વિસ્તીર્ણ સ્વરૂપને જોતાં નાટકમાં એ

બહુ જ મહત્ત્વનું સ્થાન ભોગવે છે–જેટલું નૃત્યમાં તેને સ્થાન ન હોય. વેશભૂષા પણ મહત્ત્વનો અભિનય કેમ બની રહે છે એ નાટક આપણને બહુ સ્પષ્ટ કરી આપે છે.

૪ સાત્વિક અભિનય—સત્વરૂપ–fundamental ભાવથી જે મુખચેષ્ટા કે દેહચેષ્ટા આપોઆપ થાય તેનું ચિત્રણ.

સાત્વિક અભિનય જુદા પ્રકારે કેમ વર્ણાય છે એ જરા ન સમજાય એવી વસ્તુ છે. અંગ અને વાક્ અભિનયમાં તેનો સમાવેશ થઈ જાય એમ લાગે છે. છતાં આપણા સંસ્કૃત રસવિવેચકોએ આ અભિનય જુદો કેમ પાડ્યો છે એ વસ્તુ વિચારણા માગે છે.

અભિનય ભલે નૃત્યમાં હોય કે નાટકમાં, બન્નેની પાર્શ્વભૂમિ અને બન્નેનાં વાહક સાધન નિરાળાં હોવાથી નૃત્યના અને નાટકના અભિનયમાં ભારે ફેર સ્વાભાવિક રીતે જ પડી જાય.

નૃત્ય આમ એક રીતે વિકાસ પામતું, નવાં નવાં તત્ત્વોની મદદ સ્વીકારતું વાણીનો આશ્રય લેતાં બરોબર સાહિત્યનો ધ્વજ સ્વીકારી લેતું નાટક બની જાય છે.

બીજી પાસ નાટકમાં પોતાનું વ્યક્તિત્વ ભુલાઈ–ભુંસાઈ ન જાય એ અર્થે નૃત્ય વાણી આગળ અટકી ઊભું રહે છે, તેમાં ભળી જવાને બદલે સ્વતંત્ર રહી પોતાના ઈલાયદા જીવનને વિકસાવવા પ્રયત્નશીલ બને છે, અને નૃત્ય તરીકે સ્વતંત્ર રહી જીવી પણ શક્યું છે.

નૃત્ય-નાટકના સંબંધો ઠીકઠીક જળવાઈ રહ્યા છે. બન્ને જુદાં હોવા છતાં–જુદા પડવા છતાં–પોતાની મૂળભૂત એકતા વારંવાર સંભારી એકબીજાને સહાયરૂપ બને છે એ તો ખરું.

ઉપરાંત નૃત્યનાટક એકબીજાને વારંવાર ભેટી એક બનવા–એકતા અનુભવવા પ્રયત્નો પણ ઠીક ઠીક પ્રમાણમાં કરે છે.

આમ નૃત્યમાંથી નાટકનો ઉદ્ભવ.

## હું મારાં પાત્રો કેમ સર્જું છું ?

આ પ્રશ્ન સમજવો અને સમજાવવો જરા કઠિન છે. લેખકનાં માનસિક સંચલનો અનેક વ્યક્તિગત અને સામાજિક પ્રવાહોનું પરિણામ હોય છે. એ દૃષ્ટિએ પાત્રસર્જન કરતો લેખક એના જ યુગે સર્જેલું એક પાત્ર જાતે જ બની ગયેલો હોય છે.

ઉપરાંત તે વાસ્તવ કે આદર્શપાત્રો સર્જી પોતાના તેમ જ આગામી યુગના સર્જનમાં સારો કે માઠો ફાળો આપે છે. અને ઓછા વધતા પ્રમાણમાં એ અંગત તેમ જ સામાજિક જીવનનો જવાબદાર ઘડવૈયો બની રહે છે; પછી એ કોઈ ઉદ્દેશથી લખતો હોય કે ઉદ્દેશ વગર પાત્રસર્જન કરતો હોય. ખરી કે ખોટી રીતે લેખક તરીકે સ્વીકાર પામેલી વ્યક્તિને આ પ્રશ્ન જરૂર પૂછાય.

મેં પણ કાંઈક લખ્યું છે અને લખવાનો ચાળો હજી કરી રહ્યો છું. એટલે પ્રશ્નનો ઉત્તર મારે આપવો રહ્યો—જો કે હું જાણું છું કે આ પ્રશ્નનો ઉત્તર ભાગ્યે જ કોઈ લેખક સમાધાન થાય એવો સંપૂર્ણ પણે આપી શકે.

પ્રથમ તો હું મને જ પૂછી જોઉં કે હું શા માટે લખું છું ?

કેટલાક મહામાનવોને જીવનસંદેશ આપવો હોય છે માટે તેઓ લખે છે એમ કહેવાય છે. હું તો હજી સંદેશ શોધું છું. મારામાં સંદેશ આપવાનું મહત્ત્વ નથી.

પૈસા મેળવવા હું લખું છું ? હજી પશ્ચિમની માફક લેખન-વ્યવસાય હિંદમાં રોજી આપતો ધંધો બન્યો નથી; બને તો ખોટું પણ નથી. છતાં એક એક નવલકથાના મને માત્ર પચાસ રૂપિયા મળ્યા એ પણ મને યાદ છે. લેખન ઉપર મારું ગુજરાન હું ચલાવી શક્યો ન હોત.

કદાચ પ્રતિષ્ઠા માટે હું લખતો હોઉં તો ? પરંતુ લેખનમાં પ્રતિષ્ઠા ગુમાવવાનો પણ ભય હોય છે, અને પ્રતિષ્ઠાનું તત્ત્વ અંશત: ભાગ

ભજવતું હોય એમ માનીએ તોય પ્રતિષ્ઠાનું તત્ત્વ જીવનમાં બહુ અનિશ્ચિત છે. એ સમજતાં વધારે વાર લાગતી નથી. વિદ્યાર્થીઓને હસ્તાક્ષરો આપતી વખતે આપણે પોતાને કદાચ પ્રતિષ્ઠાસંપન્ન માની લઈએ પરંતુ અમલદારને થતી સલામ ધર્મગુરુ કે રાજકીય નેતાઓને થતાં નમન, અને ધનપતિઓની આસપાસ વાગતી ભૂંગળ કે ભૂંગળાં આગળ લેખકની પ્રતિષ્ઠા કશી વિસાતમાં નથી. પ્રતિષ્ઠાની જ શોધમાં હું લેખક થયો હોઉં એમ મને યાદ નથી.

ત્યારે લેખક લખે છે કેમ ?

ઝખ મારવા! એટલો જ માત્ર જવાબ આપ્યો હોય તો ઘણું ઘણું સમજાઈ જાય એમ છે. પરંતુ એ જવાબ આપવાના પ્રસંગો હું ભાવિ માટે રહેવા દઉં.

કોઈ એવું માનસિક સંચલન જરૂર હોય છે જે લખવા વ્યક્તિને પ્રેરે છે એને ધક્કો કહીએ ઊર્મિ કહીએ, આવેગ કહીએ, પ્રેરણા કહીએ કે પયગામ કહીએ : જેવું આપણે આપણું મહત્ત્વ આંક્યું હોય એ પ્રમાણે શબ્દ ગોઠવીએ; સર્જનને સ્વાભાવિક ક્રિયા કહીએ તો પ્રત્યેક માનવીમાં ગુપ્તપણે લેખક છુપાયલો જ હોય છે. માટે જ લેખકોને વાચકો મળે છે. માત્ર મોટા ભાગના માનવીઓને તેમની ઊર્મિ જુદાં જુદાં સર્જનક્ષેત્રોમાં લઈ જાય છે; લેખન દ્વારા થતા સર્જન માટેના જરૂરી વ્યાયામથી ઘણા માનવીઓ કંટાળી જાય છે, જીવનસંગ્રામ કેટલાયને લેખનવ્યવસાય માટે સમય આપતો જ નથી. એટલે લેખન માત્ર વિશિષ્ટ અભિમુખતા કેળવ્યા સિવાય સિદ્ધ થતું નથી. માત્ર ઊર્મિ અને પયગામ હૃદયને ધક્કા મારતા હોય તોય બધાં માનવી લેખક બની શકતા નથી. અને એ જ ઠીક છે! માનવીની અનેક પ્રકારે વ્યક્ત થતી સર્જન–ક્રિયાનો લેખન એક પ્રકાર છે, અને તેની સચોટ અસર ઉપર તેની કિંમત અંકાય છે.

એ સર્જનક્રિયા પાત્રોને કેમ સર્જે છે એનો આછો અનુભવ એકાદ દૃષ્ટાંતથી જ આપવો વધારે સુલભ થશે. 'ગ્રામલક્ષ્મી' નામની એક નવલકથા મેં ચાર વિભાગમાં રચી છે, જેની પહેલાં પણ મેં કેટલીક નવલકથાઓ લખી હતી. વ્યવસાયે હું એક મુલકી અમલદાર

હતો. પરિમિત ભૂમિવિભાગમાં અમલદારને સત્તા અને પ્રતિષ્ઠા બન્ને ઠીક ઠીક પ્રમાણમાં હોય છે, અને દેશભક્તિ, કે રાજ્યભક્તિના આછા-પાતળા આવેશમાં મેં એ પણ નક્કી કરી રાખ્યું હતું કે વર્ષમાં એકાદ બે વ્યાપક લોકોપયોગી કાર્યો કરવાકરાવવામાં એ સત્તા અને પ્રતિષ્ઠાને વાળવામાં જ મારી સાચી અમલદારી રહેલી હતી. નવ-સારી તાલુકાના મુલકી અમલદાર તરીકે મને લાગ્યું કે તાલુકાનાં સાઠેક ગામોમાં ગ્રામવસ્ચ્છતા સધાય, ગામની નાનકડી જરૂરિયાતો પૂરી પડે અને ગામનું શ્રમજીવન તથા રસજીવન ખીલી નીકળે એની વ્યવસ્થિત યોજના કરી શકાય એમ છે, પંચાયત સપ્તાહને નામે મેં એ યોજના અમલમાં મૂકી. મારા ધાર્યા કરતાં એ યોજનામાં મને વધારે સફળતા મળી, અને ત્રણ ચાર વર્ષ સુધી ઉત્તરોત્તર આખા તાલુકાનું ગ્રામજીવન વધારે ઊંચું આવતું જતું મને દેખાયું.

એ યોજના અંગે તેમ જ સરકારી કામ અંગે ગામડાંમાં ફરવાનું મને ઘણું મળતું. છીણમ નામના એક ગામડામાં ફરતાં ફરતાં એક ઓટલે બેઠેલા સુઘડ યુવાનને જોઈ મને લાગ્યું કે એનામાં નવીન ભણતરનો ઓપ હોવો જોઈએ. સહજ પૂછ્યું અને મારી સાથે જ ગામમાં ફરતા પટેલ કે પંચનો એ પુત્ર હતો એમ ખબર પડી. વધારામાં તે યુવક એક તાજો ઍન્જિનિયર હતો અને નોકરી મળતાં થતા વિલંબને લઈ નારાજીમાં નિષ્ક્રિય, નિરુત્સાહી જીવન પોતાના ગામડામાં ગાળતો હતો એમ હકીકત આગળ આવી. પંચાયત સપ્તાહની યોજનામાં મારા સદ્દગત મિત્ર શ્રી, વિજયલાલ કનૈયાલાલ ધ્રુવ ઍન્જિનિયર તરીકે મને બહુ જ ઉપયોગી નીવડ્યા હતા, એટલે ગ્રામજીવનમાં ઍન્જિનિયરનું કેટલું મહત્ત્વ હોઈ શકે એનો ખ્યાલ મને હતો.

એટલા જ પ્રસંગમાંથી આખા ગ્રામજીવનને સ્પર્શતી ગ્રામ-સૃષ્ટિની રચના 'ગ્રામલક્ષ્મી' માં ઊપસી આવી, જેનો અરુણ નામનો એક બેકાર ઍન્જિનિયર નાયક બન્યો; ગ્રામજીવનના સામાજિક રાજકીય અને આર્થિક પ્રશ્નો પણ એમાં વણાઈ ગયા અને વ્યવહારમાં રહી આદર્શો તરફ ગતિ કરતાં યુવકયુવતી, કૌટુમ્બિક ઝઘડામાં પડેલા

વડીલો, વિધવા શિક્ષિકા, બહારવટિયો અને ગ્રામજીવનના પશુવિભાગનો પ્રતિનિધિ ‘ રંગીલ ’ એમાં ચીતરાઈ ગયાં.

પાત્રો વાસ્તવતામાંથી સર્જાય. અને આદર્શ, ભાવના, સ્વપ્ન પણ વાસ્તવતા નથી એમ શી રીતે કહી શકાય ? વાસ્તવવાદ અને આદર્શવાદ, બરાબર સમજાય એ માટે, કેટલાંક મુખ્ય લક્ષણો ભલે માગી લે. પરંતુ એ પરસ્પર વિરોધી તત્ત્વો છે એમ માનવા–મનાવવામાં આપણે જીવનને કાપી નાખી અધૂરું જોઈએ છીએ. વાસ્તવતા અને આદર્શ મળીને જ આખું જીવન રચાય. એટલે પાત્રસર્જનમાં વાસ્તવતા પણ આવે અને આદર્શ પણ આવે. કલ્પના જીવન સાથે જડાયલી જ રહે છે એટલે પાત્રસર્જનની કલાને કલ્પનાનો ઉપયોગ કરવો જ રહ્યો.

કલ્પનાના સાથમાં વાસ્તવતા ન ધારેલી સૃષ્ટિઓ ઉત્પન્ન કરી શકે છે. વાસ્તવ પાત્રોનાં સંમિશ્રણ થાય, ચાળવણી થાય, ગોઠવણી પણ થાય. અને સંસાર આવી મિશ્રણક્રિયાઓની એક પ્રયોગશાળા જ છે. વર્તમાન દૃષ્ટિ સામે સતત ઊભાં રહેલાં બે વાસ્તવ પાત્રો ગાંધીજી અને જવાહર. લેખકની કલ્પના એક એવું પાત્ર સર્જે કે જેમાં ગાંધીજીને જવાહરનું સ્વરૂપ મળ્યું હોય અગર જવાહરને ગાંધીજીનું સ્થિતપ્રજ્ઞ માનસ મળ્યું હોય, તો એમાં લેખક વાસ્તવતાનો ભંગ કરે છે એમ માનવાની જરૂર નથી.

અને મને તો સામાન્યતામાંથી, હાલતાં ચાલતાં, ડગલે પગલે પાત્રસૃષ્ટિ મળી આવે છે. આપણે સામાન્ય જીવનને હસી કાઢ્યું છે એટલે પાત્રસૃષ્ટિમાં અસામાન્ય સ્ત્રીપુરુષો અને પ્રસંગો માગવાની ભૂલ કરીએ છીએ. ઉત્તેજક વીરત્વ, હૃદયવિદારક કરુણ અને મુક્તહાસ્ય જીવનની અમુક જ ઉચ્ચ ભૂમિકામાં હોય એમ માનવાની ભૂલ હવે સુધરતી જાય છે, એટલે સાહિત્ય વધારે વાસ્તવ અને વધારે આદર્શભર્યું બનતું જાય છે.

હવે પ્રશ્નનો સ્પષ્ટ જવાબ આપું.

હું લખું છું શા માટે ? એ પ્રશ્નનો એટલો જ જવાબ આપી શકું : લખવાનો શોખ ઉત્પન્ન થયો હોવાથી હું લખું છું. લખવા

માટે મિત્રોનો આગ્રહ, તંત્રીઓની ઉઘરાણી, વિવેચકોની ચીમકી એ બધાં કારણો ભલે હોય; અને એ જીવતાં રહે। પરંતુ લેખન પાછળ ન સમજાય એવો કોઈ આછો પાતળો ધક્કો ખરો. એને હું પ્રેરણાનું મહત્ત્વ ન આપું; આદેશની ભવ્યતા ન આપું. ઊર્મિ કલમમાં ઉતરી જાય છે, અને સંજોગોએ એ સાધન મને આપ્યું છે એટલું જ કહી શકું.

હું લખું છું એટલે પાત્રસર્જન પણ કરું છું. ઊંડો વિચાર કરતાં સમગ્ર લેખન એક રીતે પાત્રસર્જનની ક્રિયા છે એમ મને લાગ્યું છે. નવલકથા, નાટક કે નવલિકા જ પાત્રો સર્જે છે એમ કહેવામાં આપણે બીજા સાહિત્યપ્રકારોને અન્યાય ન કરી બેસીએ. કવિતા પણ એક રીતે નવલિકા છે, નવલકથા છે એમાં પણ પાત્રસર્જન જરૂર થાય છે. એક પત્ર પણ પાત્રાલેખન બની રહે છે. જોકે નાટક નવલકથાના પાત્રોની સ્પષ્ટ મૂર્તિ ઘડવી પડે છે અને બીજા સાહિત્ય પ્રકારોમાં પાત્રાલેખન સૂચિત હોય છે.

પાત્રોનાં સર્જન હું સામાન્ય રોજબરોજના અનુભવોમાંથી કરી લઉં છું. મને આજસુધી મળી આવેલાં પાત્રોમાં સામાન્યતાના મિશ્રણ, ચાળવણી અને ગોઠવણ છે; છતાં મારે મન એ સાચાં પાત્રો છે.

લેખક પાત્રોને ઘડે છે? કે પાત્રો લેખકને ઘડે છે? પરસ્પરને ઘડતો એ કલાવ્યાયામ લેખકને અને પાત્રોને જીવતાં રાખે છે.

મારી માનસલઘુગ્રંથિ મને પાત્રોના સર્જનમાં ઉચ્ચતા– પૂર્ણત અપાવવા મથતી તો નહિ હોય? એનો એટલો જ અર્થ કે જે મારામાંયે ન જોયું, અનુભવ્યું તે હું મારા પાત્રોમાં જોવા અનુભવાનો પ્રયત્ન કરું છું. આ પણ એક માન્યતા છે ખરી. તોય એમાં શું ખોટું? અને જીવનની કોઈ કોઈ ક્ષણોમાં આપણે–મારા સરખા સામાન્ય જીવને–ઈશ્વરત્વ, પ્રેમ અને કરુણાનો સ્પર્શ નથી જ કર્યો એમ માનવામાં હું મારામાં રહેલી ઝાંખી ઝાંખી માનવતાને અન્યાય કરું છું. કોઈપણ માનવીએ જન્મ ધારણ કરી ઉચ્ચ ભાવો અનુભવ્યા ન હોય એમ માનવા મારું મન ના પાડે છે.

એટલું મિથ્યાભિમાન પણ ઊપજે તો મારે કલમ સાથે છૂટા-

છેડા કરવા પડે. પ્રકાશકો અને તંત્રીઓ મારા લેખો છાપે છે ત્યાં સુધી એ પ્રસંગ આવવા દેવાની ઉતાવળ હું નહિ કરું–મારી અને મારા અનેક મિત્રોની એવી ઇચ્છા હોય તો પણ !

આમ મને અને મારા રડ્યાખડ્યા વાચકોને ન સમજાય એવા અનેક પ્રવાહોના પૂતળારૂપે હું મારાં પાત્રોનાં પૂતળાં સર્જું છું. આછોપાતળો પણ જીવ હશે તો એનાં પ્રતિબિંબ સમાજમાં ક્ષણ બે ક્ષણ માટે પડી રહેશે.

નહિ તો ? હું જેમ લુપ્ત થવાનો છું તેમ એ પાત્રો પણ લુપ્ત બનવાનાં.

# નવતર સાહિત્યનાં પ્રેરકબળો

આપણું નવતર સાહિત્ય લગભગ ઓગણીસમી સદીના મધ્ય – ભાગથી શરૂ થયું. કવિ દલપતરામ અને કવિ નર્મદાશંકર સને ૧૮૨૦ અને ૧૮૩૩માં જન્મ્યા. એ બન્ને આપણા નવતર સાહિત્યના આદ્ય સાહિત્યકારો.

અંગ્રેજોનો વિજય, પશ્ચિમ સંસ્કૃતિની વિશિષ્ટતાઓ અને ઝળકાટ તેમને પડછે હિંદી સંસ્કૃતિની ઊતરતી લાગતી કક્ષા, ધર્મનું વહેમમાં થયેલું પરિવર્તન, બાળલગ્ન, વિધવાવિવાહ – નિષેધ, પરદેશ ગમનનો વિરોધ. અને સાંસારિક કુરૂઢિઓનું તીવ્ર ભાન એ નર્મદ – દલપત યુગના સાહિત્યમાં પ્રેરકબળ ગણી શકાય. દલપતને અંગ્રેજોનો સંસર્ગ હતો; અંગ્રેજી ભાષાનો નહીં. નર્મદને અંગ્રેજી ભાષાનો પરિચય હતો; જો કે બહુ ઊંડો નહિ. અંગ્રેજોનો વિજય એ ઈશ્વરપ્રેરિત તત્ત્વ મનાયું; કારણ, મુગલાઈ અને મરાઠી રિયાસતના પતન સમયે ઉદ્‌ભવેલી અશાંતિથી જનતા ખરેખર કંટાળી ગઈ હતી.

સાથે સાથે દેશાભિમાનના પ્રાથમિક અંકુર આદ્ય સાહિત્યમાં પણ સારા પ્રમાણમાં ખીલી નીકળ્યા હતા. નર્મદની હિંદુઓની પડતીનું કાવ્ય અને દલપતની હુન્નરખાનની ચડાઈ દેશાભિમાનના નમૂનારૂપ ગણી શકાય.

એ પ્રાથમિક સાહિત્યમાં નાટકો પણ લખાયાં, નિબંધો પણ શરુ થયા, કાવ્યોએ ધર્મના વાડા છોડી સામાજિક અને રાજકીય મેદાનમાં પ્રવેશ કર્યો અને નર્મદનાં કવિચરિત્રો અને જગત ઈતિહાસ પણ નૂતન સાહિત્યનાં સારાં દૃષ્ટાંતરૂપ કહી શકાય. ગદ્યનો વિકાસ થયો અને સાહિત્યના વાહન તરીકે તેનો સ્વીકાર થયો એ અત્યંત મહત્વનું તત્વ ગણી શકાય.

સામાજિક નવલકથા–સાસુ વહુની લડાઈ અને ઐતિહાસિક નવલકથા કરણઘેલો પણ નર્મદ–દલપત યુગના જ સાહિત્યપ્રયોગો

કહી શકાય. નવલરામની વિવેચના પણ આપણા પ્રથમ યુગની જ, જેની દૃષ્ટિ વિશાળતાનો વારસો હજી પહોંચે છે.

શિખસત્તા ૧૮૪૮ માં અસ્ત પામી. ૧૮૫૭ ના બળવાને નામે ઓળખાતો મોગલાઈ અને પેશ્વાઈનો છેલ્લો સ્વાતંત્ર્ય યુદ્ધ પ્રયોગ આ યુગમાં જ થયો. જૂની કવિતાનો સૂર્ય સને ૧૮૫૨ માં જ કવિ દયારામના મૃત્યુ સાથે અસ્ત પામ્યો. સને ૧૮૫૭માં એટલે બળવાને વર્ષે અંગ્રેજ સત્તાની સ્થિરતા સાથે યુનિવર્સિટીઓ પણ સ્થપાઈ અને તેના ફળ તરીકે સને ૧૮૭૫ થી કે, ૮૦ થી નવતર યુગનો બીજો વિભાગ શરુ થયો ગણી શકાય.

ગોવર્ધનરામ, નરસિંહરાવ, હરિહર્ષદ ધ્રુવ, મણિશંકર રત્નજી ભટ્ટ, મણિલાલ નભુભાઈ, કેશવ હર્ષદ ધ્રુવ, બળવંતરાય ઠાકોર જેવા યુનિવર્સિટીના સ્નાતકો આ બીજા વિભાગના અગ્રણી બન્યા. એમના સાહિત્યનાં પ્રેરક બળ નીચે પ્રમાણે ગણાવીએ;

૧ અંગ્રેજી સાહિત્યનો ઊંડો અભ્યાસ.

૨ સંસ્કૃત સાહિત્યનો ઊંડો અભ્યાસ.

૩ ફારસી ઉર્દૂનો પરિચય.

૪ આપણા સંસ્કૃત સાહિત્યના અભ્યાસે આપણી સંસ્કૃતિમાં દર્શાવવા માંડેલી ઘણી ઘણી ખૂબીઓ, આર્ય સંસ્કૃતિ પ્રત્યે થીયોસોફિકલ સોસાયટીએ ઉપજાવેલી પુનઃપ્રતિષ્ઠા ઈમરસન, કાર્લાઇલ, ગેટે અને શોપન હોઅર જેવા પશ્ચિમના વિચારકોએ દર્શાવેલી મમતા, અને નેશનલ કોંગ્રેસની સ્થાપનામાંથી સ્પષ્ટ પણ વિનીત દેશાભિમાન પ્રગટ થયું જેણે સાહિત્ય ઉપર આછી અસર ઉપજાવવા માંડી.

૫ સુરુચિ અને સુઘડતાની વર્તમાનયુગને ગમે એવી ઉચ્ચ કક્ષા સાહિત્યમાં પ્રવેશવા લાગી.

૬ સંસ્કૃત અને અંગ્રેજી કાવ્યરચનાના અનુકરણમાંથી નવા નવા પ્રયોગો અને સાહિત્ય આકારો જડતા ગયા.

આટલાં તત્ત્વોને આપણે આ યુગનાં પ્રેરક તત્ત્વો–તેમનાં પરિણામ સહ કહી શકીએ.

સરસ્વતીચંદ્રનાં રસિક અને સુઘડ પરંતુ ચિંતનશીલ પાત્રો, નરસિંહરાવનાં પ્રકૃતિકાવ્યો, કેશવ ધ્રુવનાં સંસ્કૃત કાવ્ય નાટકનાં ભાષાંતરો, મણિલાલ નભુભાઈ તથા બાળાશંકરની ગઝલો, હરિહર્ષદ ધ્રુવનાં વીર કાવ્યો; ઇચ્છારામ સૂર્યરામની લખેલી હિંદ અને બ્રિટાનિયા નામની નવલકથા તથા બીજી ઐતિહાસિક કથાઓ, મણિશંકર રત્નજી 'કાન્તના' છંદ મિશ્રણના પ્રયોગો એ સર્વે આ પ્રેરણાના નમૂનારૂપ કહી શકાય. આ વિભાગ ૧૮૮૦ થી ૧૯૦૦ સુધીનો માની શકાય,

નવતર સાહિત્યનો ત્રીજો વિભાગ ૧૯૦૦થી ૧૯૨૦ સુધીની મર્યાદા પામ્યો. એનાં પ્રેરક બળોમાં નીચેના પ્રસંગો આપણે કહી શકીએ:

૧ બોઅર યુદ્ધમાં અજેય મનાએલી બ્રિટિશ શહેનશાહતની પ્રતિષ્ઠાને લાગેલો ધક્કો, જેણે એશિયાની પ્રજાને પશ્ચિમી સંસ્કૃતિની ઝંખવી નાખતી કીર્તિમાં ઝાંખપ દેખાડવાની શરૂઆત કરાવી આપી.

૨ હિંદના રાજકારણમાંથી વિનીતપણું જવા લાગ્યું અને તેમાં ઉગ્રતા દાખલ થઈ, જેને પરિણામે બંગાળની ક્રાન્તિકારી રાજકીય પ્રવૃત્તિ, સ્વદેશી ચળવળ અને આખા હિંદને હલાવી નાખતો તેમજ એક બનાવતો બંગભંગનો પ્રસંગ ઉભો થયો.

૩ રશિયા જપાન યુદ્ધમાં પશ્ચિમની પ્રજાઓ પૂર્વની પ્રજાઓથી હારી શકે છે એવો કંપાવનારો પ્રથમ અનુભવ થતાં ભારતે કોઈ નવીન બળ અનુભવ્યું.

૪ આંતરરાષ્ટ્રીય સરકારની સ્થાપના : હેગ કૉન્ફરન્સ સરખા પ્રાથમિક પ્રયત્નોએ ઝાંખી ઝાંખી સમસ્ત માનવરાજ્યની ભાવના આગળ કરી. અને છેલ્લે

૫ પ્રથમ વિશ્વયુદ્ધ–જર્મન યુદ્ધને ગણાવી શકાય, જેણે આખી દુનિયાની સાથે ભારતનો ચહેરો પણ બદલી નાખ્યો.

આ યુગમાં હિંદે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઓળખી. અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ હિંદમાં ઠીક ઠીક વધ્યો. રાષ્ટ્રીય ભાન વધુ અને

વધુ તીવ્ર થવા લાગ્યું. સાથે આપણી આર્ય સંસ્કૃતિ પ્રત્યે માત્ર પરદેશીઓના પ્રમાણપત્રો પર નહિ પરંતુ આપણા પોતાના અભ્યાસ ઉપરથી માન ઉત્પન્ન થવા લાગ્યું. એ દેશાભિમાને આપણી પોતાની રૂઢિઓ, રિવાજો, પ્રસંગો અને ઉત્સવો પ્રત્યે નવું આકર્ષણ ઉપજાવ્યું.

આ યુગના આપણા સાહિત્યઅગ્રણીઓમાં કલાપી, ન્હાનાલાલ, લલિત, ખબરદાર, રણજિતરામ અને કનૈયાલાલ મુનશીને ગણાવી શકાય. કલાપી દ્વારા લાગણીઓમાં સચ્ચાઈ વધારે આવી; ન્હાનાલાલ દ્વારા એ લાગણીનો ગગનસ્પર્શી બની, કુદરત સાથે માનવીની એકતા વધારે સ્પષ્ટ થઈ અને ભાવનાઓ વધારે ઉદાત્ત બની. લલિત અને બોટાદકર દ્વારા ગુર્જર ગૃહજીવનના સુંદર ભાવો આલેખાયા, ખબરદારમાં દેશભક્તિએ ઉચ્ચાર માગી લીધો અને એ જ દેશાભિમાને મુનશીની નવલકથામાં ગુજરાતના ભૂતકાળને જાગૃત કર્યો. સરસ્વતીચંદ્રની સુઘડ રસવૃત્તિ ન્હાનાલાલમાં આદર્શવાદી બની; પરંતુ નીતિ અને પ્રેમની છૂટછાટ માટે નર્મદના સમયથી મથી રહેલા ગુજરાતે મુનશીમાં મુક્ત અને રંગીન સ્વરૂપ ધારણ કર્યું.

૧૯૨૦ થી ગુર્જર સાહિત્યમાં ગાંધીયુગ બેઠો એમ કહી શકાય. ગાંધીવાદ એ લગભગ ૧૯૩૦ સુધી એકલું, અને ત્યારપછી આજ સુધી મુખ્ય પ્રેરક બળ સાહિત્યમાં ગણી શકાય.

આ યુગનાં પ્રેરક બળ એટલે :

૧ તિલકથી પણ વધારે બંડખોર રાષ્ટ્રવાદ અને સાથે સાથે ગોખલેના વિનીતપણામાંથી વિકસેલો વિવેક અને આંતરરાષ્ટ્રીય શાંતિવાદ-માંથી ગાંધીજીએ ઝડપેલો આર્યસંસ્કૃતિમાંથી ઉપાડેલો અને અતિ સ્પષ્ટ કરેલો અહિંસાવાદ.

૨ આર્ય સંસ્કૃતિની ખામીઓનું સ્પષ્ટ ભાન અને સાથે સાથે એ સંસ્કૃતિનાં ઉચ્ચ તત્ત્વો ઉપર હિંદનું રાજકારણ અને સમાજ-રચના રચવાનો આગ્રહ.

૩ સાદાઈ ત્યાગ, સેવા અને સામાન્ય—સાહિત્યથી દૂર રહેવા પાત્ર મનાયેલા નીચલા સામાજિક થર પ્રત્યેનો ઊંડો સદ્દભાવ.

૪ સંયમ ઉપર રખાતા આગ્રહ છતાં રસિકતાનું પ્રાબલ્ય અને ઉચ્ચીકરણ.

૫ વાણીથી અટકેલા સ્વદેશાભિમાને જીવનમાં સાધવા માંડેલા સફળ–અફળ પ્રયોગો.

૬ ગ્રામ્ય અને પ્રતિત જીવન પ્રત્યેની અનુકંપા અને સહાનુભૂતિ

૭ સ્વાતંત્ર્ય માટેની તીવ્ર ઝંખના.

આટલાં પ્રેરક બળોમાંથી ગાંધીવાદી સાહિત્યનું સર્જન ૧૯૨૦ થી આજસુધી ચાલ્યું આવે છે. રામનારાયણ પાઠક, મેઘાણી, ધૂમકેતુ, મહાદેવ દેસાઈ જેવા અગ્રણીઓને આ સાહિત્યના પ્રતિનિધિ તરીકે ગણી શકાય.

પશ્ચિમના ઇબ્સેન, શો સરખા સાહિત્યકારોની તેમ જ રશિયન સાહિત્યની અસર પણ આ યુગમાં સારા પ્રમાણમાં થઈ, જેને પરિણામે બટુભાઈ ઉમરવાડિયા, ચંદ્રવદન મહેતા, સ્નેહરશ્મિ, ઉમાશંકર અને સુંદરમ્ જેવા સાહિત્યકારો ગાંધીવાદ ઉપરાંતની પશ્ચિમાત્ય સાહિત્યની અસરનું અંશત: પ્રતિબિંબ પાડતા થયા.

સને ૧૯૩૧–૩૨ થી સામ્યવાદ આપણા જીવનમાં સચોટપણે પ્રવેશ કરવા લાગ્યો. એ સામ્યવાદની અસરમાં આપણે ત્યાં વાસ્તવવાદ અને નીચલા થરો ઉપર જ ભાર મૂકતો એક સાહિત્યપ્રવાહ શરૂ થયો. આદર્શ નહિ પરંતુ માનવખામીઓનું નિરૂપણ અને જાતીય વાસના ઉપર ઝોક એ આ સામ્યાવાદની સાહિત્ય ઉપરની ભારે અસર કહી શકાય. જયંતી દલાલ તથા ભોગીલાલ ગાંધી જેવા લેખકો આ નવા પ્રવાહનાં પરિણામ.

આમ નવતર ગુજરાતી સાહિત્ય નીચેના વિભાગોમાં વહેંચાય :

૧ નર્મદ–દલપતયુગ—એનો મુખ્ય સૂર સુધારો. એ યુગ ૧૮૫૦ થી ૧૮૮૦ સુધી.

૨ વિદ્યાપીઠના વિદ્વાનોનો સાક્ષર યુગ–એનો પ્રધાન સૂર સુઘડ રસિકતા, પ્રકૃતિસૌંદર્યનો શોખ અને મર્યાદાશીલ નીતિભાવના ગણી શકાય. વિકટોરિયન યુગની ભારેખમ નીતિ—Victorian prudery પડ્યો. એ યુગ ૧૮૮૦ થી ૧૯૦૦ સુધી.

૩ સને ૧૯૦૦ થી ૧૯૨૦ સુધીનો રોમાંટિક-ઊર્મિબાહુલ્યનો યુગ. એમાં ઊર્મિ વધારે ઊંડી બની, કલ્પના ખૂબ ઉન્નત થઈ. ભાવનાઓએ સ્પષ્ટ અને ઉન્નત સ્વરૂપ ધારણ કર્યાં. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનો ગુજરાતી વાણીએ અનુભવ કર્યો. ઝળકભર્યું દેશાભિમાન તેમાં વિકસી આવ્યું. અને મસ્ત, તરંગી અને મુક્ત પ્રેમની ભાવના સારા પ્રમાણમાં ખીલી નીકળી. એ વિભાગ ૧૯૦૦ થી ૧૯૨૦ સુધીનો.

૪ ૧૯૨૦થી ૧૯૪૦ સુધીના ગાંધી યુગમાં બે ફાંટા પડી ગયા છે. એક શુદ્ધ ગાંધીવાદી પ્રવાહ અને બીજો ગાંધીવાદ સાથે પૂરો સુમેળ ન સાધી શકેલો સામ્યવાદી સાહિત્યનો ફાંટો. અલબત્ત, આ ગાંધીવાદી સાહિત્યમાં એની પહેલાંના સાહિત્ય કરતાં વિવેક અને સચ્ચાઈનો રણકાર વધારે છે; જો કે ન્હાનાલાલનાં કલ્પના ઉડ્ડયન અને વાણી – પ્રભુત્વ હજીસુધી આ યુગને મળ્યાં નથી. કદાચ નિત્યના રાજકીય પ્રસંગોમાં એ પ્રવાહ અટવાઈ જઈ સંકોચ પામી રહ્યો હોય એ પણ શક્ય છે.

લગભગ સો વર્ષના નવતર સાહિત્યનાં પ્રેરક બળો ઐતિહાસિક ક્રમમાં ગણાવી જવાં હોય તો નીચે પ્રમાણે ગણાવી શકાય :

**૧ પ્રથમ વિભાગ**—દલપત નર્મદ યુગ – ૧૮૫૦ થી ૧૮૮૦

૧ સુધારો : (૧) અંગ્રેજી રહેણીકરણી અને શિષ્ટ સભ્યતાનો મોહ—આપણા અવ્યવસ્થિત હિંદી જીવનને પડછે.

૨ આપણી રહેણી કરણીની ખામીઓ પ્રત્યે ઉગ્ર તિરસ્કાર, કંટાળો, ધર્માચારની અતિશયતા પ્રત્યે અભાન.

૩ આપણા ધર્મ પ્રત્યે અણગમો, ધર્મે બાંધેલી આચાર મર્યાદાઓ તોડવાનું બંડખોરપણું, ન્યાતજાતના વાડા વિરુદ્ધ બળવો, ખાવાપીવાની છોછ તોડવાની વૃત્તિ, વહેમ સામે બંડ.

૨ હિંદની પડતીનું ભાન—જેમાંથી પ્રાથમિક સ્વદેશાભિમાન જન્મ્યું.

૩ અંગ્રેજ રાજ અમલ પ્રત્યે ઈશ્વરી સંકેતનું ભાન.

૪ નવા જીવનનો ઉલ્લાસ—ઉત્સાહ.

૫ ધર્મ અને સાહિત્યનું વિભાગીકરણ.

૨ બીજો વિભાગ—સાક્ષર યુગ—૧૮૮૦ થી ૧૯૦૦

૧ યુનિવર્સિટીનો અભ્યાસ—સંસ્કૃત, ઈંગ્લિશ કે ફારસીનું જ્ઞાન, તેમાંથી સંસ્કાર અને અભ્યાસની પ્રગતિ, ઉચ્ચતા, છંદની પ્રયોગમયતા, ગેયકાવ્યો.

૨ આર્ય સંસ્કૃતિ પ્રત્યે વધતું જતું માન–થિયોસોફી, આર્ય-સમાજ, બ્રહ્મો સમાજ–પ્રાર્થના સમાજ, વિવેકાનંદની પ્રવૃત્તિ.

૩ કુદરતનો અંગ્રેજી ઢબનો સંપર્ક.

૪ કોંગ્રેસની સ્થાપના, વિનીત ઢબનું રાજકારણ, સાહિત્યમાં રાજકારણનો નહિ જેવો પ્રવેશ.

૫ સાહિત્યની વધતી જતી વ્યાપકતા.

૩ ત્રીજો વિભાગ—Romantic-ઊર્મિઉંડાણનોયુગ–૧૯૦૦થી૧૯૨૦

૧ આંતર રાષ્ટ્રીય દૃષ્ટિની શરૂઆત.

૨ ઉગ્ર રાજકારણ, ક્રાન્તિ, હિંસક મેઝીની ગેરીબાલ્ડીની અસર, દેશાભિમાનની સ્પૃહા,

૩ ઊર્મિ અને ભાવનાનાં ઊંડાણ અને સરસાઈ–આદર્શોની સ્પષ્ટ રચના.

૪ કુદરતનો વધારે વ્યાપક અને સાચો સંપર્ક–સાચું રમતિયાળ-પણું નાનાલાલ દૃષ્ટાંતરૂપ.

૫ બોઅર યુદ્ધ–રશિયાજપાન યુદ્ધ–પહેલો જર્મનજંગ.

૬ સામાજિક પ્રશ્નોના ઉકેલમાં થતા અખતરાઓ–સ્ત્રીસન્માનની વધતી જતી ભાવના, કલાપી અને ન્હાનાલાલ–ઉપભોગની રંગીન દૃષ્ટિ–આદર્શની અસામાન્ય દૃષ્ટિ.

૭ નીતિના પ્રશ્નોમાં વધતી જતી ઉદારતા–કહો કે પ્રયોગાત્મક સ્વરૂપ.

૪ ગાંધીયુગ—૧૯૨૦ થી ૧૯૪૦

૧ અહિંસા–અસહકારની નૂતન લડત શ્રેણી ૧૯૩૧–૧૯૩૦–૧૯૪૨

૨ ઉગ્ર સ્વાતંત્ર્યપ્રિયતા, આંતરરાષ્ટ્રીય દૃષ્ટિની પ્રથમ આછી અને પછી સામ્યવાદીઓના પ્રવેશ બાદ વિસ્તૃત ઓળખાણ.

૩ Orientation of life...જીવનનાં પરિવર્તન, પશ્ચિમ સંસ્કૃતિ પ્રત્યે અવિશ્વાસ, અણગમો અને તેના દોષનું દર્શન–

સાદાઈ અને સંયમ ઉપર ભાર–છતાં સાહિત્યમાં રસિકતાની વૃદ્ધિ.

૪ જનતામાં નીચલા થર તરફ દૃષ્ટિ–લોકગીતો–લોકસાહિત્યના પ્રવાહનું દર્શન.

૫ રશિયાની અસર, અહિંસા અને ગાંધીવાદી અંધોળ પ્રત્યે શરૂ થયેલો અણગમો, ક્રાન્તિનું ઉગ્ર સ્વરૂપ, સામ્યવાદનો સાહિત્યમાં પ્રવેશ, બન્નેના સમન્વયનો ભારતીય ઢબે પ્રયત્ન.

આ સર્વ બળોએ પોતપોતાની વિશિષ્ટ છાપ આપણા સાહિત્ય ઉપર મૂકી છે. કેટલાંક બળ સમસ્ત ભારતવ્યાપી પ્રવાહો કહી શકાય અને કેટલાંક બળ આંતરરાષ્ટ્રીય વિશ્વવ્યાપી બળના ધક્કા માની શકાય. એકંદર આપણા ગુજરાતી સાહિત્યની સિદ્ધિઓ આપણને આપણા પ્રત્યે માન ઉપજાવે એવી છે.

# સાહિત્યનું સ્થાન

તમને સાહિત્ય ગમે છે ?

કદાચ તમે સામો પ્રશ્ન કરશો કે સાહિત્ય શું એ સમજ્યા વગર ઉત્તર કેમ અપાય ?

અને અમને વળી સાહિત્ય સમજવાની ફુરસદ ક્યાં છે ? એવો બીજો પણ પ્રશ્ન કદાચ નીકળી આવે.

જેને ફુરસદ ન જ હોય એને સાહિત્ય સમજાવવાનો આગ્રહ ન જ થઈ શકે. એને એટલું જ કહેવાય કે ફુરસદ હોય કે ન હોય તોય પ્રત્યેક માનવીના જીવનમાં પ્રવેશ કરવાની, પ્રત્યેક માનવીના જીવનને ઘડવાની સાહિત્યને વિશાળ ફુરસદ યુગ યુગથી મળી છે. સાહિત્ય સમજાય કે ન સમજાય. માનવીની આસપાસ હવા જેવું વ્યાપક બની રહે છે.

## હાલરડામાં સાહિત્ય

સહુએ હાલરડાં તો સાંભળ્યાં જ હશે. હાલરડાં વગર ઉછરેલું કોઈપણ બાળક કલ્પી શકાય એમ નથી. એ હાલરડાંમાં ઘણું સાહિત્ય સમાયલું છે. મેઘાણીએ રચેલું શિવાજીનું હાલરડું તમે જરૂર સાંભળજો. એમાં – અરે ગમે તે હાલરડામાં–તમને સાહિત્ય મળી આવશે.

વડોદરા રાજ્યમાં તો લગભગ ગામેગામ શાળાઓ હતી. પ્રાથમિક કેળવણી ફરજિયાત હતી. આપણે સહુએ તે મેળવી છે. આપણી વાચન-માળાઓમાં પાઠ અને કવિતા બન્ને આપેલાં હોય છે. એમાં પણ સાહિત્ય મળી રહે એમ છે.

એથી આગળ જઈએ તો આપણા ભણતરમાં સાહિત્ય વિસ્તરેલું પડ્યું જ હોય .

પરંતુ ભણતર બહાર પણ સાહિત્યનો વ્યાપક પડઘો આપણે સાંભ-ળ્યા જ કરીએ છીએ. તમે ભવિક હો તો મંદિરમાં કે શેરીમાં કથા સાંભળો

છો. ભાગવતની કથા હોય કે મહાભારતની; શાસ્ત્રી કહેતા હોય કે ગાગરભટ્ટ; તમે જાણો છો કે એ બન્ને આપણા અદ્દભુત સાહિત્યગ્રંથો છે.

કોઈ ગઢવી કે ચારણના મુખે ઉચ્ચારાતા દુહા, સોરઠા અને છપ્પા સવૈયા પણ તમે જરૂર સાંભળ્યા હશે. મેરૂભા કે દુલા કાગના જલસાઓ તમે જોયા જ હશે. આપણા રાયચુરા અને મેઘાણી પણ જનતાની મેદની વચ્ચે આકર્ષક દુહાઓ આપણને વર્ષોથી સંભળાવી રહ્યા હતા. એ બીજુ કાંઈ નથી; એ સાહિત્ય છે.

## વાર્તા અને વાચનમાં

અને વાર્તા ? વાર્તા સાભળી ન હોય એવો કોઈ માનવી પૃથ્વી ઉપર ખોળ્યો જડે ? આપણી દાદીમાઓ વાર્તા કહેતી આપણે સહુએ સાંભળી પણ હશે. તે આપણને એકચિત્ત કરી દેતી હતી એ સહુનો અનુભવ છે. આપણા ગુજરાતમાં તો એક એવી કોમ જ છે કે જેની વાર્તાશૈલી આપણને કલાકોના કલાકો સુધી તલ્લીન બનાવે છે. એ આપણા ભાટચારણો.

હવે છાપકામ વધી ગયું છે, એટલે વાર્તાઓ સાંભળવા ઉપરાંત વાંચવાની પણ આપણને સગવડ મળી ગઈ છે. નવરાશમાં આપણે ગમે તે સ્થાને, રેલગાડીમાં કે ઘેર વાર્તાની ચોપડી વાંચી આપણો વખત ઠીકઠીક ગાળી શકીએ છીએ.

આ વાર્તા શું એ જાણો છો ? એ પણ સાહિત્ય, એ વાર્તામાં પછી પરી આવે કે જીન, રાજકુમાર આવે કે રાજકુમારી, સૈનિક આવે કે સાધુ, યુદ્ધ આવે કે તપ, આંસુ આવે કે હાસ્ય; મિલન આવે કે વિયોગ... એ સઘળું સાહિત્ય કહેવાય.

## સંગીતમાં સાહિત્ય

જરા થોભો. એક અંગત પ્રશ્ન પૂછું ? તમે પરણ્યા છો ? પ્રભુ તમને સુખી રાખે ! તમે નથી પરણ્યા ? એ શુભ પ્રસંગ હવે આવશે. અકળાવાની જરૂર નથી. પરંતુ તમે કોઈના એ લગ્નમાં હાજરી ન આપી હોય એમ હું માનતો નથી. અને તમારા કે અન્યના લગ્નમંડપમાં હાજરી આપો એટલે લગ્નનાં મંગળ ગીતનો ટહૂકો તમારા કર્ણે ન

પડયો હોય એમ બને જ નહિ. તમે ખાતરી રાખજો એ લગ્નગીતોમાં સાહિત્યનો સંભાર ભર્યો હોય છે.

અને ભજનની ધૂનમાં તમે કદી ડોલી રહ્યા છો ? પ્રભુની કૃપાયાચના, પ્રભુનાં સ્મરણ, પ્રભુની મહત્તા કે એકતાનાં ગીત ઢોલક, મંજીરાં કે એકતારા સાથે ગવાતાં હોય, એ ભજનના ભાવ સાથે તમે એકરૂપ બની ગયા હો ત્યારે ભજન પણ એક ભવ્ય સાહિત્ય બની ગયું હોય છે એ જાણો છો ?

## ચલચિત્રો

હું જોઇ શકું છું કે સાહિત્ય સમજવાની તમને ફુરસદ ન હોય અને વૃત્તિ પણ ન હોય; હશે. પણ તમે નાટક કે સિનેમા—ચલચત્રો કદી જોયા જ નથી ? પણ એ તો કેમ મનાય ? ગાંધીજીએ પણ છેલ્લે છેલ્લે સિનેમાનાં કેટલાંક દશ્યો જોઈ લીધાં હતાં, એમ યાદ આવે છે. એ નાટક કે ચલચિત્રોના કેટલાય પ્રસંગો તમને હસાવે છે, રડાવે છે, ભયભીત કરે છે, શૃંગાર અભિમુખ કરે છે, આશ્ચર્ય ઉપજાવે છે, જોમ અર્પે છે, ગુસ્સે કરે છે, કંટાળો ઉપજાવે છે. તમે જાણો છો આવા આવા ભાવ ઉપજાવતાં પ્રસંગો, ગીતો અને સંવાદો સાહિત્યને જ સર્જે છે? આંખમાં આંસુ લાવતાં કરુણ મૃત્યુગીતો કે પ્રસંગો પણ સાહિત્ય બની રહે છે એમ આપ જાણશો એટલે આપને સાનંદાશ્ચર્ય સમજાશે કે હાલરડાંથી માંડી મૃત્યુનાં શોકગીત—મરશિયા સુધી—એટલે બાલજન્મથી માંડી જીવનના અંત સુધી સાહિત્યનું વાતવરણ વ્યાપી રહેલું છે. આપણે સમજીએ કે ન સમજીએ; સાહિત્ય સમજવાની આપણને ફુરસદ હોય કે ન હોય; સાહિત્ય પોતે જ ડગલે અને પગલે સામે આવી આપણા શ્વાસ સરખું જીવંત તત્ત્વ બની આપણને વીંટળાઈ વળે છે. સાહિત્ય આમ આપણું જાણીતું સંચલન છે. એ નિત્ય વ્યાપક બળ છે. એ આપણા જીવનને ઘડે છે એથી મુંઝાવાની જરૂર નથી, એને તિરસ્કારવાની જરૂર નથી. હાલરડાં, વાર્તા, નાટક, ભજન, પ્રેમ—ગીતો, વીરકથા, દેવકથા, એ બધાં સાહિત્યનાં સ્વરૂપો છે. સાહિત્યને સાદામાં સારી રીતે ઓળખવું હોય તો આપણે એટલું જ જાણીએ કે એક સારો,

આપણને ગમતો પ્રસંગ, એક સારો, આપણને ગમે તેવો વિચાર કે એક સારી, આપણને ગમે એવી ઊર્મિ સારા શબ્દોનો આકાર લે એટલે સાહિત્ય સર્જાય.

## સાહિત્ય અને સાહિત્યકાર

સાહિત્ય એટલે સારો શબ્દ કે શબ્દસમૂહ–શબ્દગુચ્છમાં ગુંથેલી સારી ઊર્મિ કે સારી પ્રસંગપરંપરા.

સાહિત્ય હવે અઘરું તો નહિ જ લાગે, ખરું ?

સારા શબ્દમાં પ્રસંગોને, ઊર્મિને, વિચારને, કલ્પનાને ઉતારવાની જેનામાં શક્તિ હોય એ સાહિત્યકાર. એ આપણા સરખો જ માનવી છે, એનામાં આપણા સરખા જ ગુણ હોય છે અને દોષ હોય છે. સામાન્ય માનવીને લાગણીઓ થાય છે, એ જ લાગણીઓ એને પણ થાય છે. સામાન્ય માનવી બોલે છે એ જ ભાષા સાહિત્યકાર પણ બોલે છે. એટલે સાહિત્યકારની આસપાસ આપણે વાણીની ચાંપલાશ, ન સમજાય એવા વિચારો કે કલ્પનાનું ધુમ્મસ, લાકડી મારીને સમજાવવી પડે એવી કષ્ટપ્રદ ઊર્મિ કે ચિંતન જોવા પ્રેરાઈએ તો તે બરાબર નથી. આપણી સામાન્ય વાણી અને સાહિત્યકારની વાણીમાં માત્ર એટલો જ ફેર કે સાહિત્યકાર અભ્યાસથી કે પ્રેરણાથી એવી વાણી વાપરે છે કે જેમાં બળ હોય, તેજ હોય, નવી નવી કલ્પનાઓ ઉઘડે એવી વિશાળતા હોય, અને પુષ્પ જેવી સુકુમારતા હોય. સામાન્ય વાણી બોલાઈને ભૂલી જવાય છે. સાહિત્યકારની વાણી સંગ્રહી રખાય છે. આપણા હૃદયમાં ભક્તિભાવ ઉભરાય ત્યારે આપણે કહીએ :

હે પ્રભુ, તું વ્યાપક છે, તારી લીલા અપાર છે, તારી કળા કળાતી નથી.

જ્યારે નરસિંહ મહેતા સરખા સાહિત્યકારની વાણી છંદમાં ઊતરી આજ પાંચસો પાંચસો વર્ષથી સંભાળી સાચવી રાખવા જેવી શબ્દાંજલિ અર્પે છે કે

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ
જૂજવે રૂપે અનન્ત ભાસે;

ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

આમ સાહિત્ય સહુને સમજાય એવી છતાં આપણા કરતાં વધારે સારી શબ્દરચના કરે છે; આપણે ઊડી શકીએ એટલે ઊડવા દઈ પછી આપણો હાથ ઝાલી કોઈ નવી કલ્પનાસૃષ્ટિ આપણને બતાવે છે: આપણી લાગણીઓને હોય એના કરતાં વધાર તીવ્ર અને વિશુદ્ધ કરે છે અને આમ આપણી માણસાઈને વધારે ઓપ આપી આપણને વધારે સારા માનવી બનાવવાનું સાધન રચી આપે છે.

## સાહિત્યનું ધન: સર્વોત્તમ

પ્રજાએ અનેક પ્રકારનાં ધન ઓળખ્યાં છે. અર્થ ઉપર–ધન ઉપર આબાદી રચી શકાય એમ અર્થશાસ્ત્ર કહે છે. હજી માનવપ્રજા આબાદીને, ધનને, મિકલતને માલિકીના સકંજામાંથી છોડાવી શકી નથી એટલે સહુ કોઈ પોતપોતાની મિલકત સાચવવા અને વધારવાની જંજાળમાં પડી કલેશ અને ઘર્ષણો ઊભાં કરે છે. મિલકત ઉપર માલિકી રહેશે ત્યાં સુધી આ ઘર્ષણો ચાલ્યા કરવાનાં છે. પરંતુ સાહિત્ય તો સહુની મઝિયારી મિલકત બની રહે છે. એમાં કોઈનો ભાગ લાગ નથી. વાપર્યે વધ્યે જ જાય એવી એ આબાદી છે. સાહિત્ય એટલે સંસ્કારધન. એ ધન લગભગ ચિરંજીવી છે. માનવીની માણસાઈ એનું પોષણ પામી જીવી રહે છે. માટે જ સ્થૂળ ધન કરતાં સંસ્કાર-ધન વધારે ચડિયાતું. પાંચસો વર્ષ ઉપર કયા ધનિકનો ધનભંડાર કેટલો મોટો હતો એની આપણને ખબર નથી, એની આપણને જરૂર પણ નથી; પરંતુ આપણે એ તો નોંધી રાખ્યું છે કે ચારસો પાંચસો વર્ષ ઉપર નરસિંહ અને મીરાં જેવી બે સાહિત્યવ્યક્તિઓ ગુજરાતમાં એવું સંસ્કારધન વેર્યે જતી હતી કે જે આજ પણ આપણને વાપરવા મળે છે.

અભિમાન ખાતર નહિ, પરંતુ એક હકીકત તરીકે આપણને એમ તપાસવાનું મન તો જરૂર થાય છે કે પ્રગતિશીલ કહેવાતું વડોદરા આ સંસ્કારધનમાં સમૃદ્ધ છે કે કેમ ? રાજ્યનું વિલીનીકરણ

થવાથી એ તપાસ અને તેનું પરિણામ નોંધવું બહુ જરૂરી છે. સમૃદ્ધિ તપાસવાનું એક માપ એના સાહિત્યકારોમાં આપણને જડી આવશે, અને આશ્ચર્યની વાત એ છે કે વડોદરાનું સાહિત્યધન વડોદરાને ગૌરવ આપે એવું જ છે.

ગયા દસકાનું વડોદરા સાલ્હેર સહ્યાદ્રિથી દ્વારકા સુધી લંબાયેલું હતું એ તો સહુ જાણે છે. એમાં પાટણ, જે એક સમયે સોલંકીઓની યશનગરી હતું, એનો જ વિચાર કરીએ તો વડોદરાનું સાહિત્યગૌરવ, હૈમવ્યાકરણના સુપ્રસિદ્ધ કર્તા યતિ હેમચંદ્રનું સ્મરણ કરાવે છે. આ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્ર માટે જરૂર પાટણ—અને પાટણ દ્વારા વડોદરા ગર્વ લઈ શકે. ગુજરાતી ભાષા સહુથી પહેલો સ્પષ્ટ ઉલ્લેખ હેમચંદ્રના વ્યાકરણમાં આજથી લગભગ ૯૦૦ વર્ષ ઉપર મેળવે છે. હેમચંદ્રે સંગ્રહેલાં વ્યાકરણ નિયમનાં દષ્ટાંતો તે સમયના સાહિત્ય ટુકડાઓ હતા. અને આજ પણ એમાંથી કેટલીક લોકકથાઓ કે લોકોક્તિઓનાં મૂળ જડી આવે છે.

પછી તો પાટણની આસપાસ સરસ્વતીના ભક્તોનું એક જૂથ જામ્યું હતું. વડનગર અને સિદ્ધપુર પણ વિદ્યાનાં—એટલે સાહિત્યનાં ધામ હતાં. જૂની ગુજરાતીમાં મહત્ત્વનું સ્થાન ભોગવતા ભાલણ અને ભીમ પણ વડોદરા રાજ્યને ફાળે જાય એમ છે.

## પ્રેમાનંદ અને દયારામ

ગુજરાતી સાહિત્યમાં બે ઊંચામાં ઊંચાં શિખર: એક પ્રેમાનંદ અને બીજો દયારામ. પ્રેમાનંદ તો તળ વડોદરાનો: વાડીમાં જેમનો નિવાસ હતો. આજ પણ એની ખડકી એને નામે ઓળખાવાઈ છે. દયારામ ડભોઈના. એક પ્રાચીન ગુજરાતીનું ગૌરીશંકર—એવરેસ્ટ, ભવ્ય, અણમાપ, વ્યાપક—જેણે કરુણ, હાસ્ય, શૃંગાર અને વાત્સલ્ય રસની ગંગા સાહિત્યમાં ઉતારી છે. એ પ્રેમાનંદ: ઉષાહરણ, નળાખ્યાન, સુદામાચરિત્ર, મામેરું, જેવા લોકજીવનમાં જડાઈ ગયેલાં શિષ્ટ આખ્યાનો લખ્યાં છે. બીજી કાંચનજંઘા સરખી નાજુક, રૂપાળી, રસમય, ઊર્મિમય ગરબીઓનો ગાનાર અને ગુજરાતી સ્ત્રીઓને કંઠે

ઉતારનાર દયારામ. આ બે જ કવિઓને ઉપજાવી વડોદરાએ ગુર્જર સાહિત્યમાં સર્વોત્તમ ફાળો આપ્યો છે.

## વડોદરાનો સાહિત્ય — ફાલ

બધાનાં નામ લેવાં તો અશક્ય છે; પરંતુ ઉપરછલી દૃષ્ટિ ફેરવીશું તોય આપણને વડોદરાના સાહિત્યકારો ચારેપાસ વેરાયલા નજરે પડશે સાવલી બાજુએ નજર નાખીશું તો વેદાન્ત અને યોગનો અભ્યાસી ધીરો દેખાઈ આવશે. બાપુ સાહેબ ગાયકવાડે પણ ગુજરાતી કવિતા શોભાવી છે, એ ગુજરાત મહારાષ્ટ્રનો સંપર્ક સમજનારે જાણવા જેવું છે. અમરેલી પાસેના ફતેપુરમાં આજ પણ એક જીર્ણ સ્થળે ભોજા ભક્તની ધર્મગાદી છે. ભોજા કવિએ અખાની માફક ચાબચા જેવી તીખી કવિતા લખી ગુર્જર માનસને ઘડયું છે.

આપણી ઓગણીસમી સદીના વર્તમાન વાતાવરણનો વિચાર કરીશું તો આપણને સદ્ગત શ્રીમંત ખંડેરાવ અને આપણા કવિ દલપતરામના સંપર્કમાંથી મળેલી કવિતા યાદ આવશે. ગુજરાતી વાણી લુંટાઈ અને એ લુંટનું પગેરું ચાલતાં મુંબઈ સુધી શોધખોળ થઈ જેમાં ગુજરાતી વાણીને લૂંટી લેનાર પારસીઓ પકડાયા એવી એક રમુજી કલ્પના દલપતરામે શ્રીમંત ખંડેરાવને ઉદ્દેશીને કરેલી છે.

અને પછી તો વર્તમાન યુગમાં આવતાં વર્તમાન ગુર્જર ગિરાના અનેક ઘડવૈયાઓ સાથેનો વડોદરાનો સંપર્ક ખરેખર આશ્ચર્ય ઉપજાવે છે. હરિ હર્ષદ ધ્રુવ જેવા અગ્રકવિ વડોદરાના ન્યાય ખાતાને શોભાવતાં સ્ટોકહોમની ઓરીએન્ટલ કોન્ફરન્સમાં વડોદરાના પ્રતિનિધિ તરીકે ગયા હતા. અભેદમાર્ગપ્રવાસીની પદવી પામેલા કાન્તા નાટકના લેખક સુદર્શનકાર અને ગઝલના આદ્યલેખક મણિલાલ નભુભાઈનું સ્થાન વડોદરામાં હતું. પ્રખર ગઝલકાર અને હરિપ્રેમ પંચદશીના મસ્ત કવિ બાલાશંકર કંથારિયા પણ વડોદરામાં ખરા. ખંડ કાવ્યોના આદ્યકર્તા કવિ કાન્તે તો વડોદરામાં અનેક શિષ્યો મુકયા છે. શિક્ષણનો ઇતિહાસ એમણે વડોદરા માટે લખ્યો હતો. હરગોવિંદદાસ કાંટાવાળા વડોદરા રાજ્યના વિદ્યાધિકારી। સર રમણભાઇ આપણા શંકરાચાર્યના

કાર્યમાં વડોદરા તરફે વકીલ હતા. બળવંતરાય ઠાકોર—અલિષ્ઠ બ. ક. ઠા. પણ આપણી બરોડા કોલેજના પ્રોફેસર હતા. છગનલાલ મોદી—ઇરાવદીના કર્તા પણ આપણા એક સાહિત્કાર છોટાલાલ નરભેરામ ભટ્ટ, છોટાલાલ જીવનલાલ માસ્તર, નૃસિંહાચાર્ય, ઉપેન્દ્રાચાર્ય, જગજીવનદાસ મોદી, ભાનુસુખરામ મહેતા વગેરે એક બે પેઢી આગળના સાહિત્યકારો વડોદરાના જ નિવાસી એમણે સાહિત્ય—ઘડતરમાં સારો ભાગ ભજવ્યો છે મટુભાઈ કાંટાવાળાને પણ ન જ ભુલાય લલિતજી પણ વડોદરાને વડલે વસી ગયા છે. કનૈયાલાલ મુનશી બરોડા કોલેજનો પરિપાક છે. "સ્વપ્નદ્રષ્ટા"માં બરોડા કોલેજનો સ્કવેર બ્લોક અને આજ સયાજીગંજ છે તે સ્થાને તેમના સમયનું ભીમનાથનું તળાવ તેમણે વર્ણવ્યાં છે. મેઘાણી અમરેલી હાઈસ્કૂલમાં ભણતા હતા એની કદાચ ઘણાને ખબર નહિ હોય, વિજયરાય કૌમુદીકાર પણ કેટલાંક વર્ષો વડોદરાવાસી બન્યા હતા—મગનલાલ વિશ્વનાથ ભટ્ટની માફક શ્રી. રાયચુરા અને તારાચંદ અડાલજાએ તો અહીં ઘર જ કર્યાં છે એમ કહેવામાં હરકત નથી. મૂળજીભાઈ શાહ—એક દુકાનદાર આપણા સરસ રાસ અને નાટક લેખક છે. એ હવે સાહિત્યકારો જાણતા જ હશે. સંસ્કારના પડ ઉકેલી ઈતિહાસ રચનાર મંજુલાલ મજમુદાર પણ વડોદરાવાસી છે. સાહિત્ય અને સંગીતના સમન્વયકાર ઓમકારનાથજી વડોદરા રાજ્યના રહીશ છે એ કોઈ ન જાણતું હોય તો જાણી લે.

પ્રાચીન તથા અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં આમ વડોદરાનો ફાળો નજીવો તો નથી જ. હજી ઘણાં નામ રહી ગયાં છે. નવસારીના પારસી ઇસ્લામી તેમ જ મહારાષ્ટ્રી સાહિત્યકારો તો ગણાવ્યા જ નથી. છતાં જેટલાં નામ ગણાવ્યાં છે તે ઉપરથી એટલું તો સ્પષ્ટ થશે જ કે જેમ—વડોદરા બીજી બધી રીતે પ્રગતિશીલ હતું તેમ સાહિત્યમાં પણ પ્રગતિશીલ હતું.

આવી સંસ્કારસમૃદ્ધિ ઉપજાવતા સાહિત્યને અણમાનીતું—અણગમતું ન રાખીએ. એને ઓળખવાની સહજ ફુરસદ લઈએ, એ સાહિત્ય આપણે ધારીએ એ કરતાં વધારે વ્યાપક છે; વધારે સમર્થ છે અને વધારે સહેલું છે. વડોદરાનું દષ્ટાંત સાહિત્યને બીજા ભૂમિવિભાગોમાં પણ શોધવા આપણને પ્રેરશે.

ચિંતન

# હિંદુ ધર્મ

[૧]

હિંદુધર્મ વિષે વિચાર કરતાં કેટકેટલાં વિચિત્ર તત્ત્વો નજર આગળ તરી આવે છે!

પ્રથમ તો, હિંદુ ધર્મ જેવો કોઇ ધર્મ જ નથી. આપણા એકે ધર્મગ્રંથમાં 'હિંદુ' નામ શોધ્યું પણ જડતું નથી. હિંદુ તરીકે ઓળખાવી ગર્વ લેનાર આપણે સહુ કોઇએ એટલું જાણવાની તો જરૂર છે જ કે આપણી સંસ્કૃત કે પ્રાકૃત ભાષાઓમાં 'હિંદુ' જેવો કોઈ શબ્દ જ નથી. વેદકાળથી તે વલ્લભાચાર્ય સુધીના કોઈ પણ આચાર્ય 'હિંદુ શબ્દને ઓળખ્યો નથી, અને પોતાને હિંદુ તરીકે ઓળખાવવામાં અભિમાન લીધું નથી.

'હિંદુ' એ પરદેશ દીધો શબ્દ છે. પ્રાચીન ઇરાનવાસીઓ અને તેમના સંસર્ગમાં આવેલી પશ્ચિમની પ્રજાઓએ સિંધુ નદીને 'હિંદુ આપી સિંધુ કિનારે વસતા લોકોને હિંદુ કહ્યા. પશ્ચિમના પરિવર્તનમાંથી આજ આખો દેશ 'ઇન્ડિઆ' તરીકે પણ ઓળખાઇ ચૂક્યો છે.

એક એવી પણ માન્યતા છે કે ફારસી ભાષાનો 'હિંદુ' શબ્દ તિરસ્કારવાચક અને રંગની કાળશનો સૂચક છે. ઇરાન, અફઘાનીસ્તાનના પહાડી પ્રદેશમાં કુદરતે ઉપજાવેલી ગોરી પ્રજા પહાડની પાર આવેલી ઘઉંવર્ણી પ્રજાને કાળી—'હિંદુ'–કહે એ સમજી શકાય એમ છે. પશ્ચિમ એશિયાએ સાતમી સદીમાં ઈસ્લામનો વ્યાપક સ્વીકાર કર્યો અને ધર્મનું ઉગ્ર ભાન ખીલવ્યું. 'હિંદુ' તરીકે પશ્ચિમમાં ઓળખાયલા હિંદવાસીઓ પ્રત્યે ધર્મભેદના કારણે ઊંડો ઊંડો તિરસ્કાર પણ છુપાયલો હોય એમાં નવાઇ નથી. આપણે પણ યવન, મ્લેચ્છ, તુર્ક જેવા શબ્દોમાં આછો તિસ્કાર સંતાડી રાખતા નહિ હોઇએ એમ ભાગ્યે જ કહેવાય.

ઈસ્લામે હિંદ ઉપર ધસારો કર્યો અને આપણે આપણી અશક્તિ અને કુસંપમાં એ ધસારાને વિજયી અને વ્યાપક બનવા દીધો. ઇસ્લામે સ્પષ્ટપણે ઇસ્લામથી જુદો ધર્મ પાળનાર તરીકે આપણને 'હિંદુ' કહ્યા:

અને આપણે પણ ઇસ્લામથી જુદે કોઇ વિશિષ્ટ ધર્મ પાળનાર પ્રજા તિરસ્કારવાચક છાપ અપનાવી લઇને આજ આપણે એમાં અભિમાન લેતા પણ થયા છીએ! ઈસ્લામના આવતાં પહેલાં આપણે હિંદુ ન હતા. ઇસ્લામના આવ્યા પછી જેમ ઘણાં હિંદવાસીઓ મુસલમાન થયા છે તેમ આપણે મુસલમાન ન બનેલા આર્યાવર્તવાસીઓ હિંદુ બન્યા છીએ! બાદબાશાહતમાં એ નામની છાપ આપણે પૂરેપૂરી સ્વીકારી લીધી અને પેશ્વાઈ વખતે તો 'હિંદુપત પાદશાહી'નું સ્વપ્ન સેવી 'હિંદુ' શબ્દમાં આપણે અંગત રીતે માનસૂચક ભાવ પણ ઊમેરી લીધો! આજ આપણને કોઇ હિંદુ નથી એમ કહે તો આપણને ખોટું લાગે અને આપણે ઝગડો કરવા પણ કદાચ તત્પર થઈએ!–જો કે એક હજાર વર્ષથી આપણે હિંદુઓ લગભગ એકએક ઝગડામાં હારતા જ આવ્યા છીએ!

સંસ્કારસમાગમ, સંસ્કારઘર્ષણ, સંસ્કાર વિનિમયનો ઇતિહાસ બહુ વિચિત્ર પરિણામો આપણી પાસે રજૂ કરે એમ છે. પોતાને 'હિંદુ' કહેવરાતાં સર્વ સ્ત્રીપુરુષ સમજી લે કે આપણે સ્વીકારેલું 'હિંદુ' નામ એ ઇસ્લામે દીધી બક્ષીસ છે. અને આપણે તો કહીએ છીએ કે હિંદુ મુસલમાન કદી એક બની શકે નહિ.

ઇસ્લામે આપેલી બક્ષિસ સ્વીકારી બેઠા પછી, મુસલમાનોએ આપેલું નામ અપનાવી લીધા પછી, અસંખ્ય હિંદુઓને મુસલમાન બનવા દીધા પછી, હજાર વર્ષના મુસલમાનોના સહવાસ પછી, હિંદુ–મુસ્લિમ ઐક્ય ન જ થઈ શકે એમ કહેવું એ માનવસ્વભાવનું, સંસ્કારસંગમનું, પ્રજાસંગઠ્ઠનનું અધૂરું જ્ઞાન જ કહેવાય. ઇસ્લામે પણ આર્યોનાં કેટકેટલાં તત્ત્વો અપનાવ્યાં છે.

હવે તો 'હિંદુ' શબ્દ આપણે માટે કાયમનો જ બન્યો છે. આપણા આંતરિક ઝઘડાનો લાભ લઇ ઝઘડતાં ન અટકેલાં હિંદુ–મુસલમાનોને નાથી રહેલા અંગ્રેજોએ વસ્તી ગણત્રીમાં આપણને ક્યારનાયે હિંદુ તરીકે કાયમ કર્યા છે. વગર તકરારે આપણે 'હિંદુ'ની છાપ સ્વીકારી લીધેલી છે. હવે આપણે 'હિંદુ' નથી એમ કહેવું લગભગ અશક્ય થઈ પડયું છે!

આ સઘળું વિચિત્ર લાગે છે, નહિ? હજી બીજી કેટલીયે

વિચિત્રતા આપણે જોવાની છે!

[ ૨ ]

વળી આપણે આપણા દેશને પણ હિંદુસ્તાન તરીકે સ્વીકારી લીધો છે! અને આજનું 'હિંદુસ્તાન' હવે આપણું હોવા છતાં હજી આપણું બન્યું લાગતું નથી. આપણું હિંદુસ્તાન એટલે? કોનું હિંદુસ્તાન? હિંદુઓનું? મુસ્લિમોનું? અંગ્રેજોનું? ઉત્તર સહજ છે. ગાંધીજીને પૂછો, ઝીણાને પૂછો કે સાવરકરને પૂછો! પાકિસ્તાન એ હિંદુસ્તાનમાંથી કાપી મુસ્લિમોએ લીધું. હજી શીખીસ્તાન, દ્રવીડસ્તાન અને હરિજનસ્તાનના ભણકારા નથી વાગતા એમ ન કહેવાય. પ્રાચીન યુગમાં ભૂમિ વિભાગોને આપણે 'આવર્ત', 'વર્ષ', 'મંડળ', 'ખંડ' જેવાં નામોથી ઓળખતા હતા, અને ખંડોના સમૂહને દ્વીપનું નામ આપતા હતા. આજના એશિયા ખંડને જંબુદ્વીપ તરીકે ઓળખનાર આપણે આપણા ભૂમિખંડને 'આર્યાવર્ત', 'ભારતવર્ષ' કે 'ભરતખંડ' ને નામે ઓળખતા હતા, એ આપણે માટે જાણીતી બીના છે. પરંતુ આજ હિંદુસ્તાન બહાર જઈ આપણે કહીએ કે અમે ભરતખંડ કે આર્યાવર્તના રહીશ છીએ તો આપણને સાંભળનાર જરૂર આશ્ચર્ય અનુભવશે! દુનિયાભરની કોઈ પણ ભૂગોળમાં એ શબ્દ શોધ્યો જડશે નહિ. આજ જગતમાં આપણા દેશને ઓળખાવવો હોય તો આપણે તેને 'હિંદુસ્તાન' કે 'ઇન્ડિયા' જ કહેવો પડશે; અરે આપણા દેશમાં પણ ભરતખંડ અને આર્યાવર્તનું નામ ભદ્રંભદ્રીય લાગતું જાય છે! કવિતા સિવાયનું બીજું સાહિત્ય પણ તેને સાંખી લેતું નથી. આમ આપણે ભરતખંડને હિંદુસ્તાન બનાવી દીધો! અને વળી એને આપણે કહ્યો.

હિંદુઓને પાકિસ્તાન નામ ગમતું ન હતું. મુસલમાનોએ પાકિસ્તાન આગ્રહપૂર્વક માગવા માંડયું અને તે ઝૂંટવી પણ લીધું. હિંદમાં પાકિસ્તાનનાં થોડાં વર્ષ ઉપરના ટૂકડા પડી જશે યા નહિ એ ભવિષ્યનો પ્રશ્ન હવે વર્તમાન બની ગયો છે. 'સ્તાન' અને 'સ્થાન' આર્ય ભાષાઓના સગપણ અંગે બહુ પાસે પાસે છે, એ પણ કોઈએ ભૂલવા જેવું નથી; છતાં 'સ્થાન' શબ્દ વ્યાપક ન

બન્યો; 'સ્તાન' શબ્દ એશિયાવ્યાપી બની ગયો. પરંતુ આર્યવર્ત-માંથી આપણે કેટકેટલા ટૂકડાઓ કાપી 'પાકિસ્તાનો' બનવા દીધાં છે એનો કોઈને ખ્યાલ આવે છે ખરો ? પૂર્વમાં ચીન અને જપાનને બાજુ ઉપર મૂકીએ. એ સિવાયના સઘળા ભૂમિખંડો અને ટાપુઓ આર્યાવર્ત કે ભારતવર્ષમાં આવી જતા હતા એમ તેમની આજની પણ સંસ્કૃતિ જોતાં આપણે કહી શકીએ એમ છે. હિંદીચીન–જાવા–સુમાત્રાનો બેટ સમુદાય, સિયામ–શ્યામકાંમ્બોજ, મલય અને બ્રહ્મદેશ એ સઘળા ભારતવર્ષના જ વિભાગો હતા ! ફીલીપાઇન્સ સુદ્ધાં ! એ બધાં આજ વર્ષોથી આપણાં પાકિસ્તાન ! એમાં મુસ્લિમધર્મી પાકિ-સ્તાન ઉમેરાયું.

ઉત્તર તરફ નજર કરીશું તો તિબેટ–ત્રિવિષ્ટપમાં તો હજી માનસરોવર સરખાં આર્ય તીર્થસ્થાનો આપણે પરસત્તાને સોંપી દીધાં છે. મેરુ પર્વતને ધારણ કરતો પામીરનો પ્રદેશ અને ગોબીનું રણ એક વખત હિંદુ અને બૌદ્ધમંદિરોથી ભરચક હતાં એમ ઈતિહાસ નોંધે છે. એ પણ આપણામાંથી જ કપાયલાં પાકિસ્તાન ! નવું ચીન પોતાની સરહદ બદરીનાથ સુધી એક પાસ અને આસામ સુધી બીજી પાસ લંબાવવા ઇચ્છી રહ્યું છે એ સૂચક સમાચાર હવે આવવા લાગ્યા છે !

પશ્ચિમે ગાંધાર–અફઘાનીસ્તાન અને શકસ્થાન–બલુચિસ્તાન એ ભારતવર્ષની મર્યાદાના પ્રદેશો. મહારાણી ગાંધારી એક અફઘાન કન્યા હતી ! કનિષ્કસમ્રાટ બલુચી કહેવાય ! આજની દૃષ્ટિએ ! ત્યારે એ બધા આર્યો હતા ! દક્ષિણની લંકા આર્ય કથામાં મહત્ત્વને સ્થાને હોવા છતાં ભારતવર્ષે તે ખોઈ નાખી છે.

હવે આજ પંજાબ, સિંધ અને બંગાળ સાંકડા બની ગયેલા આર્યાવર્તમાંથી પાકિસ્તાનને નામે કાપી કાઢવામાં આવ્યાં છે. શું એમ નથી લાગતું કે આર્યાવર્ત સંકોચાઈ સંકોચાઈને માત્ર સ્મરણ અવશેષ તરીકે જ રહેવાના ક્રમમાં છે ?

આપણે હિંદુ તરીકે આપણું નવું નામ પણ પાડ્યું અને તે સ્વીકારી લીધું. આપણા દેશને બીજાઓએ આપેલી છાપ કાયમી

છપાવા દીધી અને તે આપણે સ્વીકારી પણ લીધી. હિંદુઓએ આર્યાવર્ત ખોયું. ભલે ખોયું. ! એક ભયસૂચના ઉગ્ર બનતા ઇસ્લામે પણ ઓળખવી પડશે. પાકિસ્તાનના શોખીનો રખે ભૂલે કે એક સમયના વિજયી ઈસ્લામે સ્થાપેલા વ્યાપક પાકિસ્તાનના કેટલા ટુકડા પડી ચૂકયા છે? ઇસ્લામનું કયું પાકિસ્તાન આખું રહ્યું છે? મોરોક્કોથી મલાયા સુધી?

[ ૩ ]

અને હિંદુ ધર્મ? એ નામ પણ આપણને ઇસ્લામની મળેલી બક્ષિસ છે. આપણે જ્યાંસુધી એ નામ સ્વીકાર્યું ન હતું ત્યાંસુધી હિંદુધર્મ જેવો કોઈ ધર્મ જ જગતભરમાં ન હતો આર્ય સંસ્કૃતિએ ખીલવેલી ધર્મભાવનાએ ધર્મનું એક નામ કે એકછાપ કદી સ્વીકાર્યાં ન હતાં. આર્યધર્મ, સનાતન ધર્મ, વૈદિક ધર્મ જેવાં નામ પણ આપણે ઓગણીસમી વીસમી સદીમાં જ શોધી કાઢી ધર્મ ઉશ્કેરાટમાં વાપરવા માંડયા છીએ. આર્યોએ વિકસાવેલી મહાવિશાળ જટિલ અને ઊંડી ધર્મભાવના માટે એક નામ સંભવિત જ નથી સતત વિકસતી જતી એ આચાર વિચાર અને અધ્યાત્મની ગૂંથણી એક બીબામાં, એક નામમાં કે એક જ પરિપાટીમાં સમાઈ જાય એવી ઉપરછલ્લી ન હતી અને નથી જ. એ સંસ્કારયોજનામાં આખી માનવસંસ્કૃતિના વિકાસનું આલેખન થયું દેખાય છે સતત વિકાસ પામ્યે જતા, સ્થળ અને કાળનાં મહાતત્ત્વોને ઓળખતા એ સંસ્કારઘડતરમાં માનવજાતની નાની મોટી સઘળી સમૃદ્ધિ આવી જતી હોય એમ લાગે છે. વિકાસની વિવિધ પરિપાટી-ઓને અનુકૂળ બનાવવાની તેની નિત્ય તૈયારીએ ઘણાને એમાં વિરોધા-ભાસ જોવા પ્રેર્યા છે. છતાં એ અભિમાન રહિત, પયગંબર દીધી-પ્રેરણાની ગુમાન રહિત સંસ્કારશ્રેણીએ પોતાને કદી ધર્મને નામે ઓળખાવી નથી. ધર્મની વ્યાખ્યા જ સંસ્કૃત ભાષામાં અનોખી થાય છે. એ સંસ્કારશ્રેણીમાં વેદની પ્રકૃતિપ્રાર્થના અને કર્મકાંડ પણ છે, અને ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર તથા ગીતાનાં આકાશ-પાતાળવ્યાપી ચિંતનો પણ છે. એમાં સુધરેલા સમાજને હાસ્યાસ્પદ લાગે એવી લિંગપૂજા પણ છે. જીવનતત્ત્વને હસનાર ભલે પોતાને સુધરેલો માને. એ હાસ્યમાં સુધારો

નહિ, પણ બીભત્સ ભાવ છે. અને એ આર્ય ધર્મભાવનામાં અલખ નિરંજન નિરાકારમાં તન્મય બનવાની પણ રુચિર ક્રિયાઓ છે. ઊર્મિને આકાર આપતી ભક્તિ પણ એમાં છે, મોક્ષની પરવા સુદ્ધાં ન કરતો વિરાગપણ એમાં છે, અને ઇશ્વર છે કે કેમ એવો મહાબંડખોર પ્રશ્ન કરતો સાંખ્યવાદ, નાસ્તિકવાદ, બૌદ્ધ અને જૈન મતવાદ પણ એમાં છે. એમાં પ્રારબ્ધ અને પુનર્જન્મનું સાંત્વન પણ રહેલું છે અને પરમપદને પામવાનો પુરુષાર્થ પણ સમાયલો છે. તેત્રીસ કોટી દેવથી આપણી કલ્પનાને ભરી દેતું સ્વર્ગ પણ એમાં છે અને એ દેવભૂમિથી પર લઈ જતો એકેશ્વરવાદ પણ તેમાં છે. એમાંની દેવકથાઓ, ભક્તકથાઓ અને વીરકથાઓથી ઉભરાતી ઇતિહાસસૃષ્ટિ માત્ર વર્તમાન કાળમાં રાચવાને બદલે સર્ગ, પ્રલય અને યુગયુગાન્તર તથા કલ્પને મહત્ત્વ આપી વ્યક્તિઓથી બહુ જ આગળ વધી કાલ–પુરુષના મહત્ત્વને ગુંજે છે અને સાથે સાથે વ્યક્તિની ઐહિક તુચ્છતા સમજાવી આમુષ્મિક દૃષ્ટિએ વ્યક્તિને બ્રહ્મ સાથે એકતાનું મહત્ત્વ પણ આપે છે. એમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય–જીવન, જન્મ અને મરણની સરખી ઉપાસના થઈ રહેલી છે. અને બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્રનાં ભવ્ય અને મોહક રૂપકોમાં એ ઉપાસના સજીવન બની રહી છે. એ સંસ્કારગૂંથણીમાં સમાયલી ઉપાસનાએ આખું મૂર્તિવિધાન, મંદિર વિધાન અને શિલ્પસ્થાપત્ય આર્યાવર્તને આપ્યાં છે, જે હજી સુધી તો અજોડ મનાય છે અને એ જ ઉપાસનાએ પૂજન–અર્ચનને ઘેર ઘેર પહોંચાડી ઘર ઘરને ભક્તિભાવ અને સૌન્દર્યથી શણગાર્યાં છે. એ ગૂંથણી એક જ નમૂનામાં ગુંથાઈ અટકી જતી નથી. વિષ્ણુપૂજક શિવભક્તનો વિરોધી બનતો નથી, અને એ બંને ખુશીની સાથે શક્તિ કે ગણપતિના પૂજનમાં ભાગ લઈ શકે છે. એ ગૂંથણી સતત ચાલુ જ છે. પરાયા સંસ્કારને પોતાના કરી દેતાં એ ગૂંથણીને બહુ જ સારું આવડે છે, અને જગતની કોઈ પણ માન્યતાનો વિરોધ રહે એવી અસહિષ્ણુતા એ ગૂંથણીમાં રહે એવો સંભવ જ નથી. એ સંસ્કારગૂંથણી એક જ સ્થળે ગૂંથાઈ અટકી જતી નથી. અસલ વિશ્વનાથ ભલે કાશીમાં હોય; એમની સ્થાપના વડોદરામાં કરવામાં શાસ્ત્ર આડે આવતું

નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવી ચાર વર્ણની વ્યવસ્થા કરવામાં એ ગૂંથણીએ પરસ્પરને રોધતી દીવાલો ઊભી કરી નથી; પરંતુ સમાજને જરૂરી સેવા–રચનાનો એક સરસ વ્યૂહ ઘડી આપે છે. એણે દ્રવિડ, શક, યવન અને હૂણને પોતાનામાં સમાવી દઈ પોતાના બનાવ્યા છે. અને ગ્રીસ, ઇરાન, મિસર, સીરિયા, ચીન અને જપાનને ગણિત, ફિલસૂફી, આકાશદર્શન અને શક્તિપૂજનના પાઠ શીખવ્યા છે. એની વિશાળ સ્થિતિસ્થાપકતામાં સર્વ ફિલસૂફી, સર્વ-ધર્મકલ્પના અને સર્વ આચારશ્રેણી આવી જાય છે. હિંદુ ધર્મ એ જડ ધર્મ નથી, પરંતુ સદા વિસ્તૃત બનતું સમસ્ત માનવજાતને આશ્રય આપતું લીલું સજીવન વટવૃક્ષ છે. તમારે વૃક્ષની પૂજા કરવી છે? તુલસી, પીપળો, વડ, અરે ગમે તે વૃક્ષને તમે પૂજી શકો છો. તમને આવી જડ મૂર્તિપૂજામાં પ્રભુની મશ્કરી થતી લાગે છે? તમે જરાય મૂર્તિને નમન કરશો નહિ. સર્વવ્યાપક પ્રભુને વગર મૂર્તિએ તમે હિંદુ રહીને અનુભવી શકશો. મૂર્તિ વગર તમને નહીં ફાવે, એમ? ભલે નવયુગને અનુકૂળ ઈશ્વર તત્વ નથી એમ લાગતું હોય તોય ભારત-માતાની મૂર્તિ તમે દેશભક્તિમાં શા માટે ન રચી શકો? ભારત માતાનું મંદિર બનારસમાં સ્થાપ્યું છે, અને સેંકડો દેશી પરદેશી માનવીઓ એ વિશાળ નકશાનાં દર્શને જાય છે. કર્મમાં માનવું છે? સતકર્મ સદ્ફળ આપે જ છે. પુનર્જન્મથી તપને સંતોષ થાય એમ છે? પુનર્જન્મ છે જ। આ જન્મનાં સંચિતનો પુંજ મૃત્યુ સાથે કેમ અદશ્ય થાય। પરંતુ જીવનની એવી પણ ભૂમિકા છે કે જ્યાં કર્મ બળી ને ભસ્મ થાય છે। અને ઈશ્વરમય બની ગયા પછી પુનર્જન્મની જરૂર છે ખરી? પ્રાપ્તવ્ય થઈ ગયું. વારુ! ઈશ્વર નથી એમ તમને લાગે છે? વિચારી જુઓ! ઈશ્વરની આપણા જીવનમાં અનિવાર્યતા પણ કયાં છે? ઈશ્વરે કદી તમને હરકત કરી છે? ભલેને ઈશ્વર ન જ હોય। ન્યાય અને સાંખ્ય, જૈન મત અને બૌદ્ધ મત ઈશ્વરને પાંગળો, કર્તૃત્વવિહોણો બનાવી બાજુએ પણ બેસાડી દે છે। આસ્તિકદર્શન સાથે નાસ્તિકદર્શન પણ પ્રખર વિદ્વત્તાથી ભરેલું છે. આમ આર્ય સંસ્કારની પરંપરા મનવિકાસની પ્રત્યેક ભૂમિકાને સ્પર્શી એ પ્રત્યેક ભૂમિકાને એકબીજાની સાથે સુવર્ણ

સાંકળે જોડી રહે છે. વલ્લભાચાર્યનો ભક્તિમાર્ગ ભલે સ્થૂલ લાગતો હોય. એમનું ભાષ્ય જોયું ? શુદ્ધાદ્વૈતનું એમનું નિરૂપણ તીવ્રમાં તીવ્ર બુદ્ધિને પણ કસે એમ છે! અને અર્વાચીન બુદ્ધિચાંચલ્ય સર્વ વિદ્વાનોની કસોટીરૂપ છે. આજનો કોઈપણ બુદ્ધિમાન ‘સુબોધીની’ વાંચી પોતાની બુદ્ધિને કસી શકે એમ છે. આચાર્યોએ માત્ર મૂર્તિ કે પંથજ સ્થાપ્યા છે એમ નહીં; એમણે પ્રચંડ વાદ અને વિચાર શ્રેણીઓ સ્થાપી છે.

[ ૪ ]

રખે કોઈ એમ માને કે હિંદુ ધર્મ એટલે ‘અટક, આગળ અટકી જતો, સમુદ્રયાનમાં પ્રાયશ્ચિત્ત માગતો કોઈ સંકુચિત આચાર છે! સમુદ્રની પેલી પાર આવેલા બાલી દેશમાં આજ પણ વેદોચ્ચાર થાય છે. સમુદ્રગમનનો પ્રતિબંધ હોત તો ગાયત્રી બાલીમાં પહોંચી ન હોત! ચીનમાં વૈષ્ણવ મંદિર બંધાયું ન હોત!

રખે કોઈ એમ માને કે હિંદુ ધર્મ એટલે માત્ર ન્યાત જાતના અસંખ્ય વાડાઓમાં વહેંચાઈ ગયેલી કોઈ સમાજરચના છે! ન્યાત–જાતના ઊંડાણમાં આપણે જોઈશું તો તેમાં ધંધો અગર ભૂગોળ એ બે જ મુખ્ય તત્ત્વો દેખાઈ આવશે. ન્યાત જાત એ અભેદ્ય વજ્ર-ઓરડીઓ હોત તો આટ આટલાં જાતિ મિશ્રણો હિંદુ સમાજમાં શક્ય ન બનત.

રખે કોઈ એમ માને કે હિંદુ ધર્મ એટલે અસ્પૃશ્યતા પોષતો કોઈ અનાચાર છે! અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું અંગ હોત તો સાક્ષાત્ ધર્મે ચાંડાલનું સ્વરૂપ ધારણ કર્યું ન હોત અને અસ્પૃશ્યોમાં મહાન ભક્તો જન્મ્યા ન હોત! અસ્પૃશ્યોને જ્યારે જ્યારે આપણે હીન માન્યા છે ત્યારે ત્યારે આપણને ચમત્કારના આંચકા લાગ્યા જ છે. આજ પણ અસ્પૃશ્યોને અંગે ચમત્કારો જ સર્જાઈ રહ્યા છે.

હિંદુ ધર્મ એટલે ભાજીપાલો અને અનાજ ખાઈ સહુને ટપલા મારવાનું સાધન આપતા નિર્માલ્યોનો ધર્મ છે એમ રખે કોઈ ધારે! એના વેદમંત્રોનો ઘોષ વિજયી પ્રજાનો વિજયનાદ છે. વળી આહાર એ દેશકાળને અનુસરતું તત્ત્વ છે, નહિ કે કાયમનું તત્ત્વ. આર્યાવર્ત

હિંદુસ્તાન બન્યો ત્યારે આર્યોનો મોટો ભાગ માત્ર વનસ્પતિ આહારી નહોતો. આજ પણ હિંદુઓનો મોટોભાગ વનસ્પતિઆહારી નથી. બીજી બાજુએ માંસાહાર એ જ સાચી તાકાત આપનારો આહાર છે એવો ભ્રમ સેવનાર સહુ કોઈએ એક પ્રશ્ન પોતાને પૂછવાનો છેઃ માંસાહારી જર્મનો અને જપાનીઓ આ યુદ્ધમાં હાર્યા શા માટે? માંસાહારમાં અભિમાન લેતું મુસ્લિમ જગત આજ ઝાંખું, નિર્માલ્ય અને અસ્તાચલ તરફ ધસતું કેમ લાગે છે? ઈજિપ્ત, સીરિયા, અરબસ્તાન, ઈરાન, અફઘાનીસ્તાન વગેરે પોતાને સ્વતંત્ર માનતા દેશો અત્યારે કોનું વર્ચસ્વ અનુભવે છે એ ખુલ્લું કરવાની અહીં જરૂર છે ખરી? માંસાહાર તાકાત આપતો હોત તો મરાઠાઓનું રાજ્ય શાશ્વત રહ્યું ન હોત?

એ સત્ય છે કે આર્ય સંસ્કૃતિએ આચાર અંગે, ન્યાતજાતના વાડા અંગે, પરદેશગમનની મનાઈના સ્વરૂપમાં, અન્યધર્મીઓ સામે હિંદુત્વના દરવાજા બંધ કરવામાં અને સ્પર્શાસ્પર્શની ઉગ્ર ભાવનામાં એક ભયંકર સંકોચ અનુભવ્યો છે. એ બધું બન્યું લગભગ ઈસ્લામ આક્રમણ પછી—જો કે એનાં બીજ એથીયે જૂનાં છે. આપણે સહજ અભ્યાસ કરીશું તો આપણને દેખાશે કે એની પાછળ સ્વરક્ષણની એક અતિ ઉગ્ર ભાવના રહેલી છે. ડંકર્કથી ભાગેલા બ્રિટિશરોએ બ્રિટિશ ટાપુઓમાં ભરાઈ પોતાની તાકાત વધારી. જે સૈન્ય મેદાનમાં લડતાં લુપ્ત થઈ જાય તે કિલ્લાનો આશ્રય લેતાં સજીવ અને સબળ બની રહે છે. પીછેહઠ એ સર્વદા પરાજય નથી—જો કે એ જ્વલંત વિજય પણ નથી. એમાં સ્વરક્ષણનો સિદ્ધાંત રહેલો છે. આર્ય સંસ્કાર સંકુચિત બન્યા એની ના કહેવી એ અસત્ય છે. પરંતુ વર્તમાન યુદ્ધ અને યુદ્ધનાં નિયંત્રણને અનુભવી રહેનાર સહુ કોઈ સંકોચ, પીછેહઠ અને પ્રતિબંધને સ્વરક્ષણના સ્વરૂપમાં જુએ તો તેમને આર્યસંસ્કારના સંકોચનું સ્વરૂપ વધારે સારું સમજાશે. કિલ્લાની દીવાલો પાછળ રક્ષણ મેળવી યુદ્ધ શક્તિ સાચવવા માગતું કોઈ સૈન્ય કે દુશ્મનના મારથી બચવા પોતાનાં સમગ્ર અંગ પોતાની પીઠ અંદર સંકોચી લેતા કાચબાનું ઉદાહરણ આર્ય સંસ્કારના સંકોચનો

વિચાર કરતાં યાદ આવે છે.

પરાજિત જર્મનો સાથે વિજયી અંગ્રેજોએ દોસ્તી દાવે ન રહેવું; હારેલા જપાનીઓએ વિજેતા અમેરિકનોને સલામો કરવી, એટલું જ નહિં, પરંતુ પ્રભુ મનાતા જપાનીઝ શહેનશાહે ઘમંડી મેક આર્થરને મળવા જઈ તેનો ઘમંડ પોષવો; અનાજ નિયમનના સમયે અમુક પ્રમાણમાંજ ખાવું અને જે મળે તેથી ચલાવવું, બટાટાં વહેંચીને વાપરવાં અને સૈન્ય સાથે સંબંધ ધરાવનારને સામાન્ય જનતા કરતાં વધુ સાધન સગવડ આપવાં: આ બધું યુદ્ધના, સંકોચના, સ્વરક્ષણના વિષમ સમયનું વર્તન છે. અને એમ હોય એ જ સારું અને સાચું છે. એ દૃષ્ટિએ હિંદુધર્મની અનેક ખામીઓ ઓળખી શકાય છે, અને એમ સમજી પણ શકાય છે.

પોતાની મર્યાદામાં આર્ય વ્યવસ્થા મુસ્લિમોને ભેળવી શકી નહિ. મુસ્લિમોની જોરદાર સંસ્કૃતિ આર્ય વ્યવસ્થાને ગળી જાય એવી સમર્થ લાગી. આર્ય વ્યવસ્થાએ કિલ્લા–કોટ બાંધ્યા, જાતિબંધનને સખત બનાવ્યાં; પરદેશગમનમાં રહેલા પરધર્મસંસર્ગથી બચવા માટે અટક સ્થાનો રચ્યાં અને આખી આર્ય વ્યવસ્થાના અંતરંગ વિભાગની સર્વ રેખાઓ સખત બનાવી બહારથી અંદર ઘૂસવાના તેમ જ અંદરથી બહાર નીકળવાના માર્ગનું રોધન પણ કરી દીધું. આપણાં બ્લેક આઉટ–અંધાર પીછોડીના યુગને આપણે ભૂલી શકીએ નહિ. પરંતુ અંધારપીછોડી એ જ બ્રિટિશ સામ્રાજ્યનું મુખ્ય અંગ છે એમ આપણને બ્રિટિશ રાજનીતિ તે કહેવા દે એમ નથી. આર્ય વ્યવસ્થાની ન્યાત જાત સ્પર્શાસ્પર્શની કડક રેખાઓ આવા સ્વરક્ષણની ભાવનામાંથી ઉદ્ભવી છે, એ રખે કોઈ ભૂલે.

[ ૫ ]

નવા યુગમાં ખ્રિસ્તી સંસ્કૃતિનું આક્રમણ થતાં જ સમન્વયશોખીન હિન્દુધર્મે રામકૃષ્ણ મિશન, સુધારો, બ્રહ્મસમાજ, પ્રાર્થનાસમાજ, આર્ય સમાજ, થિયોસોફી, અછૂતોદ્ધાર, જાતપાત તોડક વલણ, સંગઠ્ઠન અને શુદ્ધિ, સ્ત્રી–પુરુષની સમાનતા જેવા પ્રશ્નો અને

સંસ્થાઓ ઉપજાવી અત્યંત ઝડપભરી સ્થિતિસ્થાપકતા મેળવી લીધી છે. આજ પરદેશગમનનાં પ્રાયશ્ચિતની કિંમત રહી નથી. બ્રાહ્મણ અને શૂદ્ર સાથે બેસી જમે છે: ખુલ્લી રીતે નહિ તો છુપી રીતે; અને તેમાં પાપ થયું માનતા નથી. મુસ્લિમોનું પાણી પીવાથી આજ કેટલા હિંદુઓ વટલાઈ ગયા?

આર્ય જીવનની ઉદારતા પછી સજીવન બને છે. સહિષ્ણુતા, ઉદારતા, બંધુત્વ, સ્વચ્છતા, સમષ્ટિ સાથેની એકતા અને માનવ-જીવનની પ્રત્યેક કક્ષાને અપનાવી લેતું સમત્વ એ હિંદુ ધર્મનાં મુખ્ય લક્ષણો—જો હિંદુ ધર્મ જેવો કોઈ ધર્મ હોય તો ! એમાં આક્રમક તત્ત્વ ઘણું ઓછું છે. એને પોતાની સંખ્યા વધારવાનો મોહ કે દુરાગ્રહ નથી. ધર્મપરિવર્તન પ્રત્યે એ ઉદાસીન છે. એ કાળબળ અને સમયપરિવર્તનને સ્વીકારી ચાલનારી વ્યવસ્થા છે અને તેથી જ અનેક મતમતાંતરો, અનેક વિધિઓ, અનેક સિદ્ધાંતોને પોતા-નામાં સમાવી તેમાંથી એકવાક્યતા ઉપજાવવા સતત પ્રયત્નશીલ રહે છે એ વ્યવસ્થામાં અદ્વૈતવાદી શંકર પણ હોય અને દ્વૈતવાદી મધ્વ પણ હોય. એ વ્યવસ્થાએ પોતાને કશું નામ પણ આવ્યું નથી. એ મમત્વ રહિત સંસ્કૃતિને હિંદૂ નામ આપવું હોય તો ભલે આપીએ. એ નામ લુપ્ત થશે તેની પણ એ સંસ્કૃતિને પરવા નથી. એને પરવા છે એકજ: એણે વિકસાવેલા સંસ્કાર વ્યાપક બને અનેં માનવજાત સાચા બંધુત્વ તરફ વળે એ જ એનો ઉદ્દેશ. સર્વ ધર્મ પરિષદ, સર્વ ધર્મની એકતા, આંતરરાષ્ટ્રીય સંગઠન, યુદ્ધવિરોધ અને શસ્ત્રસં-ન્યાસ, શાંતિવાદ Pacifism અને માનવવાદ Humanitarianism, સમાજવાદ અને સામ્યવાદ પાછળ સંતાયલી આર્થિક સમાન વહેંચણીના પ્રયોગો, એ સર્વ આર્ય સંસ્કૃતિ, આર્યજીવનને પોતાનાં લાગે છે. એ તરફ વળતાં જગતને નીહાળી એ પોતાનો વિજય થયો માને છે. એને નામ પાડેલા 'હિંદુ' ધર્મનો વિજય જોઈએ નહિ. "હિંદુ" ધર્મના પાયામાં રહેલાં અહિંસા, આક્રમણવિરોધ અને જનકલ્યાણ એનો વિજય જોઈએ. એની આ ઉદાસીનતામાં વિરાગની મસ્તી છે, કાયરની

હરાકરી નથી. માત્ર હિંદુઓ જ સુખી થાય, એવું કદી આર્ય વ્યવસ્થાએ ઈચ્છયું નથી. સાચા 'હિંદુ' ધર્મે તો સર્વદા મંત્રોચ્ચાર કર્યો છે કે

**॥ सर्वे जनः सुखीनो भवन्तु ॥**

એકલા હિંદુઓ કે આર્યો જ નહીં.

# ભક્તિમાર્ગ

માનવજીવનમાં ભક્તિ અને ભક્તિગીતોએ ભારે અસર ઉપજાવી છે, હિન્દમાં તો એ અસર ખાસ દેખાઈ આવે છે. મોહન–જો–ડેરોની લિપિ ઉકેલે ત્યારે તેના સાહિત્યની ખબર પડે, છતાં ત્યાંથી મળી આવેલા અવશેષો ભક્તનાં ચિહ્નો તો બતાવે છે. વેદકાળથી શરૂ કરી હિંદના છેલ્લામાં છેલ્લા કવિ સુધી એ ભકિતગીતોનો પ્રવાહ સતત વહેતો જ રહ્યો છે, એ આપણે સ્પષ્ટ રીતે કહી શકીએ.

ભક્તિ એ એક આધારભૂત શર્ત માગે છે: અદષ્ટ પ્રત્યે પૂજ્યભાવ અને શ્રદ્ધા. કેટલાક વૈજ્ઞાનિકો અને બુદ્ધિવાદીઓ અદષ્ટમાં ન માને. તેમને માટે ભકિતમાર્ગ નિષ્ફળ લાગે ખરો; છતાં મોટા ભાગના વૈજ્ઞાનિકો આસ્તિક હોય છે. અને જન્મ, જીવન તથા મૃત્યુ, બુદ્ધિપ્રેરિત નહિ તો પણ, કોઈ બુદ્ધિરહિત અદષ્ટ તો માનવીની આસપાસ સતત વીંટળાયલું તત્ત્વ છે જ — માનીએ કે ન માનીએ તો પણ.

પૂજ્ય ભાવ અને શ્રદ્ધાનું મધ્યબિંદુ બનેલું અદષ્ટ એટલે ઈશ્વર એમ કહીએ તો ચાલે. સર્વ ધર્મ ઈશ્વરને તો માને છે, પછી ભલે જૈન ધર્મની માફક ઈશ્વરના જગતકર્તૃત્ત્વ વિષે કોઈ ધર્મપ્રણાલિકામાં શ્રદ્ધા ન પણ હોય. મોટે ભાગે ઈશ્વરની માન્યતા ઈશ્વરમાં સર્વ શકિતમાનપણું કલ્પે છે અને ઈશ્વરનાં અનેક સ્વરૂપોની ભાવના ઉપજાવે છે. પથ્થર, વૃક્ષ, જાનવર, કુદરતનાં વિવિધ સ્વરૂપ, કોઈ વિશિષ્ટતા ધરાવતો માનવી–એમાંથી આગળ વધી કોઈ મહારાજા, કોઈ મહાન પિતા-patriarch, કોઈ મહાન માતા, સ્વર્ગારૂઢ દેવ અગર સર્વવ્યાપક અરૂપ શક્તિ સુધી ઈશ્વર સંબંધી માનવભાવના પહોંચી ગઈ છે.

આ ઈશ્વર પ્રત્યેની ઊર્મિમય અભિમુખતાને આપણે ભકિત કહી શકીએ. પ્રત્યેક ધર્મમાં ઈશ્વરની અભિમુખતા સાધવાના ત્રણ માર્ગ હોય (૧) કર્મ (૨) ઉપાસના–ભકિત (૩) જ્ઞાન. એ ત્રણનો સમન્વય સાધવાનો પણ સુંદર પ્રયત્ન ધર્મમાં થયે જાય છે, અને

એકાદ માર્ગ સમતુલા ખોઈ બેસી વિચિત્રતા પ્રકટ કરે ત્યારે એ સમતુલા સાચવવા બીજા માર્ગો ઉપર ધર્મપ્રચારકો ભાર મૂકયે જાય છે. કર્મમાં માત્ર જડતા આવે અગર આચાર ઉપચારનો ખટાટોપ વધી જાય, અથવા જ્ઞાન નિષ્ક્રયતા અગર શઠતામાં ઉતરી જાય ત્યારે ભક્તિ એક સુંદર ઝોલો લઈને પ્રજાજીવનની ઊર્મિઓ વિશુદ્ધ કરી ધર્મને સંજીવની આપે છે. ભક્તિ પણ અંધ વેવલાશમાં ઉતરી પડે ત્યારે જ્ઞાન અગર કર્મ આગળ આવી સમતુલા સાચવી રહે છે. હિંદના ધાર્મિક ઇતિહાસમાં તો આમ બનતું જ આવ્યું છે.

વેદકાળથી આર્યોએ કર્મ, ઉપાસના અને જ્ઞાનને સ્પષ્ટ રીતે સ્વીકાર્યાં છે. યજ્ઞ–યાગાદિકમાં કર્મ, આવાહનોમાં ભક્તિ–ઉપાસના અને ધ્યાનચિંતનમાં જ્ઞાન આર્યધર્મ સ્ફૂટ કર્યાં છે, અને તેમનાં ઘટતાં વધતાં મોજાં ધર્મ ઇતિહાસમાં માપી શકાય છે.

વેદકાળની ઉપાસના મૂર્તિપૂજાને માન્ય કરતી હતી કે કેમ, એ પ્રશ્નનું નિરાકરણ વિદ્વાનો કરી શકયા નથી. વેદકાલીન અવશેષો એવા મળ્યા નથી કે જે ઉપરથી મૂર્તિપૂજાનું અસ્તિત્વ આપણને સ્પષ્ટ થાય. વેદકાળથી પણ પહેલી ગણાતી મોહન–જો–ડેરોની–સિંધુતટ સંસ્કૃતિમાં દેવ–દેવીની મૂર્તિઓ અને શિવલિંગ સરખી આકૃતિઓ મળી આવી છે. પરંતૃ તેમની કશી સ્પષ્ટતા થઈ નથી. એ ચર્ચા વિદ્વાનો માટે રહેવા દઈ આપણે એટલું જ સ્વીકારીએ કે ઉપાસના–ભક્તિભાવ કોઈપણ ઈષ્ટને ઊર્મિ દ્વારા વળગવા જરૂર મથે છે, અને વળગવા માટે મૂર્તિ એક સબળ સાધન બની રહે છે. શાસ્ત્રીય રીતે બુદ્ધિને આધારે મૂર્તિપૂજા સાબિત થઈ શકે કે કેમ અને મૂર્તિપૂજા ઈષ્ટ છે કે અનિષ્ટ એ ચર્ચાને આપણે બાજુએ મૂકીએ. એટલું તો ખરું જ કે પ્રતીકોના શોખીન માનવીને મૂર્તિ ઈશ્વરત્વના પ્રતીક તરીકે ઘણી ફાવી જાય છે. છબીઓ અને બાવલાંની ઘેલછા કાઢતો સુધરેલો વર્તમાન માનવી મૂર્તિપૂજાનો ભાગ્યે સાચો વિરોધી બની શકે. જાતે જ મૂર્તિરૂપ માનવી પ્રભુને પણ મૂર્તિમાં ઉતારવા મથે એમાં આશ્ચર્ય નથી.

આજ બૌદ્ધ, જૈન, અને ખ્રિસ્તી ધર્મે મૂર્તિપૂજન સ્વીકાર્યું છે અને મૂર્તિવિરોધી ઈસ્લામ કે પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તી માર્ગે આછા પાતળા સંકેતો

જરૂર સ્વીકાર્યાં છે. સર્વ ધર્મમાં આવા પૂજ્ય સ્મરણસંકેતો છે, જે તીર્થ તરીકે ધર્મિષ્ઠોનાં દર્શનસ્થાન બની રહે છે. આમ મૂર્તિ એ ઈશ્વર કે ઈષ્ટ વ્યક્તિઓનાં સ્મરણસાધન ઉપજાવવાનો એક માનવપ્રયત્ન છે, એમ માનીએ તો મૂર્તિપૂજાનો વિરોધ ઘટી જાય.

મૂર્તિપૂજા સાથે અગર મૂર્તિપૂજા વગર ઈષ્ટને, અદૃષ્ટને ઊર્મિ દ્વારા, લાગણી દ્વારા, હૃદયના ભાવ દ્વારા સ્પર્શવાનો પ્રયત્ન એને ભક્તિ કહીએ તો ચાલી શકે. એ ભાવ બુદ્ધિને કદાચ ન ખપે, છતાં એ ભાવમાં સાચા અને ઊંચા ઊર્મિપ્રવાહો છે, એમાં જરાય શક નહિ. આંખ વગર કૃષ્ણદર્શન કરી શકતો સૂરદાસ અગર પાપ નિવારણ માટે ફટકા ખાતી ખ્રિસ્તી સાધ્વી જૂઠાં ન જ હોઈ શકે. આપણને ભલે ન સમજ પડે; છતાં ઊર્મિમયતામાં તે સાચું જીવન જ જીવે છે.

ભક્તિ–ઉપાસના–ઈશ્વરને સ્પર્શવા માટેની તમન્ના નવધા ભક્તિને નામે સુપ્રસિદ્ધ છે. એ વ્યાપક નવધા ભક્તિ–ઈશ્વરને સ્પર્શવાના માર્ગ તરીકે ઓળખાઈ છે નીચેને નામે:–

(૧) શ્રવણ (૨) કીર્તન (૩) સ્મરણ (૪) પગસેવા (૫) અર્ચન (૬) વંદન (૭) દાસ્યભાવ (૮) સખ્યભાવ (૯) આત્મનિવેદન.

**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् !**
**अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥**

કેટલાક વિચારકો દશમી પ્રેમલક્ષણા ભક્તિને પણ ગણાવે છે. આત્મનિવેદનના વિશિષ્ટ સ્વરૂપ તરીકે કદાચ પ્રેમલક્ષણા ભક્તિ ગણી શકાય, જો કે પ્રેમલક્ષણા ભક્તિની તીવ્રતા એક મહાપ્રેમી સ્ત્રીના પોતાના પ્રિયતમ પ્રત્યેના મહાતલસાટરૂપે વ્યક્ત થાય છે.

સાહિત્યનો આત્મા ઊર્મિ: ઊર્મિ ઉપર ભાર મૂકયા સિવાય સાહિત્ય રચાતું નથી; અને ભક્તિ પણ ઊર્મિ ઉપર મુખ્ય આધાર રાખતી હોવાથી સાહિત્ય અને ભકિતનો બહુ સુભગ સંબંધ આપણે ત્યાં સંધાયેલો છે. હિંદુસ્તાનની વિવિધ ભાષાઓનાં સાહિત્ય જોઇશું તો આપણને સ્પષ્ટ જણાઈ આવશે કે ઓગણીસમી સદીના મધ્યભાગ

સુધી ઘણા પ્રાંતોનું સાહિત્ય ભક્તિના જ મધ્યબિંદુ આસપાસ રચાયેલું છે. ત્યારપછીનું પણ સાહિત્ય ભક્તિને ભૂલ્યું નથી એ નોંધવા સરખી બીના છે. અંગ્રેજી ભાષા અને અંગ્રેજી સંસ્કારવાળા કવિઓ પણ ભક્તિનો સારો આશ્રય લઈ ચૂક્યા છે એમ કહેવામાં માનવહૃદયની ઊર્મિને આપણે મહત્ત્વ આપીએ છીએ.

આમ તો આપણે જોયું તેમ ભક્તિમાર્ગ વેદકાળ સુધી પહોંચે છે, પરંતુ વર્તમાન જીવનને સ્પર્શી રહેલો ભક્તિમાર્ગ મુસ્લિમોના આગમન સાથે શરુ થાય છે એ ઇતિહાસ બહુ સૂચક છે. મહમદ ગઝનીના હુમલાઓ ઉત્તરમાં શરૂ થયા અને દક્ષિણમાં ભક્તિમાર્ગના પ્રથમ ઐતિહાસિક આચાર્ય રામાનુજ લક્ષ્મીનારાયણની ભક્તિ સાથે બહાર પડયા. ત્યાર પછી તો દ્વૈત કે અદ્વૈતને વિસ્તારનારા મધ્વ, નિંબાર્ક, ગૌરાંગ અને વલ્લભ સરખા આચાર્યોની પરંપરા સહજાનંદ સુધીના ભક્તિમાર્ગને જ પોષી રહી છે. રામાનંદને આચાર્ય માનવા કે નહિ એ પ્રશ્નને બાજુએ મૂકતાં તેમણે વિસ્તારેલી રામભક્તિમાંથી કબીર, રહીમ, રોહીદાસ, તુલસીદાસ અને નાનક જેવા ભક્તો કે ધર્મપ્રચારકો ઉત્પન્ન થયા એ ભૂલવા સરખું નથી.

પરદેશથી આવતી પ્રજાને પોતામાં સમાવી લેતો આર્ય ધર્મ પ્રચંડ બળવાળા ઈસ્લામને પોતાનામાં સમાવી શક્યો નહિ. ઈસ્લામ જગતવિજયના ઝનૂનથી અરબસ્તાન બહાર નીકળ્યો, અને જો કે એ જગતધર્મ થઈ શક્યો નથી, છતાં તેના પ્રવાહના ઘર્ષણમાં જબરદસ્ત પ્રાબલ્ય હતું એની ના પાડી શકાય એમ નથી. પશ્ચિમ એશિયામાં ઇસ્લામે પોતાના પૂરમાં અનેક નાના મોટા ધર્મપ્રવાહોને આવરી લીધા અને ઇતિહાસનું વાચન તો એમ કહે છે કે એના વેગમાં ઈસ્લામ કદાચ માનવીના બધા ધર્મોને ગળી ગયો પણ હોત; પરંતુ ઇસ્લામથીએ પ્રાચીન ધર્મોએ અંતે ઇસ્લામ ધર્મ સામે પોતાનું વિશિષ્ટ સ્વરૂપ જાળવી રાખ્યું. યહૂદી, ખ્રિસ્તી, હિંદુ, આર્ય અને બૌદ્ધ ધર્મોમાં ઇસ્લામે ગાબડાં ઘણાં પાડયાં, પરંતુ ઇસ્લામ એ પ્રાચીન ધર્મોને નાબુદ ન કરી શક્યો. વર્તમાન ભક્તિમાર્ગ પણ આર્ય ધર્મે પોતાની સંસ્કૃતિમાંથી ઉપજાવેલો ઈસ્લામ સામેનો એક સફળ

મોરચો કહી શકાય.

આમ મુસ્લિમોના હિંદપ્રવેશ સમયથી જ ભકિતમાર્ગે આર્ય સંસ્કૃતિની સાચવણી હાથમાં લીધેલી છે. એણે આર્યત્વને તો ઉજળું બનાવ્યું છે. સાથે સાથે તેણે ઈસ્લામને પણ હળવો, ઉદાર અને ઝનૂનરહિત બનાવવામાં બહુ ભવ્ય ભાગ ભજવ્યો છે. આખું મધ્યકાલીન સાહિત્ય ભકિતસાહિત્ય છે એમ કહીએ તો ચાલી શકે.

એ ભકિતમાર્ગે મહાન ભકતો અને મહાન સાહિત્યકારો આપણને આપ્યા છે. પરપ્રાન્તીય સૂરદાસ અને અષ્ટસખા, તુલસીદાસ, કબીર, ׳માલ, રહીમ, રસખાન, તુકારામ, નામદેવ અને ગૌરાંગ જેવા મહાન સાહિત્યાચાર્યોને બાજુએ મૂકીએ તો પણ એ જ ભકિતમાર્ગે ગુજરાતનું નવીન સાહિત્ય સર્જ્યું અને નરસિંહ, મીરાં, ભાલણ, અખો, પ્રેમાનંદ, ભોજો, ધીરો, રત્નો, નરભેરામ, દયારામ, દેવાનંદ, પ્રીતમ, ઋષિરાજ અને છોટમ સરખા અનેક સાહિત્યકારોને ઉપજાવી ગુજરાતની સાંસ્કારિક વિશિષ્ટતા સાચવી રાખી છે.

ઉપરાંત એ જ ભકિતમાર્ગે—કપો કે ભકિતભાવે—નર્મદ—દલપત પાસે તો ભકિતગીતો લખાવ્યાં જ છે. એથી આગળ આવતાં ભોળાનાથ સારાભાઇ, નરસિંહરાવ દિવેટીઆ અને છેક આપણી જ નજીક આવી ગયેલા નાનાલાલ અને લલિત પાસે પણ સુંદર ભકિતગીતો લખાવ્યાં છે. હજી આપણા છેલ્લામાં છેલ્લા કવિઓ પણ સરસ ભક્તિગીતો લખી રહ્યા છે.

આવી વ્યાપક સાહિત્ય અસર ઉપજાવતો, ગૃહ તેમ જ સમાજ જીવનને ઉજાળતો, ભકિતમાર્ગ આજ પણ એકતારામાં, કીરતાલમાં, મંજીરામાં, ઝાંઝમાં અને ઢોલમાં સજીવન રહેલો ચારે પાસ આપણે જોઈ શકીશું.

# ઇસ્લામ

## બીનઇસ્લામ દૃષ્ટિએ

ઇસ્લામ એક મહાન ધર્મ છે, એની કોઇથી ના પાડી શકાય એમ નથી. ઇતિહાસનું એક પ્રકરણ તો એમ ચોખ્ખું કહે છે કે ઇસ્લામ આઠમી નવમી દસમી સદીમાં આખા યુરોપનો પ્રજા–ધર્મ બનતો સહજમાં રહી ગયો. હજી પણ યુરોપના કેટલાય સરહદ વિભાગોમાં ઇસ્લામની અસર જીવંત છે. એશિયા અને આફ્રિકાના વિશાળ પ્રદેશોમાં સ્વીકાર પામી યુરોપ ઉપર પોતાની છાપ મૂકી જનાર ધર્મને મહાન ન કહીએ તો કોને મહાન કહીએ?

માત્ર તલવારના બળથી એ ધર્મ સ્થપાયો અને ફેલાયો એવો એક ભ્રમ પણ પ્રવર્તે છે. હજી માનવજાતે તલવાર છોડી નથી. એટલે ઘણી વાર એ એમ માનવા લલચાય છે કે તલવારથી માનવી-ને અનેક સિદ્ધિઓ મળી રહે છે. હિંદુ, મુસલમાન, બૌદ્ધ, ખ્રિસ્તી એ સહુએ તલવાર વાપરી છે અને તલવારે કદાચ તાત્કાલિક વિજયની ઇન્દ્રજાળ રચી એમ લાગે ખરું. પ્રજાસ્વાતંત્ર્ય અને પ્રજાશાસનની સુફિયાણી વાતો કરી જાપાનને માત્ર બે જ અગ્ન્યાસ્ત્રથી મહાત કરી મોટાઈ માનતા અમેરિકાના એટમ બોમ્બ એ તલવારનું જ અંતિમ સ્વરૂપ જ. તલવાર ખેલનારનો તલવારથી જ વિનાશ સર્જાયલો છે. એ બાઈબલનું કથન ખ્રિસ્તીઓને લાગુ પડે જ છે. કોઈ પણ ધર્મે તલવારને અંતિમ વિજયદાયિની માની જ નથી; ઈસ્લામે પણ નહિ. 'ઈસ્લામ' શબ્દમાં જ તલવારનો અભાવ છે.

'ઈસ્લ નો શબ્દાર્થ જ શાન્તિ!

'ઈસ્લામ' નો શબ્દાર્થ જ સૂચવે છે કે, ઈશ્વર આજ્ઞા સમક્ષ–ઈશ્વરેચ્છા પાસે ગરદન ઝુકાવવી!

શાન્તિ અને ઈશ્વરઆજ્ઞાનું પાલન જે ધર્મમાં આદેશરૂપ હોય, જે ધર્મનું નામ પણ એ આદેશ ઉપર રચાયલું હોય એ ધર્મ

માત્ર તલવારધારીઓનો ધર્મ છે, માત્ર આક્રમણ પ્રેરક ધર્મ છે, એમ માનવામાં ભૂલ થાય છે.

માનવજાત સમજી લે કે તલવારે કદી અંતિમવિજય આપ્યો નથી.
સહુ ધર્મીઓ સમજી લે કે ધર્મવિસ્તાર તલવારથી કદી થયો જ નથી.

મહમદ ગઝની કે મહમદ ઘોરીની સવારીઓ કરતાં ઈસ્લામના ઓલિયા અને સંતોના ઉપદેશ ઈસ્લામના પ્રચારમાં વધારે મહત્ત્વના કારણરૂપ છે, એ આપણે સમાજના અભ્યાસ ઉપરથી જોઈ શકીશું. અલાઉદ્દીન કે બાબરના રાજકીય વિજયો કરતાં શેખ સાદી અને હાફેઝના સાહિત્યે ઈસ્લામને વધારે દૃઢ કર્યો છે. સંતો, સાધુઓ, ફિલસૂફો, સાહિત્યકારો અને ફકીરો જેટલો ધર્મપ્રચાર કરી શક્યા છે એટલો પ્રચાર શહેનશાહો, શાહી લશ્કરો કે શાહી વહીવટ કરી શકયા નથી. તલવાર ભય પમાડે; સ્થાયી અસર કરી શકે નહીં. રાજવહીવટ અમુક પ્રકારનું બળ સંગઠિત કરી અમુક ધર્મને પુષ્ટ કરે એ ખરું પરન્તુ હજી સુધી કોઈ રાજવહીવટ અમુક એક ધર્મને જ સ્વીકારી ધર્મને મજબૂત કરી શકયો નથી. ઈસ્લામી બાદશાહોને સહાય આપનાર અનેક હિન્દુઓ હતા. હિન્દુ રાજાઓની સહાયે અનેક ઈસ્લામીઓ હતા. અંગત કે વહીવટી વફાદારીને અંગે હિન્દુઓ અને ઈસ્લામીઓ સ્વધર્મીઓ સામે પણ ઝુઝયા છે. એટલે રાજ્યકર્તા હિંદુ ધર્મ પાળતો હોય કે ઈસ્લામ. ધર્મ, એની અસર માત્ર તત્કાલીન જ હોઈ શકે. સારી અને સ્થાયી અસર તો હૃદયપલટાથી જ થાય. હૃદયપલટા વગર હિન્દમાં તેમજ બીજે ઈસ્લામનો આવો વિસ્તૃત અને કાયમી સ્વીકાર અશકય છે અને હૃદયપલટો કરવાની સાચી તાકાત તો સંત, સાધુ, ઓલિયા, ફકીર કે સાહિત્યકારમાં જ હોઈ શકે. ઈસ્લામમાં અપવાદ ન હોય. ઈસ્લામમાં ઘણાએ પરમ શાન્તિ નિહાળી છે. ઈસ્લામ ઝનૂનપ્રેરક છે. જડ અણસમજવાળા માનસને એ આકર્ષે છે, ઈસ્લામીઓને એ અસહિષ્ણુ બનાવે છે. એવી પણ એક માન્યતા બીનઈસ્લામીઓમાં છૂપી કે જાહેર રીતે પ્રવર્તે છે, ઈસ્લામીઓના સ્વભાવની ઉગ્રતા અને તીખાશ લોકવાર્તાઓમાં અને કહેવતમાં પણ ઉતરી ચૂકી છે. એનાં કારણોમાં ઊતરવાની જરૂર નથી. પરતુ હઝરત

મહંમદ પયગમ્બર સાહેબનું જીવન એ ઈસ્લામનું આચારકેન્દ્ર હોય તો એ જીવનમાં ઝનૂન નહીં, પરન્તુ દયા અને શાન્તિ, જડતા અને અણસમજ નહિ પરન્તુ ઝીણામાં ઝીણી બાબતની કાળજી, સૂક્ષ્મતા ભર્યો વિવેક અને સામાની મુશ્કેલી સમજવાની પૂરી તૈયારી. અને અસહિષ્ણુતા નહીં પરન્તુ ખ્રિસ્તી તથા યહૂદીઓ પ્રત્યેની ભવ્ય ઉદારતા અને વિરોધીઓ પ્રત્યેની ક્ષમા જ નજરે પડે છે.

ઈસ્લામનો સાંસ્કૃતિક ઈતિહાસ પણ માનવતાભર્યો, રસમય અને બુદ્ધિપ્રેરક છે. યુરોપના જડ ખ્રિસ્તીઓ ગ્રીસની સંસ્કૃતિ ભૂલ્યા હતા. ગ્રીક ફિલસૂફીને સાચવી રાખનાર અને વર્તમાન યુરોપની બુધ્ધિજન્ય પ્રવૃત્તિને વેગ આપનાર ઈસ્લામ સિવાય બીજું કોઇ ન હતું !

આજની વૈજ્ઞાનિક પ્રગતિ પ્રત્યે સહુ કોઈ આશ્ચર્યની નજરે નિહાળે એ સ્વાભાવિક છે. વિજ્ઞાનને અત્યંત ઉપયોગી નીવડેલું બીજ-ગણિત–અક્ષર ગણિત આજ ઝીણામાં ઝીણા અણુને અને વિરાટમાં વિરાટ બ્રહ્માન્ડને ઓળખવામાં સહાયભૂત બને છે. પશ્ચિમના વિજ્ઞાનને બીજગણિતની ભેટ આપનાર બીજું કોઈ નહિ; પણ ઈસ્લામ ! ઈસ્લામની ધર્મભાષા અરબીની પૂર્ણ છાપસહ એ બીજગણિત સારાયે યુરોપની ભાષામાં એલજીબ્રાને નામે સ્વીકાર પામી ચૂક્યું છે

અરબી તુર્કી, મીસરી સાહિત્ય કેવું છે તેનું પ્રત્યક્ષ જ્ઞાન આપણને ન હોય એ સંભવિત છે. પરંતુ ઈરાનની ફારસી ભાષાનો તો હિન્દને બહુ જ પરિચય છે. એ ફારસી ભાષામાં, ફારસી કહાણી-ઓમાં, ફારસી કાવ્યરચનામાં પ્રગટ થયેલું ઈસ્લામનું સ્વરૂપ બહુ જ કલાપૂર્ણ, અત્યંત નાજુક ભાવથી સમૃદ્ધ શબ્દ – અર્થના અલંકારોથી ભરપૂર અને ઊંડામાં ઊંડી માનવ લાગણીઓથી જણ જણી રહેલું છે. ઉર્દૂ એ ફારસીનું હિંદી સ્વરૂપ છે.

ઈસ્લામનું આધ્યાત્મ – આત્મશાસ્ત્ર તે સૂફીવાદ હિન્દુઓના વેદાન્તનું જ એક સ્વરૂપ, ' અહં બ્રહ્માસ્મિ' એટલે જ 'અનલહક' !

આમ ગ્રીક ફિલસૂફીને પોતાની બનાવનાર, બીજગણિત યુરોપને બક્ષીસ આપનાર, ફારસીમાં એક જગતમાન્ય સાહિત્ય ઉપજાવનાર અને અધ્યાત્મમાં સૂફીવાદ સ્વરૂપે ચિંતનની ઊંચામાં

ઊંચી કક્ષાએ પહોંચનાર ઈસ્લામને જડ, ઝનૂની, બુદ્ધિરહિત, અસહિષ્ણુ ધર્મ કહી શકાય ખરો ? ઈતિહાસ એવા આરોપની પુષ્ટીમાં કશી સાબિતી આપતો નથી. ઈસ્લામ જડ હોક, ઝનૂની હોત, ધર્માન્ધ હોત તો આટઆટલી પ્રજાનો એ સ્વીકાર પામી શકયો ન જ હોત. માનવીના હૃદયમાં આસ્થા ઉપજાવે, શ્રદ્ધા પેદા કરે, ઉચ્ચ આચારવિચાર પ્રેરે એ તરફ જ માનવી આકર્ષાય. ઈસ્લામના અજબ આકર્ષણમાં જ એની ઉચ્ચતા રહેલી છે. અને ઈસ્લામીઓ પણ બીનઈસ્લામીઓ સરખા માણુસ તો છે જ ને ? માણુસનાં વિશાળ જૂથને આદર્શ આપી શકે એ ધર્મસરણી અન્ય ધર્મીઓથી તુચ્છકારી શકાય તો નહિજ. ઈસ્લામ અને ઈસ્લામીઓ બીનઈસ્લામીઓના પણ માનને પાત્ર હોઈ શકે.

ઈસ્લામ તો વળી યહૂદી અને ખ્રિસ્તી ધર્મકથાઓને માન્ય રાખીને આગળ ચાલે છે. જગતની ઉત્પત્તિ, શયતાન અને ફિરસ્તાની ભાવના, સ્વર્ગ – નરકની કલ્પના અને માનવીના અંતિમ ભાવિ – કયામતનાં ખ્યાલ ત્રણે ધર્મમાં સરખાં છે.

એબ્રાહામ – ઈબ્રાહિમ, મોઝીઝ - મુસા, ઈસુ – ઈસા એ ઈસ્લામના પણ પયગમ્બરો છે.

એ સિવાયના ધર્મોમાં અને પ્રજાઓમાં પયગંબરો પ્રભુએ મોકલ્યા છે. એમ પણ ઈસ્લામ માને છે. કુરાનના એ કથન અનુસાર અન્ય પ્રજાના મહાત્માઓ ઈસ્લામને માન્ય છે.

ઈસ્લામ આ ઢબે તો અન્ય ધર્મોનો કટ્ટો વિરોધી હોય એમ દેખાતું નથી. આચારવિચાર અને સીમા એવી કડક અને અભેદ્ય નથી જ કે જેમાં સંસ્કૃતિનો પ્રવેશ થવા જ પામે નહીં

તેમ ન હોત તો ઈસ્લામ Progressive પ્રગતિશીલ બની શકયો ન હોત.

ઈસ્લામ શું પ્રગતિશીલ છે ?

ઘણા બીનઈસ્લામીઓ ચકિત બની કદાચ એ પ્રશ્ન પૂછે. સામે બીજો પ્રશ્ન આવીને ઉભો રહે છે.

શું કોઈ પણ ધર્મ – હિન્દુ, બૌદ્ધ, ઈસ્લામ, ખ્રિસ્તી કે યહૂદી

પ્રગતિશીલ છે ખરો ?

હરકોઈ ધર્મ પ્રગતિશીલ બની શકે કે કેમ ? બની શકે તો કેટલે અંશે ? એ અંશ પૂરો થયા પછી ધર્મ માનવજાતની પ્રગતિ રોધતો એક પાપપર્વત બની જાય છે કે નહિ ? આવા આવા પ્રશ્નોની પરંપરા સર્વ ધર્મની સીમા આજ ટૂંકી પડતાં ઊભી થઈ છે. એ પ્રશ્નો ઉકેલવા પડશે અને ધર્મને પ્રગતિરોધક જ્યાં દેખાશે, ત્યાં માનવીની કુદરતી માનવતા તે ધર્મને તોડશે કે તેનું રૂપાંતર કરશે એ બહુ જ સાચી વાત છે. પરન્તુ એ ચર્ચા અત્રે જરૂરની નથી. અત્રે તો આપણે ઈસ્લામની પ્રગતિશીલતાનો પ્રશ્ન વિચારીએ છીએ.

જો ખ્રિસ્તી ધર્મ પ્રગતિશીલ હોય તો ઈસ્લામ શા માટે પ્રગતિશીલ ન હોય ?

જો હિન્દુ ધર્મ પ્રગતિશીલ હોય તો ઈસ્લામીઓ ઈસ્લામને શા માટે પ્રગતિશીલ ન ગણાય ?

ઈસ્લામમાં એવું શું છે અને શું નથી કે જે ઈસ્લામને પ્રગતિશીલ બનાવતાં રોકે ? ઈસ્લામ પણ માનવીએ જ સ્વીકારેલો એક ધર્મ છે !

કયો ધર્મ મોટો અને કયો ધર્મ ખોટો એ પ્રશ્ન જ અપ્રસ્તુત છે, વાહિયાત છે. હાલના સર્વ જીવંત ધર્મોએ માનવજાતને સંસ્કારી બનાવવામાં, માનવજાતને ઉચ્ચતર જીવન ગાળવામાં સહાય આપી જ છે. આજનો મહાન પ્રશ્ન ધર્મઝગડો નહીં, પણ ધર્મસમન્વય છે.

છતાં ઈસ્લામની પ્રગતિશીલતા સમજવા માટે એક પ્રશ્ન વિચારી લઈએ.

વ્યાજને ઈસ્લામ સિવાય બીજા કોઈ ધર્મે હરામ ગણ્યું છે ખરું ?

નફાખોરીનાં મૂળ ઉખાડી નાખનારી, વ્યાજને નિષિદ્ધ ગણનારી માન્યતા સમાજવાદ–સામ્યવાદનો આછો પડઘો શું નથી પાડતી ? ઇસ્લામની એ ભવ્ય પ્રગતિશીલતા. અર્થશાસ્ત્રીઓ ભલે એ ન માને !

મદિરાપાનનો જેવો જબરદસ્ત વિરોધ ઈસ્લામે કર્યો છે એવો બીજા કોઈ ધર્મે કર્યો છે ખરો ?

દારૂ એ માનવ જાતનું ભક્ષણ કરતો વિકરાળ વ્યાધિ વર્ત

માન સંસ્કૃતિના મૂળમાં વિષ રેડયે જ જાય છે. ઈસ્લામે તેરસો વર્ષથી દારૂની મહાબદીને પરખી છે, વગોવી છે, રોકી છે. જેટલી સ્પષ્ટતાથી, જેટલા બળથી, જેટલા આગ્રહથી ઇસ્લામે દારૂ નિષેધ કર્યો છે એવો વિરોધ બીજા કોઇપણ ધર્મે કર્યો નથી એમ બીનઇસ્લામીઓએ પણ સ્વીકારવું જ પડે.

અને કુટુંબની મિલકતમાં વિધવાને, દીકરીને ભાગ આપી ઈસ્લામે સ્ત્રીજાતની તરફ જે રહમ બતાવી છે તેવી રહમ બતાવવા હજી દુનિયાની સંસ્કૃતિ ડગ ભરવાની શરુઆત કરે છે.

ધર્મ એ ટૂંકી પ્રાન્તીયતા, ટૂંકી રાષ્ટ્રીયતા, સાંકડી પ્રજા-ભાવનાને વિશાળતા અર્પી સમગ્ર માનવીને એક બનાવવાનો મહા આધ્યાત્મિક પ્રયોગ છે. હિન્દુ ધર્મમાં કાળો મદ્રાસી પણ ખરો અને ગોરો કાશ્મીરી પણ ખરો. બૌદ્ધ ધર્મમાં બર્મા પણ ખરો, ચીનો પણ ખરો, અને એનો દુશ્મન બનેલો જપાની પણ ખરો. ખ્રિસ્તી ધર્મમાં અમેરિકાનો કરોડપતિ કાર્નેગી પણ ખરો અને હબસી દેશના ખ્રિસ્તી રાજા ઇમેન્યુઅલને છત્રી ઓઢાડતો તેનો ખાસદાર પણ ખરો. ઇસ્લામમાં ગુજરાતી બોલતો મેમણ કે ખોજો પણ ખરો અને એની ભાષા સમજી ન શકનાર તુર્ક કે મીસરી પણ ખરો.

પ્રત્યેક ધર્મે માનવજાતને ઘટિત આચારવિચાર અને સંસ્કાર આપવા પ્રયત્ન કર્યો છે; પ્રત્યેક ધર્મે જન્મ અને મરણ જેવા મહા-પ્રસંગોની સમસ્યા ઉકેલવા મથન કર્યું છે; પ્રત્યેક ધર્મે કુદરત અને એ કુદદતને પ્રેરનાર મહાસત્તાને ઓળખવા–ઓળખાવવા મન, બુદ્ધિ, કલ્પના અને અનુભવને સુગમ પડે એવી ઢબે આંગળી ચીંધી છે.

એ પણ સાચું કે સમગ્ર માનવજાતે ધર્મ તરીકે એક જ મહાધર્મનો અંગીકાર હજી કર્યો નથી. જ્યાં જ્યાં અંગીકાર કર્યો છે ત્યા ત્યાં સ્થાનિક રંગો પણ ભેળવ્યા છે અને તે એવી ઢબે કે એક સ્થળનો એ જ ધર્મ બીજા સ્થળના એ જ ધર્મને ઓળખી શકે નહિ. હબસી ખ્રિસ્તીઓ બાઇબલના કેવા વિચિત્ર અર્થ કરે છે એની અનેક મશ્કરીઓ પ્રચલિત છે; અને હિન્દમાં આવીને ખ્રિસ્તી ધર્મે પણ ખ્રિસ્તી બ્રાહ્મણ-અબ્રાહ્મણ સર્જ્યાં છે!

એક જ ધર્મની મેળ ન મળે એવી વિવિધતા જોતાં એમ તો જરૂર લાગે કે કોઈ પણ ધર્મ હજી જગતવ્યાપી બન્યો નથી. જગદ્ ગુરુની ઉપાધિ લગાડનાર ગુરુઓના ધર્મ જગતે સર્વાંગે અને સર્વાંશે સ્વીકાર્યાં નથી. ઐતિહાસિક દૃષ્ટિએ છેલ્લામાં છેલ્લો માનવજાતને મળેલો ધર્મ તે ઈસ્લામ. દોઢ હજાર વર્ષના ગાળામાં તે બહુ ફેલાયો. પરંતુ સમગ્ર માનવજાતને તે આવરી શકયો નથી.

ખ્રિસ્તી ધર્મ હજી પણ એની પ્રજાઓના ઝગમગાટ ઉપર પોતાની શ્રેષ્ઠતાનો દાવો કરી રહ્યો છે. એ પણ સર્વસ્વીકૃત ધર્મ નથી જ.

હિંદુ ધર્મે તો અટક આગળ અટકી જઈ હિંદના કિનારાને જ પોતાની સીમા બનાવી દીધી છે. એને જગત–વિજયનો લોભ દેખાતો નથી.

બૌદ્ધ ધર્મે પણ પૂર્વ એશિયા પરતી પોતાની મર્યાદા બાંધી લીધી છે.

નવું માનસ ધર્મ–સર્વ ધર્મ–પ્રત્યે શંકાશીલ પણ બનતું જાય છે. એ શંકાશીલ માનસ પૂછે છે :

કયામત સાચું કે સ્વર્ગ ?

એટલેથી એ માનસ અટકતું નથી. એ આગળ વધીને વળી પૂછે છે:

કયામત અને સ્વર્ગ એ બંને સાચાં ન હોય તો ? આપણાથી એ પ્રશ્નને અટકાવી શકાશે નહિ. સ્વર્ગ અને કયામત બંનેને વિચારવાં પડશે અને એમાંનું કોઈ પણ પ્રત્યક્ષ પૂરવાર થાય એમ નથી એવું કબૂલ કરવું પડશે.

સાથે સાથે આપણુને ધર્મ વહાલો હોય તો એ બંનેનો સમન્વય કરી નવ–જીવનની મૃત્યુ પછીની ગતિ સમજવાના પ્રયત્ન તરીકે સ્વર્ગ અને કયામતને એક બનાવવાં જ પડશે.

માનવજાત હવે ધર્મઝગડો નહિ પણ ધર્મસમન્વય માગે છે; ધર્મશ્રેષ્ઠતા નહિ પણ ધર્મસામ્યતા માગે છે; ધર્મવિરોધ નહિ પણ ધર્મઐકય માગે છે. કોઈ પણ એકલ ધર્મ માનવજાત સમગ્રને

આવરી લેતા નથી. એકલ ધર્મ જગતને સાંકડો પડે છે અને પ્રત્યેક ધર્મમાં એટલી ઉદારતા તો છે જ કે અન્ય ધર્મની સાથે એકતા સાધી શકે–ધર્મીઓમાં એ ઉદારતા ભલે ન હોય!

અને ઈસ્લામની ઉદારતા પણ જાણીતી છે. હિંદનો જ દાખલો જોઈએ. આખો ભક્તિમાર્ગ ઈસ્લામની રાજકીય શ્રેષ્ઠતાના યુગમાં જ ખીલ્યો છે. રામાનુજ, ચૈતન્ય અને વલ્લભાચાર્ય જેવા આચાર્યો પણ હિન્દના ઈસ્લામ યુગનાં જ ફળ છે! એ ઈસ્લામને ઝનૂની, અનુદાર અને ધર્માંધ કહેતાં એ આખો ઇતિહાસ આપણને રોકે છે!

ઇસ્લામનો પ્રચાર હિન્દુઓને ભયભીત બનાવે છે, નહિ? ભયની જરૂર નથી. હવે ધર્મપલટો નહિ પણ ધર્મસમજનો યુગ આવી રહ્યો છે.

સાચામાં સાચો પ્રચાર એ પ્રચારકનું જીવન. પયગમ્બર સાહેબનું જીવન એ સાચામાં સાચો ઈસ્લામી આચાર. આજ કરોડોની સંખ્યા ઇસ્લામ સ્વીકારી રહી છે એનું રહસ્ય એ જીવનમાં રહેલું છે.

ઇસ્લામના અનુયાયીઓ એ મહાન પયગમ્બરના જીવનનું દૃશ્ય આંખો સામે રાખી જીવન જીવશે તો ઇસ્લામની વ્યાપકતા સર્વત્ર વિસ્તરીને રહેશે.

# અહિંસા: સંસ્કૃતિમાં તેનું સ્થાન

જીવનનાં ત્રણે મર્મસ્થાનોએ હિંસા સ્પર્શ કરી રહી છે. હજી માનવજીવન એ સ્પર્શથી પૂર્ણ રીતે મુક્ત થયું નથી. પરંતુ એટલું તો ખરું કે જ્યાં હિંસા પોતાના જબરદસ્ત પંજામાં માનવજીવનને જકડી રહી હતી, ત્યાં હાલ તેની પકડ ઘણી ઢીલી થઈ ગઈ છે, અને તેમાંથી મનુષ્ય ધારે તે ક્ષણે છૂટો થઈ શકે એમ છે. હિંસા એ મોટે ભાગે હવે આવશ્યકતા મટી ટેવ અગર શોખના મૃદુ રૂપમાં આજ આપણી સમક્ષ ઊભેલી દેખાય છે. આવશ્યકતામાંથી ટેવ, અને ટેવમાંથી શોખ, એ ક્રમે ક્રમે પાતળાં પડતાં તેનાં સ્વરૂપો તેના છેવટના વિલયની આગાહી આપે છે.

હિંસા સ્પર્શી રહી છે એવાં માનવજાતનાં ત્રણ મર્મસ્થાનો તે ક્યાં ? – પોષણ, રક્ષણ અને ઉત્પત્તિ. પ્રગતિનાં બાહ્ય સ્વરૂપોની અતિશય ખીલવણીમાં આ ત્રણ મહાતત્ત્વો વિસરાઈ જવાનો સંભવ છે, પરંતુ તેથી તેમનું મહત્ત્વ જરા પણ ઘટતું નથી. સર્વ સંસ્કાર અને સર્વ સુધારાના પાયારૂપે આપણે તેમને સ્વીકાર્યા સિવાય ચાલે એમ નથી, અને જીવનમાં વાણા તાણા તરીકે આ તત્વો એવાં વણાઈ ગયેલાં હોય છે, કે તેમનું મૂળ સ્વરૂપ આપણે વિસારે નાખીએ છીએ.

વળી એ ત્રણે તત્ત્વો પરસ્પરનાં સહાયક બની એકબીજાને એવો આશ્રય આપે છે કે પરિણામે પોષણ એ રક્ષણ બને છે અને રક્ષણ એ ઉત્પત્તિ બની જાય છે. મનુષ્યજીવનની ભાવનાઓ અને શાસનતંત્રોનાં પૃથક્કરણ કરવા બેસીએ તો આપણે છેવટે પોષણ, રક્ષણ અને ઉત્પત્તિનાં તત્ત્વો આગળ આવીને અટકીએ છીએ. પશુસૃષ્ટિ અને માનવજાતનું અહીં સામ્ય છે. પરન્તુ એ તત્ત્વોનો ઉપયોગ કરી આગળ વધવાની શક્તિમાં મનુષ્યની કાંઇક એવી વિશિષ્ટતા રહેલી છે, કે તે તેને બીજાં પ્રાણીઓથી નિરાળો પાડી દે છે.

પોષણ, રક્ષણ અને ઉત્પત્તિ એ ત્રણે પરસ્પરથી છૂટાં ન પડી

શકે એવાં જીવનનાં આવશ્યક તત્ત્વોને હિંસાથી ક્રમશઃ દૂર કરવામાં મનુષ્ય કેવી રીતે સફળ થયો અને એ સફળતાના પ્રમાણમાં તે અન્ય પશુઓથી શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરી ઉન્નતિના ઉચ્ચ શિખર ઉપર આજે કેવી રીતે સ્થાપિત થયો, એનો વિચાર કરવો જરૂરનો છે. અન્ય પ્રાણીઓ જ્યારે Perpetuation of species જાતીય આવૃત્તિની ભૂમિકાથી આગળ વધતાં નથી, ત્યારે મનુષ્યે તે ભૂમિકા પ્રાપ્ત કરી એથી આગળ વધી પ્રગતિનો માર્ગ ઝાલ્યો છે. પશુઓની માફક જાતીય સંરક્ષણને માટે આવૃત્તિનો માર્ગ વટાવતાં માનવજાત વિવિધ ભૂમિકાઓમાંથી પસાર થઈ છે, અને વિવિધ ભૂમિકાઓએ પહોંચતાં હિસાનું મહત્ત્વ કેવી રીતે ઘટતું ગયું, તે સમજવા માટે પોષણ, રક્ષણ અને ઉત્પત્તિને છૂટાં પાડવાથી તેમનો અને હિંસાનો સંબંધ વિચારવો સહેલ થઈ પડશે.

પ્રથમ આપણે પોષણ અને હિંસાના સંબંધનો વિચાર કરીએ.

મનુષ્યજાતનો મોટો ભાગ હજી માંસાહારી છે, એ ભૂલવાનું નથી. પોષણના તત્ત્વમાં માંસાહાર એ અલબત હિસાનો પ્રકાર છે. પરાપૂર્વથી હિંસા દ્વારા પોષણ મેળવવાની આપણી ટેવ હજી ગઈ નથી. પરંતુ મનુષ્યજીવનના પ્રભાતકાળે માંસ સિવાય બીજો આહાર જેને જડી શકતો ન હતો, તે મનુષ્ય આજે માંસ વિના બીજી અનેક વસ્તુઓમાંથી પોષણ મેળવી શકે છે.

પ્રાથમિક કાળમાં રક્ષણનું કામ એટલું મુશ્કેલ હતું કે મનુષ્ય જે મળે તેનું ભક્ષણ કરી લેતો. તેને ખોરાક વિષે સારાસાર વિચાર કરવાની ફુરસદ મળતી નહિ. અન્ય પશુ–પ્રાણીઓ સાથે લડતાં વઢતાં જેને તે મારતો તે જ તેનો ખોરાક બની જતું. પોતાનું સંરક્ષણ થયાના ઉત્સાહમાં તે મરનાર જાનવરને કાચું ખાઈ જતો, અને અખંડ પરિશ્રમ ભરેલી જિંદગી ગાળતાં આવાં પ્રાણીઓને હજમ પણ કરી શકતો.

જીવનની આવી અવ્યવસ્થિત રચનામાં પણ હિંસા ઉપર એક અંકુશ રાખેલો હતો. સ્વજાતિનાં બીજાં મનુષ્યોને મારી ખાઈ જવાનાં દૃષ્ટાંતો હજી ઓસ્ટ્રેલિયાની ભયંકર ઝાડીઓમાં અગર મધ્ય

આફ્રિકાનાં અભેદ્ય જંગલોમાં વસતી રાક્ષસી માનવજાતિમાંથી કદાચ મળી આવે; છતાં ખાસ ખોરાકને માટે મનુષ્ય ભાગ્યે બીજા મનુષ્યની હિંસામાં પ્રવૃત્ત થાય છે. સ્વજાતિ સંરક્ષણનો એક અદ્દભુત નિયમ સમગ્ર જીવંત સૃષ્ટિમાં પ્રવર્તે છે. આથી સિંહ અને વરૂ જેવી લોહીતરસી જાતો ટોળાબંધ રહી શકે છે. અલબત્ત, સિંહ સિંહને અને વરૂ વરૂને મારતાં નહિ હોય એમ નથી. પરન્તુ ભક્ષ્ય માટેની હિંસક વૃત્તિઓમાંથી કુદરત સ્વજાતિને અવશ્ય મુક્ત રાખે છે. મનુષ્ય બીજા મનુષ્યને મારતો હશે તો તે તેનું ભક્ષણ કરવા માટે નહિ. પોષણને અંગે હિંસા ઉપર આ પ્રથમ અંકુશ. આ કુદ-રતી અહિંસાના બળથી મનુષ્ય ટોળાબંધ રહી શક્યો.

ખોરાક માટે જાનવરોના ઉપયોગ કરતાં મનુષ્યને એક બીજી મહત્ત્વની વાત જડી છે. જાનવરનું માંસ જ નહિ, પરંતુ તેનું દૂધ પણ પોષણમાં ઉપયોગી ફાળો આપી શકે છે. જ્યાં સુધી આમ દૂધ આપવાની જાનવરની શક્તિ કાયમ રહી હોય, ત્યાં સુધી પોષણઅર્થે તેને જીવતું રાખવામાં મનુષ્યનો સ્વાર્થ રહેલો છે. જંગલી વનચરની સ્થિતિમાં જે સત્ય તેને જડયું નહોતું તે સત્ય પ્રાપ્ત થતાં તેણે જાનવર પાળવા માંડયાં. અને આમ મનુષ્યજાત Pastoral–Stage ગોપજીવનની ભૂમિકાએ આવી પહોંચી. ગોપજીવનના પ્રભાવે સંસ્કૃતિમાં મનુષ્ય ઘણો આગળ વધ્યો. મિલકતના સંરક્ષણ માટે પ્રયત્નો શરૂ થયા. ટોળાની વ્યવસ્થામાંથી કુટુંબ અને રાજ્ય શાસનની ભાવનાઓ ઉદ્દભવી. ઘાસચારાનાં મેદાનોની શોધમાં વ્યવ-સ્થિત રીતે મુસાફરીઓ કરવાની પ્રથા નીકળી અને માનવજાત પોતાનો ઈતિહાસ ઘડવા માટે લાયક થઈ. માનવજાતનો ખરો ઈતિહાસ ગોપભૂમિકામાંથી શરૂ થયો.

મનુષ્ય ઉપર સ્વજાતિની હિંસા માટે કુદરતે જ પ્રથમ અંકુશ મૂકયો હતો; પશુઓની હિંસા ઉપર બીજો અંકુશ મુકાતાં તે ગોપ સંસ્કૃતિ પામી શકયો. પશુઓનો નાશ કરવા કરતાં તેને સ્વાર્થ માટે જીવતું રાખવામાં લાભ માનતાં મનુષ્ય જીવન કેટલું ઉન્નત થયું તે આપણે જોઈ શકીએ છીએ. એ ગોપ જીવનના સુંદર સંસ્કારોની અસર

હજી આપણે સાચવી રાખી છે; આપણી રમતોમાં, આપણા રિવાજોમાં, આપણી કવિતાઓમાં ગોપજીવનના ભણકારા હજી વાગી રહ્યા છે. વાંસના ટુકડામાંથી મધુર નાદ ઉપજાવી મોહ પમાડતા ગોપેશ્વર કૃષ્ણનું બાલજીવન પ્રત્યેક હિંદુને વંદનીય છે.

હિંસાનો આ પ્રમાણે કેટલોક અંશ બાજુએ મૂકી ગોપજીવનની ભૂમિકાને પ્રાપ્ત થયેલો મનુષ્ય અહિંસાનો બીજો વિજયધ્વજ છે.

સંસ્કૃતિને માર્ગે ચડેલો મનુષ્ય સર્વદા ઉન્નત થતો ચાલ્યો આવે છે. ગોપજીવનમાંથી આગળ વધતાં, કુદરતનાં તત્ત્વોનો ઉપયોગ વિચારતાં તેને સ્પષ્ટ જણાયું કે જે ભૂમિ પશુઓ માટે આહાર ઉત્પન્ન કરે છે, તે ભૂમિ મનુષ્ય માગશે તો તેને આહાર આપવાની ના પાડશે નહિ. ભૂમિની ફળદ્રુપતા તેના ધ્યાનમાં આવી અને ધીમે ધીમે તેને સ્પષ્ટ સમજાયું કે ભૂમિ માત્ર અનિયમિત જંગલો માટે સર્જાયલી નથી. તે તો પોતાની પોષક શક્તિઓ માનવજાતને ચરણે ધરવા એક માતાના વાત્સલ્યથી તૈયાર થઈ બેઠેલી છે. મનુષ્યે પ્રયત્ન આદર્યો, અને અતિ ઉન્નત કૃષિજીવન પ્રાપ્ત કર્યું.

કૃષિજીવનની ભૂમિકામાં એટલું સ્પષ્ટ સાબિત થયું છે કે પોષણ અર્થે હિંસા કરવી એ નિરર્થક છે. આવડત અને મહેનતના પ્રમાણમાં મનુષ્ય માત્રનો ખોરાક પૂરો પાડવા જમીન બંધાયેલી છે. માટી અને રેતી પાસે માગતાં મનમાન્યું પામનાર મનુષ્યે એટલું સિદ્ધ કરી આપેલું છે કે જાનવરો સિવાય અન્ય ખોરાકનાં અગણિત સાધનો તેની મૂઠીમાં સમાયલાં છે અને એ સાધનો એટલા પૂરતા જથ્થામાં અને એટલાં પૂરતાં પોષક તત્ત્વોવાળાં છે કે તેને પશુ-પક્ષીઓમાં જીવ ઘાલવાની બિલકુલ જરૂર રહી નથી. કૃષિજીવને ખોરાક માટે મનુષ્ય-જાતને અત્યંત સુલભ અહિંસાના માર્ગમાં મૂકી છે અને પોષણના મર્મસ્થાન માટે હિંસાને તદ્દન અનવશ્યક બનાવી દીધી છે.

ખેતી માટે કેટલાક પ્રદેશો નિરુપયોગી છે; પશુઓનો ખોરાક માટે ઉપયોગ નહિ થાય તો તેમની વસ્તી વધી જઈ મનુષ્યને રહેવા માટે સ્થાન નહિ મળે; વનસ્પતિમાં પણ જીવન છે: આવા આવા કેટલાક પ્રશ્નો અહિંસાની સામે રજૂ કરવામાં આવે છે. કૃષિજીવન

વિકસિત કરી વર્તમાન ઔદ્યોગિક જીવનની શરૂઆત કરતી માનવજાત આ પ્રશ્નો સહેલાઈથી ઉકેલી શકે એમ છે.

ખેતી માટે નિરુપયોગી ગણાતી પથરીલી, રેતાળ કે બરફવાળી જમીન ઉપર નિવાસ કરનાર મનુષ્યો માટે કૃષિજીવન શક્ય નથી, અને માંસાહાર તેમને જરૂરનો છે એમ કહેતાં પહેલાં જગતમાં ઉત્પન્ન થતું અનાજનું પ્રમાણ, મનુષ્યને જિંદગી ટકાવી રાખવા માટે જરૂરનું પોષણપ્રમાણ, અને અનાજ લઈ જવા લાવવાની ચાલુ જમાનાની સગવડો એ સર્વનો વિચાર અવશ્ય થવો જોઈએ. મનુષ્યને જીવન ટકાવી રાખવા માટે જરૂરના ખોરાકનું પ્રમાણ એટલું મર્યાદિત છે કે જગતમાં ઉત્પન્ન થતા અનાજનો વિશાળ જથ્થો તેને પૂરતો થઈ પડે એમ છે. અને જ્યાં પ્રત્યક્ષ ખેતી થઈ શકે એમ નથી એવું માનવામાં આવે છે ત્યાં અન્ય સ્થાનોએ પાકતું અનાજ લઈ જવા માટે હાલ એટલાં સાધનો ઉપલબ્ધ છે કે તેમનો યથાર્થ ઉપયોગ કરવામાં આવે તો જગતના કોઈપણ ભાગને દુકાળ લાગવાનું પ્રયોજન નથી. અનાજ એક હાથે (corner) કરી જગતને ભૂખે મારવાના પ્રયત્નમાં ધનાઢ્ય થતા જબરદસ્ત વેપારીઓની લોભવૃત્તિને દાબમાં રાખવા હાલની સરકારો પ્રયત્નશીલ થાય, તે હિંસાની તરફેણમાં રજૂ કરવામાં આવતી આ દલીલ ઊભી રહેવા પામે એમ નથી. વળી જમીન આપે એટલું આપણે લઈ શકીએ છીએ? ભૂમિના વાત્સલ્યની મર્યાદા શું આપણે જોઈ છે? વિજ્ઞાનવિદો ના પાડે છે. આપણે કલ્પી ન શકીએ એટલો ખોરાક આપવા જમીન તૈયાર છે. માત્ર આપણને તે લેતાં હજી પૂરેપૂરું આવડ્યું નથી.

જાનવરોનો ભક્ષ કરવામાં નહિ આવે તો તે વધી જશે, એ ડરથી માંસાહાર ચાલુ રાખવાનું જરા પણ કારણ નથી. ખોરાક અર્થે જ કેટલાં પ્રાણીઓ ઉછેરવામાં આવે છે? ખરું જોતાં જાનવરોની સંખ્યા વધી જાય એવી જગતની સ્થિતિ મનુષ્યે રહેવા દીધી નથી, અને મનુષ્યને હરકત ન કરે એટલું પોતાનું સંખ્યા–પ્રમાણ સાચવી રાખવા જાનવરો ખાસ કાળજી રાખે છે એ નિઃસંશય વાત છે.

કૃષિજીવન એ અહિંસાનો ત્રીજો અને પોષણના અંગનો આખરનો

વિજયધ્વજ છે. સંસ્કૃતિ જેમ જેમ પોતાની ભૂમિકાઓ બદલતી જાય છે, તેમ તેમ હિંસા કરવાનાં કારણો ઓછાં થતાં જાય છે. જંગલી અવસ્થામાં મનુષ્ય ઉપર સ્વજાતીય અહિંસાનો અંકુશ હતો; માણસનો ખોરાક માણસ ન હતો. આથી આગળ વધી ગોપ–ભૂમિ–કામાં પ્રવેશ કરતાં જાનવરોની કેટલીક જાતો ખોરાકના સ્વરૂપમાંથી મુક્ત થઈ અને છેવટે આ અહિંસાએ ધીમે ધીમે મનુષ્યજાતને કૃષિજીવનનાં દ્વાર ખોલી બતાવી આપ્યું, કે ખોરાક માટે કતલખાનાંની હવે બિલકુલ જરૂર રહી નથી.

મનુષ્યજાતના પોષણ માટે કૃષિજીવનમાં આટલી બધી શક્યતાઓ હોવા છતાં જગત હજી માંસાહારી મટ્યું નથી એ વાત અત્રે ભૂલવી ન જોઈએ. હિંદુસ્તાનના થોડા ભાગ સિવાય આખી દુનિયામાં હજી માંસાહાર પ્રચલિત છે. પરંતુ આપણે એ પરિણામ આગળ આવી ઊભા છીએ કે જ્યારે માંસાહાર એ જગતનો એક જ અને મુખ્ય આહાર મટી ગયો છે. વનસ્પતિ આહારે તેનું મુખ્ય સ્થાન નષ્ટ કર્યું છે એટલું જ નહિ, પરંતુ આહાર તરીકે સ્વીકાર પામવા માટે માંસને વનસ્પતિની સંપૂર્ણ સહાય લેવી પડે છે; વનસ્પતિ–આહારના સ્વરૂપમાં સંતાવું પડે છે. વનસ્પતિ અને તેજાનાની મદદ વગર માંસથી કોઈની થાળીમાં આવી શકાતું નથી, અને માત્ર ટેવ કે શોખ તરીકે તે અસ્તિત્વ ભોગવે છે. અહિંસાનો આ વિજય નાનો સૂનો નથી.

વનસ્પતિમાં જીવ અને લાગણી હોવા બદ્દલની જગદીશ બોઝની સંભાવના અહિંસાના સિદ્ધાંતને નિર્બળ કરે છે, એમ માનવાનું કારણ નથી. જીવતાં પ્રાણીઓનાં જન્મ, ઉછેર અને મરણની ક્રિયા કરતાં વનસ્પતિનાં જન્મ, મરણ અને ઉછેર–ક્રિયા જુદી રીતે થાય છે; છતાં બોઝની સંભાવના સિદ્ધ થઈ વનસ્પતિમાં પણ જીવંત પ્રણીઓ સરખી લાગણી હોવાની માન્યતા દઢ થશે, તો સંસ્કૃતિમાં આગળ વધવા ઇચ્છતા જનસમાજે પોતાના પોષણ માટે અલબત્ત બીજા અહિંસાના માર્ગ ખોળવા જ પડશે. એમાં અહિંસાએ ગભરાવાની જરૂર નથી. આ માર્ગમાં આજ પણ પ્રયોગો નહિ થતા હોય એમ માનવાનું કારણ નથી.

એક એવી મહાદલીલ કરવામાં આવે છે કે માંસાહાર વગર માનવી અશક્ત અને ભીરુ બની જાય એમ છે. અને માંસાહાર અને અહિંસા વચ્ચેનો વિરોધ દેખીતો જ છે. પોષણનાં તત્ત્વો માંસમાં વધારે છે કે વનસ્પતિમાં એ વિષે નિષ્ણાતોમાં મતભેદ છે. વનસ્પતિ વગર માંસ એકલું ભાગ્યે જ આહાર તરીકે કામ આવી શકે છે એ જગતભરના પાકશાસ્ત્રનો પુરાવો તો આપણી પાસે છે જ. ઉપરાંત માંસાહાર વગર અશક્તિ અને ભીરુ-પણું વધી ગયાનો પુરાવો તો મળે એમ છે જ નહિ. હિંદુસ્તાનના ગણ્યાં-ગાંઠ્યા વર્ગો સિવાય માંસાહાર હિંદમાં તો નિષિદ્ધ ગણાયો નથી. રજપૂતો માંસાહારી હતા છતાં મુસ્લિમોથી હારી ગયા. માંસાહારી મુસ્લિમ શહે-નશાહતને હચમચાવી નાખી બ્રાહ્મણ પેશ્વાઓ એ બ્રાહ્મણ પેશ્વાઓ તો માંસાહરી નહિ જ હોય. છતાં તેમણે હિંદનાં ભારેમાં ભારે યુદ્ધ ખેલ્યાં. મુસ્લિમ અને મરાઠા બંને માંસાહારી પ્રજા પાસેથી અંગ્રેજોએ હિંદનું રાજ્ય ખૂંચવી લીધું; એટલું જ નહિ, પશ્ચિમની માંસાહારી ડચ, પોર્ટુગીઝ અને ફ્રેન્ચ પ્રજાને હરાવી અંગ્રેજોએ હિંદમાં સ્થાન મેળવ્યું. વિમળશાહ, સજ્જન, વસ્તુપાળ, તેજપાળ, હેમુ, સમરાશાહ, જાવડશા, ને ઘેલાશા સમા જૈન મંત્રીઓ કે લીલા અને અમરસિંહ સમા નાગર મંત્રીઓએ માંસાહારી દુશ્મનો સામે ખેલેલાં વિજયી યુદ્ધોથી ઇતિહાસ સુપરિચિત છે. ઇ. સ. ૧૮૫૭ના બળવા પ્રસંગે અંગ્રેજોને ભારે થઈ પડેલા નાના સાહેબ, તાત્યા ટોપે અને લક્ષ્મીબાઈ, એ ત્રણે બ્રાહ્મણો હતાં. અને બ્રાહ્મણ તરીકે માંસાહાર નહીં જ કરતા હોય એમ આપણે માની લઈશું. માંસાહારી પ્રજાઓના ઇતિહાસ કાંઈ સતત જ્વલંત કારકિર્દીના દ્યોતક નથી જ. માંસાહારી ચીનાઓને જાપાનીઓ પૂરતી રાડ પડાવે છે. એ જ પ્રમાણે ફ્રાન્સ જેવી પ્રજાને જર્મનીએ ઉથલાવી પાડી એમાં વધારે ઓછા માંસાહારનું કારણ કોઈએ હજુ આપ્યું નથી. માંસાહાર અને વનસ્પતિના આહાર એ બે વચ્ચે એવી કદી શાસ્ત્રીય તુલના કરવામાં આવી નથી, કે જેથી એક ઉપર બીજો આહાર સરસાઈ ભોગવવા પાત્ર બની જાય. વ્યક્તિગત કે પ્રજાકીય ઇતિહાસમાં ખોરાકના તત્ત્વ ઉપર ભાર મૂકી કોઈએ એવી શોધ કરી નથી કે

માંસાહારી પ્રજા એ આહારને જ કારણે વધારે શૂર કે સાહસિક બની હોય માંસાહારની પાછળ રહેલી ભાવનામાં માંસાહાર માનવીને જોરદાર, મૃત્યુને ન ગણકારે એવો અને ભયરહિત બનાવી દે છે એમ પણ કેટલાકની માન્યતા છે. ખોરાકમાં આવતાં પશુપક્ષીને મારવામાં કશી બહાદુરી વિકાસ પામતી હોય એમ લાગતું નથી. સરળતાથી પકડાતાં બંધાતાં પશુ પક્ષીઓને કાપવામાં, પક્ષીઓનાં ઇંડાં ફોડવામાં, બતક મરઘી ચૂંથવામાં કે ઘેટાં બકરાં કે મરેલાં માછલાં ખાવામાં સાહસ કે શૌર્યના પાઠ ખાસ આવડી જતા હોય એમ માનવું એ એ વધારે પડતું લાગે છે. વળી એ જાનવર મારવાનું વીર કાર્ય-માંસાહારીઓ કરતા નથી. ખાટકીઓ, કસાઈઓ તથા બગરચીઓ ધંધા તરીકે બહાદુરીના તલપૂર પણ ભાન વગર, એ કાર્ય કરે છે. અને કદાચ બહાદુરી હોય તો પણ તે મારનારમાં હોય, માત્ર જમનારમાં એ બહાદુરી ન જ આવે. મારે કોઈ અને બહાદુરી બીજામાં આવે એમ બન્યું કદી જાણ્યું નથી.

માંસાહારમાં જ એવો ગુણ છે કે તેથી માણસ આપોઆપ બહાદુર બની જાય એમ પણ કોઈની ભ્રમણા હોય છે. ખોરાકના વિવિધ ગુણ હોય છે એમાં શક નહીં. પરંતુ મૃત્યુ પ્રહાર ખમતા પશુના દેહમાં લાગતો ઝટકો તેના આખા દેહમાં ભયનું એક વિષ ફેલાવે છે એમ કહેતા વિરુદ્ધ પક્ષની વાત પૂરવાર ન થઈ હોય તો પણ ઉગ્ર અને તામસ માનસ વિકસાવતો માંસાહાર પોતાના કયા ગુણથી શૌર્ય વધારે છે એ પણ સમજમાં આવતું નથી. ઉગ્રતા અને તામસ સ્વભાવ એ બહાદુરીના વિરોધી અંશો છે. રોગીષ્ટ દેહ, બળિયેલ સ્વભાવ, અને ઈર્ષાભરી વૃત્તિમાંથી એ ઉગ્રતા અને તામસ મન વિકસી રહે છે. જગતને માનવતા તરફ વળવું હોય તો એવા માનસને ફેરવી વધારે ઉદાર, કુમળું, સંસ્કારભર્યું અને શાંત બનાવવું પડશે. માંસાહાર તામસ વિકસાવતો હોય તો તેને છોડવો જ જોઈએ. એ આહારમાં કશી જ બહાદુરી નથી, એ તો આપણે સહજ વિચાર કરતાં સમજી શકીએ એમ છે.

બર્નાર્ડ શો જેવો બહાદુર સાંસ્કૃતિક બળવાખોર બીજો જડવો

મુશ્કેલ છે. એ વનસ્પતિઆહારી હતો. હિટલર કે મુસોલિનીની યુદ્ધશક્તિ વિષે ભાગ્યે જ બે મત હોય. એ માંસાહાર કરતા જ નહીં. આખી બ્રિટિશ સલ્તનતની સામે એકલે હાથે ઝૂઝવાની સતત તૈયારી બતાવી રહેલા ગાંધીજીનું શૌર્ય કોઈ પણ મહારથીને શરમાવે એવું છે. એ ગાંધીજી માંસાહારી નથી, એ તો આખું જગત જાણે છે. આમ એટલું તો જોઈ શકાય કે માંસાહાર બહાદુરી માટે આવશ્યક છે એ કથનને ઈતિહાસ, શાસ્ત્ર અને નિત્ય વ્યવહારનો જરાય ટેકો નથી.

આમ ખોરાક માટે હિંસાની જરૂર નથી એ એક વાત, અને હિંસામય ખોરાક વગર શૌર્ય ઘટતું ચાલે એ માન્યતા ભ્રમણા જ માત્ર છે એ બીજી વાત. પોષણની બાબતમાં હિંસા હવે અનાવશ્યક બની ગઈ છે. આપણી જૂની જંગલી અજ્ઞાન અવસ્થાની ટેવનો એ એ માત્ર એક ભણકારો છે.

પોષણના ક્રમમાં અહિંસાનું કયું સ્થાન છે, તે આપણે જોયું. પ્રગતિનો ઈતિહાસ સ્પષ્ટ સૂચવે છે કે જેમ સંસ્કૃતિમાં આપણે આગળ વધીએ છીએ તેમ હિંસાની જરૂરિયાત ઓછી થતી જાય છે. અત્યારે ખોરાક ઓછો છે એમ નથી. પણ ખોરાક સર્વને મળતો નથી એ બૂમ છે. હિંસાનો માર્ગ તો આપણે વટાવી બાજુ ઉપર મૂકયો છે.

વસ્તુઓની કિંમત અન્ય વસ્તુઓથી અંકાતી Batter System) જ્યારથી બંધ પડી, અને ચલણી નાણું ( Legal Tender ) એ જ્યારથી વ્યવહાર અને વ્યાપારના મધ્યબિંદુ તરીકે: મનાયું ત્યારથી ભંડોળવાદ ( Capitalism ) શરૂ થઈ ચૂકયો. વર્તમાન જગત કૃષિ ભૂમિકામાંથી ઔદ્યોગિક ભૂમિકા ( Industrialism ) ઉપર આવતાં આ ભંડોળવાદે ક્રૂર સ્વરૂપ ધારણ કર્યું. ખોરાક માટે નહિ પરંતુ ખોરાકનાં સાધનો મેળવવા માટે આજ આપણે પ્રયત્નશીલ થવું પડે છે. ખોરાક પૂરતો છે. કામની વહેંચણીને અંગે તેને ઉત્પન્ન કરનાર ઉત્પન્ન કર્યે જ જાય છે પરંતુ તે સર્વને મળતો નથી. ગરીબો અંગમહેનતથી ખોરાક ઉત્પન્ન કરે છે, પરંતુ તે ખોરાક તેમને માટે પણ રહી શકતો નથી. ધનવાન વેપારીઓનું ધન એ

ખોરાકને લોહચુંબકની માફક આકર્ષી લે છે. ગરીબો ભૂખે મરે છે, અને ધનવાનો વગર જરૂરનો વ્યય કરે છે. પોષણ માટેના આપણા પ્રયત્નોએ આ સદીમાં જુદું સ્વરૂપ લીધું છે. ખોરાક માટે હવે હિંસાની જરૂર રહી નથી. આપણા ઝઘડા હવે ખોરાકની વહેંચણી વધારે ન્યાયસર થાય એ માટે ચાલે છે. આ પ્રશ્ન હિંસાથી નિરાળો છે.

(૨)

પોષણના મહત્ કાર્યમાં અહિંસાનું કયું સ્થાન છે તે આપણે જોયું. હવે રક્ષણની દૃષ્ટિથી આપણે અહિંસાના ક્રમને નિહાળીએ.

રક્ષણમાં પણ પોષણના સરખો જ ક્રમશઃ હિંસાનો ત્યાગ અને અહિંસાની ઉત્તરોત્તર વધતી જતી સ્થાપના નજરે પડે; છે; એટલું જ નહિ. વિકાસક્રમની જાણે એક ચોખ્ખી શરત, ચોખ્ખો ચીલો અહિંસામાં દેખાઈ આવે છે. માનવજાત જેમ આગળ વધે તેમ હિંસાને છોડે. શાસનતંત્રો અને રાજસત્તાના ઊંડા ઇતિહાસમાં ન ઊતરતાં આપણે એટલું જ સ્વીકારીને ચાલીશું કે વ્યક્તિ અને સમાજની રક્ષણભાવનામાંથી વિવિધ શાસનતંત્રો ઉદ્ભવે છે; માનવીએ સામાજિક જીવન ગાળવું હોય તો નિયમબદ્ધતા સ્વીકારવી જ પડે; શાસન પદ્ધતિ સ્વીકારવી જ પડે; અને નિયમનો ભંગ કરનારને નિયમમાં લાવવો જ પડે; આ ત્રણ તત્ત્વો ઉપર સમાજ અને રાજશાસનની રચના થાય છે-પછી એ રાજશાસનનું સ્વરૂપ ગમે પ્રકારનું હોય. માનવીનું રક્ષણ આ શાસનદ્વારા થાય છે, એવી ભાવના શાસનને બાંધે છે અને જીવંત રાખે છે. જે શાસનમાં રક્ષણ વિભાગ પ્રત્યે શ્રદ્ધા ઘટે તે શાસનને બદલ્યે જ છૂટકો. શાસનક્રમના વિકાસને આપણે ઉપરછલ્લી દૃષ્ટિથી નિહાળીશું તો તત્કાળ આપણને દેખાશે કે એ વિકાસ હિંસાન ક્રમશઃ વર્જન ઉપર જ આધાર રાખી રહ્યો છે;

શાસ્ત્રીય વિકાસક્રમની એક એવી કલ્પના છે કે મનુષ્ય પ્રથમ એકલો ભટકતો. એકલો ભટકતો પુરુષ અને એકલી ભટકતી સ્ત્રી-બંનેને કુદરતે ભેગા કર્યાં અને કૌટુમ્બિક જીવનની શરૂઆત થઈ, એકાકી જીવનમાંથી કૌટુંબિક જીવનમાં પ્રવેશ પામતા બરોબર માનવીએ પોતાની

હિંસક વૃત્તિ મર્યાદિત કરી, કુટુંબ પૂરતા નિયમો તેણે સ્વીકાર્યા અને તે પ્રમાણમાં માનવી સંસ્કાર પામ્યો. પોતાના રક્ષણ માટે, પોતાના લાભ માટે અને પોતાના સ્વાર્થ માટે હિંસા કરવી જ પડે એ ખ્યાલ તેણે કુટુંબના સ્વીકાર સાથે જ દૂર કર્યો; સ્વરક્ષણ જેટલું જ કુટુંબ રક્ષણ મહત્ત્વનું બની ગયું. પોતાની સ્ત્રી માટે, પોતાનાં બાળકો માટે માનવીએ બહુ ઝીણી અને કુમળી લાગણીઓ અનુભવવા માંડી, અને એ લાગણીઓને પ્રભાવે સ્વરક્ષણ સિવાય બીજું કાંઈ ન સમજતો માનવી પત્નીના રક્ષણની, બાળકના રક્ષણની, કુટુંબના રક્ષણની જવાબદારી સ્વખુશીથી ઉઠાવતો થયો. તેનું સ્વત્વ વિસ્તાર પામ્યું અને પોતાના અંગથી–પોતાની જાતથી આગળ વધી આખા કુટુંબ ઉપર છવાયું. હિંસાને કુટુંબમાંથી દેશવટો મળ્યો. રસવૃત્તિ, પ્રેમશૌર્ય અને વાત્સલ્ય અમૂલ્યની લાગણીઓ આપણને આ કુટુંબ ભૂમિકામાંથી પ્રાપ્ત થઈ. હિંસાને માનવીએ પ્રાથમિક જીવનમાં મર્યાદિત કરી એટલે એને કુટુંબ મળ્યું. કુટુંબે વિકસાવેલી લાગણીઓ માનવસંસ્કૃતિનું મોટામાં મોટું ધન છે. આજ કુટુંબને ન ઇચ્છતી—કુટુંબમાં ફેરફાર સૂચવતી વૃત્તિઓ પણ એ કુટુંબ દીધાં ધનને ખોવા પાટે જરાય તૈયાર નથી. રસવૃત્તિ, પ્રેમશૌર્ય, Chavalry અને વાત્સલ્ય તો જીવંત રહેવાં જ જોઈએ. આ વિકાસક્રમ બતાવી આપે છે કે એકલ જીવનમાં સ્વીકારાતી હિંસામાંથી કૌટુંબિક જીવનની મર્યાદામાં જતાં હિંસાની પણ ઘણી મોટી રૂકાવટ થઈ ચૂકી છે.

એ હિંસા ચાલુ રહી હોત, પુરુષ અને સ્ત્રી એક બીજાને દુશ્મન લેખતાં હોત, પરસ્પર હિંસાને પાત્ર ગણતાં હોત અને બાલકોને તેમણે ભાવિ શત્રુ માન્યાં હોત–બાળકોનો સંભવ આવી દુશ્મનભાવનામાં પણ સ્વીકારીએ તો–આજ જનસમાજનું અસ્તિત્વ જ હોત કે કેમ એ શંકાનો વિષય છે.

આ ચીલો આગળ વધતો જાય છે, એટલું જ નહિ, એ વધારે સ્પષ્ટ અને વધારે વિસ્તૃત બનતો જાય છે. કુટુંબના સ્વીકારમાંજ આખા ગોત્રનો સ્વીકાર બીજરૂપે રહેલો છે જ. કુટુંબમાંથી ગોત્રની ભાવના વિકાસ પામી સ્પષ્ટ બને એ અરસામાં હિંસાનું બીજું વર્જન

માનવજાતે સાધવું જ પડે. એ કેમ બને તે આપણે જોઈ લઈએ.

[૩]

કૌટુંબિક ભાવનાથી આગળ પગલું ભરતાં આપણે ગોત્ર ભાવના ઉપર આવીએ છીએ. ગોત્રનો અર્થ કૌટુંબિક ભાવનાનો વિસ્તાર એટલું જ કહીએ તો ચાલી શકે. ધીમે ધીમે ગોત્રમાં પિતા માતાનાં આખાં કુળ અને તેમની શાખાઓનો સમાવેશ થઈ જાય છે. માનવજાતની સંસ્થાઓનો અભ્યાસ કરતાં આપણે ચોખ્ખો ક્રમ જોઈએ છીએ કે, જેમ જેમ ગોત્રની સ્પષ્ટતા થતી જાય તેમ તેમ હિંસાની સીમા પણ મર્યાદિત થતી જાય, જેમ કુટુંબીને હણાય નહિ તેમ સગોત્રીની હિંસા પણ ગુન્હો ગણાવા લાગ્યો. જેમ કુટુંબનો વડીલ કુટુંબ ઉપર નિયંત્રણ રાખતો, તેમ અનેક કુટુંબોના બનેલા એક કુટુંબ સરખા ગોત્રનો વડીલ સગોત્રીઓ ઉપર નિયંત્રણ રાખતો બની ગયો. મર્યાદિત કુટુંબની ભાવનામાં માનવી, સ્ત્રી, પતિ અને બાળક સિવાય સર્વની હિંસા કરવા માટે સ્વતંત્ર હતો. ગોત્રનો વિકાસ થતાં એ સ્વતંત્રતા મર્યાદિત થઈ; પોતાના બાળકના બાળક, તેનાં બાળક, ભાઈનાં કુટુંબ અને તેમનો વિસ્તાર વગેરે એક જ વંશની જુદી જુદી શાખાઓ અહિંસાના વર્તુળમાં આવી. કૌટુંબિક લાગણીઓ આમ વિસ્તૃત બનીને આખા ગોત્ર ઉપર પથરાઇ ગઈ અને કુટુંબ–મર્યાદિત અહિંસા ગોત્ર સરખી મોટી મર્યાદા ઉપર ફેલાઈ ગઈ.

અહિંસાના અપવાદ કુટુંબમાં કે ગોત્રમાં નથી કે ન હતા એમ વિધાન કરવાની જરૂર નથી. મહત્વનો પ્રશ્ન એ છે કે હિંસાના પ્રસંગો કુટુંબ અને ગોત્ર માટે માત્ર અપવાદ જ નહિ પરંતુ ગુન્હા તરીકે ગણાવા લાગ્યા. હિંસાની પાત્રતા આમ ગોત્રની બહાર જોઈને બેઠી અને સ્વરક્ષણ અર્થે સામાજિક અને રાજકીય વિકાસ સાધતી માનવજાતે અહિંસાનો ગોળ વધારી કુટુંબ, ગોત્ર અને રાષ્ટ્રને તેમાં સમાવી લીધાં. મિલકતની વ્હેંચણી તથા વ્યવસ્થા, પરસ્પર વર્તનના નિયમો ઘડવા લાગ્યા, અંગત તથા સામાજિક જવાબદારીની ભાવનાજાગૃત થઈ અને એ નિયમો તથા ભાવનાના ભંગનો પ્રસંગ વ્યક્તિગત નહિ, પરંતુ સામાજિક પ્રસંગ બની ગયો. માનવી જાતે

પોતાનો જ ન્યાયાધીશ બનતો અટકી ગયો. પોતાનો હિંસા અધિકાર તેણે છોડી દીધો. આમ સમાજનો વિકાસ અહિંસાને જ વધારતો જાય છે.

હિંસા ગોત્ર બહાર તો ચાલી ગઈ. ગોત્રમાં સમાતી વ્યક્તિઓએ પોતાને માટે અહિંસા સ્વીકારી લીધી. પરંતુ એક ગોત્ર અને બીજા ગોત્ર વચ્ચેના સ્વાર્થઘર્ષણ પ્રસંગે હિંસા જ પ્રથમ દર્શનીય ઈલાજ તરીકે આગળ થાય છે. જમીન માટે, મિલકત માટે, એક ગોત્ર બીજા ગોત્રની સામે હિંસાનો ઉપયોગ માન્ય રાખે છે. અને અંતેવિવિધ ગોત્રો પરસ્પર લડી, ઝઘડી થાકે છે; લડતાં ટોળામાંથી મિત્ર ટોળાં બનાવે છે, અને યુદ્ધની નિરર્થકતા કે લાભની અલ્પતા સમજતાં એક નિશ્ચિત ભૂમિકા ઉપર આવે છે, જ્યાં તેમને સમજાય છે કે ગોત્ર કે ગોત્રના સ્વાર્થમાટે હિંસા કામની નથી, જરૂરની પણ નથી. આ સત્ય તેમને ધીમે ધીમે સમજાય અતે મૈત્રી–સંબંધ વધે તેમ જુદાં જુદાં જૂથ એકબીજાંની સાથે ભળી જાય છે, અને વિવિધ ગોત્રો ભેગાં થતાં આપણે માનવ–વિકાસની clan અગર tripe જાતિ વિશિષ્ટતાની ભૂમિકાએ પહોંચીએ છીએ. જાતોનું બંધારણ ઘડાતાં અહિંસાનું વર્તુળ નાનકડા ગોત્રોથી આગળ વધે છે, અને ગોત્ર સમૂહના પરિણામ સરખી આખીયે જાતને તે પોતાની મર્યાદામાં સમાવી દે છે. આમ જે અહિંસા કુટુંબમાં મર્યાદિત હતી, જે અહિંસા વિસ્તૃત બની ગોત્રમાં મર્યાદિત થતી હતી, તે હવે આખી જાતને પોતાને આશ્રયે લઈ લે છે. જાતમાં ભાવનાનો પ્રથમ નિયમ જ એ રચાય છે કે સ્વજાતિની હિંસા દુષિત છે એટલું જ નહિ તે ગુન્હો પણ છે. સમગ્ર જાતિનું રક્ષણ એ સર્વની ફરજ ખરી અને તેને માટે અન્ય દુશ્મન જાત સામે સમગ્ર આક્રમણ કરી શકાય. પરંતુ જાતની અંદર કોઈને પણ હણવો એ અક્ષમ્ય અપરાધ તરીકે લેખાય છે. એમાં તો હિંસા વપરાય જ નહીં.

આમ એકલવાયો મનુષ્ય સ્વરક્ષણ અર્થે કુટુંબ રચે છે, એકલવાયું કુટુંબ સ્વરક્ષણ અર્થે ગોત્ર રચે છે, અને એકલપણામાં નિર્બળતા અનુભવતાં ગોત્ર હિંસા છોડી અન્ય ગોત્રોમાં ભળી જઈ એક આખી જાત ઊભી કરે છે, કૌટુંબિક અહિંસા આમ ફેલાતી

આખી જાત ઉપર વિસ્તાર પામી. રક્ષણની વ્યાપક ભાવના હિંસા માગે છે કે અહિંસા એ આટલા માનવ વિકાસ ઉપરથી પણ સહજ સમજાઈ જાય છે; એકલો માનવી પોતાનું રક્ષણ કરી શકે એના કરતાં તે કુટુંબ-વ્યવસ્થિત બને તો વધારે સારી રીતે પોતાનું રક્ષણ કરી શકે છે; પોતાનું જ માત્ર નહિ પરંતુ કુટુંબી ગણાતી સર્વ વ્યક્તિઓનું એક કુટુંબ એકલું રહી પોતાનું રક્ષણ કરી શકે તેના કરતા તે ગોત્રમાં ગોઠવાઈ જઈને પોતાનું વ્યક્તિગત તેમજ અન્ય કુટુંબીઓનું વધારે સારું રક્ષણ કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે; એક ગોત્ર બીજા ગોત્રની સાથે હિંસા દ્વારા જેટલું રક્ષણ મેળવી શકે તેના કરતાં અહિંસાનો સ્વીકાર કરી ગોત્રોમાંથી જાત ઉપજાવી વધારે રક્ષણ સાધી શકે છે. સૂક્ષ્મ દૃષ્ટિએ આ આખો ક્રમ એક જ વસ્તુ સૂચવે છે કે માનવી અહિંસાને જેમ જેમ વિસ્તારતો જાય તેમ તેમ તે વધારે સાચું રક્ષણ મેળવતો જાય છે.

આ અહિંસાનો વિકાસ ક્રમ માનવજાતની સાચી સમૃદ્ધિમાં શો શો વધારો કરે છે તે પણ આપણે સહજ જોઈ લઈએ. કુટુંબ માણસને રસવૃત્તિ, પ્રેમશૌર્ય, અને વાત્સલ્ય આપે છે. ગોત્ર ભાવના પૂજ્ય ભાવ, વ્યવસ્થા, આજ્ઞાધારકપણું અને સંસ્કાર પરંપરા traditon આપે છે. સાથે સાથે કુટુંબે આપેલા ગુણ પોતે કાયમ રાખે છે, તેટલું જ નહિ પરંતુ તેમને વિસ્તૃત કરે છે. ગોત્રમાંથી જાતમાં સંકળાતાં માનવ જાત સ્થિરતાને પામે છે; રાજ્ય, કાયદા, શાસનતંત્ર વગેરે મેળવે છે; કલા અને તત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે; અને એક વ્યવસ્થિત મહાન સમૂહ તરીકે રહેણીકરણીની ઉચ્ચતા અને ભાવના જાગૃત કરી રક્ષણ અર્થે માત્ર બળ નહિ પરંતુ સંસ્કાર અને સભ્યતાનો બહુ જ ઉપયોગ કરવાની પાત્રતા મેળવી લે છે. એ પાત્રતામાંથી જ માનવ પ્રજાએ વિકાસની મહા ફલંગો ભરેલી છે. જો માનવી એકલો હોત, માત્ર કુટુંબી હોત, ફક્ત ગોત્રમાં જ ગોઠવાઈ રહ્યો હોત તો તે આટલી પ્રગતિ સાધી શકયો ન હોત.

પછી તો જાતમાંથી વિકાસ પામતો માનવી પ્રજાકક્ષાએ આવી પહોંચે છે. કુટુંબ, ગોત્ર એ બંનેમાં જે એક લોહીની માન્યતા હતી

તે માન્યતા આખી જાતમાં ફેલાય છે ત્યારે આપણો વિકાસક્રમ આપણને વીરપૂજા, પૂર્વજપૂજા, પ્રકૃતિપૂજા જેવા એકતાનાં તત્ત્વો, ભાષા અને ભૂમિ તેમજ જાતિ–અભિમાન અર્પે છે. અને આખી જાતને એક કુટુંબ તરીકે ગણવાના પાઠ આપણને શીખવે છે. કુદરતનો સંબંધ, જન્મ, મૃત્યુ, પૂર્વજોનાં સંસ્મરણો એ સઘળું એક વ્યાપક તત્ત્વ જ્ઞાનમાં ગોઠવાઈ જાય છે, અને એક જાતધર્મ પાળી પ્રજાનું વ્યાપક સ્વરૂપ ધારણ કરે છે. પ્રજાની કક્ષાએ પહોંચતાં આપણને પ્રાપ્ત થયેલો ધર્મ આપણી જાતને, આપણી ભૂમિને અને આપણા ભ્રાતૃભાવને ખૂબ વિસ્તૃત સ્વરૂપ આપે છે અને વ્યાપક રક્ષણની ભાવના આખી પ્રજા ઉપર ફરી વળે છે.

એક જ જાતિમાં રહેતા પ્રત્યેક મનુષ્યને ભાલા અને તલવારની અણીથી પોતપોતાનો ન્યાય ચૂકવવાની છૂટ મળી હોત તો સમાજનું બંધારણ રચાયું જ ન હોત. હિંસકવૃત્તિને દાબી પોતાની જાતમાં ગણાતી પ્રત્યેક વ્યકિત પ્રત્યે માનવીએ બંધુ ભાવના વિકસાવી ન હોત તો વિવિધ જાતિઓના સંગઠનમાંથી પ્રજાભાવના ખીલવવી અશકય બનત. યુગ યુગથી હિંસાનો નિષ્ફળ અખતરો કરતો મનુષ્ય જાણે–અજાણે અહિંસાની કિંમત સમજતો જ જાય છે, અહિંસામાં પોતાના સ્વાર્થને ઓળખતો જાય છે. સ્વાર્થ ખાતર પણ હિંસાની વધારે અને વધારે સાંકડી મર્યાદાઓ બાંધી અહિંસાને લંબાવવામાં તે પોતાનું રક્ષણ સચોટ રીતે જોઈ શકે છે. હિંસાને અળગી કરતાં તે અનેક માનસિક સમૃદ્ધિઓ પામતો જાય છે.

આમ વ્યક્તિત્વના મધ્યબિંદુથી ધીમે ધીમે ચારે પાસ ફેલાતી અહિંસાએ પ્રથમ, કુટુંબ, પછી ગોત્ર, તેમાંથી જાત અને તેથી આગળ વધતાં પ્રજાના સમૂહોને પોતાની મર્યાદામાં સ્વરક્ષણના સિદ્ધાંત ઉપર જ લાવી મૂકયાં છે. અહિંસાનાં વિજય સર્વદા શાંત, સૌમ્ય. અને છતાં ભારે અસરકારક હોય છે. હિંસાના વિજયની માફક તેમાં રુધિરની રતાશ નથી, મૃત્યુનો આર્તનાદ નથી અને નશાબાજ જેવો ઉદ્ધત અસ્થાયી આનંદ નથી. ઢોલ વગડાવીને, ઢંઢેરા પીટાવીને, ધજાઓ ફરકાવીને કે જયનાદો બોલાવીને અહિંસા પોતાનો વિજય જાહેર કરતી

નથી. પોતાના વિજય ચિન્હ તરીકે આહિંસા વગર બોલ્યે કુટુંબ સરખી સંસ્થા ખીલવે છે, ક્રાઈસ્ટ કે બુદ્ધ સરખા માનવ દેવો આપણી વચમાં ઉપજાવે છે, રામાયણ સરખાં કાવ્ય કોઈની કલ્પનામાં ઉઘાડે છે, વીણા સરખું વાજિંત્ર જગત આગળ ધરે છે, ગીતા સરખું ગંભીર તત્ત્વજ્ઞાન કોઈની પાસે ગવરાવે છે અગર ઈલોરા કે અજન્તાની વજ્રછાંટમાંથી અદ્‌ભુત માનવ મૂર્તિઓ કોતરાવી આપે છે. આ બધાં વિજય ચિન્હો ઊભાં કરીને પણ અહિંસા એમ કહેતી નથી કે તેણે આ સઘળું કર્યું.

આનો અર્થ ભાગ્યે જ કોઈ એમ કરે. કે એક જાત બીજી જાત સાથે અને એક પ્રજા બીજી પ્રજા સાથે હિંસા રહિત ભાવ રાખી રહેલી છે. રાજ્યસત્તા, ધર્મસત્તા, વર્ગસત્તા વગેરેને નામે જગતને શરમાવનારા અનેક ખૂનખાર ઝઘડાઓ થયા છે. રાજ્યધર્મ અને પ્રજાને નામે મનુષ્યોએ પોતાના પાશવ સ્વભાવનું ખૂબ પ્રદર્શન કરાવ્યું છે. છતાં એટલું તો ચોક્કસપણે સમજી લઈએ કે રક્ષણ અર્થે માનવીએ અહિંસાનો આશ્રય લઈ કુટુંબ મેળવ્યું, ગોત્ર મેળવ્યું, જાત મેળવી, અને પ્રજા મેળવી. જેમ કુટુંબનો એક માણસ હિંસાદ્વારા પોતાની ઉન્નતિનો અવકાશ જોઈ શકતો નથી, તેમ એક પ્રજામાં ગોઠવાઈ ગયેલો માનવસમૂહ પણ પરસ્પરની હિંસાદ્વારા પોતાની ઉન્નતિની શકયતામાં માનતો નથી કુટુંબી બનવું હોય તો હિંસા છોડયે કુટુંબ રક્ષણ મળે. એજ પ્રમાણે સમગ્ર પ્રજાનું રક્ષણ જોઈતું હોય તો, પ્રજાની વ્યક્તિએ વ્યકિત પૂરતી હિંસા અવશ્ય વર્જ્ય કરવી જોઈએ. અંદર અંદર હિંસા કરનાર કુટુંબી કે પ્રજાજન કુટુંબ કે પ્રજાનું રક્ષણ પામતો નથી. તેને પ્રજાનું રક્ષણ જોઈતું હોય તો એક જ શરત કે તેણે પોતાના પ્રજા સમૂહ પરત્વેની હિંસા વર્જ્ય કરવી.

# શ્રીમદ્ ભગવદ્ગીતા

## ૧

પાંચ હજાર વર્ષ ઉપરનો એક બોલ ! આજ એવો અને એવો જીવંત છે. એ બોલની આસપાસ આખી આર્ય સંસ્કૃતિ રચાઈ છે, કહો કે રચાયલી આખી આર્ય સંસ્કૃતિ સજીવન રહેલી છે. કુરાનની આસપાસ ઊગેલી સંસ્કૃતિને તેરસો ચૌદસો વર્ષ થયાં, બાઇબલની પ્રેરણાથી ઊભી થયેલી માનવ શિષ્ટતાનાં બે હજાર વર્ષ. આર્ય સંસ્કૃતિને જીવંત રાખતા એક મહાઉચ્ચારણને પાંચ હજાર વર્ષ થયાં. પાંચ પાંચ હજાર વર્ષોથી આર્ય સંસ્કૃતિને પ્રફુલ્લ રાખી રહેલા એ પ્રેરણાધોધમાં કેટકેટલાં અમૃતઝરણાં ભળ્યાં હશે ? સંસ્કૃતિઓ રચતાં કુરાન અને બાઈબલ જગતની માનવજાવના મહાબોલ. ગીતા એથીયે જુનો છતાં એવો જ જીવંત માનવ બોલ. પાંચ હજાર વર્ષ ઉપરનો એ બોલ...! જોકે પશ્ચિમી અભ્યાસની દૃષ્ટિને આર્યોની સંસ્કૃતિનું અગ્રપણું સ્વીકારતાં સંકોચ થાય છે ખરો.

મહત્તા શું જૂનવાણીમાં રહી છે ? નવીનતા માગતા વર્તમાન યુગને એ પ્રશ્ન સહજ થાય. ખરો. માત્ર જૂનવાણી એ જ મહત્તા નથી. પાંડવ કૌરવ ગયા; ચંદ્રગુપ્ત અને અશોક અદૃશ્ય થયા; કનિષ્ક, હર્ષ અને વિક્રમાદિત્ય ભૂતકાળ બની ગયા; પૃથ્વીરાજ અને શાહબુદ્દીન એ માત્ર પૂર્વકાળના ભણકારા; અકબર અને જહાંગીર જહાન પર નથી; ઔરંગઝેબ અને શિવાજીના અસ્તોદય ઈતિહાસ બની આપણી નજર આગળથી અળગા થયા; આજ ટોપીવાળાનાં ટોળાં આપણા વર્તમાનકાળમાં ઊભરાઈ રહ્યાં હતાં. તે યે ગયાં, અને હવે જૂનવાણી ગણાઈ જશે. અને નવીન સ્વાતંત્ર્યસૂર્યનો અરુણ આકાશ રંગી રહ્યો છે. એ સર્વ જૂનવાણીમાંથી વહી આવેલો એક અજર અમર બોલ કૈંક જૂનવાણીઓને બાજુએ ફેંકી આજપણ પાંચ હજાર વર્ષ ઉપર પાડેલા સચેતન પડઘા હજી પાડ્યા જ કરે છે, અને એ પડઘા હજી ઝીલાયે જાય છે.

ગીતા શું સાચે જૂનવાણી છે? કે વર્તમાન કાળને પણ સર્જતો કૃષ્ણ-મુખ સરખો સદાય યૌવનભર્યો જીવતો જાગતો શાશ્વત બોલ છે? જૂનવાણી સતત નવીન બનતી રહે તો એને જૂનવાણી ન જ કહેવાય.

**वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।**
**भविष्याणि च भूतानि......................(૭–૨૯)**

ભૂત વર્તમાન અને ભવિષ્યને આમ એક જ બાથમાં ભરતો એ બોલ આર્યો માટે તો અમર છે. નવીનતા વગર અમરત્વ હોય જ નહિ. જૂનવાણી મરે છે. પાંચ હજાર ભૌતિક વર્ષો પરવારી ગયાં છે. એ સહુને સજીવન કરતો ગીતાનો મહાબોલ આજપણ આર્યતાને ઊભી રાખી શકયો છે. આર્યતાને જીવંત રાખતો બોલ સદા નવીન છે.

લંબાણ વર્ષો બતાવી શું ગીતાની કુરાન કે બાઇબલ ઉપર શ્રેષ્ઠતા સાબિત કરવાની તો આ પ્રવૃત્તિ નથી? આજ કોઇને ધર્માભિમાન ન પણ ગમે. ભારતની સરકાર પણ ભારતીય ધર્મમાં ભય જોતી બની ગઈ છે. છતાં

**अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते**

એ વાકયને સંબોધતી ગીતાને કોઈના ઉપર સરસાઇ કરવાની જરૂર નથી.

**अहमादिश्च मध्यं च भुतानामंत एव च ।(૧૦–૧૦)**

એમ ભૂત ભવિષ્ય અને વર્તમાનને એક જ સાંકળે જોડતી ભાવનાને પાંચ હજાર વર્ષની પુરાણતા પ્રત્યે જરાય મોહ ન હોય. એને કશું પુરાણુ પણ નથી અને કશું નવીન પણ નથી.

**यद्यद्विभूतिमत्सत्वं श्रीमद्वर्जित मेव वा ।**
**तत्तदेवायगच्छत्वं भम तेंजोंऽशसंभवम् ।। (૧૦–૫૧)**

એમ જગતભરની વિભૂતિને પોતાની બનાવતી આર્ય ભાવના કુરાન અને બાઇબલ જેવા મહાબોલને પણ પોતાના જ મહાબોલ માની અપનાવે એમાં નવાઈ નથી. આર્ય ભાવનામાં જૂનવાણી ન હોય.

આર્ય ભાવનામાં કોઈ પણ મહત્તા પરાયી ન હોય. પછી સરસાઈનો પ્રશ્ન જ રહેતો નથી; સાચી આર્યતાને મહમદની મહત્તા કે ઈસુનું ઐશ્વર્ય પરાયાં નથી—હોવાં ન જોઈએ.

અને પાંચ હજાર વર્ષનો પ્રશ્ન પણ આપણી વિદ્યાપ્રણાલિને અંગે જ ઊભો થાય છે. શોધખોળમાં આનંદ પામતી આજની અભ્યાસવૃત્તિએ શોધી કાઢ્યું કે મહાભારતના યુદ્ધને પાંચ હજાર વર્ષ થયાં. શોકસંવિગ્ન માનસવાળા ધનુષ્યબાણ ત્યજીને બેસી પડેલા અર્જુનને

**क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप।(२—३)**

હાકલ કરી ઊભો કરી દેનારા એ ગીતા આજ પાંચ હજાર વર્ષે પણ કેંક ગળીઆઓને ઊભા કરી શકે છે એ સત્ય અભ્યાસીની ટૂંકી દૃષ્ટિને તો બહુ મહત્ત્વનું લાગે જ. પાંચ હજાર વર્ષ સુધી જે બોલનું બળ ઘસાય નહિ એ બોલ પણ મહાબોલ છે એમ કહેતાં તે વર્ષોને આગળ કરે તો તેમાં આપણી વિકસેલી ઐતિહાસિક અભ્યાસવૃત્તિ જ કારણભૂત છે. બાકી कालोऽस्मि તરીકે પોતાને ઓળખાવતા ગીતાકારને પાંચ હજાર વર્ષનો હિસાબ શો?

**बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन (४—५)**

એમ ચોખ્ખું ઉચ્ચારનારની સાથે પ્રાચીનતાનો મોહ કેમ કરીને સંગમ બનાવી શકાય? કલ્પ, વિકલ્પ અને સર્ગ—વિસર્ગની કથાઓ ગાતા, સાંભળતા આર્યોને વર્ષોનો ઢગલો મોહીત તો ન જ કરે. સાચા બોલ, સમર્થ બોલ, જીવનને જાગ્રત કરનારા બોલ, જીવનને ઉન્નત કરનારા બોલ આજના હોય કે પાંચ હજાર વર્ષ પૂર્વના હોય તો પણ તે આપણા જ છે, પૂજનીય છે, સ્મરણીય છે. એવા આર્ય બોલનો સમર્થમા સમર્થ ઉચ્ચાર એ ગીતા. પાંચ હજાર વર્ષ ઉપરનો પણ ખરો અને એથીયે જૂનો આજનો ય ખરો, અને નવીનમાં નવીન. હજી એની નવીનતા ઘટી નથી.

**इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम्**
**विवस्वान मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् (४-१)**

**एवं परंपरा प्राप्तमिमं राजर्षयो विदुः ।**
**स कालेनेह महता योगो नष्टः परंतप ( ४–२ )**
**स एवायं मयातेऽद्य योगः प्रोक्त पुरातनः ।**
**भक्तोऽसिमे सखा चेति रहस्यह्येत्तदुमम् ॥ ( ४–३ )**

આમ પ્રભુથી ઊતરેલો આ બોધ, સૂર્ય, મનુ અને ઈક્ષ્વાકુના પરંપરાથી ચાલતો આવી રાજર્ષિઓ દ્વારા ગમ્ય થયેલો પુરાતન બોલ જરા ટાઢો પડ્યો એટલે ભક્ત અને મિત્ર અર્જુનને આર્યતાના એક મહાપ્રતિનિધિ કૃષ્ણે તે ફરી સંભળાવ્યો.

એ બોલે હજી સુધી આર્ય પ્રજાને, આર્ય સંસ્કારને જીવતાં રાખ્યાં છે. એ બોલ નવનવા સંજોગોને અનુકૂળ બની નિત્ય નૂતન રહ્યો છે. જ્યારે જ્યારે જરૂર પડે છે ત્યારે ત્યારે ગીતાબોલ આર્ય સંસ્કારની સહાયમાં ઊભો રહેલો જ હોય છે. આજ પણ ગીતા–બોલ સજીવન છે. માટે જ આર્યસંસ્કાર સજીવન છે.

[ ૨ ]

પણ એ ગીતા છે શું ? આર્યતાને સજીવન રાખતો એ બોલ શું બોલે છે?

ગીતા એ માત્ર બોધ નથી. એ ગીત છે, ગવાયલો બોલ છે, સંગીતમય બોલ છે. શબ્દને સરસમાં સરસ ધ્વનિ અને લય પ્રાપ્ત થાય ત્યારે તે સંગીત બને છે. ગીતા આર્યાવર્તનું મહાસંગીત છે. કાનને મીઠો લાગે એવો એ રૂપેરી રણકાર માત્ર નથી; નાનકડા હાવભાવ કે નૃત્યની મૈત્રી શોધી માધુર્યની ઘુમરીઓ ખાતું–ખવરાવતું એ ગીત નથી. એ મહાસંગીતમાં ભવ્ય અને ઉદાત્ત સૂરસંયોજન છેઃ

**शंखान् दध्मौ पृथक् पृथक्( १–१८ )**
**अविभक्तं विभक्तेषु ( १८–२० )**

વિશ્વના વિવિધ શંખનાદનું એ એક સપ્તક. વિવિધતાને એકતામાં સંલગ્ન કરતો પૃથક્પૃથક્ શંખનાદમાંથી ગીત ઉપજાવતો

એ મહાઘોષ છે. હૃદયની મહત્તાને સ્પર્શતો એ મહારાગ છે. સંગીતના એક મહાઆચાર્ય કૃષ્ણે ભારતવર્ષના એક મહાપ્રસંગ માટે વિકસાવેલો એ ઢાળ છે. ઝમઝમતાં ઝરણાં કે મર્મર મંજૂલ નદીરવ એ ન હોય. એ મહાસાગરનું સંગીત છે.

## वेदानां सामवेदोऽस्मि ( १०—२२ )

કહેનારના બોલમાં મહાસંગીત ન હોય તો બીજું શું હોય? ગરબા, ઠુમરી અને ગઝલના શોખનાં ઊતરી પડેલા આર્ય સંગીતમાં લાલિત્ય હશે—છે. લાલિત્યની રેખાઓને વધારે ઊંડી, વધારે ઓજસ્વી, વધારે ઘુંટાયલી અને વધારે બળભરી બનાવી મર્દોને—મર્દોના સમૂહને, ગાવાને પાત્ર એ સંગીત બનાવાયું. છે. એ સંગીતના સૂર શૃંગારપ્રેરક નથી—જો કે જીવનસ્રોતનું એક સાચામાં સાચું તત્ત્વ એ સંગીતમાં સ્વીકારાયું છે.

## प्रजनश्चास्मि कंदर्पः ( १०—२८ )

અને સાથે સાથે કંદર્પના વિપરીત સ્વરૂપો—જેની વ્યાપકતાનો આજના યુગમાં બચાવ પણ થાય છે તેને માટે એ ગીતમાં થએલું ઉચ્ચારણ પણ વિસારવા સરખું નથી,

**काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।**
**महाशनो महापाप्मा विध्येनमीह वैरिणम् ( ३—३७ )**

એમાં રડતું રડાવતું કારુણ્ય નથી. હિંદ અને હિંદ બહારના અઢાર અક્ષૌહિણી સૈન્ય મૃત્યુનું આવાહન કરી રહ્યાં હતાં; એટલું જ નહિ, નિકટમાં નિકટ સંબંધ ધરાવતા પુરુષો સામસામે ખડા હતા. સગા કાકા કાકાના જ પુત્રો, પિતામહ, આચાર્ય, મામા, પુત્ર, પૌત્ર, મિત્ર, સસરા અને હિતૈષીઓ એકબીજાને કાપવા માટે તત્પર બનેલા હતા. ગાંધારી, કુંતા, દ્રૌપદી અને ઉત્તરા સરખી મહાસતીઓના પડછાયા એ મહાયુદ્ધને વિંટાઈ વળતા હતા. વહાલામાં વહાલાં સ્વજનોના પ્રાણ હરવાનો એ ભયાનક પ્રસંગ. બત્રીસલક્ષણાઓનાં

બલિદાનનો એ યજ્ઞ. ભયથી નહિ, સ્નેહને પરિણામે, યુયુત્સુ સ્વજનોને નિહાળી આર્ય સંસ્કારથી બોલાઈ જાય છે:

**सीदंति मम गात्रणि मुखंच परिशुष्यति । ( १–२९ )**

એ ભાવથી–એ નરમાશથી પર લઈ જતો પ્રહસન્નિવ ઋષિકેશનો ગીતા એ મહાબોધ છે. એ બોધના સંગીતમાં રુદન નથી, આંસુ નથી, વિલાપ નથી; એમાં છે મૃત્યુને પણ ઘોળી પી જનાર વિરાટ સ્વરૂપનું અગ્નિતાંડવ.

**लेलिह्यसे ग्रसमानः समंताल्लोकान्समग्रान्वदने ज्वलद्भिः**
**तेजोभिरापूर्य जगत्समग्र भासस्तवोग्राः प्रतपंति विष्णो(११–३०)**

સ્નેહવશ નિષ્ક્રિયતામાંથી અગ્નિતાંડવમાં ખેંચી જનાર એ ગીત આર્ય માનસને માત્ર અગ્નિમય રાખતું નથી. ગીતાએ ગાયેલું અગ્નિતાંડવ ઘોર, ગંભીર, આર્દ્ર અને જગતને નવપલ્લવિત કરવા તત્પર વારિભર્યાં વાદળાં ઉપર થાય છે. વિશ્વરૂપદર્શન યોગનું અંતિમ વાક્ય વિરાટ સ્વરૂપની અગ્નિ રેખાઓમાંથી ઉપસી આવતા सौम्यं मानुषं रुपंના મુખથી નીચે પ્રમાણે ઉચ્ચાર કરાવે છે :

**निर्वैर सर्व भूतेषु. ( ११–५५ )**

કાયરતામાંથી નહીં, સુંવાળા સ્નેહમાંથી નહીં પરંતુ

**मृत्यु सर्वहरश्चाहम् ( १०–३४ )**

ની સાબિતી આપી પ્રલય સમા ઘોર ઝંઝાવાતમાંથી પસાર થઈ નક્કર બનેલા સંસિદ્ધ થયેલા–કહો કે અતિ મૃદુ બનેલા માનસમાંથી જાગતું નિર્વૈર છે. નિર્બળનું પલાયન નહિ પણ શૌર્યનું સ્મિત એ નિર્વૈર સ્થિતિમાં છે. કાયર, બીકણ, પરાજિત, પરાધીન હિંદુ સાચો આર્ય નથી. સાચો આર્ય ગીતાને અનુસરે છે. મૃત્યુનો ભય હોય એ હિંદુ નહિ, આર્ય નહિ; એ ગીતાધર્મ પાળતો નથી. નિર્વૈરને નામે પાછો પગ ધરનાર કાપુરુષને અને ગીતાને તલમાત્ર પણ સંબંધ નથી.

ભીરુ હિંદુ એ જ ગીતાને, એક મહા દુશ્મન છે. કોઈ પરધર્મી, આ હિંદુ નહીં.

આમ આ મહાગીત ક્ષુદ્ર સ્નેહ, સ્વાર્થી કારુણ્ય, ભીરુ મનુષ્યત્વ અને કાયર સાધુત્વની એક પણ શ્રુતિને ઓળખતું નથી. એ મહાગીતમાં સ્વાર્થત્યાગની, સાચા સ્વાતંત્ર્યની, મૃત્યુજિત અહિંસાની અને મોહજિત સ્નેહની પ્રલંબ, ઉત્તેજક, વીરશોભન સૂરાવલિ છે. એ સૂરાવલિ આપણે ભૂલ્યા અને આપણું પતન થયું, પાછું આરો હણ ઇચ્છીએ તો ગીતાને સાંભળીએ અને ગીતા ગાઈ સૂરતાલ પ્રમાણે આપણે આપણા પગ ઉપાડીએ. એ સૂર, એ તાલ આપણને અગ્નિ ઉપર—અરે અગ્નિમાંજ ચલાવશે. એ અગ્નિ ભર્યા માર્ગમાંથી આપણે એવા સ્થાને જઈશું કે જ્યાં

**मुक्तं शुभांल्लोकान् [ १८-७१ ]**

ની સાચી સ્થાપના હશે.

હિંદુઓએ, આર્યો એ પોતાને માટે, માનવજાતને માટે, અરે ભૂતમાત્રને માટે ગીતાબોધ્યું સંગીત સાંભળવાનું છે, એ ગીતામાં જીવવાનું છે, એ ગીતના તાલ પ્રમાણે પગ મૂકવાના છે. આર્યોએ પોતાના ધર્મને કશું નામ આપ્યું નથી. હિંદુ શબ્દ પણ પરદેશીઓએ દીધેલો શબ્દ છે. મુસ્લિમોના આવ્યા પછી આપણે એ નામ ભલે સ્વીકારી લીધું હોય. અંગ્રેજોના આક્રમણમાંથી ઉદ્દભવેલી વસતિગણતરીમાં આપણે ભલે હિંદુ ધર્મને આપણો ધર્મ ગણ્યો. ખરું જોતાં આર્યતાને ઓળખાવતો કોઈ નામ ચિન્હધારી ધર્મ જ નથી. તિલક માળા છાપાંમાં સંપ્રદાયો સમાયા છે, આર્યતા—આખી આર્યતા નહિ. સર્વ પ્રગતિ, સર્વ સંસ્કાર, સર્વ શુભ ભાવનાને પોતાનાં બનાવતો આર્ય ધર્મ માનવધર્મ છે. એ માનવધર્મ સંગીતમય છે, જીવવા માટેનો ધર્મ છે, હૃદયના ધબકારાને જીવનતાલ શીખવતો ધર્મ છે, સમગ્ર દેહનાં હલનચલનને પ્રગતિમય બનાવતો એ ધર્મતાલ છે. કૃષ્ણે ગુંજેલી ગીતા એ આર્યધર્મની અસ્તાઈ. એની આસપાસ

અનેક અંતરા અને આભોગ રચાય. પરંતુ મૂળ જમાવટ તો ગીતાની જ. એ આપણી આર્યઅસ્તાઈ એ આપણું આર્યત્વપદ.

[ ૩ ]

ગીતાને હિંદુઓ તો ઓળખે. પરંતુ ગીતાને બૌદ્ધ, ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મના સાચા અનુયાયીઓએ પણ અભ્યાસનું માન આપ્યું છે.

મેક્સ મ્યૂલર, મોનિયર વિલિયમ્સ, ગેટે અને શીલર જેવા મહાકવિઓ અને પ્રાચ્ય વિદ્યાના અભ્યાસીઓએ ગીતામાં પૌર્વાત્ય સંસ્કારોનો આત્મા દીઠો છે. અંગ્રેજોને પાલે પડયા હોઇએ ત્યારે આપણે જર્મનીને ભલે દુશ્મન તરીકે ગણીએ; એ દુશ્મનાવટ અચળ નથી. આવતી કાલ આપણે પાછા મિત્ર બની જઈશું. અને

**समोहं सर्वभूतेषु ( ९–२९ )**

**समः शत्रौ च मित्रे च ( १२–१८ )**

નું ઉદ્દબોધન કરનાર ગીતાને જ શોભે. એટલે બ્રિટિશ બાંધ્યુ હિંદ જર્મનીને કોઈવાર દુશ્મન ભલે કહે. એના હૃદયમાં જર્મની માટે–કોઈને યે માટે દ્વેષ કે ખાર તો ન જ હોય. આર્યોનો અંશ કે વંશ સ્વીકારી સ્વસ્તિકની પૂજા કરતા જર્મનીને એ માર્ગે લઈ જનાર અનેક વિદ્વાનોમાંનો હંબોલ્ટ નામક એક વિદ્વાન કહે છે કેઃ

'જગતના સૌથી વધારે વંચાતા ગ્રંથોમાં ગીતા જર્મનીમાં અગ્રસ્થાન ભોગવે છે.

ચીનમાં ગીતાનો અનુવાદ લઈ જનાર સાધુનું નામ પણ વિસરાઈ ગયું છે અને ગીતા કૃષ્ણને નામે એ સાધુને 'કિસનજી' તરીકે જ ઓળખાવે છે.

બાલી જેવા પ્રદેશમાંથી ગીતાની સંસ્કૃત પ્રત હાથ લાગી છે. ગીતા વેદનો બાલીમાં ઉચ્ચાર થાય છે.

ઉપનિષદનું ફારસીમાં ભાષાન્તર કરનાર ઉદાર મુસ્લિમ શાહજાદા દારા શીકોહ–ઔરંગઝેબના મોટાભાઈએ ગીતા માટે કહ્યું છે કે :

'ગીતાનાં વખાણ કરવાં એ મારી શક્તિ બહારની વાત છે.'

આગાખાની પંથ ઇસ્લામી પંથ છે, એમ આપણે માનીએ છીએ. મુસ્લિમોનો જે અભિપ્રાય હોય તે ખરો. પરંતુ આગાખાની મંદિરો–ખાનાં–માં મેં ગીતાના શ્લોકો અને તેના ગુજરાતી અર્થ ખુલ્લી રીતે લખાયલા મારી જાતે વાંચ્યા છે.

સત્યાગ્રહના સિદ્ધાંતોને અમલમાં મૂકી પ્રખ્યાત થઈ ગયેલા અમેરિકન તત્ત્વજ્ઞ થોરોએ કહ્યું છે કે,

'પ્રાચીન યુગની સર્વ સ્મરણીય વસ્તુઓમાં ગીતાથી શ્રેષ્ઠ બીજું કાંઈ નથી.'

એકાંતવાસ, તપશ્ચર્યા, ધ્યાન વગેરે અનેક પ્રયોગોમાં મગ્ન રહેતા એ મહાત્મા થોરોએ એક વખત એકાંત જંગલમાં નિવાસ કર્યો. ઝૂંપડીમાં એક સાદી પાટ ઉપર સૂતેલા થોરોની આસપાસ વિંછી અને સર્પ જેવા ઝેરી જંતુ ફરતાં હતાં. થોરોના મિત્રે ભય પામી તેને સ્થાનફેર કરવા જણાવ્યું. થોરોએ હસીને જવાબ આપ્યો :

'જ્યાંસુધી ગીતા મારી પાસે છે ત્યાંસુધી મને કોઈનો ભય નથી.'

આમ અંધશ્રદ્ધા લાગે એવો ગીતામાં વિશ્વાસ રાખનાર અમેરિકન વિચારક હતો અને ગાંધીજી ઉપર એની ભારે અસર છે એ આપણે આશ્ચર્યસહ નોંધવા સરખું છે;

થોરો જેટલો જ પ્રખ્યાત વિચારક અને સાહિત્યકાર એમર્સન પણ અમેરિકાનો. ગીતાને એ સદા સાથમાં જ રાખતો, અને માનવજાતની મહાન સંપત્તિરૂપે તેને લખતો હતો.

## सर्व भूतेषुआत्मानं सर्वभूता निचात्मनी ( ६–२९ )

એ શ્લોક એમર્સન વાંચતો ત્યારે એનું આખું શરીર પુલકિત થઈ રહેતું અને તેનું હૃદય નાચી ઊઠતું. આજનો એક અંગ્રેજ કવિ ઇશરવુડ ગીતા લઈ ગુફામાં બેસી ગયો છે. વિચારમાં પ્રગતિ લાવનાર હક્સ્લે પણ અત્યારે ગીતા ગોખે છે.

પરદેશ અને પરધર્મથી નજીક આવી આપણે આપણા જીવન-

માં રહેલા ગીતાના સ્થાનનો વિચાર કરીએ.

આપણી નજીકમાં આપણી પ્રથમ દૃષ્ટિ તો આજકાલ સ્વાભાવિક રીતે જ મહાત્મા ગાંધી ઉપર પડે. ગીતા એ ગાંધીજીનો પ્રિય ગ્રંથ. એમની પ્રાર્થનામાં સાંખ્ય યોગવાળા બીજા અધ્યાયમાં વર્ણવાયલાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ નિત્ય ગવાતાં. અને જવાહરલાલ સરખા નાસ્તિક બુદ્ધિમાનને પણ એ પ્રાર્થના અને ગીતાગુંજનની ઉન્નત અપાર્થિવ અસરનો સ્વીકાર કરવો પડયો છે એ જવાહરલાલની પોતાની આત્મકથામાં જ કહેવાયું છે. મહા આસ્તિક ગાંધીજી જ્યારે ત્યારે ગીતાનો આશ્રય લેતા. તેઓ પોતે જ કહે છે કે:

"જ્યારે જ્યારે હું બહુ ભારે મુશ્કેલીઓ વચ્ચે ઘેરાઈ જાઉં છું ત્યારે ત્યારે હું ગીતામાતાની પાસે દોડી જાઉં છું.'

કવિ નાનાલાલ 'ગુજરાત' નામના કાવ્યમાં પણ 'ગાંધીનાં ગીતાજીવન નિષ્કામ' ગુજરાતમાં જીવાયાનું વર્ણન કરે છે.

અરવિંદ ઘોષના પૂર્ણયોગની પાછળ ગીતાની પાર્શ્વભૂમિકા રહેલી આપણે જોઈ શકીશું.

લોકમાન્ય તિલકે પોતાના કારાવાસમાં ગીતાના કર્મયોગ ઉપર મૂકેલો ભાર અભ્યાસીઓનું હજી પણ આકર્ષણ છે.

આપણા આ ત્રણે મહાન રાજનીતિજ્ઞો તો આમ ગીતાના અનુયાયીઓ હતા. એ જાણવા અને સમજવા સરખું છે. ત્રણેનો અંગ્રેજી કેળવણીનો જીવંત પરિચય છતાં પ્રેરણા ગીતાની.

વીસમી સદીની શરૂઆતના ઉગ્ર રાજકીય વાતાવરણે ઉત્પન્ન કરેલા બૉંબધારી ક્રાંતિકારી યુવકો માર્ગ ભૂલ્યા હતા કે કેમ એ પ્રશ્નની ચર્ચા અસ્થાને છે. એમની દેશભક્તિ અને આત્મભોગ પ્રેરનાર ગીતા હતી, એ વાત અત્યારે મહત્ત્વની છે. ગીતાને હાથમાં લઈ ફાંસીને માંચડે પ્રસન્નતાપૂર્વક ચઢી જનાર ક્રાન્તિવાદી ગીતાના ગૌરવનું એક પરિણામ છે એમાં શક નહિ. ગીતાનો સાચો અનુયાયી એમ જ કરે.

એની બેસંટ અને થિયોસોફીના સંપ્રદાયે આપણા આર્ય ધર્મને સમજાવવા માટે કરેલો પ્રયત્ન ખરેખર પ્રશંસનીય છે. હિંદુત્વની-આર્યત્વની જાગૃતિમાં એમનો સારો ફાળો આપણે સ્વીકારવો જ

જોઈએ. એની બેસંટે કરેલું ગીતાનું ઈંગ્લીશ ભાષાંતર ઘણાય અંગ્રેજી ભણેલાઓને આર્ય સંસ્કૃતિ તરફ દોરી ગયું છે.

આમ આપણા નવા, સ્વાતંત્ર્ય પ્રેરતા રાજકારણમાં ગીતા-ઘડ્યાં માનસ બહુ મહત્ત્વનું સ્થાન ધરાવે છે એ વસ્તુ પાંચ હજાર વર્ષ ઉપર ઉચ્ચારાયેલી ગીતાનું સામર્થ્ય સમજવા માટે બસ છે.

ભાવિકો, આસ્તિકો માટે તો ગીતા જીવતો બોલ છે જ. કોઈ પણ પુસ્તકના કરતાં ગીતા વધારે વંચાય છે અને તેનો વધારેમાં વધારે મુખપાઠ થાય છે, એ સાબિત કરવા માટે બહુ તપાસની જરૂર પણ નથી.

ગુજરાતમાં આ વીસમી સદી પણ ગીતાના અનુવાદ માગે છે, ગુજરાતના મહાકવિ ન્હાનાલાલે ગીતાનું સમશ્લોકી ભાષાંતર ગુજ-રાતીમાં કર્યું છે એ જાણીતી વાત છે. બીજા કંઈક અનુવાદ થયેલા છે જ. હિંદની સર્વ પ્રાન્તિક ભાષાઓમાં આ જ રીતે ગીતાનાં પ્રતિબિંબો પડેલાં છે. પ્રત્યેક ભાષાએ ગીતા માગી: છે; એક યુગમાં નહિ; સર્વ યુગમાં. અને પ્રત્યેક ભાષાના સાહિત્યકારે ગીતાને માગી લોકભાષામાં ઉતારી પણ છે. આજ વીસમી સદીના મધ્યકાળ સુધી પણ ગીતાની ટીકાઓ કેટકેટલી થયેલી છે? કોઈ ગીતાપ્રેમી અભ્યાસી હિન્દની ભાષાઓમાં થયેલાં ગીતાનાં ભાષાંતરો અને ગીતા ઉપર રચાયલી ટીકાઓ, દીપિકાઓ અને સ્વાધ્યાયગ્રંથોનો અંદાજ કાઢે તો ગીતાની આર્યજીવન ઉપર થયેલી અને થતી અસર આંકડાના સ્વરૂપમાં સાબિત થઈ શકે. શેકસપિયર જગતમાં વધારેમાં વધારે વંચાય છે, શેકસપિયર ઉપર વધારેમાં વધારે વિવેચનો થયેલાં છે. શેકસપિયર ઉપર વધારેમાં વધારે મીમાંસાઓ રચાઈ છે, એમ કહેવામાં આવે છે એ ખરું હશે.

## नांतोऽस्ति मम दिव्यानां विभूतिनां परंतप

શેકસપિયર પણ એજ વિભૂતિનો અંશ છે. છતાં અભ્યાસની દૃષ્ટિએ ગીતાની ટીકા, મીમાંસા, અને વિવેચનોનો અંદાજ કાઢીએ તો જરૂર એ મહાગ્રંથ શેકસપિયર જેટલા સાહિત્ય ભંડાર જરૂર રજુ

કરશે એમ લાગે છે. શેક્સપિયર સાહિત્યકાર અને ગીતાકાર સાહિત્ય-દેવતા. સાહિત્ય દેવતાના સાચા ઉચ્ચારણમાં ફિલસૂફી છે, છતાં એનો મોહ નાટકો કરતાં ઓછો નથી એ શું નવાઈ ન કહેવાય ?

ગીતા વાંચવા સહુ કોઈ પ્રેરાય છે. ગીતા વિષે વિવેચન કરવા એ વાંચનાર પ્રેરાય છે. લખવામાં અને બોલવામાં પણ ગીતાના આધાર લેવાય છે. અને ગીતા જીવન જીવવાના પ્રયત્નો તો કેટકેટલાયે થતા હશે ! એ પ્રયત્નો સફળ કે અફળ એ પ્રશ્ન આપણે બાજુએ મુકીએ. છતાં ગીતાના સિદ્ધાન્તો પ્રમાણે જીવન ઘડતા માનવીઓનો સમુદાય આપણે વિચારીશું તો આપણને ગીતાની સજીવન અસરનો વધારે ખ્યાલ આવશે.

## नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति (૬–૪૦)

ગીતાજીવન જીવવાના નિષ્ફળ પ્રયત્નો પણ ઊર્ધ્વ ગતિ પ્રેરે છે. સફળતા એ પરિણામ. સાચી વસ્તુ એ તો પ્રયત્ન. અનેક નિષ્ફળ પ્રયત્નોની પાછળ સફળતા સમાયલી છે. ગીતાજીવન જીવવાના પ્રયત્નોની નિષ્ફળતા તરફ આપણે ન જોઈએ. એ નિષ્ફળ કહેવાતા પ્રયત્નોમાં જ ગીતાનું ચિરંજીવી સ્થાન છે.

આર્ય સંપ્રદાયોએ તો ગીતાનું પરમ મહત્ત્વ સ્વીકારી લીધું છે. ગીતા ઉપર ભાષ્ય ન રચાય ત્યાં સુધી કોઈ સંપ્રદાય ન સ્થપાય કે ન કોઈ આચાર્યપદ ધારણ કરી શકે. પ્રસ્થાનત્રયી એ આપણી આર્ય-ફિલસૂફીનો સ્થંભ. એ ત્રણ પ્રસ્થાનો–પ્રગતિસૂચક વિચાર ઉડ્ડયનોમાં ગીતાનું સ્થાન. એટલા ઉપરથી જ ગીતા આર્યધર્મ સાથે કેટલી નિકટ જડાયલી છે તે આપણે સમજી શકીશું.

રામાનુજ, મધ્વ, શંકર, વલ્લભ એ આપણા આર્ય સંપ્રદાય, આચાર્યો. દ્વૈત, શુદ્ધાદ્વૈત, કેવલાદ્વૈત અને વિશિષ્ટાદ્વૈતને નામે ઓળખાતા આ ચારે સંપ્રદાયો ગીતા ઉપર ભાષ્ય રચીને સ્થપાયા છે. જીવ અને શિવ, આત્મા અને પરમાત્માના સંબંધ ઓળખાવનાર આપણા પંથો અને માર્ગ પરસ્પરથી વિરોધી નહિ તો પરસ્પરથી વિભિન્ન ભાવનાઓ, ફિલસૂફી અને વિચારશ્રેણી ઘડી કાઢે એમાં ગીતાની સર્વ સ્થિતિને

અનુકૂળ થવાની મહાશકિત જ દેખાઈ આવે છે. એ મહાશકિત આજ પણ આપણે નિહાળીએ છીએ. શંકરે ગીતા ઉપરથી વેદાંત કેવલાદ્વૈત રચ્યું અને માયાવાદની સ્થાપના કરી. એ જ ગીતાએ બીજા વાદ પણ આપ્યા. એટલું જ નહિ, આજનાં રાજકીય મન્તવ્યો પણ ગીતા ઉપર ઘડાયે જાય છે એ ગીતામાં રહેલી સર્વાનુકૂળ બનવાની મહાશકિત જ દર્શાવે છે. આજનો સામ્યવાદી એમ. એન. રોય સરખો– પણ ગીતાને જુએ, એ ગીતાનું સામર્થ્ય ઓછું ન કહેવાય.

ગીતાનું નામ આપી, ગીતામાં વર્ણવેલા ભાવોને સ્ફૂટ કર– વાના પ્રયત્નો પણ થવા છે. જ્ઞાનેશ્વરી ગીતા મહારાષ્ટ્રી ભાષામાં અને અખે ગીતા ગુજરાતીમાં જાણીતા તત્ત્વજ્ઞાનના ગ્રંથો છે. વળી ગીતાને ગ્રામ્ય સ્વરૂપ આપી હાસ્યરસ ઉપજાવી તેમાંનો તત્ત્વાર્થ સ્પષ્ટ કરવાનો ગુજરાતી ભાષામાં થયેલો એક ગ્રામગીતા નામનો સુંદર પ્રયોગ એટલા માટે નોંધવાપાત્ર છે કે ગીતાની ફિલસૂફી શાસ્ત્રીઓ, વિદ્વાનો અને સંસ્કારી કહેવાતા વર્ગમાં જ ફેલાઈ છે; એમ નહીં, પરંતુ અશિક્ષિત ગ્રામ જનતા સુધી તે પહોંચી ગઈ છે, એ તે પ્રયોગથી સમજી શકાય એમ છે. રસમય પ્રયોગ જોવા સરખો છે.

અરજણિયો કહે છે:

નાનાંએ મારવાં ને મોટાંએ મારવાં
ને મારવાનો ના મળે આરો,
કરહણિયા મારવાનો ના મળે આરો.
એવું તે રાજ કેદિ઼ક ના રે કર્યું તો
ચીયો ગીગો રહી ગયો કુંવારો ?
કરહણિયા હું તો નથી લડવાનો.

કરહણિયો કહે છે:–

મ્હોટા મ્હોટા મહાત્મા ને મ્હોટા પુરસ,
જીણે વાસનામાં મેલ્યો પૂળો,
અરજાણિયા વાસનામાં મેલ્યો પૂળો,
અલ્યા એવાયે જગત હાટુ કરમ ઢહઈડ,

પછી તું તે ચેઈ વાડીનો મૂળો.
અરજણિયા, મેલને મૂરખાવેડા.
ઊંધું ઘાલીને જા કરમ ઢૈડયને,
ફળની કર્યમાં ફકર,
અરજણિયા ફળની કર્યમાં ફકર,
ફળનો દેનારો ઓલ્યો બેઠો પરભુડિયો,
તે નથી તારા બાપનો નોકર.
અરજણિયા મેલને મુરખાવેડા.

ગ્રામ્ય માનસમાં ઊતરેલું તત્ત્વજ્ઞાન ગ્રામ્ય ભાષામાં આથી વધારે સારી રીતે ઊતરી શકે એમ નથી. એ ગીતાની મશ્કરી નથીજ. કેટલી અસરકારક રીતે પ્રજાજીવનનાં કેટલાં નીચા થર સુધી ગીતા પહોંચી શકે એનું ગ્રામ્ય ગીતા એક સરસ દૃષ્ટાંત છે. ભોજો, ધીરો, અખો કે નરભો એ સઘળા કવિઓ મહાતત્ત્વજ્ઞાની હતા. તેમણે ગ્રામજનતાને તત્ત્વજ્ઞાન આ જ ઢબે આપ્યું છે. ગીતાજ્ઞાન આપણા ગ્રામ જીવનને પણ વારસામાં મળેલ છે.

આમ ધર્માચાર્યોથી માંડીને ગ્રામજનતા સુધી, અર્જુનથી માંડીને આજના ગાંધી સુધી, મહાપંડિતોથી માંડીને સામાન્યતામાં વિસરાઈ ગયેલા સામાન્ય માનવી સુધી, તપસ્વી ઋષિઓથી માંડીને આજના તેજસ્વી ક્રાંતિકારી સુધી, દેશીઓથી માડી દૂરના પરદેશીઓ સુધી ગીતા પહોંચી ગયેલી છે. આર્ય સંસ્કૃતિને રૂંવે રૂંવે ગીતાનો સંચાર છે. આર્ય સંસ્કારની પોષક માતા ગીતા છે.

[૪]

ગીતા એવું શું કહે છે કે જેથી એ આર્યસંસ્કૃતિની ધાત્રી બની રહી છે? ગીતામાં એવું શું છે કે એનું ગૌરવ પાંચહજાર વર્ષથી અવિચળ રહેલું છે? સંસ્કારની ઊંચી નીચી સર્વ કક્ષાઓને અનુકૂળ પડે અને સર્વને પ્રગતિનો પંથ બતાવે એવું કયું તત્ત્વ ગીતામાં રહેલું છે?

નાસ્તિકતા પણ ઘણી વખત શોખ–ફેશન થઈ પડે છે. એવા

એક વાતાવરણમાં ગીતા વિરુદ્ધની દલીલો મેં ખૂબ વાંચી અને વિચારી.

એક ઐતિહાસિક દલીલ એ છે કે, ગીતા મહાભારતનો મૂળ વિભાગ નથી. એ મહાભારતમાં પાછળથી દાખલ થઇ છે. બન્ને સૈન્યો સામ સામે યુદ્ધ માટે ઊભાં હોય તે સમયે આટલા લાંબા પ્રશ્નોત્તરને માટે અનુકૂળતા હોય ખરી? એવી તત્ત્વચર્ચા માટે સમય મળે ખરો?

એ દલીલને આપણે બાજુએ મૂકીશું. શેક્સપિયરનાં નાટકોમાં હેનરી, સીઝર, બ્રુટસ કે એન્ટનીનાં ભાષણોની લંબાઈ આપણને સાલતી નથી. એ સર્વની વક્તૃત્વ કલાનાં આપણે વખાણ કરીએ છીએ, અને આ શબ્દો નહિ તો આવા ભાવાર્થભર્યા શબ્દોનું ઉચ્ચારણ તેમણે કર્યું હતું એમ માની આપણે એની અનૈતિહાસિકતા ઉપર નજર પણ નાખતા નથી. આખું મહાભારત વ્યાસે લખાવ્યું અને ગણેશે લખ્યું એ આપણી કથા. ગીતા એનો એક વિભાગ. કૃષ્ણે અર્જુનને બોધ કર્યો તે અનુષ્ટુપ કે ઉપજાતિ છંદમાં કર્યો, એમ પ્રશ્ન પણ શા માટે ઉપસ્થિત થાય એ હવે સમજાતું નથી. ગીતાનો પાઠ કરનાર તો નિત્ય સંભારી જાય છે કે:

**पाराशर्यवचः सरोजममलं गीतार्थगंधोत्कटं**

ગીતાના અર્થમાં રહેલી ઉત્કટ સુવાસ પ્રસારનારું મહાભારતરૂપી કમલ મહર્ષિ વ્યાસના નિર્મળ વાણીસરોવરનું એક પુષ્પ છે. એનો સ્વીકાર થઈ ચૂકેલો છે. એટલે કૃષ્ણે કરેલો બોધ અતિ લાંબો, અસંગત છે એમ કહેવું એ ઇતિહાસને જાણી જોઈને ન ઓળખવા સરખું છે.

અને આજના મહાયુદ્ધને પ્રસંગે પ્રગટ થતાં મંત્રણા પત્રો white Papers ની લંબાઈ, વાક્જાળ અને પોતાનો દોષ ઢાંકી પારકાને દૂષિત દેખાડવાના લેખનછળને વાંચનાર વીસમી સદીની શિક્ષિત પ્રજા ગીતાની લંબાઈ ને જરાપણ દોષ દેઇ શકે એમ નથી. અનેક ગીતાઓ રચાય એટલી ભાષા સરકારી પત્રોમાં આજ વપરાય છે. જગતનું સદ્ભાગ્ય છે કે એ પત્રોમાં ગીતા નથી!

ગીતા શું કહે છે, એ તો પોતપોતાની પાત્રતા પ્રમાણે સમજાય એમ છે. એની વિચારમાલા કૃષ્ણની વૈજયંતિ સરખી વિશાળ,

વૈવિધ્યભરી અને સૌરભસ્ફુરિત છે. એમાં જીવન, મરણ અને મરણોત્તર સ્થિતિ વિષે વિચાર કરવામાં આવ્યો છે; મનુષ્ય મનુષ્ય વચ્ચેના સંબંધ અને મનુષ્ય તથા પ્રકૃતિ વચ્ચેના સંબંધનો સ્ફોટ કરવામાં આવ્યો છે. સમાજની વિચિત્ર ઘટના, એને પરિણામે ઉપજતાં સુખ અને દુઃખ, તથા સુખ અને દુઃખથી પર રહી બન્નેને એક જ ઢાલની બે બાજુ તરીકે ઓળખાવવાની દૃષ્ટિ સંબંધી વિવેચનાઓ કરવામાં આવી છે. વ્યવહારને અને અધ્યાત્મને પરસ્પર ઘટાવવાના માર્ગ એમાં સૂચવાય છે. કર્મની અનિવાર્યતા તેમજ એ કર્મનાં ફળથી અલિપ્ત રહેવાનાં સાધનો પણ ગીતામાં દર્શાવાયાં છે. બાહ્ય અને આંતર ઉપાધિ–વાતાવરણ–મનુષ્યને ઘડે છે એનો અંશતઃ સ્વીકાર તો એમાં છે જ. પરંતુ વાતાવરણ ઉપર સ્વામીત્વ મેળવી વાતાવરણ બદલી નવીન માનવતા ઘડવાની પ્રેરણા ગીતામાંથી મળી રહે છે. પરિસ્થિતિને વશ તો સહુ થાય. પરિસ્થિતિ ઘડે એમ સહુ ઘડાય. પરંતુ માનવીની વિશિષ્ટતા એ પરિસ્થિતિ બદલવાની ઇચ્છા તથા શક્તિમાં રહેલી છે, અને એ પરિસ્થિતિ સામે ઝુઝવામાં જ માનવ ઉત્ક્રાન્તિ ફલિત થાય છે એવો રસભર્યો બોધ ગીતાના શ્લોકે શ્લોકે ભર્યો છે. પરિણામ દર્શી ગણતરી માનવીએ ઈશ્વરી શક્તિને સોંપી કાર્યમાં જ રત રહેવાનું છે, અને નિષ્ફળતાની જેમ સફળતા માટે પણ પોતાને એ શક્તિના જ માત્ર વાહક કે વિધેય તરીકે ગણી ચાલવાનું છે. એ ઈશ્વરી શક્તિ શું છે એનો પરચો પણ ગીતામાં થયેલો છે. એ ઈશ્વરી શક્તિ

द्यावा पृथिव्योरिदमंतरं हि
व्याप्तं त्वयैकेन दिशश्च सर्वा : (११–२०)

ના ઉદ્ગારથી ઓળખાય છે. એ ઉગ્ર બનતાં પોકારી ઉઠે છે;

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्त : ( ११–३२ )

આમ મૃત્યુની ઉગ્રતા અને સંહારના પ્રચંડ ઝંઝાવાત ગીતામાં

ઈશ્વર સ્વરૂપ જ બની જાય છે, સમગ્ર જગતની વિભૂતિઓ એના અંશરૂપ છે. વિભૂતિ એટલે? ઐશ્વર્યભર્યું, શોભાભર્યું અને પ્રભાવશાળી સત્ત્વ એથી પણ આગળ વધીએ તો —

**विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्!( १०–४२ )**

પરંતુ પ્રત્યેક માનવીને માટે આશા ઉપજાવતો એક મહાબોધ ગાઈ ગીતાએ મનુષ્યને ઈશ્વર સાથે એક બનાવી તેની અનંત ઉત્ક્રાન્તિના માર્ગ ખુલ્લા કરી આપ્યા છે :

**इश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति. (१८–६१ )**

અને એ ઈશ્વરની ઉપલબ્ધિનું સ્વરૂપ?

**आश्चर्यं वत्पश्यति कश्चिदेनम्**
**आश्चर्यद्वदति तथैव चान्य :**
**आश्चर्यवचेनमन्यशृणोति,**
**श्रुत्वाऽप्येनं वेदन चैव कश्चित् ( १–२९ )**

ક્ષણેક્ષણે સાંભળ્યા છતાં ઈશ્વરને ન ઓળખનાર, પળેપળે જોયા છતાં ઈશ્વરને ન પીછાનનાર આપણા સર્વને માટે ચોખ્ખો માર્ગ દર્શાવ્યો છે :

**तमेव शरणं गच्छ सर्वभावेन भारत।( १८–६२ )**

અગર

**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु (१८–६५)**

અથવા

**तस्माद् योगी भवार्जुन ( ६–४६ )**

આ બધું આપણને કપરું લાગે છે? સારી વસ્તુઓ, સારા વિચારો અને સત્કાર્યો જેટલાં સરળ અને સહેલાં છે એટલું બીજું કશું જ સહેલું નથી. છતાં એ ન બની શકે એમ માની આપણે

આપણી પ્રગતિમાં મંદતા દાખલ કરીએ છીએ. ગીતાએ એ મંદતા ટાળવા બહુ સરળ રસ્તો બતાવ્યો છે:

**पत्रं पुष्पं फलं तोयं ( ९–२६ )**

ગીતા આમ માનસશાસ્ત્રનો મહાગ્રંથ બની જાય છે. એમાં કાયરતાને સ્થાન નથી; એ વીરોચિત બોધ છે, કાયરને વીર બનાવતો બોધ છે. એની દૃષ્ટિએ માનવતા એ વ્યક્તિગત પ્રયત્ન અને વિકાસ ઉપર આધાર રાખી રહેલો સામાજિક ધર્મ છે. એ આચારમાં મૂકવાનો ધર્મ છે. ગીતાબોધિત આચારમાં ભ્રષ્ટતા પ્રવેશી અને આપણે પરાધીન બન્યા. આપણી રાજકીય પરાધીનતા આપણી વ્યક્તિગત, આપણી આંતરિક કાયરતાનું જ પરિણામ છે. ગીતા એ વ્યક્તિગત, રાષ્ટ્રીય અને જગતભરની મુક્તિનો માર્ગ દર્શાવે છે. એનો સહુથી પહેલો બોધ

**अभयं सत्वसंशुद्धि ( १६–१ )**

આપણામાં અભય છે ? હોય તો આપણે બેડીજડયા ન જ હોઈએ.

આમ ગીતાનું વાચન અને મનન અનેક પ્રકારની વિચારસરણીઓ પ્રેરવાની શક્તિ ધરાવે છે. એમાં કોઈ વિદ્વાનો આધ્યાત્મિક ઘર્ષણ જુએ છે. મહાભારત એ નિત્ય યુદ્ધ છે, દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચેનો એ સનાતન વિરોધ છે. એમ પણ કહેવામાં આવે છે કે કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણે માર્ગનો એમાં સમન્વય થયેલો પણ પૂરવાર કરવામાં આવે છે. કર્મકાણ્ડની જડતા ઉપર ખરે ગીતામાં વારંવાર ઠોક પાડવામાં આવ્યા છે, અને કર્મના બાહ્ય સ્વરૂપે પ્રગટ થતા યજ્ઞ ઉપર બહુ જ સૂક્ષ્મતાભરી સમાલોચના તેમાં છે:

**यज्ञशिष्टा शिन : संतो मुच्यंते सर्वकिल्बिषैः ( ३–१३ )**

યજ્ઞનું બચેલું જ જમવાનો આપણને અધિકાર સમજાવી યજ્ઞમાં રહેલી સ્વાર્થની આહુતિ આપણા સમક્ષ પ્રત્યક્ષ કરી છે. અને

**क्रिया विशेषबहुलां ( २–४५ )**

પ્રત્યે ચોખ્ખો અણગમો દર્શાવ્યો છે. જડ ઉપાસના, વેવલાશ-ભરી ભક્તિને નામે સેવાતી હઠ અને સંકોચ ગીતાને ગ્રાહ્ય નથી. જ્ઞાન પણ શબ્દજ્ઞાન કે શઠજ્ઞાન બની જાય છે, એ વિષે ગીતા આપણને સાવચેત કરે છે :

**यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चित**
**वेदवादहताः पार्थ नान्यदस्तीतिवादिनः (२–४२)**

માં વર્ણવાયલા જ્ઞાનીઓ માટે એકાગ્રતા નથી જ, એમ ચોખ્ખું ગીતા જાહેર કરે છે.

વળી વેદાંત, યોગ, સાંખ્ય, ન્યાય અને વૈશષિક જેવાં આપણાં દર્શનોમાં વર્ણવાયલાં પુરુષ પ્રકૃતિનાં કાર્ય-અકાર્યની ખેંચાખેંચી માંથી સમન્વય સાધવાનો ગીતાનો પ્રયત્ન છે, એમ પણ આપણે જોઈ શકીએ છીએ.અતિ આગ્રહી અને તીવ્ર બુદ્ધિગ્રાહ્ય આપણાં દર્શનો ભ્રમ ઉપજાવી ઇશ્વર અને પ્રકૃતિ સંબંધી નિષ્ફળ વાદવિવાદ ઉત્પન્ન કરી આપણને નિષ્ક્રિય કે વિક્રીય બનાવે એ સંભવિત છે. એ સર્વના સમન્વયમાં જ સત્ય સમાયલું છે. ગીતા એ સમન્વય કરી આપણા જ્ઞાનભ્રમણને સ્થિરતા આપતી હોય તો તે પણ યોગ્ય જ છે.

આર્યાવર્તે ઉપજાવેલી ધર્મ ભાવનાની પાંચ શાખાઓ : શૈવ, ભાગવત, બૌદ્ધ, જૈન અને તંત્ર–જેમાંથી આપણે શાક્ત મતને પણ પ્રગટતો જોઈએ છીએ. ઈશ્વરના કર્તૃત્વનું સ્વરૂપ એ શાખાઓની વિભિન્નતાનું લક્ષણ. સંભવિત છે કે એ સર્વ માર્ગોનું દોહન કરી સર્વાનુકૂલ બનવાની વૃત્તિમાંથી ગીતાનો જન્મ થયો હોય. ગીતાની અધ્યાય ઈતિ પણ ગીતાને ભગવદ્ગીતા કહે છે; ઉપનિષદ્, બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રના સ્વરૂપે તેને ઓળખાવે છે. આમ ભક્તિ-માર્ગીય ભાગવત પંથ, બ્રહ્મવિદ્યા અને ઉપનિષદ સૂચિત વેદાંત–શૈવ, સંપ્રદાય અને યોગનો સ્વીકાર કરી ચુકેલા બૌદ્ધ અને જૈન પંથો પણ અહીં વિચારાયા હોય તો તે અસંભવિત નથી. તંત્રનું સૂચન કરતો રાજવિદ્યા–રાજગુહ્ય યોગ પણ એમાં જોનારને જડી આવશે.

વર્તમાન યુગના નેતાઓએ પોતાની ઢબે ગીતાને અપનાવી

લીધી છે–કહો કે ગીતાએ વર્તમાન નેતાઓને પણ અપનાવ્યા છે. એ ગીતામાંથી આપણે આપણી માનવતા–ખોવાયલી માનવતા શોધીએ. ગીતા એ માનવતાની મહાખાણ છે, માનવતાનો એ અખૂટ ખજાનો છે. વાપરતાં વધે એવો એ આપણો જ્ઞાનભંડાર છે.

એ ગીતા ગંગાને જગત ઉપર પ્રવાહિત રાખવાના પ્રયત્નોનો ઇતિહાસ પણ બહુ શિક્ષણીય છે. : કૃષ્ણે ગુજરાતને પોતાનો જ દેશ બનાવ્યો હતો, એ ભૂલવા સરખું નથી. ગીતાના ઉદ્બોધન વખતે કૃષ્ણ ગુજરાતી બન્યા હતા, કૃષ્ણનો એ જગતશોભન સંદેશ પાછો ગુજરાતને કહોકે હિંદને ઘેર ઘેર પહોંચાડવાના, આર્યોના, પંડિતોના, ભક્તોના, કથાકારોના, વક્તાઓના, સાહિત્યકારોના પ્રયત્નો લોકસંગ્રહનો એક સરસ નમૂનો પૂરો પાડે છે. ગીતા વિષે કાંઇ પણ કહેવાથી પાત્રતા કોની એનો વિચાર કરતાં,

**आत्मसंभाविता स्तब्धा धनमानमदान्विता: ।**
**यजंते नाम यज्ञेस्ते दंमेना विधिपूर्वकम् (१६–१६)**

એ ગીતાવાકય પણ યાદ આવે છે. આપણે આ માપથી આપણને માપવાની શક્તિ કયારે મેળવીશું ? નૂતન યુગે જૂના યુગ પાસેથી ઘણું ઘણું શીખવાનું છે. આપણી કથા પદ્ધતિની અસર પણ નવીન યુગના વક્તાઓએ શીખવા-સમજવા જેવી છે. શ્રોતાઓ અને વકતાઓ વચ્ચે એકતા જામે નહિ ત્યાં સુધી વકતૃત્વ નિષ્ફળ જ નીવડે. વિદ્વાન, અવિદ્વાન, સ્ત્રી અને પુરુષ સર્વના મનને ખેંચી રાખતી કથાકારોની વાણી અસરકારક, આકર્ષક, હૃદયંગમ, ગુમાનરહિત અને તેજસભરી હોય છે.

ગીતાને ચિત્ર સ્વરૂપઆપવાનો અતિ રળિયામણો પ્રયોગ પણ કદી કદી થાય છે. ચિત્ર પણ આપણી કલાભાષા છે. શ્રીમદ્ભગવદ્ ગીતાના શ્લોકોને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રયત્ન આજનો નથી.

**सरसामस्मि सागर:**

એ ભાવને સૂચવતું એક ન્હાનું પણ ભવ્ય પ્રાચીન ચિત્ર ગુજરાતના સુપ્રસિદ્ધ અભ્યાસી શ્રી. મંજુલાલ મજમુદારે મને બતાવેલું હજી

આંખ આગળ રમ્યા કરે છે. કથાનકો પણ પીંછી, રંગ અને રેખાને અનુકૂળ બની રહે છે. અને ગીતાપ્રચારમાં બહુ ઉપયોગી ફાળો આપે છે. વાણીથી અને ચિત્રથી ગીતાભાવનાને દઢીભૂત કરનાર ગ્રંથો ગીતાની લોકપ્રિયતા ઝડપથી બતાવી શકશે.

અંતે એક જ વાત કહેવાની હોય. ગીતા માત્ર વાંચવા માટે નથી—એ જીવવા માટે છે. એ આચારમાં મૂકવાની કલા છે, એ હું કહું એના કરતાં એ ગીતા પોતે જ વધારે સારી રીતે કહી શકશે.

ભગવતી ગીતા આર્ય સંસ્કારનું સંરક્ષણ કરો ! એટલું જ નહીં, એ આર્ય સંસ્કારમાં રહેલી વિશિષ્ટતા જગતભરમાં ફેલાઈ માનવજાતની ઉન્નતિ કરો ! અહિંસા, કર્મફળત્યાગ, અપરિગ્રહ, અનપેક્ષા એ સર્વ ગીતાએ સંબોધન કરેલા ગુણો દક્ષતા અને कर्मसु कौशलं માં પરિણામ ન પામે ત્યાં સુધી જીવન માત્ર સંગ્રામ અને સંહાર બની રહે છે. સંગ્રામ અને સંહારની પાછળ રહેલું મહાજીવન અને નવજીવન નિહાળવામાં પશ્ચિમનું કર્મ કૌશલ્ય અને પૂર્વનો કર્મફલત્યાગ એ બન્નેનું સંમિશ્રણ જરૂરી છે. પૂર્વે કર્મકૌશલ્ય ત્યાગ્યું એટલે તેને પરાધીનતા મળી. પશ્ચિમે કર્મફલની ભારે લોલુપતા રાખી. એટલે શસ્ત્રવિજ્ઞાન એ કર્મનાં ફલ તેને અણધાર્યાં આપે છે, અને સંહારશક્તિની પરાકાષ્ટા એ દક્ષતાને લઈ જાય છે. ગીતા બન્નેનો સમન્વય માગે છે. દક્ષતા ઉપર, કર્મકૌશલ્ય ઉપર ગીતા ખૂબ ભાર મૂકે છે. આર્ય સંસ્કૃતિ એ દક્ષતાને,—કર્મકૌશલ્યને વિસારે નાખી મ્લાન બની ગઈ છે. દક્ષતા વગરનાં કર્મનું ફલ પણ શું હોય? એનો ત્યાગ કરવાપણું પણ ક્યાંથી ઊભું થાય ?

એટલે આપણી કોઈની પણ પરાધીનતા હોય, અશક્તિ હોય ત્યાં સુધી આપણે ગીતા વાંચી ન કહેવાય. જગતમાં યુદ્ધ હોય ત્યાં સુધી ગીતા આચારમાં મૂકી ન કહેવાય. એ આચારમાં મૂકવાનો આપણો પ્રથમ ધર્મ આર્ય સંસ્કૃતિ હિંદમર્યાદિત નથી. આપણો ઈશ્વર તો કહે છે કે:

**सर्वस्य चाहं हृदि सन्निविष्टो. (૧૫–૧૫)**

હૃદય હૃદયમાં રહેલા ઈશ્વરને આપણે જોઈએ અને ઓળખીએ ! એમાંજ ગીતાનું ગૌરવ છે.

## વલ્લભ સંપ્રદાયની અસર—
## સાહિત્ય અને જીવન ઉપર.

૧ વલ્લભાચાર્યનો જન્મ ઈ. સ. ૧૪૭૯ માં. બાવન વર્ષનું તેમનું આયુષ્ય. ઈ. સ. ૧૫૩૧ માં અવસાન. પંદરમી સદીનો અંત ભાગ અને સોળમી સદીના પ્રથમ ભાગમાં તેમની કારકિર્દી.

૨ ભક્તિમાર્ગની વ્યાપકતા ૧૧ મી સદીથી એટલે રામાનુજાચાર્યથી શરૂ થઈ, એમ ઐતિહાસિક દૃષ્ટિએ કહી શકીએ. જો કે એ માર્ગ ઘણો પ્રાચીન છે અને એના તંતુ વેદકાલ સુધી પહોંચે છે. હિન્દુ ધર્મને લોકપ્રિય, લોકભોગ્ય બનાવવામાં ભક્તિમાર્ગનો મહત્વનો ભાગ છે. આક્રમણકારી ઈસ્લામ સામે હિન્દુ ધર્મની ઊર્મિઢાલ તરીકે ભક્તિમાર્ગને મૂકી શકાય. ભક્તિમાર્ગ હિન્દુ–મુસ્લિમ સમન્વયમાં પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ, રામાનંદ, ચૈતન્ય, કબીર જેવા આચાર્યોમાં વલ્લભાચાર્યનું સ્થાન છે. ચૈતન્ય અને વલ્લભ લગભગ સમકાલીન. બંને સંપ્રદાયમાં રાધાકૃષ્ણની ભક્તિ ઉપર ભાર મુકાયો છે.

૩ ભક્તિસંપ્રદાયને – ખાસ કરીને કૃષ્ણભક્તિને – ભાગવતના દશમ અને એકાદશ સ્કંધમાંથી ખૂબ પ્રેરણા મળી. કદાચ વલ્લભાચાર્યે પોતાનો શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રચલિત રાધાકૃષ્ણના માન્ય થઈ ચૂકેલા ભક્તિમાર્ગ સાથે સંકલિત કરી લીધો હોય અને તેમ કરી પોતાના શુદ્ધાદ્વૈતવાદને તેમણે પુષ્ટિ આપી હોય.

૪ ગુજરાતના આદ્યકવિ ગણાતા નરસિંહ મહેતાનો જન્મ ૧૪૭૦ એટલે લગભગ વલ્લભાચાર્ય કરતાં નવ વર્ષ પહેલો મુકાય છે. ચૈતન્યનો જન્મ ઇ. સ. ૧૪૮૬ એટલે વલ્લભાચાર્ય પછી સાત વર્ષે આવે. એટલે ગુજરાતી સાહિત્યની શરૂઆત કરનાર નરસિંહ મહેતા ઉપર વલ્લભાચાર્યની અસર હોવા કરતાં ભાગવત અને પ્રચલિત રાધાકૃષ્ણ ભક્તિની અસર વધારે હોય એમ કહી એમ

કહી શકાય; જો કે એ ત્રણે ભક્તિમાર્ગના આચાર્યો અને ભક્તો લગભગ સમકાલીન હતા, સમપ્રવાહને ઝીલી રહ્યા હતા અને અરસપરસ આડકતરી અસર થઈ હોય એ સંભવિત છે. વલ્લભાચાર્ય કરતાં પણ તેમના પુત્ર વિઠ્ઠલનાથની અસર પુષ્ટિમાર્ગ ઉપર વધારે વેગવાન બની હોય એમ લાગે છે. પ્રચલિત ભક્તિમાર્ગને આમ સિદ્ધાંત અને પંથની મહત્તા મળતાં તે વ્યાપક બન્યો, અસરકારક બન્યો અને લોકજીવનના હૃદયપટ ઉપર ચિરંજીવ કોતરાઈ રહ્યો એમાં જરાય શક નથી. કૃષ્ણભક્તિને આમ સાહિત્યમાં લાવવાનું મોટા ભાગનું માન હિંદી અને ગુજરાતી ભાષામાં વલ્લભ સંપ્રદાયને મળે છે.

૫ ભક્તિમાર્ગ એટલે ઊર્મિપ્રધાન માર્ગ. સાહિત્ય પણ મોટે ભાગે ઊર્મિ ઉપર રચાય છે અને કાવ્ય સાહિત્ય તો ખાસ કરીને. એટલે કૃષ્ણભક્તિ, કૃષ્ણચરિત્ર, અને કૃષ્ણકથાના આડ પ્રસંગો પણ સાહિત્યમાં પ્રવેશ પામ્યા. એમાંનો મોટો ભાગ વલ્લભ સંપ્રદાયની અસર નીચે ખીલ્યો કહી એમ શકાય.

૬ વલ્લભ સંપ્રદાય એ સામુદાયિક ઉત્સવ અને મૂર્તિપૂજા ઉપર ખૂબ ભાર મૂકતો સંપ્રદાય હોવાથી તે જનપ્રિય અને તેથી સાહિત્યપ્રિય પણ થઈ પડયો. કૃષ્ણરાધા, કૃષ્ણગોપી, બાલકૃષ્ણ અને યશોદા એ શૃંગાર અને વાત્સલ્યનાં પ્રતીક બની ગયાં અને એ પ્રતીકદ્વારા કવિઓની રસિકતાએ પોતાના ભાવદર્શનનો બહુ જ મોકળો માર્ગ મેળવ્યો. રત્નો, રાજે, પ્રેમાનંદ અને દયારામ જેવા લલિત અને મહાનકવિઓ મોટે અંશે વલ્લભ સંપ્રદાયનાં ફળ કહી શકાય; દયારામ તો ખાસ કરીને.—જો કે દયારામ પુષ્ટિમાર્ગીય ધર્મગુરુઓ પ્રત્યે ઠીક ઠીક કડક રહેતા છતાં.

૭ ગરબીઓ—ખાસ કરીને નવરાત્રિમાં ગવાતી ગરબીઓ, તિથિ, માસ અને ઋતુનાં કાવ્યો, શૃંગારભરપૂર દાણીલીલા અને પનઘટની રમતો દર્શાવતાં પદ, ભક્તિની તીવ્રતા અને વિરહ તથા પશ્ચાત્તાપની સાચી લાગણી દર્શાવતાં કાવ્યોનો સમૂહ એ પણ આ સંપ્રદાયની જ અસર ગણી શકાય.

૮ વલ્લભી સંપ્રદાયે સંગીત ઉપર ખૂબ ભાર મૂકયો છે. એ સંગીત શાસ્ત્રીય અને અમિશ્રિત ધ્રુપદશૈલીનું છે. ગુજરાતી જુના સાહિત્યમાં સાચું સંગીત છે, સારી રાગદારી છે એ સત્ય ભુલાઈ જાય છે. પરંતુ આખ્યાનો, પદ અને ગરબીઓમાં રાગ સચવાઈ રહેલા છે એ સત્ય ભૂલવા જેવું નથી. સાચા સંગીતનો પરિચય ગુજરાતને આમ વલ્લભી સંપ્રદાય દ્વારા થયો છે–લગભગ આજ સુધી એ પરિચય રહ્યો છે, એમ કહીએ તો ચાલે. આપણી દેશીઓમાં રાગ ભણકાર બરાબર સંભળાય છે–જો કે ગાનારા કીર્તનકારો હવે લુપ્તપ્રાય બની ગયા છે.

૯ મધ્યકાલમાં કૃષ્ણભક્તિ લગભગ ઘેરઘેર પહોંચી ગઈ હતી. રાધાકૃષ્ણનાં મંદિરો ગામેગામ અને શેરીએ શેરીએ સ્થપાયાં હતાં. ઉત્સવો, શણગાર, ફૂલ હિંડોળા વગેરે કલાત્મક રચનાઓ લોકગમ્ય બની હતી. છપ્પનભોગે આપણા પાકશાસ્ત્રને પણ સારો વેગ આપ્યો એમ કહેવામાં વૈષ્ણવ ધર્મની નિંદા કરતાં તેની અસરનું જ આપણે બ્યાન કરીએ છીએ. ચિત્રમાં પણ રાધાકૃષ્ણ કે કૃષ્ણગોપીનાં દધિમંથન, વસ્ત્રહરણ, રાસ વગેરે સ્થાન પામ્યાં અને આ સઘળું દયારામ સુધીના સાહિત્યમાં ઊતરી આવ્યું. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાંથી કૃષ્ણ અને તેનાં આનુષંગિક પાત્રો ઉઠાવી લઈએ તો ભાગ્યે જ સાહિત્ય કહેવા જેવી વસ્તુ રહે. અલબત્ત, અખો, શામળ, ધીરો અને ભોજો એ કવિઓ વલ્લભ સંપ્રદાયની અસરથી ઓછે વધતે અંશે મુક્ત છે, એટલું ધ્યાનમાં રાખવું જોઈએ. અખાને તો વલ્લભી સંપ્રદાયનો અંશતઃ વિરોધી પણ કહી શકાય, જો કે શામળ છેક વલ્લભ સંપ્રદાયની અસરથી મુક્ત છે એમ કહી શકાય નહિ. પ્રાચીન કાવ્યમાળા, કાવ્ય દોહન અને એવા જ જુના કાવ્યોના સંગ્રહો વલ્લભ સંપ્રદાયની અસરના સાચા પુરાવા છે.

प्रकीर्ण

# શિક્ષકોનું માંગલ્ય

મુંબઈ ઇલાકાના પ્રાથમિક શિક્ષક સંઘના છઠ્ઠા અધિવેશનનું મંગધ પ્રવચન કરતાં મને આનંદ થાય છે. મંગલ પ્રવચનમાં સહુનું માંગલ્ય જ ઇચ્છવાનું હોય. આખી માનવજાત અત્યારે વિવિધ વર્તુલોમાં ઘૂમરીઓ ખાઇ રહી છે. માનસિક સંતાપોની પરાકાષ્ઠા અનુભવી રહી છે, અને સુખસાધનો વધ્યાં છે એમ કહેવા છતાં શરીરને ઘસી નાખતાં અનેકાનેક ઘર્ષણોમાંથી તે પસાર થઈ રહી છે. પ્રાંતિક રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને અખિલ ભૂમંડલમાં વ્યાપી રહેલી અશાંતિ કોઈક નવીન શાંતિરચના તરફ આખી માનવજાતને અને આપણા દેશને ખેંચી રહી છે, એવી શ્રદ્ધાની આછી લકીર અનુભવતાં હું સહુનું માંગલ્ય, સહુનું કલ્યાણ, સહુનું સુખ અને સહુની શાંતિ ઇચ્છું છું, અને એ ઇચ્છા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા હું વ્યક્ત કરું છું.

મોટે ભાગે મુલકી વહીવટ સાથે મારો આખો સેવાકાળ વ્યતીત થયો છે, છતાં શિક્ષણસંસ્થાઓનો પરિચય હું મેળવતો રહ્યો છું. શિક્ષકોની સાથે મેં મૈત્રી બાંધી છે. અને તેમાંયે ખાસ કરી પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકો સાથે હું બહુ નિકટના સંબંધમાં આવ્યો છું. મને માત્ર વડોદરા રાજ્યનો જ પરિચય છે, છતાં મને મળેલો અનુભવ સર્વનો અનુભવ હશે જ કે પ્રાથમિક કેળવણી આપતો શિક્ષક એક બહુ માનવંત, સંસ્કારપ્રેરક વર્ગ છે. આખી ગુજરાતી પ્રાચીન કાવ્યમાલાની ટીકા અને વિદ્વત્તાભરી પ્રસ્તાવનાઓ લખનાર છોટાલાલ નરભેરામ ભટ્ટ, કાવ્ય અને સંશોધનમાં રત રહેલા શ્રી. જગજીવનદાસ દયાળજી મોદી, ગ્રંથ–પ્રકાશનમાં ભાત પાડનાર શ્રી. જીવણલાલ અમરશી મહેતા, વર્તમાન કાવ્યસાહિત્યમાં અનોખું સ્થાન મેળવનાર બોટાદકર, કવિ બનતાં અટકી ગએલા દેવચંદ રામજી, તેમ જ માન્ય કવિ બની ચૂકેલા ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ સરખાં

માનવંત નામ મને પ્રાથમિક શિક્ષકોનાં યાદ આવે છે, જેમને અત્યંત નવા યુગે પણ સલામ ભરવી પડશે અને આવા સંસ્કારકેન્દ્રો સરખા અનેક પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકો ગામડે ગામડે અને શહેરમાં વેરાયલા હશે, જેમની અસર બ્યુગલ, શંખનાદ કે તાળીઓના ગડગડાટ વગર જ અત્યંત સૌમ્ય ઢબે, છતાં અત્યંત સફળતાપૂર્વક ગુજરાતને, મુંબઈ ઇલાકાને ઘડી રહી હોવી જોઈએ

પ્રાથમિક શિક્ષણની કેળવણીના શિક્ષકોની અસર જરાય પણ અવગણી શકાય એમ નથી.

ચારે પાસ યુનિવર્સિટીઓનાં ખોખાં ઊભાં થઈ જાય છે, અને હિંદને ન શોભે એવા ભારે પગારદાર પ્રોફેસરો અને વહીવટી અમલદારોની યોજનાઓની ખેંચાખેંચી અને સરસ્વતીને ન શોભે એવાં ખટપટવર્તુલો ચક્રાવા લીધે જાય છે. માધ્યમિક શિક્ષણ માટે પણ યોજનાઓ, કમિટીઓ, કમિશનો, બોર્ડ અને શિક્ષણના પ્રકારની ચૂંથાચૂંથ થઈ રહી છે. કેળવણી સમગ્ર આવશ્યક છે, પવિત્ર છે, માણસની માણસાઈને ઓપ આપે છે. ઉચ્ચ કેળવણી અને માધ્યમિક કેળવણી, ધંધાદારી શિક્ષણ કે વિજ્ઞાનશિક્ષણ જરૂરી છે, આવકારદાયક છે, ઉપયોગી છે. સાથે સાથે ઉચ્ચ કેળવણીની અતિ પ્રતિષ્ઠા કરતી વખતે રખે ભૂલીએ કે પ્રાથમિક કેળવણી ઉચ્ચ કેળવણીનો પાયો હોવાથી ઉચ્ચ કેળવણી કરતાં પણ વધારે ધ્યાન આપવા યોગ્ય છે; માધ્યમિક કેળવણી જરૂરી છે એ વાત બહુ સાચી. પણ સાથે સાથે ક્ષણભર પણ આપણે ન ભૂલીએ કે માધ્યમિક અને ઉચ્ચ બન્ને કેળવણીની મજબૂતી તો પ્રાથમિક કેળવણી ઉપર જ રહેવાની છે. પાયો ડગમગતો હશે તો આખી મ્હેલાત ડગમગતી જ રહેવાની છે; કદાચ ડગમગતા પાયા ઉપર મહેલાત રચી શકાશે જ નહિ. મને ડર છે કે માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ રાજકર્તાઓનું, નેતાઓનું અને કેળવણીકારોનું જેટલું ધ્યાન ખેંચે છે તેના સોમા અંશનું ધ્યાન પ્રાથમિક કેળવણી ખેંચતી હોય તેમ લાગતું નથી. શિક્ષણ તરફ દુર્લક્ષ કરવું, પ્રાથમિક શિક્ષકો તરફ ઘૃણા સેવવી એના સરખું રાષ્ટ્રીય પાપ એકે નથી. પ્રાથમિક કેળવણીની સાચી કદર થશે,

પ્રાથમિક કેળવણીની સાચી કિંમત અંકાશે ત્યારે જ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના કંઈક કોયડાઓ આપોઆપ ઉકલી જશે, અને આપણા આખા રાજકીય કે સામાજિક જીવનને કલંકિત કરી રહેલી અનેક સમસ્યાઓનો આપોઆપ નિવેડો આવી જશે.

પ્રાથમિક શાળાના શિક્ષકો પ્રત્યે સમાજની કેવી ઘૃણાભરેલી દૃષ્ટિ છે તેનો મને જાત–અનુભવ છે. રાષ્ટ્રના બાલનાગરિકોનું ભાવિ જેમના હાથમાં સોંપીએ છીએ એ શિક્ષકોનો પગાર પટાવાળા કરતાં પણ ઓછો હોય; આજની દ્રવ્યલક્ષી જનતા શિક્ષકની કિંમત એના શિક્ષણથી નહિ પણ એના પગારથી જ આંકે અને પગાર તો પટાવાળા કે પાણી ભરનારની જ કક્ષાએ આવતો હોય, એટલે ફોજદાર, મામલતદાર કે શાળાધિકારીના રસોઈયા તરીકે શિક્ષકોનો ઉપયોગ કરવામાં આવે એમાં આશ્ચર્ય શું ?

ગામના સત્તાધારી પટેલ, તલાટી કે જમાદાર આગળ પ્રાથમિક શિક્ષકે નીચી કક્ષાએ જ બેસવાનું. બાળકોની શિસ્ત ઉપર રહેલી તેમની આછી પાતળી સત્તા પણ હવે ઝૂંટવી લેવાય છે. શિક્ષકના આત્મગૌરવનું આછું પણ રક્ષણ થાય એવી એની પાસે સત્તા નથી.

ઉપરીઓની ધમકી તો સતત ચાલુ જ હોય. ગામના નેતાઓ આવી પાછા તેમની ખબર લઈ નાખે. શિષ્યોની પરીક્ષા તો બાર મહિને લેવાય, પરંતુ શિક્ષકની પરીક્ષા તો જે આવે તે લે; પછી તે કેળવણી ખાતાનો અમલદાર હોય કે મુલકી ખાતાનો અમલદાર હોય. શિક્ષકો વહેલા આવ્યા કે મોડા આવ્યા, શિક્ષકો ટટ્ટાર બેઠા કે મેજ ઉપર હાથ ટેકવીને બેઠા, શિક્ષકો નકશાનો ઉપયોગ પૂરો કરે છે કે કેમ, કાળા પાટિયાને ધોળું બનાવી શકે છે કે નહિ, તેમણે પોતાની પાઠનોંધ કે પ્રયોગનોંધ રાખી છે કે કેમ વગેરે વગેરે અનેક ગૂંચવણ–ભરેલા એવા એવા પ્રશ્નો દ્વારા શિક્ષકની પરીક્ષા લેવામાં આવે છે કે જેવી પરીક્ષા કૉલેજના પ્રોફેસરની લેવામાં આવે તો તે જરૂર નાપાસ થાય. બહુ નવાઈ જેવું લાગશે છતાં એ સત્ય છે કે પ્રાથમિક કેળવણીના શિક્ષકોને શિક્ષણની લાયકાત આપવા માટે બબ્બે વર્ષ અને ત્રણ ત્રણ વર્ષના વિશિષ્ટ અભ્યાસો કરાવવામાં આવે છે, જ્યારે ઉચ્ચ

કેળવણીની વિદ્યાપીઠોમાં શિક્ષણ આપનાર પ્રોફેસર સીધો જ યુનિવર્સિટીની પરીક્ષાઓ આપી શિક્ષકને સ્થાને બિરાજી જાય છે. પ્રોફેસરોની નિયમિતતા, તેમની શિક્ષણશક્તિ, તેમનાં ચારિત્ર્ય અને તેમના સંસ્કાર સંબંધી વાત જેટલી ઓછી કરીએ એટલું વધારે સારું. વધારેમાં વધારે પગાર લઈ ઓછામાં ઓછું કામ આપતો અને ઓછામાં ઓછી પરિણામ – જવાબદારી માથે લેતો કોઈપણ વર્ગ હોય તો તે કોલેજનો પ્રોફેસર વર્ગ છે; એ મેં આજ નહિ પણ ઘણીયે વાર કહ્યું છે. અને પ્રોફેસર તથા પ્રાથમિક શિક્ષણના પગારની સરખામણી કોઈએ કરી છે ખરી.

દુનિયાના પ્રગતિશીલ દેશોની માફક હિંદુસ્તાનને પણ એક આર્થિક રોગ લાગુ પડયો છે; જીવન–ધોરણ ઉચ્ચ કરો અને એને માટે તમારાથી માગી શકાય એટલો વધારે તમારા કામનો બદલો માગો! સેવાભાવના વડે મેળવેલા સ્વરાજ્યમાં આ મંત્રનો જાપ ચાલ્યા જ કરે છે. ભારતની સામાન્યતા અને ભારતનાં ઉચ્ચ શિખરો વચ્ચે કેટલો આર્થિક ભેદ રહેલો છે એનો ભાગ્યે જ કોઈ વિચાર કરે છે. વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓને લાખો અને કરોડો મેળવવાનો હક્ક હોય જ. વિલાયત કે અમેરિકા જઈ કહેવાતી ઉચ્ચ કેવળણી લઈ આવનાર હિંદવાસીનું જીવન–ધોરણ ઉચ્ચ હોવાથી અને એની અલભ્ય ડિગ્રીનો લાભ આપણા ગરીબ દેશવાસીને આપવાનો હોવાથી એને તો ભરપટ્ટે પગાર આપવો જ જોઈએ. યાંત્રિક અને તાંત્રિક શિક્ષણ વગર દેશનું દારિદ્રય ફીટવાનું નહિ; એટલે એનું શિક્ષણ પામેલા સહુ કોઈ વધારે મુસાહીરો માગે જ. અમલદારો વગર એકે વહીવટ–ચક્ર ચાલે જ નહિ એટલે એમને સંતુષ્ટ રાખવા જ જોઈએ. ન્યાયધીશો, ન્યાયને તોળનાર–ન્યાય અધિષ્ઠાતાઓને તો એટલો પગાર આપવો જોઈએ કે જે તેમને પ્રલોભનોથી પર રાખે! પ્રલોભનથી પર રાખે એટલું વેતન માગનાર, આપનાર અને તેની તરફેણ કરનારને એક જ સત્ય સંભળાવવાની મને ઈચ્છા થાય છે: ન્યાયાધીશોને અપાતો પગાર કોઈ પણ ગુન્હેગારને આપવામાં આવશે તે દિવસે એ માનવી જરૂર ગુન્હેગાર મટી જશે

માગે એટલા ભારે પગારે આપવા છતાં દુનિયાનું કે ભારતનું કેટલું દળદર ફીટયું એની તપાસ–કરવા પહેલા વર્ગમાં અને વિમાનોમાં ફરતા મહાબુદ્ધિશાળીઓ. જે પોતાની બુદ્ધિને સોનાચાંદીને માપે જ તોળતા હોય છે તેમનાં કમિશનો નીમવાની જરૂર નથી. જગતની સામાન્યતાને પૂછો કે મહા આર્થિક લાભ પામતી બુદ્ધિએ સામાન્ય જીવનને કેટલું ઊંચે ચઢાવ્યું ! જવાબ આપણી નજર સામે છે.

આમ દેશની સામાન્યતાને શોભે એવી સેવા કરવા કોઈ તૈયાર નથી. ગાંધીદીધા સ્વરાજ્યમાં સહુ બુદ્ધિ, શક્તિ અને કામનો બદલો માગે છે અને તે બદલો દેશનાં અર્થ ફેફસાંને બોજે એમ છે કે નહિ તેનો વિચાર કરવાની એ માગનારાઓને ગરજ પણ નથી. માગનાર અને મેળવનાર સહુને બે હજાર ત્રણ હજાર, ચાર હજાર અને પાંચ હજારનો માસિક દરમાયો પણ સેવાનો જ પ્રકાર લાગે છે. ભલે!

પરંતુ એ ખેંચાખેંચીમાં પ્રાથમિક કેળવણી અને એ કેળવણી આપનાર શિક્ષકને રખે કોઈ વિસરી જાય. ન્યાયાધીશને પોતાની કિંમત મેળવવી છે, અમલદારને પોતાની કિંમત મેળવવી છે, ડૉકટર અને ટેકનીશિયન પોતાને સોનેરૂપે તોળવા માગે છે. અરે! સ્વરાજ્યની લડતમાં અપાયેલા સાચા ખોટા ભોગની કિંમત પણ માગવામાં આવે છે અને આપવામાં પણ આવે છે. એ દુનિયામાં પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકોને પણ પોતાનું જીવનધોરણ ઉચ્ચ કરવાની આકાંક્ષા રહે એમાં નવાઈ કેમ પામવી જોઈએ એ હું સમજી શકતો નથી. જીવનધોરણના ઉચ્ચીકરણમાં બે ટંકનો પૌષ્ટિક ખોરાક, ચોખ્ખાં કપડાં, એક નાનકડું ઘર, બાળકોની કેળવણી માટેની આર્થિક સગવડ અને આર્થિક ચિંતામુકત વાર્ધકય એટલું આવતું હોય તો પ્રાથમિક નિયમન કરનાર સત્તા કે સંસ્થાએ જોવું જોઈએ કે પ્રાથમિક શિક્ષકોને આટલી પણ આર્થિક સગવડ મળે છે કે કેમ? પ્રાથમિક કેળવણી આપનાર શિક્ષકને બેસવા માટે કાર જોઈતી નથી, એનાં સંતાનોને વિલાયત–અમેરિકા મોકલી તેમની મોટાઈનો વીમો ઉતરાવવો નથી. પહેલા વર્ગમાં કે વિમાનમાં તેને મુસાફરી કરવી નથી, મહાબળેશ્વર, મસૂરી કે ઊટી–સીમાલાની હવા ખાવી નથી, બાગબગીચાવાળા

બંગલાઓમાં રહેવું નથી, રેડિયો – સિનેમાનો આનંદ મેળવવો નથી, માંદગી વખતે નર્સિંગ હોમમાં રહેવું નથી. એને એ બધાનું મન નહિ થતું હોય એમ કહેવું એ આજની દુનિયાને ન ઓળખવા સરખું છે. છતાં એ પોતાનું મન મારી શકે છે. પરંતુ એને માત્ર ચરિતાર્થ ચલાવવા જેટલું પણ મળવું જોઈએ કે નહિ એ પ્રશ્ન પ્રાથમિક કેળવણીના હિતેચ્છુઓએ વિચારવા સરખો છે.

પ્રાથમિક શિક્ષકને પટાવાળાનો પગાર આપીશું તો એની કેળવણી પણ પટાવાળાઓને જ ઉપજાવશે. એની પ્રતિષ્ટા રસોઈયાની આંકીશું તો આપણાં બાળકો પણ રેઢિયાળ રસોઈયા જ બની રહેશે. શિક્ષકની જરૂરિયાત – અત્યંત પ્રાથમિક જરૂરિયાત – પોષાય એટલી આર્થિક સગવડ આપીશું તો આપણાં બાળકો સંતોષી નાગરિક બનશે. શિક્ષકની પ્રતિષ્ઠા સાચવીશું તો આપણાં બાળકો જાતની અને દેશની પ્રતિષ્ઠા સાચવે એવાં સ્વમાની દેશસેવક બની રહેશે. શિક્ષકને ગુરુસ્થાને સ્થાપીશું તો આપણાં બાળકો જગત–ગુરુત્વ પ્રાપ્ત કરશે. ‘જેવો પ્રાથમિક શિક્ષક તેવી જ ભાવિ પ્રજા’ એ સત્ય જેટલું વહેલું સમજાયું એમ વધારે સારું. આજના કલંકિત કાળાં બજાર, આજના દંભ અને ઘમંડ, સેવાને ઓથે આજ ગોઠવાતી સ્વાર્થબાજી અને ગાંધીજીના નામને ભ્રષ્ટ કરતો સત્તાશોખ ભાવિ ઈતિહાસને પાને ફરી ન લખાય એમ કરવું હોય પ્રાથમિક શિક્ષકની જરૂરત પહેલી સાચવો, એને સાચા ગુરુસ્થાને બેસાડો અને એની પ્રતિષ્ઠાને આખા સમાજને પ્રતિષ્ઠા તરીકે સ્વીકારો. નવી પ્રજા આપણા કરતાં વધારે સારી સર્જાય એમ આપણે સૌ કોઈ ઈચ્છીએ. પણ એ ત્યારે જ બનશે કે જ્યારે આપણે શિક્ષકને ધક્કા ખાવા સર્જાયેલું પ્રાણી નહિ, પરંતુ નમન યોગ્ય ગુરુ ગણીશું ત્યારે.

સમાજ વ્યવસ્થામાં ઓછી પાતળી આર્થિક ઊંચાઈ કે નીચાઈ ચલાવી લેવા જેટલી માનવજાત ઉદાર છે, પરંતુ જે વ્યવસ્થા એક માનવીને મહેલ બંધાવી આપે અને બીજાને ઝૂંપડી પણ ન બાંધવા દે એ વ્યવસ્થા અવ્યવસ્થા છે. ભયંકર આર્થિક અણઆવડત છે, અસંતોષના જ્વાળામુખીને જીવંત રાખતી જામગ્રી છે. ઊંચા ગર્વિષ્ટ

અર્થમિનારાઓએ કાં તો ઝૂંપડીની સપાટીએ આવવું પડશે અગર ઝૂંપડીઓને એક બે માળ આપી ઊંચી લેવી પડશે. નહિ તો ઝૂંપડીમાં લાગેલો અગ્નિ મિનારાઓને પણ ભસ્મ કરી નાખશે. આજની દુનિયાનો મહારોગ આર્થિક અસમાનતાને નામે આપણે ઓળખી શકીએ. પ્રાથમિક શિક્ષકોને પોતાના અર્થથી સંતોષ સેવવાનો પોતાના કાર્યને સેવાભાવ તરીકે ગણવાનો, ગરીબીમાં રહેલી મહત્તાનો બોધ કરતી વખતે આપણે વિચારવું જોઈએ કે શિક્ષકો કરતાં બીજા સામાજિક ઘટકો એ બોધની વધારે પાત્રતા ધરાવે છે.

શિક્ષક સિવાયની દુનિયાને શિક્ષકની તરફેણમાં આટલું સંભળાવતી વખતે હું શિક્ષકોને પણ કેટલીક વાત સંભળાવી લઉં.

બાળક અને કિશોર અવસ્થા એ આખા યૌવનનો અને વાર્ધ્યક્યનો પાયો છે. એ અવસ્થાને ઘડતી કેળવણી આપવાનું કાર્ય બીજા કોઈપણ રચનાત્મક કાર્ય જેટલું મહત્ત્વનું છે. બાલમાનસ ઘડવું એ અત્યંત ગંભીર, નાજુક, જીવનપર્યંત અને તેથી યે આગળ સુધીની અસરો ઉપજાવનારું, અત્યંત કૌશલ્ય માગતું કાર્ય છે. શિક્ષકો એની ગંભીરતા, એની પવિત્રતા અને એનાં જોખમ સમજી વિચારીને એ ધંધામાં પ્રવેશ કરે! બીજા કોઈપણ કાર્યમાં હળવા હૃદયનો પ્રવેશ ચાલી શકે; પ્રાથમિક શિક્ષણમાં હળવી પ્રવૃત્તિ રાખે જરા ય ચાલે એમ નથી. રાષ્ટ્રઘડતરનું આદ્ય રચનાત્મક કાર્ય તે બાલકેળવણી–પ્રાથમિક કેળવણી. રાષ્ટ્રઘડતરનું એક પરમ મહત્ત્વનું તત્વ પ્રાથમિક શિક્ષકોને સોંપાયું છે એ વાત તેઓ કદી ન ભૂલે.

ઈસવીસનની સાતમી આઠમી સદી સુધી પરદેશી મુસાફરીએ ભારતવાસીઓને પ્રમાણપત્રો આપ્યાં છે કે ભારતની પ્રજા એટલે સત્યવાદી પ્રજા, આતિથ્ય સત્કાર પ્રવીણ પ્રજા, ધર્મનિષ્ઠ પ્રજા, જેમાં ચોરી, લૂંટ અને જૂઠ બિલકુલ નહીં. આજ પરદેશીઓ આપણને જૂઠા કહે તો આપણો પુણ્યપ્રકોપ સળગી ઊઠે એ સ્વાભાવિક છે. પરંતુ મને ભય છે કે બાર સદી પહેલાં પરદેશીઓએ આપણને આપેલાં પ્રમાણપત્ર આપણે ભાગ્યે જ આપણને પોતાને આપી શકીશું. ચોરી, લૂંટ અને જૂઠનાં પૂર મારી, તમારી અને સહુની આસપાસ

ઊભરાતાં રહે છે. બારમી સદીનાં આપણાં પાપ આપણા બે ત્રણ વર્ષના સ્વરાજ્યમાં એકદમ ફૂટી નીકળ્યાં છે અને જે લક્ષણોએ આપણને સદીઓજૂની ગુલામગીરી બક્ષી એ જ લક્ષણોના પૂર્ણ સ્વાંગ આપણે સજી રહ્યા છીએ. આપણને અડકેલી કાળાશ આપણે દૂર કરીશું કે કેમ એ પ્રશ્નને બાજુએ મૂકી આપણે એટલા જાગ્રત રહીશું કે જેથી આપણાં બાળકો, આપણી ઉછરતી પ્રજા, આપણા ભાવિ નાગરિકો વિધવિધ પ્રકારની કલામય ચોરી, લૂંટ, અને જૂઠમાંથી ઊગરી જાય. આ મહાકાર્ય માતાપિતા ન કરે તોય પ્રાથમિક શિક્ષકોએ કરવાનું છે. પ્રાથમિક શિક્ષકો પોતાની લડત અને આર્થિક ઉન્નતિની ચર્ચાઓમાં આ મહત્ત્વની વાત ન ભૂલે.

ચર્ચાઓ અને લડતનો પ્રશ્ન આવે છે ત્યારે મારું એક સ્પષ્ટ મંતવ્ય આપ સર્વ ગુરુજનો સમક્ષ રજૂ કરવું જોઈએ. હું મુક્ત ચર્ચાનો હિમાયતી છું. વાણીસ્વાતંત્ર્ય મારું, તમારું–સહુનું હોવું જ જોઈએ એવી મારી દૃઢ માન્યતા છે. સિદ્ધાંતને માટે લડત પણ લડી લેવી જોઈએ, એમાં જરાય શક નથી. ચર્ચાઓ ઉગ્ર પણ હોઈ શકે અને લડત સામા પક્ષને–જો સામો પક્ષ હોય તો–મૂંઝવનારી પણ હોઈ શકે. પરંતુ સતત શસ્ત્રયુદ્ધે ચઢવાની તૈયારીમાં પડેલી દુનિયાએ હવે એટલી તો અક્કલ વાપરી સમજવું જોઈએ કે વીસમીસદીનું એકે એક હિંસક યુદ્ધ નિષ્ફળ નીવડયું છે. એક પણ યુદ્ધે સામાન્ય જનતાની પરિસ્થિતિ સુધારી નથી, એક પણ યુદ્ધથી એકે પ્રશ્નનો સાચો નિકાલ આવ્યો હોય એમ સાબિત થઈ શકતું નથી. યુદ્ધ ત્યારે જ થાય કે જ્યારે માણસજાતે માણસાઈનું, અક્કલનું અને આવડતનું દેવાળું કાઢયું હોય.

આંતરરાષ્ટ્રીય લડતો માટેનું આ સત્ય આપણા પોતાના જ રાષ્ટ્રમાંના સર્વોપરી સત્ય તરીકે લેખાવું જોઈએ. માનવજાતના ઈતિહાસમાં પહેલું જ પરમ સત્ય ભારતે સાબિત કરી બતાવ્યું છે કે અહિંસક લડત સ્વરાજ્ય અપાવી શકી છે. એ અહિંસક લડતનાં સાધનો કયાં એ ગાંધીજીએ પોતાના શબ્દથી, વર્તનથી, જીવનથી, અને મૃત્યુથી સ્પષ્ટ કરી આપણી પાસે મૂકી દીધાં છે. પ્રાથમિક શિક્ષક સંઘે ચર્ચાઓ પણ કરવી પડશે, વિનંતીઓ અને માગણીઓ પણ કરવી

પડશે, કદાચ લડત પણ કરવાના પ્રસંગો તેને આવે એ સંભવિત છે. તેવે પ્રત્યેક પ્રસંગે શિક્ષકો ત્રણ સત્ય કદી ન ભૂલે:

(૧) શિક્ષકોનો સંઘ અહિંસક રીતે પ્રાપ્ત થયેલા સ્વરાજ્યનું એક પરમ મહત્ત્વનું તત્ત્વ છે – એની મહતા ભલે બીજા ઘટકોને ન લાગે. એ સ્વરાજ્ય જેટલું પ્રધાનોનું છે એટલું જ આપણું–શિક્ષકોનું છે. એને આપણું મટાડી શકાય જ નહિ.

(૨) ચર્ચા, માગણી કે લડતના પ્રસંગો શિક્ષકો તો ભાગ્યે જ ઊભા કરે; છતાં તેવા પ્રસંગો આવતાં એક સિદ્ધાન્તને તો તેઓ જરૂર વળગી જ રહે કે માણસની લડત, માનવતાની લડત, માનવતાના ગુરુઓની લડત શુદ્ધ અહિંસક જ હોય. ગાળ, વ્યક્તિગત આક્ષેપ, ભાંગફોડ, વિનાશ કે સંહારને ચર્ચા માગણી કે લડતમાં સ્થાન જ ન હોઈ શકે. માનવ લડત અહિંસક જ હોય.

(૩) લડતમાં પણ શિક્ષકો પોતાનું ગુરુસ્થાન, ફરજનું મેદાન, ધર્મમોરચો કદી ન છોડે. પ્રાથમિક શિક્ષકનું સ્થાન શાળા! એની ફરજ રમતમેદાનમાં! એના સાથી શિષ્યો! એમનો મોરચો કેળવણીના રક્ષણ માટે. અજ્ઞાન અને નિરક્ષરતાના નિવારણ અર્થે રચાયલો. જે ક્ષણે એ પોતાનું સ્થાન છોડે, મેદાન મૂકે, મોરચે પીઠ બતાવે ત્યારે જાણવું કે શિક્ષક શિક્ષક મટી ગયો છે.

મંગલ પ્રવચનમાં હું એક મહામાંગલ્ય શિક્ષકોના વાતાવરણમાં જોઈ રહ્યો છું. ચારે પાસ નિરાશા છવાઈ રહી છે તેમાં શિક્ષકો વગર કોણ પ્રકાશ આપશે? અને શિક્ષકોમાં પણ પાયાની કેળવણીમાં જાત હોમનાર પ્રાથમિક શિક્ષક જ વધારે શ્રેષ્ઠ. ભાવિ ઈતિહાસમાં–નહિ, આજના ચાલુ ઇતિહાસમાં એવું લખવાની તક શિક્ષકો ન આપે કે જ્યારે નવા સ્વરાજ્યમાં વ્યાપારી અને ઉદ્યોગપતિ નફા ઉપર આંખ માંડી કાળાં બજાર કરતો હતો, નેતા–ગાદીખુરશી ખોળતો હતો, અમલદાર પગાર વધારવાની તરકીબો શોધતો હતો, નિષ્ણાત

સોનેરૂપે પોતાને તોળવાની માગણી ખુલ્લે ખુલ્લી કરતો હતો ત્યારે એક નિર્માલ્ય મનાયલો પ્રાથમિક શિક્ષકોનો વર્ગ કોઈ ન ગણકારે છતાં કોઈ ન બિરદાવે છતાં, કટિબદ્ધ બની એવી કેળવણી ભાવિ પ્રજાને આપતો હતો કે જેના શિક્ષણને પ્રભાવે કાળાં બજાર બંધ પડી ગયાં, સત્તાલોભ ઘટી સાચો સેવાલોભ જાગ્રત થયો, ધન ધનિકની નાગચૂડમાંથી પ્રજાકીય પરબ બની ગયું, અને ભારતનો નાગરિક બારસો વર્ષ પહેલાંની સત્ય માટેની પ્રતિષ્ઠા પાછી પ્રાપ્ત કરી શકયા!

માનવી બનવા માટે સહુથી પ્રથમ ઘરમાંથી અને શાળામાંથી હિંસા દૂર થવી જોઈએ.

એ મંગલકાર્ય—પ્રજાઘડતરનું સચું કાર્ય પ્રાથમિક શિક્ષકો દ્વારા થાઓ અને એનાં પરિણામ આપણે સહુ નીરખવા ભાગ્યશાળી બનીએ. એટલું જ મંગલ પ્રવચન હોય.

# વાતચીતની કલા

વાતચીતની કલા! વાતચીતમાં કલા શી? એમાં તે કલા હોઈ શકે ખરી? બે માણસ, ચાર માણસ, છ માણસ ભેગાં બેસી કામકાજ અંગે અથવા નવરાશનો સમય વિતાવવા અરસપરસ બોલે તે વાતચીત! એમાં વળી કલા કેવી?

સ્વાભાવિક રીતે આવા પ્રશ્નો ઉપસ્થિત થાય–પ્રથમ દર્શને. પરંતુ માનવી માનવી હોય, માનવીએ માનવી રહેવું હોય તો વાતચીતને કલા તરીકે સ્વીકારવી પડશે. એટલું જ નહિ કલા તરીકે તેને સેવવી અને ખીલવવી પડશે. કારણ માનવી જેને સ્પર્શે એને કલા ન બનાવી દે તો એ માનવી રહેતો નથી. જે પ્રાપ્તિઓને માનવી કલા બનાવી શક્યો નથી એ પ્રાપ્તિઓ માનવીના હાથ અને હૃદય મેલાં જ રાખે છે.

વાણી એ માનવીની મોટામાં મોટી સંપ્રાપ્તિઓમાંની એક; માનવીના વ્યવહારનું વાણી એ મહામોટું સાધન. આપણે ઘર સારાં માગીએ, રસ્તા સારા માગીએ, સારી હોટેલો માગીએ, સારાં થિયેટરો માગીએ. પરંતુ એ બધાય કરતાં વધારે ઉપયોગી અને આપણા સર્વ વ્યવહારોમાં વધારે ઉપયોગી થઈ પડે એવી વાણી સારી હોવા માટે આપણો આગ્રહ બહુ ઓછો હોય છે.

સારું એટલે? સગવડભર્યું, આંખને ગમે એવું, હૃદયને પ્રિય લાગે એવું! સારું એટલે? કલામય વાતચીત એ મોટામાં મોટો વ્યાપાર–વ્યવહાર અને વાતચીતનું મુખ્ય સાધન તે વાણી. મૌનવાર પાળતા સાધુસંતો સિવાય માનવી જાગૃતાવસ્થાનો મોટો ભાગ વાતચીતમાં જ ગાળે છે. એકબીજાના સંસર્ગમાં આવવાનું, એક બીજાની નિકટતા સાધવાનું મુખ્ય વાહન વાતચીત. એ વ્યક્તિગત સંસિદ્ધિ છે. એના કરતાંય એ વધારે મોટી સામાજિક–સામુદાયિક સંસિદ્ધિ છે. માટે એ બળ છે, શક્તિ છે, મહાજવાબદારી છે. એ શક્તિ કલાની કિનારીથી ઓપશે નહિ તો એ બિહામણું, બેહૂદું,

અતંત્ર અને નિરુપયોગી તત્ત્વ બની રહેશે—ધ્વંસક, સંહારક પણ !

વાતચીત સંહારક બને ?

હા ! આવો, આપણે સાસુવહુની વાતચીત સાંભળીએ. પિતરાઈઓની વાતચીત સાંભળીએ, હરીફો વચ્ચેની વાતચીત સાંભળીએ, ઉપરી તાબેદાર વચ્ચેની વાતચીત સાંભળીએ, પ્રેમથી પાંચ વર્ષમાં પરવારી બેઠેલા પતિપત્નીની વાતચીત સાંભળીએ. ઝગડતા પાડોશીઓની વચ્ચે ચાલતી વાતચીત સાંભળીએ. ગાડીમાં ચડતા ઊતરતા મુસાફરોને સાંભળીએ, સ્ત્રીસૌન્દર્ય સામે જોઈ રહેલા બે કૉલેજિયનોની વાતચીત સાંભળીએ, રાજકીય હરીફોને સાંભળીએ તો આપણી ખાતરી થશે કે એટમબૉંબ માત્ર અમેરિકી કે રૂસી પ્રયોગશાળામાં જ ઉપજે છે એમ નહિ; એ ઘરમાં અને ઘર બહાર ગુજરાતમાં પણ રચાય છે. વાતચીતની સંહારક શક્તિ જોઈએ એટલા પ્રમાણમાં આપણને જડી આવશે.

આખા જીવનની વાત બાજુએ મૂકીએ. ચોવીસ કલાકના એક દિવસમાં પણ ઘણી વાર આપણને શું એમ નથી લાગી આવતું કે વાતચીત એક ભયંકર આફત બની આપણે માથે ઊતરી આવે છે !

વાતચીતમાં રોકાવા માટે આપણી પાસે અડધો જ કલાક હોય, અને કોઈ મિત્ર બે કલાક ચાલે એટલી વાતચીત ઝોળીમાં ભરી લઈ આવે ! મિત્રને માટે આપણને જરૂર માન હોય જ, લાગણી તો હોય જ હોય. સહાનુભૂતિ વગર મૈત્રી કે પરિચય સંભવી શકે જ નહિ. એના સુખમાં આપણે જરૂર આનંદિત બનીએ; એના દુઃખમાં આપણે જરૂર આંસુ પાડીએ; એની રમૂજમાં આપણે જરૂર ખડખડાટ હસીએ; આપણો એ ધર્મ છે. પરંતુ જાહેર કે ખાનગી રીતે આપણે આપણા માટે બાંધી દીધેલા અડધા કલાકની સમય–મર્યાદા વધારે લંબાઈ જતી વાતચીતને અતિ વિકૃત બનાવી દે છે. અડધા કલાક સુધી ચાલતું ખડખડાટ હાસ્ય અડધો કલાક વીતી જતાં જરા ખાલી પોલાણ સરખું કૃત્રિમ બનવા માંડે છે. કલાક વીતી જતાં એ સ્મિતમાં ઓસરી જાય છે, દોઢ કલાક પસાર થતાં એ સ્મિત ભવ્ય વ્યાયામપ્રયોગ બની જાય છે, અને બે કલાક પછી તો એ સ્મિતભર્યું મુખ હસે છે કે રડે છે એની ખાતરી કરવી આપણે માટે મુશ્કેલ બની જાય છે. આપણા

રમૂજી મિત્રોની રમૂજી વાતચીત ઘણી વાર આપણને રડાવી ઊઠે છે. એથી પણ વધારે મુશ્કેલી એ થાય છે કે રુદન – ઊભરાતા હૃદય સાથે આપણે આપણા મુખસ્નાયુઓને સ્મિતના આકારમાં વારંવાર વાળવા પડે છે. સુંદરમાં સુંદર મુખ પણ આવે પ્રસંગે ભયંકર કુરૂપતા ધારણ કરે છે. સાંભળનારના મુખને કુરૂપ બનાવી દેતી વાતચીત કલા તો ન જ કહી શકાય !

સમયને, સમયની મર્યાદાને વાતચીતની કલા સાથે ગાઢ સંબંધ રહેલો છે. અભ્યાસની આપ–લે એ જુદો પ્રશ્ન છે. પરંતુ અંગતમાં અંગત માનવીઓ વચ્ચેની વાતચીતનો રસ પણ અડધા કલાકથી વધારે ચાલી શકતો નથી એમ માનવું–અને વર્તવું–એમાં સહુની સાથે કલાની પણ સલામતી રહેલી છે. પ્રેમીઓ પણ અડધા કલાકથી લાંબી વાતચીત ન ચલાવે તો પ્રેમપ્રવાહ ઓછો તૂટક થશે.

બે મિત્રો રસ્તે આનંદપૂર્વક જતા હતા. બીજા બે મિત્રો સામે મળ્યા અને ચારે જણ ટોળે વળી ઊભા. વાતચીતનું સ્વરૂપ જ સર્પ કે માછલી સરખું ચપળ હોય છે. વાતચીત ક્યાંથી ક્યાં ચાલી જાય એનો અંદાજ રાખવો બહુ મુશ્કેલ છે. કોણ જાણે કેમ પણ ચા ઉપર વાતચીત કેન્દ્રિત થઈ. એમાંના એક મિત્ર ચાના કટ્ટર વિરોધી હતા–જો કે ચા સિવાય બીજું બધું જ પીતા–અને તેમની આ વિરોધી વાતચીતનું સપ્તક એટલે ઊંચે ચડયું કે તેમના પ્રત્યે રસ્તે જનાર સહુનું ધ્યાન દોરાયું, અને જાણે તેઓ ચા વિરુદ્ધ ભાષણ આપતા હોય તેમ તેમની આસપાસ ટોળું ભેળું થઈ ગયું. આસામના બગીચાઓમાં થતા જુલ્મનો ચિતાર આપતાં તેમની વાતચીત એટલી રસપ્રદ બની ગઈ કે લોકોએ તાળીઓ પણ પાડી ! એક દોડતી ગાયે અને પોલિસના સિપાઈએ ટોળાને વિખેરી નાખ્યું ન હોત તો ચા–વિરોધી વાતચીત સાંભળવા આખું ગામ એ રસ્તા ઉપર ભેગું થયું હોત !

ચાનો વિરોધ ભલે થાય ! રસભરી રીતે જરૂર થાય, જુલ્મોની જાહેરાત થવી જ જોઈએ. પરંતુ સરિયામ રસ્તો અવરજવર માટે, હલન- ચલન માટે, વાહનવ્યવહાર માટે સામાન્યતઃ વપરાય છે;

વ્યાખ્યાન કે વાતચીત માટે નહિ. વળી એ આપણી કે આપણા મિત્રોની એકલાની માલિકીનો હોતો નથી. એટલે ચાનો વિરોધ કે તેની તરફેણ કરવા માટેની વાતચીત સરિયામ રસ્તાને બદલે આપણા ઘરમાં કે કોઈ સભાગૃહમાં કરવી વધારે ઉચિત ગણાય. વાતચીતનો ઉદ્દેશ પણ એથી વધારે બર આવે.

આમ વાતચીતનું સ્થળ પણ વાતચીત અંગે બહુ મહત્ત્વ ધારણ કરે છે. સ્ટેશન ઉપર સાહિત્યની વાતચીત કરે છે ઘણા, પરંતુ એ સહુને ફાવે તો ઓછી જ ને? ટિકિટ, સામાન, મજુર, ગાડી આવવાનો કે ઊપડવાનો સમય, ધક્કામુક્કી, જગા મળશે કે કેમ એની ચિંતા જેવા ચક્રવ્યૂહ ઉપજાવતા સ્થળે 'સરી જતી રેતી' વિષેની વાતચીત ગાડીના ઘંટનાદમાં ઝૂંગળાઇ જાય છે. કચેરીમાં કવિતા અને સંગીતની વાતચીત કરતાં કવિતા અને સંગીત બન્ને સંભળાવી ગયેલા બે ત્રણ મિત્રો મને હજી યાદ છે. મને કવિતા ગમે છે, પરંતુ તે કચેરીમાં તો નહિ જ! સંગીતપણ ગમે છે, પરંતુ તે ટ્રામબસમાં તો નહિ જ.

સમયની માફક સ્થળ પણ વાતચીતની કલાને ઘડતું એક અંગ છે. આગગાડીની ગિરદીમાં પ્રેમનો વાર્તાલાપ બહુ કલામય ન જ લાગે—પ્રેમીઓ પ્રેમથી પીડાતાં હોય તો પણ. સ્મશાનમાં ખડખડાટ હસે હસાવે ભૂત! કે કોઈ યોગી! સામાન્ય માનવી સ્મશાનમાં હાસ્યરસની વાતચીત બનતાં સુધી ન ઉપાડે તો વધારે સારું.

હિંસા અને અહિંસાની વાતચીતમાંથી મારામારી થતી ઘણાએ જોઈ છે, સાંભળી છે, વાંચી છે. હિંસાની તરફેણ કરનારને સૈન્યમાં મોકલવામાં આવે તો તે માંદો પડે. અહિંસાની તરફેણ કરનારનો મિજાજ હાથમાં રહેતો નથી, એ આપણા સહુના અનુભવની વાત છે. છતાં વાતચીત કરતી વખતે આપણે આવા જ વિષયોની ચર્ચા કરીએ છીએ અને અહિંસા સિદ્ધ કરવા માટે મુક્કી ઉગામીએ છીએ. આપણી વાતચીત એ કોઈ સિદ્ધાંતની સતત સ્થાપનાનો પ્રયત્ન હોતો જ નથી. મળવું, હળવું તાત્કાલિક ઉપયોગની વાત કરવી, સમયનો ઉપયોગ કરવો અને માણસાઈભરી ઢબે છૂટા પડવું આટલું જ આપણા નિત્ય

વ્યવહારની વાતચીતનું લક્ષણ હોઈ શકે. તેમાં અતિ ગંભીર વિષયને લાવી, અતિ ગંભીર વાતચીત કરી, કઠોર કે ગમગીન વાતાવરણ સર્જવાની તલપૂર પણ જરૂર હોતી નથી. છતાં–સિદ્ધાંતોની વાતચીત કર્યા વગર ચાલે એવું હોય છતાં–સિદ્ધાંતોની વાતચીતમાં ઊતરી પડી આપણે હવામાં ઝેર ઉમેરીએ છીએ. વાતચીતને ગુલાબજળ છાંટવાની ગુલાબદાની બનાવવાને બદલે ઝેર ઉડાડતી પિચકારી બનાવવાનું કાંઈ જ કારણ નથી. અને છતાં આપણી વાતચીત કેટલીવાર ઝેર સરખી કડવી બની ગયેલી હોય છે? સામાન્ય વાતચીતમાં અતિ ગાંભીર્ય ભેળવવાથી આખી વાતચીત બકવાદ બની જાય છે. વિષયની પસંદગી, વિષયની ચાળવણી, વિષયની હેરફેર વાતચીતની કળામાં બહુ આવશ્યક અંગ ગણાય. સિદ્ધાંતોનો સ્વીકાર એ કાંઈ આપણી વાતચીતનો ઉદ્દેશ હોતો જ નથી. મોટા ભાગની આપણી વાતચીત ઉદ્દેશ રહિત જ હોય છે. એ ન સમજવામાં આપણે આપણી વાતચીતને બગાડી મૂકીએ છીએ. ઉદ્દેશ હોય તો પણ તે મળવાનો હળવાનો, સમય પસાર કરવાનો, અરસપરસ ખબરઅંતર પૂછવાનો હોય: નહિ કે સામ્યવાદની ખૂબીખામી નક્કી કરવાનો, ઈશ્વર છે કે નહિ એની સાબિતી આપવાનો અગર બે પત્નીઓ કોઈપણ સંજોગોમાં પરણી શકાય કે કેમ એનો નિર્ણય કરવાનો. કદાચ એવા વિષયોમાં વાતચીત ઢળી પડે તો પણ એમાં ચુકાદો આપવાને બદલે વિષય ફેરવી નાખવો એ જ વધારે ઈષ્ટ ગણાય. કારણ, આપણો ચુકાદો કોઈને ય માન્ય હોતો નથી.

આમ સમય અને સ્થળ વાતચીતની કળાને એક પાસ ઘડે છે, તેમ વાતચીતનું ઉદ્દેશરહિતપણું અને કેન્દ્ર વિષયનો અભાવ કળાને બીજી પાસ ઘાટ આપે છે. એ વિસરાય ત્યાં વાતચીત એક માનવકલા બનવાને સ્થાને માત્ર જીભાજોડી લમણાઝીક,, માથાફોડ,, કટકટારો, ટકટકારો કે વેદિયાપણું બની રહે છે. વાતચીતમાં ભાગ લેનારમાંથી કોઈનું માથું દુખવા આવે અગર તેને બગાસું આવવા માટે ત્યારે અવશ્ય માનવું કે વાતચીતની કલા મરી ગઈ છે! અને એ સ્થિતિ ઘણી વાર આપણી થાય છે. વ્યાખ્યાનોની માફક વાતચીતમાં

ઘણી પણ વાર પોતાની જાંઘ ઉપર મારી જાતે ચૂંટી ખણી મારે જાગ્રત રહેવું પડે છે! આપણી વાતમાં બીજાઓની પણ એ જ સ્થિતિ થતી હોય એ સહજ છે.

ઘણી વાર વાતચીત એક જ વક્તાનો ઈજારો બની બેસે છે. ખરું જોતાં વાતચીત એ બે અગર તેથી વધારે માનવીઓ વચ્ચેનો એક સહકારપ્રયોગ હોય છે, જેમાં સહુએ ઓછે વધતે અંશે વકતા બનવા સાથે શ્રોતા પણ બનવું જ જોઈએ. આપણે ઘણા બાહોશ હોઈએ, ઘણા કુશળ હોઈએ, ઘણા અનુભવી હોઈએ, ઘણ ચબરાક હોઈએ; છતાં આપણી બધી જ બાહોશી, આપણું બધું જ કૌશલ્ય, આપણો બધો જ અનુભવ અને આપણી બધી જ ચબરાકી એકસામટી એક જ વાતચીતમાં ઠાલવી દેવાની તાલાવેલી ઉપર આપણે અંકુશ ન મૂકીએ તો બીજી વાર વાતચીતની તક આપવાને બદલે લોકો આપણાથી ત્રાસી ભાગવાનો પ્રયત્ન કરશે. સત્તાધીશ સત્તાની, ધનાઢ્યો ધનની, સાહિત્યકારો વિદ્વત્તાની, ધંધાદારીઓ પોતાના ધંધાની, દેશભકતો સેવાની એકસામટી વાત કરી, એ વાતમાં બીજા કોઈનો ચંચુપાત થવા ન દઈ કંઈક સાંભળનારાઓને માંદા પાડી દે છે. ઘણાની વાતચીત આમ વ્યાધિ બની રહે છે.

જીવનમાં આમેય ઘણા વ્યાધિઓ હોય છો વાતચીતની વ્યાધિમાં ઉમેરો ન કરીએ તો એક સેવાકાર્ય થાય, નહિ? વાતચીત એ મોટે ભાગે સામાજિક વ્યવહારનું સ્વરૂપ ધારણ કરતી હોવાથી એને કલામાં ફેરવી નાખી ન શકાય તો એ બિહામણી આફત કે પીઠ બતાવવા યોગ્ય પીડાનો આકાર ઝડપથી લઈ લે છે. વાતચીત સામાજિક વ્યવહાર હોવાથી એને મજિયારી મિલકત તરીકે લેખવી જોઈએ—ખાનગી મિલકત કે મેનેજિંગ એજન્સીની ઢબે વાતનો ઉપયોગ ન જ થાય.

અને એ સામાજિક મિલકત હોવાથી એ હવા, પાણી, પુષ્પ અને પ્રકાશની માફક સ્વચ્છ, પ્રફુલ્લ અને જીવનદાયી જીવનવર્ધિની હોવી જોઈએ. વાતચીત એ જેમ અંગત વ્યક્તિગત માનસનો પડઘો હોવી તેમ એ સમાજમાનસનો પડઘો પણ છે. એમાં આપણાં અંગત લક્ષણો અને સંસ્કાર જેમ પ્રતિબિંત પણ થાય છે. તેમ સામાજિક પ્રજાકીય લક્ષણો લક્ષણો અને સંસ્કાર પણ પ્રતિબિંત થાય છે. વાતચીત

એ અંતે તો હૃદયનો વૈખરી વિલાસ છે. એમાંથી આખો માનવી પકડાઈ આવે છે; કયા સમૂહનો, કયા વર્ગનો, કઈ પ્રજાનો એ માનવી છે. એ પણ એમાંથી પકડાઈ આવે છે.

એક માતા દીકરીનું લગ્ન કરી આવ્યાં. એક પરિચિત ભાઈએ તેમને મળતાં નમસ્કાર કરી વાતચીત આરંભીઃ

'દીકરીનું લગ્ન કરી આવ્યાં ?'

માતા તરફથી તેમને જવાબ મળ્યો

'તે કેમ વળી ? લગ્ન કરીએ શું ?'

ઓળખીતા બાઈની સાથે પ્રશ્ન કરનારને સામાન્ય વાતચીત જ કરવાની હતી. દીકરીનાં લગ્ન એ બાઈનાં જીવનનો હમણાં જ ઉજવાઈ ગયેલો ઉત્સવ હતો, જેને વળગીને માત્ર ખબર જ પૂછવાની હતીઃ લગ્ન કેમ કર્યું ? શા માટે કર્યું ? કર્યું જ કેમ ? એવી કશી જ માનસિક વૃત્તિ એ પ્રશ્ન પાછળ હતી જ નહિ. કશી પણ વૃત્તિ હશે તો તે લગ્ન પ્રત્યેની ઉદાસીનતા જ હશે. મુસ્લિમ સરખી નજુકત ભરેલી વાતચીત કરવામાં કુશળ કોમે પણ 'તેરા ચલે તો માર ડાલીઓ !' જેવી અર્ધ-હિન્દી–અશુદ્ધ હિન્દી–લઢણમાં વાતચીતના મારકણાપણાને ઠીક સ્ફુટ કર્યું છે. આ જવાબપછી બીજું જે જીવતું રહે તે ખરું. પરંતુ વાતચીત તો મરી જ જાય.

'ખોટું લાગે તો ભલે ! પણ અમે સાચું જ કહેવાના' એવા સતવાદી રોગથી ભરેલા ઘમંડી માનવીઓ પણ આ મારકણા માનવીઓની માફક વાતચીતને તૂરી કે કડવી બનાવી રહે છે. સતની ઝંડી સતત ફરકાવતા ફરવાથી સત્ય વિજય પામતું નથી. માનવીને એકલા સત્યની જરૂર નથી; નગ્ન સત્યની તો નહિ જ. નગ્નતા બીભત્સ ભાવની સૂચક છે, અને બીભત્સ ભાવ રસની કક્ષાએ ચઢવા માટે અનુપમ સૌન્દર્ય–કલા–નો આશ્રય લે છે. સત્ય પણ પ્રિય બનીને આવે તો જ એનો સ્વીકાર થાય. આનંદરહિત સત્ય–મીઠાશ રહિત સત્ય કદાચ સત્ય નહિ જ હોય.

આપણી વાતચીત હજી આ યુગમાં કલા બની શકી નથી. કલા બનવા એ મથન કરે છે એ સમયે આપણે સમજી લઈએ કે આપણી એક બે પેઢી ઉપર વાતચીત એક સુંદર કલા તરીકે વિકસી શકી હતી. આપણા

સમાજમાં, આપણા સમૂહમાં એવી કેટલીય વ્યક્તિઓ હતી કે જેની હાજરી ચારે પાસ પ્રસન્નતા ફેલાવી રહે. પાટ ઉપર, હીંચકે, ઓટલે કે ચોતરા ઉપર પાનસોપારીનો ડબ્બો પડ્યો હોય; આઠદસ સમોવડિયા–સમયના મિત્રો ભેગા થયા હોય; ઉદ્દેશ રહિત, કોઈને પણ સુધારવાની ઈચ્છા રહિત વાર્તાલાપ ચાલતો હોય; નાનકડા ટુચકા, દૃષ્ટાંત કે બનાવટો ઊકેલાતા હોય; વચ્ચે દુહા, છપ્પા અને સવૈયા ફેંકાતા હોય; ચાતુર્યની હરીફાઈ જામતી હોય અને ખડખડ મુક્ત હાસ્ય ખીલતું હોય! આવી વાતચીત સંસ્કાર અને કેળવણીની મંજૂષા બની રહેતી. એમાં કોઈ ખોટું લગાડીને, નારાજ થઈને રીસ ચઢાવીને ચાલ્યો જતો નહિ. પોતાની મશ્કરી પોતાને જ ખડખડાટ હસાવી શકતી.

મારાયે પિતાની પેઢીમાં આવી બે વ્યક્તિઓ મારા જોવા સાંભળવામાં આવી હતી, જેમની વાતચીત પ્રસન્નતાનો ફુવારો ઉડાડતી: એક રૂપશંકર મોરારજી ધોળકિયા નામના ઉચ્ચ શ્રેણીએ પહોંચેલા વડોદરા રાજ્યના અમલદાર અને બીજા કવિ જેઠમ–જેમના કાવ્યસંગ્રહને કવિ નાનાલાલે પણ પ્રસ્તાવનાનું માન આપ્યું હતું! ઓછાવધતા પ્રમાણમાં વાતચીતને કલામય, રસમય બનાવવાની આવડત ત્યારે વધારે વ્યાપક હતી.

આજનો સમય વધારે ગંભીર બન્યો છે; સાથે સાથે એ વધારે ક્લેશી બન્યો છે. આપણા સંસ્કાર વધારે ઉચ્ચ થયા છે–નિદાન આપણે તો એમ માનવું જ રહ્યું! સાથે સાથે આપણો ઘમંડ વધી ગયો છે અને સરળતા ઘટી ગઇ છે. ભણતર વધ્યું છે-સાચી વાત ?–સાથે સાથે સહુને ચકરાવી નાખવાનો અભખરો આપણા પડછાયા જેવડો મોટો બની ગયો છે. આપણે સ્વતંત્ર બન્યા છીએ–હક્ક સાથે; ફરજ સાથે નહિ. ઘણા ઘણા પ્રશ્નો આપણી સામે આવીને ઊભા છે, જેમાં વાતચીતને કલામાં ફેરવી નાખવાનો પ્રશ્ન બહુ મહત્ત્વનો બની ગયો છે. સંસ્કારી, રસિક, વિદ્વાન, સંપત્તિમાન અને સ્વતંત્ર બનેલા આપણે હજી વાતચીતને સાચી કલા બનાવી શક્યા નથી. આપણે ક્લેશજીવી, વિષાદજીવી હજી છીએ. આપણી વાતચીત પણ ક્લેશમય અને વિષાદમય વ્યાધિ છે.

વાતચીતને નિરામય, પ્રફુલ્લ કલા બનાવવી હોય તો આપણા સ્વાનુભવે આપેલી ચેતવણી ધ્યાનમાં જરૂર રાખવી પડશે. થોડી ચેતવણી

યાદ કરી લઈએ :

વાતચીતને સમયની મર્યાદા હોય છે. કોઈ પણ વાર્તાલાપમાં અડધા કલાકથી વધારે આપણી જરૂર છે એમ ન માનવામાં વાર્તાકલા બહુ સલામત રહે છે.

વાતચીતને સ્થળ–સ્થાન પણ ઘડે છે એ કદી ન ભૂલવું. કવાયતના મેદાનમાં લશ્કરી વાતચીત થાય. જનાનખાનામાં જંગી બૂમોની જરૂર નહિ.

સામાન્ય વાતચીતને કોઈ સિદ્ધાન્તવિષયક વાદવિવાદનો અખાડો ન જ બનાવી શકાય. કોઈ ચર્ચાસ્પદ સિદ્ધાન્ત એમાંથી ફૂટી નીકળે તો તેનું વિષયાંતર કરી નાખવામાં જ કલા સચવાશે. ઝાડ ઉપરથી નાળિયેર પાડનાર જેવી એકાગ્રતાની વાતચીતમાં જરૂર નથી. બગીચાની સહેલગાહ જેવી હળવી, ફરતી, રમતી, વૃત્તિ વાતચીતને કલા બતાવવા માટે આવશ્યક છે.

વાતચીતના માલિક આપણે એકલા જ છીએ એમ માનવાની ભૂલ કદી ન કરવી. હાજર રહેલા સહુનો એમાં ભાગ હોવો જોઇએ. કલા એમાં જ રહેલી છે કે વાતચીતમાં સહુને ભાગ લેવાનું મન થાય અને એ ભાગ મળે જ. વાત કરવાની ઈન્તેજારી સાથે વાત સાંભળવાની ઈન્તેજારી પણ એટલી જ હોવી જોઇએ. વાતચીત એ સહકારી મંડળી છે–ખાનગી લિમિટેડ કંપની નહિ.

વાતચીત એ આપણી ચાલાકી, બાહોશી, વિદ્વત્તા કે મોટાઈ દર્શાવવાનું પ્રદર્શન નથી; અન્યની ચાલાકી, બાહોશી, વિદ્વતા કે મોટાઈ ખોળી કાઢવાનું સાધન છે જરૂર.

જીવનમાં હાસ્યને સ્થાન છે, મોટું સ્થાન છે; આપણે હસીએ છીએ એ કરતાં વધારે મોટું સ્થાન છે. પરંતુ જીવનમાં હાસ્ય સિવાય બીજું કાંઇ જ નથી એમ માનતા કેટલાક સજ્જનો સતત હસાવ્યા કરવાના ભગીરથ પ્રયત્નમાં ન પડે તો હાસ્ય પણ વધારે રૂપાળું બને. વિદૂષકને નાટકનો નાયક બનાવીએ તો અંત કરુણ રસમાં આવે.

કલેશ કરવાને, વેરઝેર ફેલાવવાને, ઘા કરવાને, ખામીઓ આગળ કરવાને માટે વાતચીતનો ઉપયોગ કરવાની જરૂર નથી. વાતચીત

ઉપયોગનું અને સાથે સાથે આનંદનું સાધન હોય. કદાચ ઉપયોગનું સાધન ભલે એ ન હોય. એ આનંદ રહિત તો ન જ હોવું જોઈએ.

કલા પ્રયત્ન અને સંયમ માગે છે. કોઈ પણ કલા—વાર્ત્તચીતને કલા બનાવવી હોય તો એમાં પણ પ્રયત્ન અને સંયમની જરૂર છે.

ટૂંકમાં કહીએ તો સારી વાતચીત સારો—માણસ જ કરી શકે. વાતચીતમાં આપણી માણસાઇનું પ્રતિબિંબ છે. વાતચીતમાં કલા લાવવી હોય, સૌંદર્ય લાવવું હોય તો આપણે સહુએ આપણા હૃદયને કલા-અભિમુખ, સૌંદર્ય અભિમુખ બનાવવું પડશે, અને પ્રસન્નતા વેરવાનો અભ્યાસ રાખવો પડશે.

હજી આપણી વાતચીત કલાની કક્ષાએ આવી નથી. કલાના ટુકડાઓ કદાચ વેરાયેલા હશે, પરંતુ સમગ્ર કલાકૃતિ તરીકે સાનંદાશ્ચર્ય જોઈ સાંભળી રહીએ એવી વાતચીત ગુજરાતમાં કોની હશે? થોડાં નામ કોઈ ન આપે?

સંતો સુલભ હોતા નથી. સારી, કલામય વાતચીત કરનાર પણ સંતો સરખા વિરલ જ હોય છે.

# રાજકીય પ્રતિનિધાન

દુનિયા સાંકડી થતી જાય છે, રાષ્ટ્રો પરસ્પર નિકટ સંબંધમાં આવતાં જાય છે. પ્રજાઓમાં પરસ્પર ગરજ અને જરૂર વધતી જાય છે. યુદ્ધ માટે અને શાંતિ માટે એક રાજવહીવટને બીજા રાજવહીવટ ઉપર ઘણો આધાર રાખવો પડે છે. એવા વર્તમાન યુગમાં રાજકીય પ્રતિનિધાનનું તત્ત્વ અતિશય મહત્ત્વ ધારણ કરતું જાય છે. પરદેશ અને પરરાજ્ય સાથે સંબંધ બાંધનાર અને સંબંધ સાચવનાર અંગ તરીકે આ પ્રતિનિધાન પ્રત્યેક દેશના રાજ્યશાસનનું એક મુખ્ય અંગ બનતું જાય છે.

કૌટિલ્ય એને પ્રણીધી મંડળ કહે છે. પશ્ચિમની અસર તળે આપણે સહુએનેEmbassy–Consulate, Leagation, Charged Affairs,Envoys, Deplomatic Agencies–વગેરે નામોથી આપણે ઓળખીએ છીએ.એથી જૂનાં નામોમાં આપણે આવી સંસ્થાને એલચી અગર વકીલ મંડળ તરીકે ઓળખતા હતા, જે નામો હવે કોઈને ગમતાં નથી–આપણને પણ નહિ અને પ્રતિનિધિઓને તો નહિ જ. વિષ્ટિકાર, સંધિવિગ્રાહક, પ્રતિનિધિ, એવાં એવાં નામ પણ આપણે વપરાતાં જોઈએ છીએ. આપણા સ્વરાજ્યમાં હવે આ વર્ગનું કયું નામ અપાય છે એ જોવાનું રહ્યું. એટલું ચોક્કસ કે આ સંસ્થા ભારે મહત્ત્વ ધારણ કરતી જાય છે અને એ સંસ્થામાં યોજાયેલા કાર્યકરોમાં વિશિષ્ટ પ્રકારના ગુણ, વિશિષ્ટ પ્રકારની આવડત અને વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન જરૂરી બનતું જાય છે. પરદેશના ઘનિષ્ટ સંબંધમાં આવતું પ્રત્યેક રાજ્યશાસન હવે આ પરદેશ–પ્રતિનિધિઓનું મહત્ત્વ સ્વીકાર્યા વિના રહી શકે એમ નથી.

રાજ્યશાસનના ઉદ્દેશ સામાન્યતઃ આટલા જ હોયઃ

(૧) રાજ્ય સીમાના આંતરપ્રદેશમાં શાંતિસ્થાપના અને ચોર લૂંટારા, ગુન્હેગારો અને રાજ્યદ્રોહીઓથી રક્ષણ.

( ૨ ) પરરાજ્યોના આક્રમણમાંથી રક્ષણ.

( ૩ ) આબાદી–સુખસંવર્ધન.

પહેલા ઉદ્દેશ માટે પોલિસ તથા છૂપી પોલીસ, કે રાજકીય પોલિસની સામાન્યત: યોજના થાય છે. સૈન્યરચના બીજા ઉદ્દેશની સાચવણી કરે છે. કૃષિ, ઉદ્યોગ, વ્યાપાર, વણજ, નહેર, માર્ગ, કરવેરા, કેળવણી અને મહેસૂલની શીતળ યોજનાનું દક્ષ ઘડતર ત્રીજા ઉદ્દેશની સાચવણી કરે છે.

એ ત્રણે ઉદ્દેશ સફળ કરવામાં રાજ્યશાસનનું સ્વરૂપ બહુ મહત્વનો ભાગ ભજવે છે. રાજ્યશાસનનાં ત્રણ સ્વરૂપ :

( ૧ ) વ્યક્તિશાસન–રાજા અને સરમુખત્યાર એ બે સ્વરૂપો આપણે મુખ્યત્વે ઓળખીએ છીએ.

( ૨ ) સત્તાધીશ મંડળીનું રાજ્યશાસન Oligarchy– અમીર, ઉમરાવો અગર દક્ષ ટોળકીઓ દ્વારા થતો રાજ્ય વહીવટ.

( ૩ ) Republic–ગણરાજ્ય–પ્રજાસત્તાક રાજ્ય.

આ ત્રણે રાજ્યશાસનનાં સ્વરૂપોનો અનુભવ માનવજાતે કર્યો છે. ત્રણેના ગુણદોષ માનવજાતે અનુભવ્યા છે. એક સ્વરૂપથી કંટાળતો માનવસમાજ બીજા સ્વરૂપનો અખતરો કરે છે, બીજાથી કંટાળે છે એટલે ત્રીજાનો આશરો લે છે અને ત્રીજાથી કંટાળે એટલે શાસન વર્તુલ નવેસર શરૂ કરે છે. હજી આદર્શ રાજ્યશાસન માનવજાતને જડયું નથી. કદાચ આદર્શ માનવ જડશે ત્યારે આદર્શ રાજ્યશાસનનું સ્વરૂપ જડશે.

આ ત્રણે પ્રકારના રાજ્યશાસનના ઉદ્દેશ સિદ્ધ કરવા અર્થે રાજ્યસત્તા સ્પષ્ટ–અસ્પષ્ટ ઢબે પોતાનાં ત્રણ અંગ ઘડે છે, જે દ્વારા તે પોતાનું જીવન સ્પષ્ટ કરી શકે છે:

(૧) લેજીસ્લેચર–શાસનઘડતર–કાયદાની રચના.

(૨) એકઝીક્યુટીવ–કાયદાનો અમલ કરનાર તંત્ર–પ્રધાનથી માંડી પોલિસ–સિપાઈ અને ગામડાના ચોકિયાત સુધીનો, રાજ્ય સેવક વર્ગ.

(૩) જ્યુડીશ્યરી–ન્યાય શાસન–અદાલતોનો સમૂહ, જે

ઘડાયલા કાયદાનો અર્થ કરે, શાસનદારો–અમલદારોનું કાર્ય જરૂર પડે કાયદેસર છે કે નહિ તે ઠરાવે અને એક પ્રજાજન તથા બીજા પ્રજાજન વચ્ચેના ઝઘડા અને મતભેદો કાયદા પ્રમાણે પતાવે.

રાજ્યના ત્રણે ઉદ્દેશો સિદ્ધ કરવા મથતા શાસનતંત્રનો એક ધર્મ એ છે કે ઉદ્દેશસાફલ્યમાં વિઘ્ન નાખનાર તત્વોની માહિતી રાખવી અને એ માહિતી અનુસાર રાજનૈતિક પગલાં લેવાં. વિઘ્ન નાખનાર તત્ત્વ રાજ્યની અંદર પણ હોય છે અને રાજ્યસીમાની બહાર પણ હોય છે, એ બંને તત્વોનો સામનો કરવા માટે બે પ્રકારના ઈલાજ રાજ્યતંત્રે શોધ્યા છે:

(૧) શાંતિમય ઉકેલ.

(૨) બળપૂર્વકનો–હિંસક ઉકેલ, જે માટે પોલીસ અને સૈન્ય બંનેનો ઉપયોગ કરવામાં આવે છે.

યુદ્ધનો શોખ માનવજાતને ઘણો છે. સત્તા ગર્વિષ્ટ રાજ્યકર્તાઓ અને પ્રજાઓ નિર્બળ પ્રજાઓને યુદ્ધથી સતત દાબમાં રાખવા મથે છે. પરંતુ યુદ્ધ મોટે ભાગે જીતનાર તથા હારનાર પ્રજાના જીવનની ખાખાખીખી કરી નાખે છે. અને જે પ્રશ્નો ઉપર ઝઘડો થયો હોય તે પ્રશ્નનો ઉકેલ ભાગ્યે જ લાવી શકે છે. યુદ્ધની અનેકાનેક મર્યાદાઓ છે એમ ધીમે ધીમે માનવજાતને સમજાતું ગયું છે એટલે રાજ્યો નછૂટકે યુદ્ધમાં ઉતરે. બની શકે ત્યાં સુધી શાંતિમય ઉકેલના માર્ગ શોધવાની પ્રથા પ્રાચીનકાળથી ચાલતી આવી છે. યુદ્ધ કરવું હોય તો પણ અને શાંતિમય માર્ગ લેવો હોય તો પણ ઉપયોગમાં આવે તેવી પરદેશ સાથે સંબંધ ધરાવતી રાજકીય સંસ્થા રાજકારણે વિકસાવી છે જેને પ્રણીધી મંડળ–પ્રતિનિધિ મંડળ–એલચી મંડળ–એસેમ્બલી જેવા શબ્દથી ઓળખીએ છીએ. યુદ્ધ માટે તેમજ શાંતિમય ઉકેલ માટે બે પ્રકારનું તંત્ર નિયોજવામાં આવે છે:

(૧) ચર–ગુપ્તચર જાસૂસ તંત્ર–Spies, Espionage.

(૨) પ્રતિનિધિ મંડળ–એલચી મંડળ–વિષ્ટિ મંડળ.

ગુપ્તચરની સંસ્થા પ્રાચીન કાળથી આજ સુધી બહુ ઉતેજક પ્રસંગો ઉપજાવી રહી છે અને આજનાં સુધરેલાં રાજ્યો પણ આ

ગુપ્તચર સંસ્થાને શાસ્ત્રીય ઢબે વિકસાવી રહી છે એ આપણે ભૂલવું ન જોઈએ. કેટલાંયે પરદેશી વેપારી મંડળો, નિષ્ણાતો, વિદ્યાગુરુઓ, શોધકો, પર્વતપર ચઢનારાં મંડળો, અને પરદેશી ગણિકાઓ અને કલાકારો પણ રાજ્યના ગુપ્તચર વિભાગમાં કામ કરતાં સાબિત થાય તો નવાઈ નહીં. પરંતુ એ ગુપ્તચરની યોજના તદ્દન છૂપી રહે છે અને તેનું અસ્તિત્વ હોવા છતાં તેનું કાયદેસરપણું ખુલ્લી રીતે સ્વીકારતું નથી. ગુપ્તચર પરરાજ્યમાં પકડાય તો તેની જવાબદારી કોઈ પણ રાજકીય સંસ્થા સ્વીકારતી નથી–જોકે એ ગુપ્તચર એ રાજકીય સંસ્થાએ મોકલ્યો હોય તો પણ.

પરંતુ પ્રતિનિધિમંડળ, એલચી મંડળ તો રાજ્યની કાયદેસર સંમતિ પામેલું મંડળ હોય છે અને જે રાજ્યમાં તે જાય તે રાજ્યે પણ તેના પ્રતિનિધિત્વનો સ્વીકાર કરેલો હોય છે. એ સંસ્થા પ્રતિષ્ઠિત ગણાય છે, કાયદેસર ગણાય છે અને બન્ને રાજ્ય વચ્ચેના સંબંધો સારા બનાવવા માટે તેને માથે ખૂબ ભારે જવાબદારીઓ હોય છે. પ્રાચીન કાળ કરતાં આજની દુનિયા વરાળ, વીજળી અને વિમાન અંગે બહુ સાંકડી બની ગઈ છે. દુનિયાનાં દેશો અને દુનિયાની પ્રજાઓ બહુ પાસે પાસે આવી ગયાં છે. આંતરરાષ્ટ્રીય સંબંધો વધી ગયા છે, અને ગાઢ બનતા જાય છે. અને જોકે એ કારણે મોટાં નાનાં છમકલાં પ્રજા પ્રજા વચ્ચે થવાના સંભવો વધતા ગયા, છતાં, આંતરરાષ્ટ્રીય એકતા એટલી વધતી જાય છે કે પરસ્પર અવલંબનનો ખ્યાલ વિકસતો જાય છે અને ઉપસ્થિત થતા પ્રશ્નોના નિરાકરણ અર્થે આંતરાષ્ટ્રીય શિષ્ટતાના પ્રકારો વિકસતા જાય છે. આંતરર્ષ્ટ્રીમ સંમેલનો અને પરિષદો વિપુલ પ્રમાણમાં મળે છે. આંતરાર્ષ્ટ્રાય કાયદો અને આંતરાર્ષ્ટ્રીય અદાલતનાં સ્વરૂપ સ્પષ્ટ થતાં જાય છે, અને એમાંથી આગળ વધીને એક માનવરાજ્યની ભાવના પણ પણ જાગૃત થતી જાય છે. એ ભાવના જ્યારે સફળ થાય ત્યારે ખરી. હજી આજ પણ એ ભાવના એક સ્વપ્નના પ્રદેશમાં વસે છે. છતાં માનવ મહા–રાજ્યની ભાવના દૃઢ કરવાના માનવ રાજકીય પ્રયત્નો આપણે ધ્યાનમાં લેવા જોઈશે.

(૧) હેગની આંતરરાષ્ટ્રીય અદાલત.

(૨)લીગ ઓફ નેશન્સ–રાષ્ટ્ર સમૂહ

(૩) U.N.O. સંયુક્ત રાષ્ટ્રતંત્ર

આ ત્રણેમાંથી એક્કે સંસ્થા સફળ થઈ થઈ એમ કહી શકાય નહિ. હેગની અદાલત માંદી માંદી હજી રસળ્યા કરે છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી રચાયલું લીગ ઓફ નેશન્સ બીજા વિશ્વયુદ્ધમાં અંત્યેષ્ટિ સંસ્કાર પામી ચૂક્યું છે. એની ભસ્મમાંથી ઉપજેલું U.N.O. આજ તો કોરિયાને સ્મશાન ભૂમિ બનાવી રહ્યું છે, અને કાશ્મીરને એ જ માર્ગે વાળવા મથે છે. એને જ્યારે સફળતા મળે ત્યારે ખરી. પરંતુ એક સત્ય તો સ્પષ્ટ થાય છે કે યુદ્ધ એ પ્રજા વચ્ચેના કોઈપણ પ્રશ્નનો અંતિમ ઉકેલ લાવી શકતું નથી, વિનાશના માર્ગો મોકળા કર્યે જાય છે. એના કરતાં શાંતિનો માર્ગ સ્વીકારવામાં વધારે માણસાઈ છે એટલું જ નહિ; પરંતુ વધારે વ્યવહારુપણું છે. એ શાંતિના માર્ગ તરફ લઈ જવાની શકયતા ધરાવતું એક મહત્ત્વનું રાજ્ય અંગ તે આ પ્રતિનિધિમંડળ.

એ પ્રતિનિધિમંડળને કાયદેસરપણાની છાપ મળેલી હોય છે એટલે એ પ્રતિષ્ઠિતમંડળ ગણાય. જે રાજ્યમાંથી તે જાય તે રાજ્યની રાજ્યનીતિ, તે રાજ્યના અને તે રાજ્યની પ્રજાના સંસ્કાર અને તેની દક્ષતાનું એ પ્રતિનિધિ હોય. એના ઉપર જ મુખ્યત્ત્વે જે તે રાજ્યની પ્રતિષ્ઠા તથા શાખનો આધાર રહેલો છે. પોતાના દેશની પરદેશમાં પ્રતિષ્ઠા જાળવવી અને પરદેશ સાથેના સંબંધો, સરળ, શીળા અને પ્રતિષ્ઠિત બનાવવા એ તેનું પ્રથમ કાર્ય.

અને બીજું મહત્ત્વનું કાર્ય એ કે જે દેશમાં એને પ્રતિનિધાન મળ્યું હોય તે દેશની ચાલુ હકીકતો અને વિચાર પ્રવાહોનો પરિચય સાધવો, એ દેશના ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ સમજવાં, એના બલાબલની તુલના કરવી, એ દેશના વિવિધ સમૂહોનું માનસ ઓળખવું, વિવિધ પ્રશ્નોના હાર્દને ઉકેલવું, પોતાના સ્વદેશને એ પરદેશ કેમ કરી વધારેમાં ઉપયોગી થઈ પડે, એવી પ્રણાલિકાઓ સ્થાપવી અને દેશ અંગે જાતે સજાગ રહી પોતાના સ્વદેશના રાજ્યતંત્રને સજાગ રાખવાં. સ્વદેશ અને પરદેશના સંબંધો બાંધવાની કળાને

આજની દુનિયા DiPlomacy–મુત્સદ્દીગીરીને નામે ઓળખે છે.

રખે કોઈ માને કે આ મુત્સદ્દીગીરીનો ઉપયોગ આજની દુનિયા કરે છે. આ વહીવટ પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. એક રાજ્ય વચ્ચે સંબંધ બાંધવામાં રહેલાં શાસ્ત્રીય તત્ત્વો સમજાવતા પ્રાચીનગ્રંથો, પ્રાચીન ભારતમાં પણ હતા, જેમાં મુખ્યત્વે આપણે નીચ પ્રમાણે ગણાવી શકીએ:

(૧) ચાણાકયનું અર્થશાસ્ત્ર.

(૨) શુક્રનીતિ.

(૩) કામન્દક નીતિસાર.

(૪) મહાભારતમાંનું શાંતિપર્વ.

એ સિવાય ઘણું સાહિત્ય જુદા જુદા ગ્રંથોમાં વેરાયલું પડયું છે અને રાજ્યનીતિનાં અનેક સુભાષિતો પણ પ્રચલિત છે.

અંગ્રેજી ભાષામાં તો એ સંબંધી અનેક પુસ્તકો મળી આવે છે જેમાંથી થોડાંક નામ અત્રે આપવાં યોગ્ય થશે:

(૧) મેકિયાવેલીનું પ્રીન્સ તથા હીસ્ટ્રી ઑફ ફ્લોરેન્સ.

(૨) ગ્રોટીઅસનું–Ambassador and, his functions, પ્રતિનિધી અને એનો કાર્ય પ્રદેશ.

(3) Mowat's history of European diplomacy. યુરોપીય મુત્સદ્દીગીરીનો ઇતિહાસ.

(4) Cambridge History of British foreign policy. બ્રિટીશ પરદેશ નીતિનો ઇતિહાસ.

Dipiomacy by Lord Renell–મુત્સદ્દીગીરી.

આ સિવાય ઘણા ગ્રંથો, પત્રવ્યવહારો, રાજકીય પુરુષોનાં જીવન ચરિત્રો, યુદ્ધ ઇતિહાસો અને વિશિષ્ટ ઇતિહાસોમાંથી ઘણું ઘણું વાચન મળી આવે એમ છે.

ભારતે જ્યારે સ્વરાજ્ય મેળવ્યું છે ત્યારે સ્વતંત્ર દેશ અને પ્રજા તરીકે પરરાજ્યો સાથે તેને સંબંધો ખીલવવા પડશે અને આંતર-રાષ્ટ્રીય ક્ષેત્રોમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરવું પડશે, જેને માટે મુખ્ય સાધન આપણાં પ્રતિનિધિ મંડળો બની શકે એમ છે. આજના

ભારતને કદાચ નવાઈ લાગશે છતાં નૂતન ભારતે એ જાણવું જરૂરી છે કે પ્રાચીન ભારતે પ્રતિનિધિ મંડળોની સંસ્થા સારા પ્રમાણમાં વિકસાવી હતી અને તેનો વ્યાપક ઉપયોગ પણ કર્યો હતો. પ્રાચીન કાળના પ્રતિનિધિ મંડળોની ટૂંકી કથની આજ પણ રસભરી થઈ પડે એમ છે. આપણે ટૂંકા ઉલ્લેખમાં થોડાં પ્રાચીન પ્રતિનિધિ મંડળો ઓળખી લઈએ :

(૧) રામે રાવણ તરફ મોકલેલી વિષ્ટિમાં અંગદનું પ્રતિનિધાન રામાયણમાં સુપ્રસિદ્ધ છે. ગુજરાતીમાં, ખાસ કરીને કવિ શામળ ભટ્ટનું અંગદ વિષ્ટિનું કાવ્ય જાણીતું છે.

(૨) પાંડવો તરફથી પ્રતિનિધાન મેળવી કૌરવો પાસે ગયેલા વિષ્ટિકાર કૃષ્ણની વિષ્ટિ અને તેનાં પરિણામ જાણીતાં છે. કવિતામાં પણ એ ગવાયાં છે.

(૩) ચંદ્રગુપ્ત મૌર્ય અને ચાણક્યના યુગમાં ઈ. સ. પહેલાંની ત્રીજી ચોથી સદીમાં સીરિયાના ગ્રીક રાજવી સેલ્યુકસ નિકાટરના પ્રતિનિધિ તરીકે આવેલા મેગસ્થીનીસનું પ્રતિનિધાન જાણીતું છે. મેગસ્થીનીસનું 'ઈન્ડીકા' નામનું પુસ્તક આજ પણ એ યુગની ભારતીય કીર્તિનો કિંમતી દસ્તાવેજ છે.

(૪) ચંદ્રગુપ્તના પૌત્ર અશોકનો ઇતિહાસ તો જાણીતો છે. એના પોતાના જ લખાવેલા શિલાલેખમાં એણે મોકલેલા પ્રતિનિધિ મંડળના ઉલ્લેખો મળી આવે છે. એનાં પ્રતિનિધિમંડળો રાજકીય તો હતાં જ; સાથે સાથે તે ધર્મપ્રચારનાં મંડળો હતાં તે ભૂલવા સરખું નથી. એના છ પ્રતિનિધિમંડળો તો એના લેખ ઉપરથી જ ગણાવી શકીએ એમ છે : (૧) લંકામાં પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાની આગેવાની નીચે મોકલેલું મંડળ. (૨) સીરિયાના એન્ટીઓકસના દરબારમાં (૩) ઇજિપ્તના ટોલેમીનાં દરબારમાં. (૪) મેસીડોનિયાના એન્ટીગોનસના રાજ્યમાં. (૫) મેગસના કાઈરીનને યાં (૬) એપીરસના એલેકઝાન્ડરના દરબારમાં. આ યુગનું ભારત આમ એશિયા, યુરોપ અને આફ્રિકાના વિવિધ રાજ્યો સાથે રાજકીય અને સાંસ્કૃતિક સંબંધમાં હતું એ સહજ પૂરવાર થઈ શકે એમ છે.

(૫) ઈ. સ. પૂર્વે ૨૭ માં સીઝર સ્પેનમાં યુદ્ધ કરતો હતો ત્યારે તેણે એક ભારતીય પ્રતિનિધિ મંડળની મુલાકાત લીધી હતી.

(૬) સીઝર પછી થયેલા રોમન સમ્રાટ ઓગસ્ટસે ઈ. સ. પૂર્વે ૨૧ માં સામોસ નામના ગ્રીક ટાપુમાં હિંદી પ્રતિનિધિઓને મુલાકાત આપી હતી. ગ્રીક ઇતિહાસકારો પ્રતિનિધિમંડળ મોકલનાર રાજાને પાંડીયન રાજા કહે છે. એ ભારતીય રાજાએ મોકલેલો સંધિલેખ ગ્રીક ભાષામાં હતો એ પણ નોંધ કરવા જેવી હકીકત છે. ઉપરાંત વધારે નોંધપાત્ર આપણા ગુજરાતને માટે તો એ છે કે એ પ્રતિનિધિ-મંડળમાં ભરૂચના એક શ્રમણાચાર્ય પણ ગયા હતા, જે મુસાફરી કરતાં કરતાં એથેન્સ નગરમાં જાતે બળી મર્યા હતા.

(૭) રોમન શહેનશાહ ક્લોડીઅસના રાજ્યમાં ઈ. સ. ૪૧ માં લંકાનું પ્રતિનિધિમંડળ પહોંચી ગયું હતું. એ પ્રતિનિધિમંડળની માહિતીના આધારે પ્લીનીએ પોતાની સુપ્રસિદ્ધ ભૂગોળનો કેટલોક વિભાગ લખ્યો હતો.

(૮) ઈ. સ. ૮૮ માં કુશાન રાજવીએ ચીનમાં પ્રતિનિધિ મંડળ મોકલ્યું હતું.

(૯) ઈ. સ. ૧૦૮ માં રોમન સમ્રાટ ટ્રાજનના દરબારમાં ગયેલા ભારતીય પ્રતિનિધિમંડળને રોમમાં થતા જાહેર રમત ગમતના ખેલોમાં આમંત્રણ આપી હાજર રાખવામાં આવ્યું હતું.

(૧૦) રોમન સમ્રાટ એન્ટોનીયસના દરબારમાં ઈ.સ. ૧૩૮માં પણ ભારતીય પ્રતિનિધિ મંડળ હતું એવા ઉલ્લેખ મળી આવ્યા છે

આટલાં દશ મંડળોની હકીક્ત અહીં બસ થશે. આ ઉપરાંત પ્રાચીન કાળમાં ભારતથી પરદેશ ગયેલાં અને પરદેશથી ભારતમાં આવેલાં પ્રતિનિધિ મંડળનો ઇતિહાસ એ યુગના રાજકીય, સાંસ્કૃતિક તથા વ્યાપાર વિષયક સંબંધનો બહુ મનોરંજક ઇતિહાસ પૂરો પાડે એમ છે. ચીન, મધ્ય એશિયા, સુવર્ણદ્વીપ તથા અરબસ્તાન વગેરે પ્રદેશો સાથેના પ્રતિનિધાન દ્વારા બંધાયલા સંબંધો આપણને ઘણી ઘણી વાત કહી જાય એમ છે. રાણી ઇલીઝાબેથે મોકલેલા સર-ટોમસ-રોનું પ્રતિનિધાન મોગલાઈ યુગમાં હતું. આ પ્રતિનિધિ મંડળો એટલું તો સાબિત

કરે છે કે પ્રાચીન ભારતના પરદેશ સંપર્ક આપણે ધારીએ એ કરતાં વધારે ગાઢ હતા.

રાજકાજમાં સામ, દામ, ભેદ અને દંડના ઉપાયો આર્ય રાજનીતિજ્ઞોએ જ ઉપજાવેલા હતા એમ માનવાનું કારણ નથી. સ્વદેશમાંથી પરદેશમાં જતા રાજકીય પ્રતિનિધિઓનું કાર્ય અતિશય નાજુક હોય છે. એ નાજુકી હજી સુધી આવાં પ્રતિનિધિ મંડળો માટે પૂર્ણ વિશ્વાસ ઉપજાવી શકતાં નથી. રાજ્યકાજમાં કુટિલ નીતિ આવશ્યક છે અને રાજ્યકાજના મુખ્ય અંગ સરખા પ્રતિનિધિ મંડળમાં પણ તે આવશ્યક છે એવું હજુ સુધી મનાય છે. એને Realism કહેવામાં આવે છે, વ્યવહારુપણું કહેવામાં આવે છે અને એમાં અમુક અંશે પોતાના દેશના લાભમાં જુઠાણાનો ઉપયોગ થાય તો હરક્ત નહિ એવી પણ માન્યતા હજી ચાલુ રહી છે. આપણે કેટલાક અંગ્રેજી વિદ્વાનોના અભિપ્રાય જોઈ લઈએ. એક લેખક આવા પ્રતિનિધિની વ્યાખ્યા કરતાં કહે છે :

"An ambassador is an honest man sent abroad to lie on behalf of his country–રાજકીય પ્રતિનિધિ-એલચી એટલે કોણ? પોતાના દેશ અર્થે જુઠું બોલવા માટે પરદેશ મોકલવામાં આવેલો એક પ્રમાણિક માણસ."

એલચી તરીકે પ્રત્યક્ષ કામ કરી ચૂકેલો એક એલચી કહે છે :

"I have a congenital repugnance to tell a lie But I do not therefore necessarily disclose all that is in my mind–જુઠું બોલવાનો મને જન્મથીજ કંટાળો છે. પરંતુ એનો અર્થ એ નહિ કે મારે મારા મનમાં જે હોય તે અવશ્ય પ્રગટ કરવું જ કરવું."

એક રાજનીતિજ્ઞ નીચે પ્રમાણે સલાહ આપે છે :

"It is permissible for the ambassadors to corrupt the ministers of the court to which he is accedited–જે રાજ્ય દરબારમાં રાજ્યની મહોર છાપ સાથે રાજ્ય પ્રતિનિધિ મોકલ્યો હોય તે એ રાજ્ય દરબારના મંત્રીઓને લાલચો

આપી ફોડે એ ચલાવી લેવું જોઈએ."

રાજ્યકાજ એ જુઠ્ઠાણું હોય, ખટપટ હોય, બોલવું કાંઈ ને કરવું કાંઈ, એવી માનવવૃત્તિનો કલામય નમૂનો હોય, એક બીજા ઉપરની જાસુસી હોય, અમાનુષી હૃદયહીનતા હોય, કૃતઘ્નતા હોય, તો ખરેખર રાજકારણના અર્કસમી પ્રતિનિધિ યોજના એ સર્વનું જ પ્રતિબિંબ હોય એમાં શક નહિ. રાજને અંતે નરક એવી આપણામાં કહેવત પણ છે. વ્યક્તિની, ટોળકીની કે પક્ષની સત્તાને ચિરંજીવી બનાવવા માટેની રમત એનું નામ રાજકારણ હોય તો ખરેખર કાયદેસરનું પરદેશ પ્રતિનિધાન પણ આવી રાજકીય ઠગબાજીની રમત બની રહે. હજી રાજકારણ અને પ્રતિનિધિ મંડળ દુનિયાભરમાં ભાગ્યે જ સ્વચ્છતાનો દાવો કરી શકે એમ છે. રાજકાજને નામે ઘણાં પાપ કરવામાં આવે છે અને ઘણાં પાપને નિભાવી લેવામાં આવે છે. એવા સંજોગોમાં પરદેશ મોકલતાં પ્રતિનિધિ મંડળો બાહોશ, ખટપટી, વાચાળ અને સત્યની ન પરવા કરનાર ખેલાડીઓથી ભરેલાં હોય એ સ્વાભાવિક લાગે.

પરંતુ આ રાજકારણ, આ પ્રતિનિધાન અને આ રાજનીતિ નવી દુનિયામાં ચાલશે ખરી? પ્રજાનું ભલું એ રાજ્યનો ઉદ્દેશ હોય, માનવજાતનું ભલું એ આંતરાષ્ટ્રીય નીતિનો મંત્ર હોય તો એ નીતિ છોડવી જ રહી. કુટીલનીતિ જેમ વહેલી છૂટે એમ દુનિયા વધારે વહેલી સુખી થશે. ગાંધીજીએ કલ્પેલી અને આચારમાં મૂકેલી રાજનીતિમાં સારાસારવિવેક હોય, સાચી માહિતી હોય, વિનયશીલતાની કલા હોય, બાહોશી હોય, સાચી માહિતી હોય, જુઠ્ઠાણાને ઓળખવાની શકિત હોય: એ બધું આજની પરદેશ પ્રતિનિધાન કલાની ખૂબીઓ જરૂર હોય. એમાં માત્ર ન હોય સ્વાર્થ; વ્યકિતનો, ટોળકીનો, પક્ષનો કે પ્રજાનો. એમાં સત્ય જ હોય—ચોકખું નિર્ભેળ સત્ય જ હોય. હજી સુધી એ પરિસ્થિતિએ આપણે પહોંચ્યા નથી એ માનવજાતનું ભયંકર કમનસીબ છે. કોરિયા, ઇરાનનું તેલ, જપાનની સંધિ, કાશ્મીરનું અંગછેદન, સુએઝ કેનાલના હક્ક, ફિલિપાઈન્સની માલિકી, ઈન્ડોચાઈના ઉપરનો ફ્રેન્ચ કાબુ, જર્મનીની શસ્ત્રસજાવટ અને સઘન દેશોની શાંતિ માટેની યુધ્ધ તૈયારી:—આ બધાં જુઠ્ઠાણાની આસપાસ

ચાલતી મુત્સદ્દીગીરી તે માનવજાતના ભલા માટે તો નથી જ; સત્ય ઉપર આધાર રાખી રહેલી મુત્સદ્દીગીરી તે માનવજાતના ભલા માટે તો નથી જ; સત્ય ઉપર આધાર રાખી રહેલી મુત્સદ્દીગીરી તો નથી જ. સ્વાર્થ; લોભ, ગર્વ, અને શંકાની એ સુરંગોમાંથી વિશ્વયુદ્ધ ક્યારે ફાટી નીકળે તે કહી શકાય એમ નથી. યુદ્ધે ચઢનારી માનવતા માનવ રાજકારણની એક ક્રૂર નિષ્ફળતા છે. એ કુટિલ રાજનીતિ નવા વિશ્વમાંથી જવી જોઈએ. એમાં પ્રતિનિધિમંડળ બહુ ઊંચો અને સ્વચ્છ ભાગ ભજવી શકે એમ છે. સાચી પ્રજાનું પ્રતિનિધિમંડળ પરદેશમાં એવું તો કાંઈ જ ન કરે કે જેથી યુદ્ધનો સંભવ વધતો રહે.

રાજકારણમાં આમ પરદેશ પ્રતિનિધાન, પરદેશ પ્રતિનિધિમંડળ બહુ આવશ્યક છે. હવે તો એ પ્રતિનિધિમંડળ માટે વિશિષ્ટ કેળવણી આપવાની આવશ્યકતા સ્વીકારાઈ છે. એ માટે વિશિષ્ટ અમલદારી તંત્ર પણ યોજવામાં આવે છે. બહુશ્રુતપણું, વિપુલ ભાષાજ્ઞાન, સ્વભાવની વિશિષ્ટ કેળવણી, વાતચીતની લઢણ દેખાવ–છાપ પાડવાની શકિત વગેરે અનેક પ્રકારની આવડત પ્રતિનિધિમંડળમાં દાખલ થવા માટે આવશ્યક મનાય છે. લશ્કરી અમલદારોને એ અંગે વિવિધ ભાષાશિક્ષણની તાલીમ આપવામાં આવે છે. કારણ, હાલના પ્રતિનિધિમંડળમાં રાજકીય લશ્કરી, વ્યાપારી અને સાંકૃતિક વિભાગો, પણ ખીલવવામાં આવે છે. ગુપ્તચર કરતાં પ્રતિનિધિમંડળનું કામ વધારે સ્વચ્છ અને વધારે કાયદેસર મનાય છે. છતાં એમાં ઊંડે ઊંડે ગુપ્તચરપણું રહે ખરું. એ અર્થે સંજ્ઞા, ચિન્હો અને સંજ્ઞાભાષાની વિશિષ્ટ આવડત પણ આવશ્યક ગણાય છે. પ્રતિનિધિ મંડળના ઉચ્ચ અધિકારીઓની પત્નીઓ પણ પ્રતિનિધિના કાર્યમાં ઉપયોગી થઈ પડે એમ મનાય છે. એટલે તો એ મહાવિશાળ અને ખર્ચાળ ખાતાનું સ્વરૂપ ધારણ કરી રહે છે. ખર્ચાળપણું અને ડોળ દમામ એ જો વિકાસનું ચિન્હ હોય તો ભારતીય સ્વરાજનું પ્રતિનિધિમંડળ બહુ વિકસિત બન્યું છે એમાં શક નહિ. એમાં ગાંધીની સચ્ચાઇ રહેલી છે કે કેમ એ પ્રશ્ન છે. એ પ્રશ્ન તો આખા ભારતીય રાજકારણ માટે પૂછી શકાય એમ છે.

આ પ્રશ્ન ઉપર જ એક જ દૃષ્ટિથી ઉહાપોહ કરવામાં આવ્યો છે. દુનિયા નવી થતી જાય છે, ભારત નવીન બનતું જાય છે. ભારતીય સ્વરાજ પ્રજાનું પ્રતિનિધિ હોય તો ભારતનાં એલચી મંડળો, પ્રતિનિધિ-મંડળો પણ ભારતીય પ્રજાનાં જ સાચાં પ્રતિનિધિ હોવાં જોઈએ. પરદેશમાં ભારતની કીર્તિ, ગૌરવ, શાખા સંસ્કાર અને સંબંધ સાચવવાનાં રહ્યાં. એ પ્રતિનિધિ મંડળોએ પોતાને સોંપાયલા પ્રદેશને ઓળખવો પડશે. એ પરદેશની ભાષા, સંસ્કાર–ખાસિયતો, ઇતિહાસ અને વિશિષ્ટ ખામી ખૂબી સમજવાં પડશે, સ્વદેશ અને પરદેશને લાભદાયક બને એવા ઔદ્યોગિક, વ્યાપારી અને સાંસ્કૃતિક સંબંધો બાંધવા પડશે, અને જે દેશના પ્રતિનિધિ હોય તે દેશની પ્રજાની છાપ ઝીલીને જ તેમણે પપરદેશ ખાતે વસવાટ કરવો ઘટે. સ્વદેશની નીતિ, સ્વદેશની રહેણી-કરણી, સ્વદેશની આવડત સ્વદેશની સભ્યતા, સ્વદેશની છટા, એ સઘળાં તેમણે પરદેશમાં પ્રદર્શિત કરવાનાં છે. એ અંગે પ્રતિનિધિ-મંડળો રાજકારણનું એક મહત્ત્વનું અંગ બની રહે છે,

રાજકારણ સિવાયનાં પ્રતિનિધમંડળોની પણ યોજના સમજવા જેવી છે. છતાં રાજકીય પ્રતિનિધિમંડળો કરતાં તેમનું મહત્ત્વ ગૌણ છે છતાં નૂતન વિશ્વમાં રાજકીય દૃષ્ટિએ ગૌણ લાગતાં સાંસ્કારિક ખેલ, રમત, કલાલક્ષી પ્રતિનિધાનો વધારે મહત્ત્વ ધારણ કર્યે જશે.

## માટીનાં માનવી : વાઘેર

ગુન્હેગારની વાત કરતાં આપણે રખે ભૂલીએ કે ગુન્હેગાર પણ સામજિક પેદાશ છે, જેવી બીજી સામાજિક પેદાશ સાધુ સંતની છે. સમાજરૂપી માળામાં સાધુ પણ એક મણકો અને ચોર લૂંટારો પણ એક મણકો. આજનું સમાજશાસ્ત્ર તો મોટે ભાગે માને છે કે ગુન્હેમાર ઉપજાવવાની જવાબદારી આપણી સૌની-એટલે આખા સમાજની છે.

ગુન્હો કરતાં કરતાં માનવી એ ગુન્હામાં માન સમજતો થઈ જાય છે; એટલું જ નહિ પણ પોતાના ગુન્હાઇત કૃત્યને એક કલા તરીકે ખીલવે છે અને પોતાનાં સગાંવહાલાંમાં તેનો ફેલાવો કરી અંતે એ બધાં મળી એક ગુન્હાઇત કોમ તરીકે સ્થાપિત થાય છે. આમ ગુન્હાઈત તરીકે સ્થાપિત થયેલી કોમ વંશપરંપરામાં કેટલાક ગુન્હા અને કેટલોક ગુન્હાઈત સ્વભાવ આપતી જાય છે, એટલે વંશવિસ્તાર વધતાં ગુન્હાઈત વૃત્તિ પણ વધતી જાય છે.

એક બાજુ એવી કોમને ગુન્હા કરતી અટકાવવી અને શાંત, વ્યવસ્થિત સમાજને રંજાડતી બંધ કરવી એ પોલિસનો, કાયદાનો અને કેદખાનાનો એક મોટો વહીવટી પ્રશ્ન બની જાય છે; બીજી બાજુ એ કોમને સામાજિક દૃષ્ટિએ, ન્યાયની દૃષ્ટિએ, આપણે બધાય માટીના માનવીઓ છીએ, અને ગુન્હેગાર ઉપજાવવામાં જવાબદાર છીએ એ, દૃષ્ટિએ તેમને સમાજના ઉપયોગી અંગ તરીકે અપનાવી લેવાનો પ્રશ્ન, રાજવહીવટનો એક મહાન પ્રશ્ન બની જાય છે.

હિંદ જેવા વિશાળ દેશમાં આવી કેટલીયે ગુન્હાઇત કોમો છે, જે ખિસ્સા કાતરવાથી માંડી ઠગાઈ, લૂંટ અને ચાંચીઆપણા સુધી, અરે ફાંસીખોરપણા સુધી પહોંચી ગયેલી હોય છે. ઝેર આપવામાં પણ કુશળતા ધરાવતી ટોળીઓ હોય છે. ગુન્હો કરવા તરફ તેમનું વલણ હોવા છતાં તેમનામાં કેટલાક એવાં સુંદર, માણસાઈ ભરેલાં લક્ષણો

હોય છે કે જે આવી કોમોને આકર્ષક પણ બનાવે છે, અને તેમનામાં રહેલા કેટલાક સદ્ગુણો પ્રત્યે આપણું લક્ષ્ય દોરી આપણને કાવ્ય-પ્રેરણા પણ આપે છે.

આવી એક વખત ગુન્હો કરવા ટેવાયલી ગણાતી કોમ તે વાઘેર કોમ. આજ તો વાઘેર કોમ શાંત, ખેતીપ્રિય, મજુરીપ્રિય. આછું-પાતળું ભણતી, લગભગ ઉપદ્રવહીન કોમ બની રહી છે. પરંતુ થોડાંજ વર્ષો પહેલા એ કોમનો રંજાડ ભયપ્રેરક હતો, એ કોમનું વીરત્વ કહાણીઓ અને કાવ્યપ્રેરક હતું અને તેમની પ્રવૃત્તિઓ યુદ્ધ અને ક્રાંતિપ્રેરક હતી, જે પ્રવૃત્તિઓએ ઈતિહાસનાં પણ કેટકેટલો પાનાં ચમકાવ્યાં છે. વાઘેરોના એ ઇતિહાસની ચમક પાંચ હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા શ્રીકૃષ્ણના સમયથી તે કંપની, બ્રિટિશ અને ગાયકવાડ સરકારના સમય સુધી ઝળકતી રહી છે. સૌ કોઈને પેલો દુહો તો યાદ હશે :

"સમય સદા બલવાન હય, નહિ પુરુષ બલવાન;
કાબે અર્જુન લૂંટીયો, વહી ધનુષ :વહી બાણ.

કૃષ્ણના માનવદેહનું અવસાન કાબાના તીરથી થયું હતું, અને કૃષ્ણ જતા સામર્થ્ય ખોઈ બેઠેલા અર્જુનને લૂંટનાર પણ કાબાઓ હતા. ઈતિહાસ-વેત્તાઓ કહે છે, કે આ કાબાનો જ વંશ તે આજના વાઘેરો. વાઘેરોની જન્મભૂમિ ઓખા-દ્વારકાનો પ્રદેશ; જો કે પાસેના પ્રદેશમાં તેઓ આછા વેરાયલા છે. એમની વસ્તી તો ઘણી થોડી છે; ભાગ્યે દોઢ-બે હજાર હશે, પરંતુ એમનાં પરાક્રમો અને વીરત્વભર્યાં કાર્યો ઠીક ઠીક વિસ્તૃત છે. નૃવંશવિદ્યાની દૃષ્ટિએ ઘણી જૂની પ્રાચીનતાને સ્પર્શતી આવતી વાઘેર કોમની દંતકથાઓમાં સીરિયાનો પણ સંબંધ આવી જાય છે. સીરિયાના કોઇ સક્કર બહેલીમ અને મેમ ધડૂકા નામના સરદારોની ઓખામાં સત્તા સ્થપાયાની દંતકથા છે. પ્રાચીન સીરિયામાં સક્કર બહેલીમ કે મેમ ધડૂકા જેવાં નામો હોય તે બહુ સંભવિત લાગતું નથી. સક્કર બહેલીમે ગજના શહેર પણ વસાવ્યું એવી એક વાત ચાલે છે. એમાંથી તથ્ય એટલું જ નીકળે કે વાઘેરોનો સંસર્ગ અને વાઘેરોની અવરજવર ઠેઠ સીરિયા સુધી તો

જરૂર હતી. મોહન-જો-ડેરો અને હરાપ્પાના અવશેષો હિંદની સંસ્કૃતિને સીરિયા સાથે સાંકળે છે. વાઘેરોના સરખી દંતકથાઓ એ સાંકળને મજબૂત બનાવે ખરી.

અરબસ્તાનમાં આવેલો મુસ્લિમ ધર્મીઓનો પવિત્ર પાષાણ કાબા પણ આ વાઘેર-કાબાઓના અરબસ્તાન સાથેના સંસર્ગનો સૂચક હોઈ શકે. વાઘેરો ધર્મે હિંદુ છે, દ્વારકાધીશના તેઓ ભક્ત છે, તેમનાં નામ પણ હિંદુ-ક્ષત્રિયોને મળતાં આવે છે, છતાં વાઘેરોમાં એક વર્ગ એવો પણ છે જે આછોપાતળો મુસ્લિમ ધર્મ પાળે છે, અને વાઘેરોમાં અને મુસ્લિમોમાં કન્યાવ્યવહારની છૂટ પણ છે.

આમ વાઘેર જેવી પ્રાચીન કોમે ગ્રીસ, સીરિયા, અને અરબસ્તાનના કિનારાઓ જોયા હોય અને તેમની સંસ્કૃતિની આછીપાતળી છાપ તેમણે મેળવી હોય એ સંભવિત છે. મુસ્લિમ ધર્મીઓને કન્યા આપી શકાય અને છતાં હિંદુ રહી શકાય એ સામાજિક સગવડ ઇતિહાસનો એક પડઘો છે.

બાંટવાના એક મુસ્લિમ દરબારના જનાનખાનામાં એક વાઘેર સ્ત્રી હતી. એ વાઘેર રાણીનો દેહ બહુ પ્રચંડ અને તેનું મુખ બહુ તેજસ્વી હતું. મોજશોખ ભોગવી નિર્બળ બની નાજુકીને શોધતા ખોળતા દરબારે કોઈના દેખતાં વાઘેર રાણીની પ્રચંડ દેહકળાની મશ્કરી કરી. વાઘેર રાણીએ પતિદેવને એવી મશ્કરી ન કરવા વિનંતિ કરી, પરંતુ મજબૂત સ્ત્રીના નિર્બળ પતિ અંતે તેના પતિ તો ખરા જ ને! તેમણે વિનંતિને હસી કાઢી, અને મશ્કરી કરવી ચાલુ રાખી. ભીંતે લટકાવેલી તલવાર વાઘેર રાણીએ ઉપાડી અને મ્યાનમાંથી બહાર ખેંચી! નાજુક પતિદેવ મશ્કરી બાજુ ઉપર મૂકી જીવ લઈ બહાર ભાગ્યા, અને એ વાઘેર રાણીને પછીથી મનાવવા માટે તેમણે બહુ પ્રયત્નો કર્યા, છતાં જીવનભર એ વાઘેર નારીએ પતિનું મુખ ન જોયું. સ્ત્રીઓને મજબૂત બનવાનો બોધ આપનાર પુરુષોએ આ વાઘેર કથા વિચારવા સરખી છે. સ્ત્રીઓને મજબૂત બનાવવા માગતા પુરુષોએ પણ મજબૂત બનવું પડશે!

શ્રી. રાયચુરા વાઘેર શબ્દની વ્યુત્પત્તિ માટે એક કલ્પના કરે

છે : કાઠિયાવાડમાં ઉચ્ચ પ્રદેશની વચમાં આવેલા ખાડાવાળા ભાગને—ખીણને ઘેર નામ આપે છે. ઊંચાણથી ઘેરાયેલો પ્રદેશ તે ઘેર. શ્રી. રાયચુરાએ પોતે જ પ્રસિદ્ધમાં આણેલો બીજો પ્રદેશ તે નાઘેર—એટલે જે પ્રદેશ જાતે જ ઊંચો હોય અને એની આસપાસ એથી વધારે ઊંચાણ ન હોય એ નાઘેર. એવી જ રીતે ઊંચી જમીનના ઘેરા વગરના પ્રદેશને વાઘેર કહેતા હોય અને પ્રદેશના નામ ઉપરથી તેમાં વસતી પ્રજાનું નામ પડયું હોય એ બહુ સંભવિત છે, જો કે હજી એ માત્ર કલ્પના જ કહેવાય.

ઓખામંડળમાં મધ્યયુગના રજપૂતોની પણ અવરજવર જાણીતી છે. ચાવડા રજપૂત કનકસેને વસાવેલી નગરીનાં ખંડેરો આજના વસાઈ ગામની આસપાસ જોવા મળે છે. કનકસેનના એક ભાઈ અનંતદેવે દ્વારકામાં ગાદી સ્થાપી, જેને પરમારવંશી હેરોલ રજપૂતોએ પદભ્રષ્ટ કર્યો. મારવાડથી રાઠોડો પણ તેરમા શતકમાં ત્યાં આવ્યા અને તેમણે હેરોલ સરદારનું ખૂન કરાવ્યું. ત્યારથી એ રાઠોડો વાઢેરને નામે ઓળખાય છે. વાઢી નાખનાર તે વાઢેર. એક હેરોલ રજપૂતની કન્યા આ ખૂનમાંથી બચી ગઈ, તેણે માલાણી વાઘેરને ઘેર આશ્રય લીધો; અને તે વાઘેરની પુત્રી તરીકે ઓળખાઈ. એક ચંદ્રવંશી હમીર આ વાઘેર કન્યા સાથે પ્રેમમાં પડયો, અને બન્નેનાં લગ્ન પણ થઈ ગયાં. ઘણા રજપૂતોને આ સંબંધ પસંદ ન પડયો. વાઘેર કોમની બહાદુરીના ઘણા પ્રસંગો ખરા; છતાં તેમની ચાંચીયાગીરી અને મચ્છીમારનો ધંધો તેમને સામાજિક કક્ષામાં નીચા જ ઉતારે. વાઘેર પુત્રીના પ્રેમી હમીરે પોતાની જાડેજા અટક તિરસ્કારમાં છોડી દીધી અને પોતાની નવી અટક માણેક રાખી. વાઘેરામાં આમ એ રજપૂત સંપૂર્ણ ભળી ગયો; ત્યારથી વાઘેરાનો રાજવંશ માણેકને નામે ઓળખાય છે.

આ વાઘેરાનું ચાંચિયાપણું પણ અરબી સમુદ્રનું એક ભયંકર ભયસ્થાન હતું. વાઘેરો સરસ વહાણવટી. દ્વારકા અને ઓખામાં ખુલ્લો અને રક્ષાયલો દરિયો પણ ખરો. હિંદની પશ્ચિમ બાજુએ સૌથી આગળ વધેલા દરિયાઈ ભાગ તરીકે આપણે ઓખા મંડળને ઓળખી શકીએ. પરદેશ ઉપર ઓખા મંડળની નજર પહેલી જ પડે. એ

ઓખામંડળના વાઘેરો વહાણો લઈ લહાણવટી બની દેશ–પરદેશ ફરતા અને વખત આવ્યે દરિયાઈ લૂંટ–ચાંચિયાપણું પણ કરતા. આખી વાઘેર કોમનો દેખાવ બહુ જ રૂઆબદાર, હષ્ટપુષ્ટ અને ભવ્ય. દોડવામાં એની બરોબરી ભાગ્યે જ કોઈ કરી શકે. સુપ્રસિદ્ધ મૂળુ માણેક, દેવા માણેક અને જોધા માણેકનો ઝવેર સીદીને નામે ઓળખાતો સાથીદાર ભલભલી ઘોડીઓને પણ બાજુએ મૂકે એવી ઝડપી અને લાંબી દોડ ધરાવતો હતો. વાઘેરોની ચાંચિયાગીરીના ઐતિહાસિક પ્રસંગો પણ ઘણા છે,

મહંમદ બેગડાના સમયમાં સમરકંદના એક ધર્મગુરુ મક્કાની યાત્રાએ જતા હતા. તેમને વાઘેરના એક સરદારે લૂંટી લીધા. તે વખતે સાંગણનો પુત્ર ભીમજી વાઘેરોનો સરદાર હતો. મહંમદ બેગડાએ વાઘેરો ઉપર ચઢાઈ કરી. ગમે તેટલી બહાદુર જાત; પણ અંગત શૂરાતન સિવાય બીજું કાંઈ પણ સાધન તેમની પાસે નહિ, એટલે દ્વારકા, બેટ તથા બીજા ટાપુઓમાં આશ્રય લેતો ભીમજી મુસ્લિમોને હાથે પકડાઈ આમદાવાદ ગયો. બેગડાની દંતકથા પ્રમાણે એનો દુશ્મન બે જ રીતે છૂટકારો મેળવે: કાં તો મુસ્લિમ બનીને: કાં તો મૃત્યુને ભેટીને. ભીમજીએ મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો નહિ, એટલે મુસ્લીમ ધર્મગુરુના લૂંટેલા વહાણ બદલ તેનો વધ કરવામાં આવ્યો અને તેના શરીરના ટુકડા અમદાવાદને દરવાજે લટકાવવામાં આવ્યા. ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહને અકબરે હરાવ્યો ત્યારે એ કમનસીબ સુલતાને ગુજરાત-કાઠિયાવાડ–કચ્છમાં જુદે જુદે સ્થળે આશ્રય લીધો. તેમાંનું એક આશ્રયસ્થળ તે વાઘેરોનો આરંભડા બેટ. મોગલોનું સૈન્ય અસંખ્ય અને વાઘેરો મુઠ્ઠીભર; છતાં જ્યારે આરંભડાને મોગલ લશ્કરે ઘેરો ઘાલ્યો ત્યારે વાઘેર સવાજીએ મોગલોને નમતું ન આપ્યું, મુઝફ્ફરશાહને કચ્છ બાજુ ભાગી જવાની સગવડ કરી આપી અને પોતે મોગલો સાથેના લડાઈમાં ખપી ગયો. એવી વાઘેરની ટેક કંઈક ઇતિહાસનાં પાનાં અજવાળી ગઈ છે. સવાજીના દીકરા સાંગણજીને સિંધમાંથી પાછો બોલાવી માણેક સામળાએ ગાદીએ બેસાડી મોગલોના થાણાને ઓખામાંડળમાંથી હાકી કાઢયાં. જામનગરનાંથી જામ રાયસિંહના

પુત્રોને વસાઈના માણેક વાઘેરે આશ્રય આપ્યો હતો. વાઢેર અને વાઘેર આમ તો જુદા ગણાય; છતાં અરસપરસ એક બીજાને સારી મદદ કરી ઓખાના વીરત્વને ઝળકાવ્યે રાખતા હતા.

આ બધી પ્રાચીન વાતો થઈ. આપણે ઓગણીસમી સદીમાં આવીએ. ઓગણીસમી સદીની શરૂઆત એટલે અંગ્રેજોની ચઢતી અને હિંદી રાજસત્તાની પડતી. એ વારાફેરામાં અંધાધુંધી ચારે બાજુએ ખરી. ઠગ પિંઢારાનો એ યુગ. કાઠી અને જત ધાડાંનો એ યુગ. બહારવટીઆઓ અને ડાકુઓનો એ યુગ. એ યુગમાં વાઘેરોની ચાંચીયાગીરી પણ ખૂબ ખીલી નીકળી હતી. દ્વારકા પાસે પસાર થતું અંગ્રેજ બહાદુરોનું એક વવાણુ વાઘેરોએ જોયું, તેને ભરદરિયે ઘેર્યું અને લૂંટયું. ઉતારૂઓને હેરાન કર્યાં એમ પણ નોંધ થઈ છે, વિજયનાં બારણાં ખખડાવતી અંગ્રેજ પ્રજાને લૂંટાવામાં હેરાનગતિ તો જરૂર લાગે! ઊતારૂઓમાં એક બાનુ પણ હતાં. લૂંટની ખબર પડતાં મુંબઈથી એક લશ્કરી વહાણ વાઘેરોને ઠેકાણે લાવવા મોકલવામાં આવ્યું; પરંતુ વાઘેરોના કરતાં યે વધારે તોફાની ઓખાનો દરિયો નિવડયો, એટલે લશ્કરી વહાણે ડૂબવા કરતાં મુંબઈ પાછા જવું વધારે પસંદ કર્યું.

૧૮૫૭નો બળવો પૂરો થયો અને તેના સમાચાર દ્વારકા વાઘેરોને મળે એ સ્વાભાવિક હતું. અંગ્રેજ અને ગાયકવાડ સરકારના અમલદારોએ તોફાની વાઘેરો ઉપર દંડ નાખ્યા હતા. એની વસુલાત પદ્ધતિથી વાઘેરો ઘણા કંટાળતા. અંતે વાઘેર સરદારોએ ભેગા થઈ બંડ ઊઠાવ્યું અને ઓખામંડળના અમલદારને છુપા વેશે ભાગી જવું પડયું. બંડ ઊઠે એટલે સાર્વભૌમ સત્તા સાંખી ન રહે. રાજકોટ, વડોદરા અને મુંબઈથી દરિઆઈ તેમજ જમીન ઉપરનાં લશ્કરો વાઘેરો ઉપર ચઢી આવ્યાં. કર્નલડૉનોવૉન અને કર્નલ લ સ્કોબી જેવા યોદ્ધાઓઓએ નિષ્ણાત લશ્કરો સાથે તોપને મારો ઓખા ઉપર ચલાવ્યો. સ્થમ ઘેરો બેટને ઘાલ્યો. વાઘેરાએ પણ જબરજસ્ત સામનો કર્યો, અને કૈંક નામીચા અંગ્રેજ લડવૈયાઓ બેટની ભૂમિ ઉપર મરણને શરણ થયા. બહારના સૈન્ય સામે લાંબો વખત ટકી શકાય એમન ન હોવાથી વાઘેરો બેટમાંથી ભાગી સામે કિનારે પહોંચ્યા. અંગ્રેજોએ બેટ

ઉપર તોપમારો ચલાવ્યો અને ત્યાંનાં મંદિરોને ઘણું નુકસાન પહોંચડયું. વાઘેરો દ્વારકામાં ભરાયા, એટલે અંગ્રેજ સૈન્યે દ્વારકાને ઘેરો ઘાલ્યો, અને તેમણે દ્વારકા જીતી લીધું. દ્વારકાધીશના મંદિરને પણ અંગ્રેજોની તોપથી ઈજા પહોંચી. એ ઘેરામાંથી ભાગી ગયેલા વાઘેરવીર જોધામા ત્રણેક, મૂળુ માણેક અને દેવા માણેક લોકકલ્પનામાં નવલકથાનાં પાત્ર બની ચૂકયા છે. દ્વારકાથી ભાગી તેઓ બરડાના ડુંગરમાં ભરાયા અને તે ડુંગરમાંથી વખતોવખત નીકળી આવી આઠેક વર્ષ સુધી આખા કાઠિયા. વાડને તેમણે ત્રાહી પોકરાવી. એમના નામની હાક વાગતી. રોતાં બાળકો તેના નામે છાનાં રહી જતાં અને તેમનું નામ સાંભળતાં ભલભલા શૂરવીરોના રાજા ગગડી જતા. જામનગર, જૂનાગઢ, અમરેલી, કોડીનાર એ સર્વ સ્થળો જોધા અને મૂળુના ભયથી થરથર કાંપતાં રહેતાં હતાં. બાહોશ અંગ્રેજ અને દેશી સરદારોએ આ બન્ને માણેકને પકડવા બહુ બહુ યોજનાઓ ઘડી, અને જંગલો તથા પર્વતો ખૂંદ્યા; પણ એ ભાઈઓ હાથ ન લાગ્યા. જોધો માણેક ગિરનારમાં મૃત્યુ પામ્યો અને મૂળુ માણેક હાલારમાં મૃત્યુ પામ્યો. મૂળુ અને દેવાની મરણકથા કાવ્યપ્રેરક છે.

અંતે આઠ વર્ષે એક સ્થળે દેશી સીબંદી લઈ ફરતા અંગ્રેજો અને મૂળુ માણેક તથા દેવા માણેકનો સામનો થયો. એક બાજુ અંગ્રેજ સેનાપતિઓના હાથ નીચેની ટુકડી અને સામી બાજુ આ બે વાઘેરો. સામસામા ગોળીબાર લાંબો વખત ચાલ્યા. બન્ને વાઘેરોનાં શરીર ગોળીઓથી વીંધાઈ ચાળણી બની ગયાં. બન્નેનાં આંતરડા પેટની બહાર આવ્યાં, છતાં એ આંતરડાંને પેટમાં પાછાં નાખી, વડની વડવાઈઓ પેઠે બાંધી. પડખામાં હથિયાર રાખી બન્ને વાઘેરવીરો મરવા માટે સૂતા. વાઘેરની ગોળી અવાતી બંધ થઈ એટલે ધીમે ધીમે ઝાડ ઉપર ચડી નજર કરતાં અંગ્રેજ સાહેબોએ જોયું કે મૂળુ અને દેવાનાં શબ એક વડ નીચે પડયાં છે. પરંતુ શબ પાસે ઝડપથી જવાની કોઈની હિંમત ચાલી નહીં ધીમે...બહુ ધીમે ઘોડા ઉપરથી ચોગરદમ ફરી, ડગલું ડગલું આગળ વધી શબથી પણ ડરતા બે નિષ્ણાત સાહેબો, હેબટ અને લાટુસ, વાઘેરોના શબ પાસે આવવાની હિંમત વધારતા ચાલ્યા, શબથી ૧૦ ફીટ દૂર આવ્યા, ૮ ફીટ દૂર આવ્યા ૫ ફીટ દૂર

આવ્યા અને અંતે છેક પાસે આવી લાગ્યા. મૃત વાઘેરોના શબમાં આછો પણ જીવ રહ્યો છે કે નહિ તેની ખાત્રી કરવા બન્ને સાહેબોએ એ વાઘેરોના દેહમાં ભાલ ખોસ્યા, છતાં એકે શરીરનું રૂવાડું સરખું હાલ્યું નહિ. બન્ને ગોરાઓને હવે ભય ન રહ્યો. બન્ને શબની પાસે બન્ને ગોરાએ આવી લાગ્યા, અને ચમત્કાર થયો ! બન્ને વાઘેર વીરોનાં ભાલાવાળાં મુર્દાં બેઠાં થઈ ગયાં ! મૂળુ માણેકે પાસે રાખેલી તલવાર ખેંચી, આખા જીવનનું જોર લાવી એવો પ્રબળ ઘા હેબર્ટ ઉપર કર્યો કે એ ગોરા દેહના બે ટુકડા થઈ ગયા. એ જ ક્ષણે દેવા માણેક પાસે પડેલી બંદુકનો ઘોડો દબાયો, સણસણતી ગોળી લાટુસના દેહમાં પેસી ગઈ અને આમ એ બન્ને અંગ્રેજોને મારી મુળુ અને દેવામાણેકે છેલ્લો શ્વાસ લીધો. આ વાઘેર વીરો મરતાં એક દૂહો કાંઠિયાવાડમાં પ્રચલિત થયો :

**નારી નત રંડાય, નરને રંડાપો હોય નહિ;**
**પણ ઓખો રંડાણો આજ, મરતાં માણેક મૂળવો.**

હવે તો વાઘેરો ભણે છે, ગણે છે, મજૂરી કરે છે, ધંધો કરે છે અને શાંતિપ્રિય સમાજઘટક તરીકે સામાન્યતામાં આવી ગયા છે. પરંતુ આ માટીના રહેલાં અથાગ સાહસ, અપૂર્વ શૌર્ય, અસીમ ઉદારતા, આદર્શ માટે જાન આપવાની તૈયારી અને મોતને પણ ઠોકર મારતી નિર્ભયતા આપણને ચકિત કરે છે. સમાજમાં આવા ગુણો જરૂર ખીલવા જોઈએ. અને તેમાંયે આઝાદ હિંદમાં તો વાઘેરના સદ્‌ગુણોને જરૂર આમંત્રણ મળતાં જોઈએ. એ વગર હિંદની આઝાદી ફિક્કી બની જશે. અસીમ સાહસમાંથી જન્મતી ચાંચિયાગીરી કે લૂંટફાટની વૃત્તિ સમાજમાં ન જોઈએ; સમાજના કોઈ ઘટકમાં ન જોઈએ. છતાં વાઘેરોનો વિચાર આવે છે ત્યારે પૂછવાનું જરૂર મન થાય છે કે ઓગણીસમી સદીના વાઘેરો સારા કે વીસમીસદીના કાળા બજારીઓ સારા ? વાઘેરોની લૂંટફાટને નીતિની કોઈક પણ મર્યાદા હતી. કાળાં બજારમાં કઈ નીતિમર્યાદા છે એ હજી શોધનો વિષય છે. માટીના માનવીમાં માણેક ઉપજાવવાની શક્તિ છે, એમ વાઘેરોના જોધા માણેક, દેવા માણેકના જીવન ઉપરથી આપણે જોઈ શકીશું.

# માટીનાં માનવી: મિયાણા

ગુજરાત અને કાઠિયાવાડ લોકજાતિઓનું એક સરસ સંગ્રહસ્થાન છે, અભ્યાસીઓને......ખાસ કરીને Anthropologists માનવ-વંશના અભ્યાસીઓને આજના જીવંત લોકોમાંથી અભ્યાસનાં ઘણાં સારાં સાધનો મળી આવશે. એમાં ઊંચામાં ઊંચી સંસ્કારી કોમો પણ છે અને ગુન્હા કરતી સ્થિર કે ભટકતી જાતો પણ વસે છે. ગુન્હાની દૃષ્ટિએ ઓળખાતી કોમમાં મિયાણા કોમ બહુ આગળપડતી છે.

દુનિયામાં સારું અને ખોટું એ બે પ્રવાહ ચાલ્યા જ કરે છે. સમાજે જીવનનાં કેટલાંક ધોરણો નક્કી કર્યાં છે. જે ધોરણ પાળીને જીવન ગુજારતો હોય તે સારો કહેવાય અને ધોરણ બહાર જઈને જીવન ગુજારતો હોય તે ખોટો, ખરાબ અને ગુન્હેગાર પણ કહેવાય.

આવી એક ગુન્હેગાર ગણાતી કોમ મિયાણીની. આપણે જેને ગુન્હેગાર ગણીએ તે કોમો ખરેખર ગુન્હામાં ટેવાયલી કોમ હોય છે અને ઘણાં સમાજવિરોધી કાર્યોમાં તે રોકાયલી રહે છે. એ રીતે આવી કોમો સમાજ ઉપર ભારણરૂપ છે અને તેમને માટે ખાસ કાયદાઓ, ખાસ વહીવટી ગોઠવણો અને વિશેષ પ્રકારના ઉપચારો કરવા પડે છે, જેમાં મોટા ભાગનો બોજો પોલીસ ખાતાને માથે આવી પડે છે. કબજે રાખવા અને સુધારવા માટેનાં પગલાંનો અભ્યાસ કરવો પડે છે.

એ અભ્યાસમાં એટલું પણ જણાઈ આવ્યું કે આવી કોમો સમાજ વિરોધી કાર્યો કરે છે ખરી. છતાં તેમની બુદ્ધિ, શક્તિ, યુક્તિ અને તેમના કેટલાક સિદ્ધાંતો ઘણી વાર સમાજનું માન મેળવે એવા પ્રકારનાં હોય છે. એટલે ગુન્હાઈત જાત માત્ર તરછોડવા જેવી, તિરસ્કારવા જેવી કે નાબુદ કરવા જેવી નથી. તેમના સારા ગુણો ચાલુ રહે અને તેમની ગુન્હાઈત વૃત્તિ ઘટતી જાય એવી વ્યવસ્થા રાજ્યે અને સમાજે કરવી જોઈએ. માટે આવી કોમોનો અભ્યાસ બહુ ઉપયોગી થઈ પડે છે.

આપણે મિયાણા કોમનો પરિચય કરીએ.

કચ્છનો અખાત અને કચ્છનું રણ કાઠિયાવાડ ગુજરાતને કચ્છથી અલગ પાડી દે છે. અખાતને લાગીને જ કચ્છનું નાનું રણ આવેલું છે તે રણનો કેટલોક ભાગ કાઠિયાવાડની ઉત્તરસીમાને ઘેરી રહ્યો છે. એ રણની પાસે કાઠિયાવાડ કિનારે માળિયા નામે એક ગામ આવેલું આજ સુધી તો માળિયા એક દરબારી ગામ હતું. મિયાણા તે માળિયા ગામના ખાસ વતની. મુખ્ય વસ્તી માળિયામાં હોવા છતાં સિંધ અને કચ્છમાં તેમની થોડી થોડી વસ્તી છે ખરી. પાલનપુર, અમદાવાદ સુધી વેરાયેલાં બધાં સ્ત્રી પુરુષો મળી દસેક હજાર મિયાણાની વસ્તી ગણાય. ઈતિહાસકારો કહે છે કે મિયાણા અસલ સિંધના વતની, દરિયાકિનારે વસે અને માછીમારનો ધંધો કરે. દરિયા સાથે સંબંધમાં આવનારી ઘણીખરી પ્રજાઓની માફક મિયાણા બહુજ મજબૂત જાત. પથરાતા પથરાતા તેઓ કચ્છ ભુજમાં આવ્યા, અને દેશ છોડી પરદેશ આવતાં તેમની તોફાની અને ગુન્હાઈત વૃત્તિ વધતી ચાલી. બસો સવા બસો વર્ષ ઉપરાંતની વાત છે, જ્યારે માળિયાના દરબાર અને તેમના વડીલ શાખાના મોરબીના ઠાકોર વચ્ચે ઝઘડો થયો. માળિયા દરબારે મિયાણાની શક્તિ પીછાણી હતી એટલે મોરબી સામે પોતાને મદદરૂપ થઈ પડે તે માટે કચ્છમાંથી મિયાણાઓને બોલાવી માળિયામાં વસાવ્યા, તેમને જમીનો કાઢી આપી, અને પોતાના હક્કનાં ગામો માળિયા દરબારને મળે અને તે મોરબીથી સ્વતંત્ર થાય એવી રીતે મિયાણાઓએ દરબારને મદદ પણ કરી. પરંતુ મિયાણાને બોલાવવાનું દરબારનું પગલું તેમના વંશજોને ભારે થઈ પડયું. કાઠિયાવાડની અશાંત અને તોફાની કોમમાં મિયાણાઓને અગ્રસ્થાન મળ્યું અને ચોરી, લૂંટફાટ અને કાયદા વિરોધી કૃત્યો કરવામાં તેમણે ભારે નામના મેળવી. મિયાણાઓને કાયદામાં રાખવા એ કાર્ય એક મોટી સમસ્યા બની ગયું.

મિયાણો એટલે ઊંચો, ભરાવદાર, સ્નાયુબદ્ધ અને ચપળ માનવી. એને ઘોડે બેસતાં પણ સારું આવડે અને તીર અને બંદુક મારતાં પણ સારું આવડે. એની હિંમતનો પાર નહિ, અને ગુન્હાઈત કાર્યમાં તેનું

ચાતુર્ય પણ ઘણું ભારે. આ શક્તિઓ સાથે સરસ સૈનિક થવાને બદલે મિયાણાઓએ ચપળ ચોર, ભયંકર ડાકુ અને ક્રૂર લૂંટારા તરીકે નામના મેળવી. મિયાણાઓ એકથી ત્રીસ વિભાગમાં વહેંચાઈ ગએલા છે અને દરેક વિભાગનો એક એક ઉપરી હોય છે.

મોટે ભાગે મિયાણાઓ ખુલ્લામાં રહેતા અને કુટુંબવાર ઝૂંપડાં બાંધી જીવન ગુજારતા. બાજરીના પુળાની તેમની ઝૂંપડીઓ "વાઢ" તરીકે ઓળખાતી. ટોળાબંધ આ વાઢમાં ભેગા થઈ સંતલસ કરી કોઈ આગેવાનની સરદારી નીચે તેઓ પોતાની ચોરી લૂંટની પ્રવૃત્તિ કરતા, અને ચોરેલા માલને દાટવા સંતાડવા માટે બહુ બાહોશી બતાવતા. મિયાણાઓની આ લૂંટફાટ અટકાવવા માટે બહુ ભારે પ્રયત્નો કરવા પડયા છે, છતાં વિશ્વાસ રાખી શકાય એવો સુધારો તેમનામાં થયો હોય એવું અનુભવીઓને લાગતું નથી.

મિયાણો જાતે ખૂબ દેખાવડો. મિયાણી સ્ત્રી પુરુષો કરતાં પણ વધારે દેખાવડી. મિયાણા સ્ત્રીની નીતિ હળવી ગણાય. બન્નેમાં ચપળતા ઘણી અને થાક તો તેઓ જાણે જ નહિ. મિયાણા પોતાને મુસલમાન કહેવડાવે છે અને પોતાના મૃત માણસને દાટે છે અને પીરની માનતા માને છે. છતાં તેમની રહેણી કરણી અને આદર્શોમાં રજપૂતોને તેઓ ઘણા મળતા આવે છે. રજપૂતોના ગુણ અને અવગુણો સાથે મળતા તેઓ હિંદુ. તેમના પીરની દરગાહ મુલતાનમાં છે. ચોરી અને લૂંટ ફાટ અંગે મિયાણાઓ ઉપર વધારે જાપ્તો રખાય તો તે જાપ્તાને બ્હાને મુલતાન પણ ભાગી જાય છે.

એક સમય તો એવો હતો કે ઝાલાવાડના ખેડૂતોને ખેતી કરવા જવું હોય તો શસ્ત્રસજ્જ રહેવું પડતું અને કોઈ ઊંચા વૃક્ષ ઉપર ચોકિયાતને બેસાડી તપાસ રાખવી પડતી કે રખેને મિયાણાના ઘોડા તેમને ઘેરી લે, તેમનાં ઢોર અને હળ ઓજારોને ઊંચકી જાય, અને તેમનાં ઘરબાર લૂંટી જાય. જો ઢોર ઢાંક કે મિલકત મિયાણાના હાથમાં આવતી તો તેઓ રણ ઓળંગી સિંધ, કચ્છ કે વાગડમાં આ બધો ચોરીનો માલ જોતજોતામાં વેચી આવતા.

ગાયકવાડના સૈન્યનો એક આરબ સિપાઈ સાંજને વખતે ઘૂંટ

ણીએ પડી નમાજ પડતો હતો. એ રસ્તેથી એક મિયાણો જાય. મિયાણાએ સહજ મશ્કરીમાં પૂછ્યું કે આમ ઘૂંટણીએ પડી ઘડી ઘડી નમન કરતા આરબને આવી બધી બીક કોની લાગે છે? આરબ પણ સૈનિક હતો, મિયાણાને તેણે ઓળખ્યો, અને જવાબ આપ્યો:

"અલ્લા સિવાય... ઈશ્વર સિવાય મને કોઈનો પણ ભય નથી. તારો–મિયાણાનો પણ નહિ.

મિયાણાએ હસીને સામો જવાબ આપ્યો: 'એમ ? તમે ઈશ્વરથી ડરો છો? મારી સાથે માળિયા આવો તો હું તમને બતાવું કે અમે માળિયામાં ઈશ્વરથી પણ ડરતા નથી."

સપડાઈ જાય ત્યારે ફાવે તેવાં વચનો તેઓ આપે, પરંતુ એકે વચન કે એકે જામીનગીરી મિયાણાઓ પાળશે કે કેમ તે વિષે અમલદારોને સદા શંકા રહેતી. એક બાજુએ તહેવારોમાં તોફાન નહિ કરીએ, સ્ત્રીઓની મશ્કરી કરીશું નહિ, ચોરી લૂંટ કરવી એ ખોટું છે, એવું ખત ઉપર લખી આપે અને બીજી ક્ષણે ધોરી રસ્તા ઉપર લોકોને લૂંટી ગામડાઓ ઉપર છાપા મારે, ઢોર વાળી જાય, ઘર–ફોડ ચોરી કરે, સ્ત્રીઓને ઊંચકી જાય અગર બળજબરીથી કોઈ શેઠ-શાહુકાર કે વેપારી પાસે પૈસા પડાવે. કેટલાક અભ્યાસીઓનું તો એમ માનવું છે કે લુટારાઓ તરીકેનું મિયાણાઓનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે! વેર લેવાની પણ તેમની ભારે ખાસિયત જણાય છે, અને વિરોધીઓનાં નાક કાપી જીવનભરની શરમમાં નાખવાની કલા તો મિયાણાઓની જ કહેવાય. કેદખાનાં ભાંગવાં અને પહેરામાંથી નાસી છુટવું એ કલા પણ તેમણે સારી રીતે સાધ્ય કરી છે. હથિયારો અને દારૂગોળો સારા પ્રમાણમાં તેઓ પોતાની પાસે રાખતા અને સારાં હથિયારો મેળ-વવામાં ચોરી કે લૂંટ કરતાં તેમને જરીકે સંકોચ થતો નથી. સાઠસાઠ અને સો સો માઇલ પોતાના સ્થાનથી દૂર જઈ ચોરી અને લૂંટ મિયાણાઓએ કર્યાનાં જોઈએ એટલાં દષ્ટાંતો છે.

ચાલીસેક વર્ષ ઉપરની એક વાત છે, જ્યારે અમદાવાદ, વડોદરા અને ખંભાતમાં રંજાડ કરી રહેલા મિયાણાઓને પેટલાદ કેદમાં પૂર્યા,

જે કેદખાનું તોડી આઠ વર્ષ સુધી તેઓ પકડાયા નહિ. લોકોમાં વ્યાપેલો થરકાટ હજી મને પણ યાદ છે. અમદાવાદ જિલ્લામાં મોટા પાયા ઉપર કોળી અને મિયાણાની એક ટોળી ઊંટ પર ચઢી ભારે લૂંટ કરવા લાગી. આ લૂંટફાટમાં જે યુકિત, ચાપલ્ય અને નીડરતા તેમણે વાપરી તે જો કોઈ સારા કામમાં તેમણે વાપરી હોત તો એ ટોળીઓ પૂજાત. પરંતુ પૂજાવાને બદલે એ ટોળી બીજી રીતે નામાંકિત તો બની. મહાપ્રયત્ને આ ટોળીના મિયાણા પકડાયા, તેમની ઉપર કામ ચાલ્યું અને તેમને કેદની સજા થઈ.

હવે આ ટોળીએ એકલા અમદાવાદ જિલ્લામાં જ રંજાડ કરેલી નહિ. તેમની રંજાડને સરહદ સીમાડા હોતાજ નથી. એટલે વડોદરા રાજ્યમાં પણ આ ટોળીએ અનેક ગુન્હા કર્યા હતા. વડોદરા રાજ્યના ગુન્હાની તપાસ માટે મિયાણાઓને વડોદરાના અધિકારીને સોંપ્યા અને અદાલતમાં તેમનું કામ ચાલે તે દરમિયાન પેટલાદ ગામના સારા બંદોબસ્તવાળા કેદખાનામાં તેમને રાખવામાં આવ્યા. યુક્તિ-પ્રયુક્તિ તથા બાહોશીપૂર્વક અને ભયંકર સાહસ ખેડી સંતલસ અનુસાર આ મિયાણાઓએ કેદખાનામાં ભયંકર તોફાન મચાવ્યું. પહેરેગીરોને ગભરાવી, દબડાવી તેમનાં હથિયારો ઝૂંટવી લીધાં અને કેદખાનાના બુરજ ઉપર ચઢી લોકોને પણ બંદુકના બારથી ગભરાટમાં નાખી કેદખાનાની દીવાલો કૂદી સઘળા મિયાણાઓ ભાગી ગયા. આખા ગુજરાતમાં આ બનાવે સનસનાટી ઉપજાવી અને જેમ એક પાસ મિયાણાઓએ ભય ઉપજાવ્યો તેમ બીજી પાસ તેમની બહાદુરી અને તેમના સાહસ માટે તેમણે પ્રજાનાં હૃદયમાં કંઈક માનભર્યું સ્થાન લીધું એમ પણ કહી શકાય.

પેટલાદથી ભાગી આ મિયાણા સિંધ, કચ્છ, કાઠિયાવાડ, અને અમદાવાદ જિલ્લાઓની સરહદોમાં રખડતા રંજાડ કરી રહ્યા. આખું વર્ષ વીતી ગયું છતાં આ મિયાણાઓ પકડાયા નહિ, પોલિસને ભારે તૈયારીઓ કરવી પડી, મિયાણાઓનો સતત પાઠલાગ કર્યો ત્યારે અંતે ઘેરાયલા મિયાણાઓએ બહુ બહાદુરીભર્યો સામનો કર્યો, મોટા

ભાગના ગોળીએ વીંધાઈ મરણ પામ્યા અને માત્ર જૂજજાજ ગુનેગારો હાથ લાગ્યા. આ પ્રસંગ ઉપરથી મિયાણાઓની બહાદુરી, ઉપદ્રવની તાકાત, કાવત્રાં અને વ્યૂહરચનાની આવડત અને અસીમ સાહસનો સૌને ખ્યાલ જરૂર આવશે.

મિયાણા મરી જાય પણ ગુન્હો કબૂલ કરે નહિ; માત્ર તેમની ટોળીના આગેવાનો કોઈ કારણસર ગુનાની કબુલાત કરવા પ્રેરાય, તો જ મિયાણો પોતાની ચોરી લૂંટ વિષે સાચી વાત કહે.

ચોરીનો માલ સંતાડવામાં પણ મિયાણાઓ બહુ કુશળ હોય છે, એમનો ચોરેલો માલ લઈ તેને ગાળી વેચવાની વ્યવસ્થા કોઈ વાણિયો, બ્રાહ્મણ કે લુવાણો ખસુસ કરનાર કોઈ મળી આવે છે.

આપણે એમના ગુન્હાને ક્ષણભર પણ પસંદ ન કરીએ. પરંતુ ગુન્હાઓની આસપાસ પ્રદર્શિત થતી તેમની કલા, આવડત, બહાદુરી, અને સાહસો તો જરૂર આપણું ધ્યાન અને માન ખેંચે ખરાં. આવી કોમ જેને મરવા મારવાની બીક નહિ એ સમાજનું ઉપયોગી અંગ બની રહે તો તેમનામાંથી દેશનું રક્ષણ કરનારા કેટકેટલા વીર સૈનિકો મિયાણા કોમમાંથી ઉપજી આવે.

માત્ર પોણોસો વર્ષ ઉપરની એક વાત છે. આપણા બાપ કે દાદાના વખતની એ વાત છે, જે વાત કહેનાર અને સાંભળનાર હજી પણ હયાત હોય એ સંભવિત છે. ઈ. સ. ૧૮૮૦–૯૦ નો દસકો હતો ત્યારે કાઠિયાવાડમાં મોવર સંધવાણીનું નામ નાના મોટા સૌને મુખે રમતું હતું. માળિયા દરબારનો એ જમાદાર કહેવાય; પરંતુ એનું કામ લૂંટફાટનું.

માળિયા અને મોરબી ભાઈ ભાઈનાં રાજ, છતાં લાંબા વખતની અદાવત ચાલ્યા જ કરે. મોરબી દરબારની સોનાની પાટો અને મશરૂના તાકા ઊંટ ઉપર લદાઈ ચાલ્યા આવતા હતા. મોવર અને એના આઠ સાથીઓએ છાપો માર્યો, અને માલ લૂંટી લીધો. આખો કાઠિયાવાડ પ્રદેશ આ લૂંટથી ચમકી ગયો. માળિયા ઠાકોર ઉપર એજન્સીએ ખૂબ

દબાણ કર્યું. એટલે મોવર જમાદારે પોતાનું નામ જાહેર કરવાની હા પાડી અને એજન્સીની ફોજ તેના કુબાને ઘેરી વળી. રોઝડી ઘોડી ઉપર ચઢી મોવર ઝૂંપડીમાંથી બહાર નીકળ્યો અને આખી ટુકડીને પડકાર કરી વીજળીની ઝડપે ઘેરામાંથી પસાર થઈ ઘેરામાંથી બહાર નીકળી ગયો. અને ત્યાર પછીનાં આઠ વર્ષ મોવર સંઘવાણીએ બહારવટિયા તરીકે વિતાવ્યાં, જેમાં એણે લોકોને ધ્રુજાવ્યા પણ ખરા અને સાથે સાથે કેટલીક નેકીભરી નામના પણ મેળવી. ઇંગ્લંડના સુપ્રસિદ્ધ બહારવટિયા રોબીન હુડની માફક મોવર સંઘવાણી પ્રજાની કલ્પનાને પ્રિય થઈ પડે એવો બહારવટિયો થઈ ગયો. એના પરાક્રમની અને નેકની અનેક વાતો હજી સુધી પ્રચલિત છે.

કાઠિયાવાડના એક ગામને પાદરે વાવ હતી. ગામમાં વણિક અને ઉજળા લોકોની વધારે વસ્તી હતી. પ્રભાતમાં એ કોમની સ્ત્રીઓ પાણી ભરવા એક પછી એક આવવા લાગી. મોવર સિંધવાણી ત્યાં આવી ચડયો. વાવ પાસે એક નાનું સરખું ભોંયરૂ પણ ત્યાં હતું સિંધવાણીએ એકે એકે બધી પનિહારીઓને ભોંયરામાં પૂરી, અને તેમને અર્ધ મશ્કરીમાં કહ્યું :

"બહેનો, તમને હું બહેનો કહીને બોલાવું છું. તમારો વાંકો વાળ નહિ થાય. આબરૂભેર તમને હું પાછાં મોકલીશ. પણ આ તમારા ભાઈ મોવર સંઘવાણીને તમારાં ઘરેણાંની જરૂર છે, દેહ ઉપર જે હોય તે ઘરેણાં કાઢી આપો, અને પછી ઘેર જઇને કહો કે નેકીવાલા મોવરે કોઈ બહેનને છેડી નથી.

મોવરનું નામ સાંભળતાં ભય ન પામે એવું કાઠિયાવાડમાં કોઈ ન હતું. પનિહારીઓએ ટપોટપ ઘરેણાં કાઢયાં, બહારવટિયાએ ઘરેણાંનો ઢગલો ભેગો કરી લીધો અને ઘોડી ઉપર બેસી તે રવાના થઈ ગયો. ધનિકો તરફ બહારવટિયાઓની નજર સદા રહે છે.

માળિયાના કારભારી ગિરધરલાલ કામદારે મોવર સિંધવાણીની વીજીબાઈ નામની એક પત્નીની મશ્કરી કરી. માળિયામાં ત્યારે મોવર વિરુદ્ધ ભારે જાપ્તો રખાતો. એ જાપ્તાને વટાવી મોવર ઘણું

ખરું રાત્રે પોતાના કુટુંબ ભેગો આવી રહેતો. પરંતુ તે છુપાઈનેજ. વીજીબાઈને દિવસો રહ્યા. કારભારીએ વીજીબાઈની મશ્કરી કરી પરપુરુષના સંબંધનું સૂચન કર્યું. વીજીબાઈએ આ મશ્કરીની વાત મોવરને કરી. માળિયાની નજદીક કારભારી...ગીરધરલાલ એક દિવસ સીગરામમાં આવતા હતા, ત્યાં મોવરે તેમને ઝાલ્યા અને પોતાની પત્નીની કરેલી મશ્કરીનો જવાબ માગ્યો. કારભારી કરગરી પડયો અને ૫૦૦૦ રૂપિયા સિંધવાણીને આપવા માંડયા. પણ મોવરે હસીને કહ્યું :

"જુઓને કારભારી, જેમ તમે ઠેકડીના શોખીન છો તેમ મારી બીજલ પણ ઠેકડીની શોખીન છે. એને પણ હસવાનું સાધન જોઈએ ને ?'

આટલું કહી મોવરે કારભારીનું નાક કાપી લીધું, અને એ ગુનાની ખબર કારભારી આપે એ પહેલાં ગાઉના ગાઉ મિયાણાની ટોળી નીકળી ગઈ.

મોવરને બહાદુરીની પણ ભારે કિંમત હતી. એક વરની જાન જુવાન બ્રાહ્મણ વળાવિયા સાથે ચાલી જતી હતી. મોવરે તેને અટકાવી. બ્રાહ્મણ જુવાન એકલો બહારવટિયાની ટોળીની સામે થયો. સંધવાણીએ તેને બંદુક બતાવી. પરંતુ એ બ્રાહ્મણ યુવક ખસ્યો નહિ. સંધરાણીએ બ્રાહ્મણની પીઠ થાબડી કહ્યું : "રંગ છે જુવાન, તું સાચો વળાવિયો છે. તારી જાન ન લુંટાય." કહી તેણે જાનને જતી કરી.

આ મિયાણા બહારવટિયાની આવી તો કંઈક વાતો છે.

અંતે સાલમન નામના એક ગોરા સાહેબે છ માસમાં સંધવાણીને પકડવાનું પણ લીધું. મુદ્દત થવા આવી. છેવટે તેના ભાઈ પેથાએ આવી સંધવાણીના કુટુંબની દુર્દશાનું વર્ણન આપ્યું અને સાહેબને શરણે થવાનું કહ્યું. એ શરણની પાછળ સાહેબનો એક કોલ હતો કે સંધવાણી હાજર થશે તો તેને જરાપણ સજા નહિ થાય. અને થયું પણ તેમ. મોવર હાજર થયો, દસ દિવસ તેના ઉપર મુકદમો ચાલ્યો અને બહારવટિયાની લાલ આંખ નીહાળી રહેલા કોઈપણ સાક્ષીએ એમ ન કહ્યું કે લૂંટ કરનાર આ મોવર જ હતો.

આટઆટલાં બહારવટાં કરનાર મોવર નિર્દોષ છુટયો અને જામ. નગરના જામ વિભાજીએ તેને જમાદારી પણ આપી.

આ આખી કથા જસ્ટીસ બીમન અને કિનકેડ જેવા અંગ્રેજોએ નોંધી છે. એમાં મિયાણા કોમનું તાદશ્ય પ્રતિબિંબ પડે છે. આજ તો મિયાણા લૂંટારા અદશ્ય થયા છે, છતાં પૂછવાનું મન થાય કે મિયાણો બહારવટિયો વધારે સારો કે કાળા બજાર કરી ધનિક બનતો આજનો વેપારી સારો ?

• •

## રમણલાલ વ. દેસાઈ

વડલા શા વિશાળ કુટુંબની જવાબદારી વહેતાં, વડોદરા જેવા મહત્ત્વપૂર્ણ ને પ્રગતિશીલ રાજ્યમાં ઉચ્ચ કક્ષાની વહીવટી કામગીરી દક્ષતાથી બજાવતાં, સંગીત-વ્યાયામ-રમતગમત-પુરાત્ત્વ-સામાજિક સેવાકાર્ય એવા અનેકવિધ શોખ સાથે લેખનને પૂરક-પોષક એવી સંશોધનપ્રવૃત્તિમાં સતત રમમાણ રહેતાં રહેતાં માતબર અને મબલખ સાહિત્યના સર્જન દ્વારા ગુજરાતને અડધી સદી સુધી આ સિદ્ધહસ્ત સર્જકે પોતાની સાથે રાખ્યું હતું. રમણલાલ વ. દેસાઈનાં સાહિત્યસર્જન પાછળ ગુજરાત ઘેલું હતું. એમની નવી નવલ ક્યારે બહાર પડે છે તે જોવા-જાણવા ગુજરાતનો વિશાળ વાચકવર્ગ ઉત્કંઠિત રહેતો. એમનાં પાત્રો પરથી સંતાનોનાં નામ પડાતાં ! ત્યારે સંસ્કારિતાનો એક માપદંડ 'ર. વ. દે.નું સાહિત્ય વાંચ્યું છે કે નહિ' તે હતો. કેટકેટલા નવોદિત અને પછીથી પ્રતિષ્ઠિત લેખકોનો પ્રેરણાસ્રોત હતા ર. વ. દે.. એક આખા યુગને એમણે પોતાના સર્જનમાં સમેટ્યો અને બીજા યુગોનાં ચિત્રણ-અર્થઘટનમાંયે એને વિવિધ સંદર્ભે સાંકળી લીધો છે. આ યુગમૂર્તિ વાર્તાકાર આજેય હોંશથી વંચાય છે. એમના વિપુલ સર્જનના અમર વારસાને એમની જન્મશતાબ્દી નિમિત્તે, ફરી એક વાર કલાત્મક કાયાકલ્પ કરી, પુનઃ પ્રકાશિત કરતાં ગૌરવ અને આનંદ અનુભવીએ છીએ....



જન્મ : ૧૨-૫-૧૮૯૨
નિધન : ૨૦-૯-૧૯૫૪

SAHITYA ANE CHINTAN
RITICISM
. DESAI
0000000000226
RP : Rs 50.00
R. SHETH & CO. Since 19 6
st Books for Generatio s